શ્રી આરાધના વિષયક

# તિથિ સાહિત્ય દર્પણ.

:: લેખક ::

ઉપાધ્યાયજી શ્રી જંબૂવિજયજી ગણિવર.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

अर्हते नमः ।

*આ. વિજયદાન-પ્રેમ-રામચન્દ્રસૂરિ જૈન કલ્યાણ ગ્રન્થમાળા મણકો (૫)*

સત્યનું કિરણ (૪)

# આરાધના વિષયક-
# તિથિ સાહિત્ય દર્પણ


:: લેખક ::

ઉપાધ્યાયજી શ્રી જંબૂવિજયજી ગણિવર.



વીર સંવત ૨૪૬૬


વિ. સં. ૧૯૯૬ ☆☆ ઇસ્વીસન ૧૯૪૦

પ્રથમાવૃત્તિ ☆ નકલ ૧૦૦૦

મૂલ્ય સદુપયોગ


P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પૂ. સિ. મ. આચાર્ય દેવ
શ્રીમદ્ વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજ



कर्मग्रन्थविचारचारमुकुरो, राद्धान्तपारङ्गमी;
पद्यापद्यविधिप्रकाशनपटु–प्रद्योतनः सर्वशः ।
प्रव्रज्यागुणरत्नरोहणगिरिः, सारल्यनीरोदधिः;
श्रीमत्प्रेमसूरीश्वरो विजयते विश्वे समग्रे श्रिया ॥१॥

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

श्री गुरुपादपद्मेभ्यो नमः ।

आ दुरुद्धर भवकूपमांथी श्री जिनोक्त चारित्र रज्जु समर्पी जेओश्रीए मुज रंकनो उद्धार कर्यो छे, विमलज्ञानालोक समर्पी मुज तमःप्रवासीने प्रकाशमां आण्यो छे, आज्ञा-अमृतनुं सिंचन करी जे उपकारीए मुज भव-मुमुर्षुने द्रढ मुमुक्षु बनाव्यो छे, ते परम करुणानिधि पूज्य गुरुदेव सिद्धांत-महोदधि तपोगच्छगगनदिनमणि-आचार्य-श्री विजयप्रेमसूरिमहाराजना करकमलमां आ अल्पकृति मूकी म्हारो आजीवन सेवकभाव अक्षरस्वरूप करवानी किंचित् तक लउं छुं—

तदन्तेवासि—जंबूविजय

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

## આ પુસ્તકમાં લીધેલા આધારો

| ગ્રન્થ | કર્તા | પૃષ્ઠ |
|---|---|---|
| (૧) પર્વ તિથિ ચર્ચા સંગ્રહ | પં. શ્રી કલ્યાણવિજયજી | ૩થી૧૪, ૨૩, ૮૩, ૮૭, ૮૯, ૯૯, ૧૧૧. |
| (૨) પ્રશ્નોત્તર રત્નચિંતામણી | શેઠ અનુપચંદ મલુકચંદ | ૧૫. |
| (૩) પર્યુષણ પર્વની તિથિનો વિચાર અને સંવચ્છરીનો નિર્ણય | ઉ. શ્રી દયાવિજયજી | ૧૭થી૨૧,૨૬,૧૧૨. |
| (૪) સિદ્ધચક્ર | આ. શ્રી આનન્દસાગરજી | ૨૧, ૨૩, ૨૮, ૩૦, ૩૩ થી ૪૫, ૪૯, ૮૬, ૮૭, ૮૮, ૧૦૨, ૧૧૧, ૧૧૨, ૧૧૬, ૧૨૨, ૧૨૩, ૧૨૫, ૧૨૯, ૧૩૧, ૧૪૨, ૧૪૪, ૧૪૬, ૧૬૧, ૧૬૩, ૧૬૪, ૧૬૯. |
| (૫) સાંવત્સરિક શાસ્ત્રિય-વિચાર | પં. શ્રી મંગલવિજયજી | |
| (૬) " શાસ્ત્રિય પુરાવા " | આ. શ્રી આનંદસાગરજી | ૫૦થી૫૨ ૭૯થી ૮૨, ૮૬, ૧૦૦, ૧૦૮ |
| (૭) જૈન ધર્મ પ્રકાશ (માસિક) | શા કુંવરજી આણંદજી | ૫૨થી૫૪. |
| (૮) વીરશાસન સાપ્તાહિક | શા પ્રેમચંદ હઠીસંગ | ૫૫થી૭૮ |
| (૯) સાંવત્સરિક પર્વતિથિ વિચારણા | મુ. શ્રી જનકવિજયજી | ૮૪,૮૫,૧૨૩,૧૨૪,૧૨૭ |
| (૧૦) સેનપ્રશ્ન | આ. શ્રી વિજયસેનસૂરિજી | ૯૧, ૧૨૭, ૧૪૮, ૧૪૯, ૧૫૯, ૧૭૧. |
| (૧૧) શ્રાદ્ધવિધિ | આ. શ્રી રત્નશેખરસૂરિજી | ૯૫,૯૬, ૧૦૧, ૧૭૧. |

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

| ગ્રન્થ | કર્તા | પૃષ્ઠ |
|---|---|---|
| (૧૨) તત્ત્વતરંગિણી | ઉ. શ્રી ધર્મસાગરજી | ૧૦૦, ૧૦૩, ૧૦૫, ૧૦૭, ૧૦૮, ૧૦૯, ૧૧૦, ૧૧૩, ૧૧૪, ૧૧૫, ૧૧૭, ૧૨૦, ૧૨૧, ૧૨૫. ૧૨૬, ૧૪૦, ૧૪૪, ૧૫૨, ૧૬૫, ૧૬૭, |
| (૧૩) જૈન સિદ્ધાંત સમાચારી | પ્ર. શ્રી કાંતિવિજયજી અને મુ. શ્રી અમરવિજયજી | ૧૦૦ |
| (૧૪) પર્વ તિથિ પ્રકાશ | ઉ. શ્રી જંબૂવિજયજી | ૧૦૬,૧૫૨, |
| (૧૫) પ્રવચનપરીક્ષા | ઉ. શ્રી ધર્મસાગરજી | ૧૧૬, ૧૨૨, ૧૨૮, ૧૨૯, ૧૩૨, ૧૩૬, ૧૪૦. |
| (૧૬) ધર્મસંગ્રહ | ઉ. શ્રી માનવિજયજી | ૧૨૪, ૧૭૧. |
| (૧૭) હીરપ્રશ્ન | આ. શ્રી વિજયહીરસૂરિજી | ૧૨૭, ૧૪૧. ૧૪૬, ૧૫૦, ૧૫૧, ૧૫૩, ૧૫૪. |
| (૧૮) સૂયગડાંગટીકા | આ. શ્રી અભયદેવસૂરિજી | ૧૨૫. |
| (૧૯) દિનશુદ્ધિદિપીકા | મુ. શ્રી દર્શનવિજયજી | ૧૩૩, ૧૭૦. |
| (૨૦) કલ્પસૂત્ર સુબોધિકા | ઉ. શ્રી વિનયવિજયજી | ૧૩૪. |
| (૨૧) તિથિહાનિ વૃદ્ધિ વિચાર | આ. શ્રી આનંદસાગરજી | ૧૩૭. |
| (૨૨) કલ્પસૂત્ર કિરણાવલિ | ઉ. શ્રી ધર્મસાગરજી | ૧૪૭, ૧૫૦. |
| (૨૩) ચંડાંશુચંડુ પંચાંગ | શ્રીધર શીવલાલ | ૧૫૫. |

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

# પ્રા સ્તા વિ ક નિ વે દ ન

જિનભાષિત સત્ય તત્ત્વનો ચર્ચાસ્પદ પ્રસંગે સમ્યગ્ પ્રકાશ કરવો, એ પરમર્ષિઓએ અપનાવેલી અત્યુત્તમ કર્તવ્ય સેવા છે. જૈન સમાજમાં છેલ્લાં કેટલાંક વર્ષોથી તિથિચર્ચાનો પ્રશ્ન ડહોળાઇ રહ્યો છે. ભવ્યાત્માઓને કર્તવ્ય પંથ સમજી શકાય તે માટે અત્યાર સુધીમાં તદ્વિષયક જે કેટલુંક સાહિત્ય બહાર પડયું છે, તેમાં આ પુસ્તક અનોખી ભાત પાડનારૂં છે, એવો અમોને દૃઢ વિશ્વાસ છે.

પુસ્તિકાનું નામ **"આરાધના વિષયક તિથિ સાહિત્ય દર્પણ"** છે. તેના કર્તા પૂ. પ્રવચનપ્રભાવક આગમપ્રજ્ઞ **મહામહોપાધ્યાય શ્રી જંબૂવિજયજી ગણિવર** છે. તેઓશ્રીએ આ પુસ્તક ચાર પ્રકરણમાં લખ્યું છે. તેનાં નામ અનુક્રમે **ઇતિહાસ દર્શન, સ્વીકાર સામે વિરોધદર્શન, 'શાસ્ત્રિય પુરાવા' પોલ દર્શન,** અને **સિદ્ધાંત દર્શન** છે. દરેક પ્રકરણમાં વિષય એવો સરસ, સુંદર અને સાધાર ચર્ચવામાં આવ્યો છે કે વાંચકોને તે મનનપૂર્વક વાંચવાની ભલામણ કર્યા વિના અમો રહી શકતા નથી. આ ચાર પ્રકરણો ઉપરાંત અમે બે પરિશિષ્ટો પુસ્તકમાં દાખલ કરેલાં છે, તે પણ અવશ્ય ધ્યાન આપવા લાયક છે.

હાલમાં સમાજના કેટલાક ભાઇબહેનોના મગજમાં એવો ખ્યાલ રમે છે કે—'આપણામાં પર્વતિથિની ક્ષયવૃદ્ધિ થાય નહિ અને મનાય નહિ,' પણ તે એક ભ્રાંતિમાત્ર છે. એકને બદલે બીજી તિથિની ક્ષયવૃદ્ધિ કરી નાખવાની રૂઢી અસલ નથી, પરંતુ શ્રીપૂજ્યોની જોહુકમીના વખતની છે, તે આ પુસ્તકના પહેલા પ્રકરણમાં શ્રી 'પર્વતિથિ ચર્ચા સંગ્રહ' નામના ગ્રન્થના આધારે પૂ. લેખકશ્રી મહાત્માએ આપણને યથાસ્થિત સમજાવેલ છે. બીજા પ્રકરણમાં શ્રી સાગરાનન્દસૂરિજીએ ક્ષયવૃદ્ધિના સ્વીકારપૂર્વક ક્ષયમાં પૂર્વતિથિમાં આરાધના અને વૃદ્ધિમાં ઉત્તરતિથિએ આરાધના સ્વીકારેલી હોવા છતાં તેનાથી વિરુદ્ધ વર્તે છે, તે તેઓશ્રીના સિદ્ધચક્રોના આધારથી જ બતાવવામાં આવ્યું છે. આ. શ્રી સાગરાનન્દજીએ અને આ. શ્રી વિજયનીતિસૂરિજીએ કાઢેલાં 'શાસ્ત્રિય પુરાવા' તથા 'મત મત્રક પાનાં' અવિશ્વસનીય છે, તે ત્રીજા

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પ્રકરણમાં 'રત્નસંચયા'દિ શાસ્ત્રોની સાક્ષીપૂર્વક શ્રી 'વીરશાસન' પત્રે કરેલી "મનનીય સમીક્ષા"ના આધારે દેખાડેલું છે. ચોથા પ્રકરણમાં ઉદયતિથ્યાદિ પ્રમાણ માનવાનો તથા પુનમની ક્ષયવૃદ્ધિએ **ચૌમાસી છઠ્ઠ તેરસ ચૌદસ** આદિએ કરવાનો સિદ્ધાંત શ્રી **શ્રાદ્ધવિધિ, સેનપ્રશ્ન, હીરપ્રશ્ન, તત્ત્વતરંગિણી, પ્રવચનપરીક્ષા,** પ્રમુખ મૂલગ્રન્થોના આધારે સાબિત જણાવેલો છે.

'પૂ. આ. શ્રી આનંદવિમલસૂરિજીએ બે પુનમોની બે તેરસો કરી હતી.' એમ આજે આ. શ્રી સાગરાનન્દસૂરિજી તરફથી કહેવાય છે, **પણ તે વાત ખોટી છે,** કારણ કે તેમણે પોતે જ પોતાના દશમા બોલમાં તિથિ વૃદ્ધિ કબૂલ રાખેલી છે, એવો આધાર આ ચોપડીના પૃ. ૮૫ માં આપેલો છે. પુનમ અમાસની ક્ષયવૃદ્ધિએ તેરસની ક્ષયવૃદ્ધિ માનવામાં એક પણ સંગીન શાસ્ત્રિય પુરાવો નથી. જ્યારે તે નહિ માનવામાં જોઇએ તેટલા છે, તે માટે વાંચો આ ચોપડીનું પ્રકરણ ૪ થું. પુનમ અમાસની ક્ષયવૃદ્ધિએ તેરસની ક્ષયવૃદ્ધિ કરવાના ટેકામાં આજે જે ગાથાઓ શાસ્ત્રપ્રમાણ તરીકે આગલ ધરવામાં આવે છે **તે કોઈ મૂલ ગ્રન્થમાં નથી, અને પુનમે પખ્ખી મતવાલાઓની પ્રક્ષિપ્ત થયેલી** છે, એમ શ્રી સાગરાનન્દજી પણ કહે છે. તેનો આધાર પણ આ પુસ્તકના પૃ. ૮૭ માં આપેલો છે. **क्षये पूर्वा०** નો અર્થ કોઇને બદલે કોઇનો ક્ષય કે વૃદ્ધિ કરી નાખવાનો નથી થતો, પરંતુ **'તિથિનો ક્ષય હોય ત્યારે તેની આરાધના પહેલી તિથિમાં કરવી અને વૃદ્ધિ હોય ત્યારે તેની આરાધના ઉત્તર-તિથિમાં કરવી '** એ જ થાય છે. તેના આ ગ્રન્થમાં આપેલા અનેક આધારો પૈકી પૃ. ૧૦૦ માં **' શ્રી જૈન સિદ્ધાંત સમાચારી '** નો એક આપેલો આધાર પણ આપણું વિશેષ લક્ષ્ય ખેંચે તેવો છે. એટલા માટે કે તે **વિદ્યમાન વયોવૃદ્ધ પ્રવર્તકજી મહારાજશ્રી કાન્તિ-વિજયજી અને સ્વર્ગત દક્ષિણવિહારી મુનિ મહારાજશ્રી અમરવિજયજી જેવા પૂ. આ. શ્રી વિજયાનન્દસૂરીશ્વરજીના સુવિશાળ સંઘાડાના અગ્રગણ્ય મહાત્માઓ બોલે છે.** અમે ઉમેદ રાખીએ છીએ કે આ. મહારાજશ્રી વિજયવલ્લભસૂરિજી **અને**

તેમની સાથેના બીજા મુનિમહારાજાઓ આ પ્રમાણ ઉપર ધ્યાન આપશે. આ. શ્રી વિજયનીતિસૂરિજીએ પણ એ જ અર્થ માન્ય કરેલો છે. તે પરિશિષ્ટ નં. ૨ જોવાથી જણાશે. શ્રી સાગરજી મહારાજે પણ એવો જ અર્થ કરેલો છે, તેના આધારો પૃ. ૩૦, ૪૧, ૧૦૦, ૧૧૬, વિગેરેમાં આપેલા છે. યદ્યપિ તેઓ પુનમ અમાસના પૌષધ તપ નિયમ ઊડી જવાનો આપણને ખૂબ ડર બતાવે છે, તથાપિ કલ્પધરના છઠ્ઠનો ખુલાસો આપતાં તેઓશ્રીએ **શુદ્ધ અમાસ પર્વતિથિને ખાધાવારમાં લીધી** છે, તેમ લઇને તેઓએ તે પર્વતિથિના પૌષધ તપ નિયમને સ્પષ્ટ રીતે જતા જ કર્યા છે. તેનો આધાર પણ પૃ. ૩૬ તથા પૃ. ૧૪૭ માં આપેલા છે. પુનમ અમાસ માટે પૌષધ વિગેરેનો અવશ્ય નિયમ તથા પ્રાયશ્ચિત્ત નથી તેનો આધાર પૃ. ૧૨૦ માં છે. ક્ષીણ તિથિમાં પૂર્વતિથિનો સૂર્યોદય ચાલી શકે છે અને વૃદ્ધિ તિથિમાં પહેલી તિથિ નપુંસક છતાં સર્વથા નાબૂદ કરી શકાતી નથી એમ બતાવતા **શ્રી પ્રવચનપરીક્ષા**ના અને **સિદ્ધચક્ર**ના પણ આધારો આ પુસ્તકના પૃ. ૧૩૬ માં આપેલા છે, તે ક્ષયવૃદ્ધિ કાયમ રાખવા માટે અતિશય ધ્યાન ખેંચનારા છે. જૈન સમાજના આગેવાન આચાર્યાદિ મુનિરાજો જો આ સર્વ વસ્તુ ઉપર બરાબર લક્ષ્ય આપે તો, અમને ખાત્રી છે કે, આજે ચાલતો તિથિ મતભેદ સહેજમાં નિવારી શકાય તેવો છે.

આ. શ્રી વિજયનીતિસૂરિજીએ ઉદયતિથિ પ્રમાણ માનેલી છે. મુનિ મહારાજ શ્રી દર્શનવિજયજીએ પણ ક્ષીણ અને વૃદ્ધ તિથિનાં લક્ષણો આપી તેવી ન હોય તેને ઉદય તિથિ તરીકે માન્ય રાખી છે, તેના પણ આધારો આ ગ્રન્થના પૃ. ૨૬ તથા પૃ. ૧૬૯ માં આપેલા છે. સં. ૧૯૯૭ માં કારતક સુદ ૧૪ બુધવારે ૫૬ ઘડી ૧૦ પલ છે. તેનો તો ક્ષય પણ નથી કે વૃદ્ધિ પણ નથી. અમે ઇચ્છીએ છીએ કે ઉદય તિથિના સિદ્ધાંતને માન્ય રાખનારા આ અને અન્ય મુનિવર્યો ચોથ ચૌદશ જેવી ઉદય તિથિઓમે વિરાધવાના મહાપાપમાંથી સમાજને હજુ પણ ઉગારી લેવાનો મહદ્ ઉપકાર કરે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

શ્રી 'જૈન ધર્મ પ્રકાશ' માસિકમાં ગયા ચૈત્ર માસમાં શાસ્ત્રિય પુરાવાઓની બનાવટની નકલ કરતું આ. શ્રી વિજયનીતિસૂરિજીનું એક પાનું નોંધપૂર્વક છાપવામાં આવ્યું હતું. એ પાનાને જ્યારે તેઓ 'પ્રાચીન' અને 'ઉપયોગી' જણાવે છે ત્યારે સખેદ લખવું પડે છે કે તેઓ પોતાનું લખેલું પોતે ભૂલી ગયા છે. સં. ૧૯૮૫ માં પ્રગટ થયેલ 'રત્ન સંચય પ્રકરણ'ની પ્રસ્તાવનામાં શેઠ કુંવરજી આણંદજીએ પોતે જ પોતાની સહીથી લખ્યું છે કે—

**"૨૮૦ થી ૨૮૮ સુધી ૯ ગાથાઓ વિધિપક્ષની માન્યતાની છે. તથા તે સિવાય બીજે કેટલેક સ્થલે કાંઇક વિચારભેદ જણાયો છે."**

કુંવરજીભાઇએ સદર પાનામાં જો જોયું હોત તો તેમને માલૂમ પડત કે તેમાં એવી ગાથાઓ દાખલ થયેલી છે કે જે ગાથાઓને પોતે વિધિપક્ષની માન્યતાની જણાવેલી છે. એવા આધારોવાળા પાનાને કે પુરાવાને શાસ્ત્રિય, કિંવા પ્રાચીન, કે ઉપયોગી તરીકે જણાવી સમાજને ઉંધે રસ્તે દોરવાનું સાહસ કેમ જ કરી શકાય?

સમાજમાં આટલા વિદ્વાન આચાર્યો વિગેરે છે, અને આવા એક પ્રશ્નનું નિરાકરણ કેમ નહિ લાવી શકાતું હોય? વાંચકોને આવો પ્રશ્ન ઉઠશે. અમને જણાવતાં દુઃખ થાય છે કે એ નહિ થવામાં એક તો પક્ષાપક્ષીનું વાતાવરણ જવાબદાર છે, અને બીજું ઘણા આચાર્યાદિ પૂ. મુનિવરોએ તથા આગેવાન ગૃહસ્થોએ અસલ શ્રી તત્ત્વતરંગિણી કે તેનો અનુવાદ વિગેરે સાહિત્ય કશું વાસ્તવિક વાંચવાની તસ્દી લીધેલી હોતી નથી, એ જ કારણ છે. અમે તેઓને સાદર વિનંતિ કરીએ છીએ કે— **'આપ આ પુસ્તક નિષ્પક્ષપાત દૃષ્ટિથી વાંચો, અવશ્ય વાંચો, વિચાર કરી હૃદયમાં ઉતારો, અને સનાતન શ્રી તપગચ્છ સમાચારીની અખંડિતતા અબાધિત રાખતી એકસંપી સાધી સમાજનું શ્રેય થાય તેમ કરો.'**

આ પુસ્તકમાં પૂ. ઉપાધ્યાયજી મહારાજે જે જે લખ્યું છે તે તે મૂળ ગ્રન્થકારોનું લખેલું લખ્યું છે, તે આ ગ્રન્થમાં ગ્રહણ કરેલા આધારો–

ની સૂચિ જે આ સાથે અમે દાખલ કરેલી છે તે જોવાથી વાંચકોને માલૂમ પડશે. એકંદર, ગ્રન્થમાં ઘણા ઉપયોગી અને તલસ્પર્શી એવા ૮૦ વિષયો વિદ્વાન ગ્રન્થકાર મહર્ષિની કુશળ કલમથી સત્તાવાર શાસ્ત્રપ્રમાણોપૂર્વક છણાયેલા છે, તે આગલ આપવામાં આવેલો વિષયાનુક્રમ જોવાથી પણ આપણને સમજાશે. ગ્રન્થની ગુંથણી એવી સરસ કરેલી છે કે વાંચકોને પુસ્તક હાથમાં લીધા પછી મૂકવું ગમશે નહિ. પૂ. લેખકશ્રી, આવો ચર્ચાસ્પદ વિષય કોઇ પણ કટાક્ષ વિના સંપૂર્ણ મધ્યસ્થભાવથી સૌમ્ય ભાષામાં સરલ રીતિએ આ ગ્રન્થમાં જે પીરસી શકયા છે તે તેઓશ્રીની સંયમીશૈલી હરકોઇ વાંચકને માન ઉપજાવનારી છે. આ પુસ્તકનું વાંચન મનન વર્તમાન તિથિચર્ચાના રહસ્યથી તદ્દન અજ્ઞ મનુષ્યને પણ સુજ્ઞાત બનાવી શકે તેવું છે. આ પુસ્તકનું નામ '...દર્પણ' રાખવામાં આવ્યું છે તે વાસ્તવિક જ છે. દર્પણ જેમ નિષ્પક્ષપાતપણે વસ્તુ જેવી હોય તેવી દેખાડે છે, તેમ આ ગ્રન્થ પણ નિષ્પક્ષપાતપણે જ તિથિચર્ચાના સાહિત્યનું આપણને કેવલ યથાસ્થિત દર્શન કરાવે છે. સત્યની ગ્રાહક મનોવૃત્તિવાળાઓને એમાંથી નુકતેચીની કરવાનું કશું નહિ મળે, કિન્તુ ગ્રહણ કરવાનું જ મળશે, એ નિઃસંદેહ છે. પૂ. શ્રી ગુરૂમહારાજે આ પૂર્વે શ્રી '**પર્વતિથિ પ્રકાશ**' નામનો શ્રી તત્ત્વતરંગિણી સટીક ગ્રન્થનો વિશિષ્ટ વિવેચનાત્મક અનુવાદ લખીને સમાજ ઉપર ઉપકાર કર્યો હતો. તેઓશ્રીનો આ દ્વિતીય ઉપકાર થાય છે. અને અમારી સંસ્થાને તે પણ પ્રકાશિત કરવાનું સૌભાગ્ય પ્રાપ્ત થાય છે, તે અમે સદ્ભાગ્ય માનીએ છીએ.

આ પરમાર્થના પુણ્યકાર્યમાં દ્રવ્યસહાય કરનારાઓનો અમે આભાર માનીએ છીએ. સાહિત્યપ્રેમીઓને આ સત્યના કિરણમાં પ્રેસદોષાદિથી કોઇ અશુદ્ધિ રહી હોય તો તે ક્ષન્તવ્ય ગણી ગ્રન્થને અપનાવવા માટે વિનંતિ કરતા અમે અહિં વિરમીએ છીએ.

તા. ૨૩–૧૦–૪૦

લી. સંઘ સેવક
**શાહ ખૂબચંદ પાનાચંદ**
મા. મં. મુ. જ્ઞા. મં. મુ. ડભોઇ.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

# વિષયસૂચિ


| વિષયો | પૃષ્ઠાંક |
|---|---|
| ૧. અર્પણ પત્રિકા. | ૩ |
| ૨. આ પુસ્તકમાં લીધેલા આધારો | ૪ |
| ૩. પ્રાસ્તાવિક નિવેદન. | ૬ |

**૪. પ્રકરણ ૧ લું: ઇતિહાસદર્શન પૃ. ૧ થી ૨૪**

| | |
|---|---|
| ૧. વાંચકગણને. | ૧ |
| ૨. એ અંધેર જમાનો | ૨ |
| ૩. "સં. ૧૮૬૯નું સમાધાન" | ૩ |
| ૪. "ઉપરના સમાધાનથી વિરુદ્ધ ત્રયોદશી વૃદ્ધિની હિમાયત" | ૪ |
| ૫. "ત્રયોદશી ક્ષયનો પ્રતિવાદ" | ૪ |
| ૬. "જૈન ટીપણામાં પર્વતિથિની હાનિવૃદ્ધિ" | ૫ |
| ૭. "શ્રીપૂજ્યોની કલ્પિત પરંપરાઓ" | ૬ |
| ૮. "વીસમી શતાબ્દિ–સત્તાના કિલ્લા તુટવા લાગ્યા" | ૭ |
| ૯. "સંવત ૧૯૨૯ ની સાલની હેન્ડબીલબાજી" | ૮ |
| ૧૦. "શ્રી શાન્તિસાગરનું હેન્ડબીલ" | ૯ |
| ૧૧. "શ્રી ધરણેંદ્રસૂરિજીનું હેન્ડબીલ" | ૧૨ |
| ૧૨. "સં.૧૯૩૫ ની સાલની ચર્ચા" | ૧૩ |
| ૧૩. સંવત ૧૯૫૨ | ૧૫ |
| ૧૪. પૂ. આ. શ્રી વિજયાનન્દસૂરિનો પત્ર | ૧૫ |
| ૧૫. પર્યુષણ પર્વની તિથિવિચારનો ઉતારો. | ૧૭ |
| ૧૬. પં. શ્રી ગંભીરવિજયજીનો પત્ર | ૧૮ |
| ૧૭. શ્રી વિજયરાજેન્દ્રસૂરિનો પત્ર | ૨૦ |
| ૧૮. આ. શ્રી આનન્દસા૦ ના શબ્દોમાં શ્રી સંઘનું અપમાન | ૨૧ |
| ૧૯. સં. ૧૯૯૨–૯૩ | ૨૨ |
| ૨૦. આ. શ્રી વિજયનેમિસૂરિજીની ખટપટ | ૨૩ |

**૫. પ્રકરણ ૨ જું: સ્વીકાર સામે વિરોધ દર્શન પૃ. ૨૫ થી ૪૭**

| | |
|---|---|
| ૨૧. ત્રણમાં મતભેદ | ૨૫ |
| ૨૨. આ. શ્રી વિજયનીતિસૂરિજીનાં પ્રતિપાદનોમાં વિરોધ. | ૨૬ |
| ૨૩. આ. શ્રી સાગરાનન્દજીનાં પ્રતિપાદનોમાં વિરોધ. | ૨૮ થી ૪૫ |


P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

| વિષયો | પૃષ્ઠાંક | વિષયો | પૃષ્ઠાંક |
|---|---|---|---|
| ૨૪. ક્ષયવૃદ્ધિનો સ્વીકાર–૧. | ૨૮ | ૩૩. છઠ્ઠ ચોમાસી દિવસને અંગે જ હોવાનો સ્વીકાર–૧૦. | ૩૮ |
| ૨૫. સંપૂર્ણ ભોગવટાનો સ્વીકાર-૨. | ૨૯ | ૩૪. ક્ષીણ વૃદ્ધતિથિમાં ભેગી તથા પહેલી બીજીના કરાતા વ્યવહારનો સ્વીકાર–૧૧. | ૩૯ |
| ૨૬. ચોથ અવધિનો સ્વીકાર–૩ | ૩૩ | ૩૫. ક્ષયે પૂર્વા વાકયનો પૂર્વતિથિ વિગેરેમાં આરાધના અર્થનો સ્વીકાર–૧૨. | ૪૧ |
| ૨૭. ચોથ ચૌદશ પલટે નહિ, તેનો સ્વીકાર–૪. | ૩૪ | ૩૬. ચૌદશ પુનમની ભેગી આરાધનાનો સ્વીકાર–૧૩. | ૪૨ |
| ૨૮. ચતુર્દશીની પ્રધાનતાનો સ્વીકાર–૫. | ૩૪ | ૩૭. પૌષધ જુદા કરાય તેનો સ્વીકાર–૧૪. | ૪૨ |
| ૨૯. શિથિલાચારીઓના આચરણને પરંપરા તરીકે અમાન્ય કરવાનો સ્વીકાર–૬. | ૩૫ | ૩૮. લૌકિક ટીપણાનો સ્વી–૧૫ | ૪૩ |
| ૩૦. બે ચૌદશ બે અમાવાસ્યા આદિનો સ્વીકાર–૭. | ૩૬ | ૩૯. ઉદય સમાપ્તિ કે સમાપ્તિ રહિત તિથિ ન મનાય તેનો સ્વીકાર–૧૬. | ૪૩ |
| ૩૧. ક્ષયે પૂર્વા૦ નો નિયમ કલ્યાણકાદિ તિથિ માટે પણ હોવાનો સ્વીકાર–૮. | ૩૭ | ૪૦. શાસ્ત્રાર્થ સન્યસ્ત સ્વીકાર–૧૭. | ૪૫ |
| ૩૨. સં. ૧૮૬૯નો નિયમ અશાસ્ત્રિય હોવાનો સ્વીકાર–૯. | ૩૮ | | |

## ૬. પ્રકરણ ૩ જુંઃ "શાસ્ત્રિય પુરાવા" પોલ દર્શન પૃ.૪૮ થી ૯૨

| | | | |
|---|---|---|---|
| ૪૧. સંપાદક કે કર્ત્તાના નામ વિનાની ચોપડી | ૪૮ | ૪૪. 'શાસ્ત્રિય પુરાવાઓ'ની અપ્રમાણિકતા પૂરવાર કરતી કેટલીક વધુ વિચારણા | ૭૮ |
| ૪૨. અપ્રમાણિક ગાથાઓનો સંગ્રહ | ૫૦ | ૪૫. ૧૫૬૩–૭૭ | ૮૨ |
| ૪૩. 'શાસ્ત્રિય પુરાવાઓ'ની અપ્રમાણિકતા પૂરવાર કરતી (વીરશાસન પત્રની) મનનીય સમીક્ષા | ૫૫ થી ૭૮ | ૪૬. આ. શ્રી. આણંદવિમલસૂરિજીએ તિથિ વૃદ્ધિ કબૂલ રાખ્યાનો પુરાવો | ૮૪ |

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

| વિષયો | પૃષ્ઠાંક | વિષયો | પૃષ્ઠાંક |
|---|---|---|---|
| ૪૭. ખુદ શ્રી સાગરજી મ. આવા પાનાં અને પુરાવાઓ માટે શું કહે છે? | ૮૫ | ૪૯. સં. ૧૮૭૦નું જૈન પંચાંગ | ૮૯ |
| ૪૮. પ્રક્ષિપ્ત ગાથાઓ માટે શ્રી સાગરજીનો ઇકરાર | ૮૭ | ૫૦. 'એવા પુરાવાઓ' નહિ માનવાનું શ્રીસેનસૂરિજીનું ફરમાન | ૯૦ |


## ૭. પ્રકરણ ૪ થું: સિદ્ધાંતદર્શન પૃ. ૯૩ થી ૧૭૩


૫૧. ઉદય તિથિનું પ્રમાણ–૧ ૯૩

૫૨. ક્ષય હોય ત્યારે પૂર્વ તિથિમાં આરાધના કરવાનું પ્રમાણ–૨ ૯૬

૫૩. પ્રથમા વિભક્ત્યન્તનો સપ્તમી વિભક્ત્યન્ત અર્થ થઇ શકવાનું પ્રમાણ–૩ ૯૮

૫૪. વૃદ્ધિ હોય ત્યારે તિથિએ આરાધના કરવાનું પ્રમાણ–૪ ૧૦૧

૫૫. ઉપરોક્ત અર્થોને પુષ્ટ કરતું પ્રમાણ–૫. ૧૦૩

૫૬. ક્ષય તિથિ હોય ત્યારે પૂર્વ-તિથિના પણ કરી શકાતા વ્યપદેશનું પ્રમાણ–૬. ૧૦૪

૫૭. એક જ દિવસે બે તિથિઓ-ના અસ્તિત્વનું પ્રમાણ–૭. ૧૦૮

૫૮. શ્રી સાગરાનન્દજી પણ આ વાત સ્વીકારે છે તેનું પ્રમાણ–૮. ૧૧૦

૫૯. ભેગી તિથિઓના સ્વીકારનું પ્રમાણ–૯. ૧૧૧

૬૦. ભેગી થતી બે પર્વતિથિઓ-ની એક જ દિવસે આરા-ધના કરવાનું પ્રમાણ–૧૦. ૧૧૩

૬૧. પચ્ચખ્ખાણ વિષે શંકા સ-માધાન A. ૧૧૫

૬૨. તપ વિગેરે જુદો કરી શકાય છતાં તિથિ જુદી ન કરાય તેનું પ્રમાણ–૧૧. ૧૧૭

૬૩. પૌષધ–પ્રાયશ્ચિત્તને લગતું પ્રમાણ–૧૨. ૧૨૦

૬૪. શંકા સમાધાન B. ૧૨૩

૬૫. તત્ત્વતરંગિણી શા માટે? C. ૧૨૬

૬૬. વૃદ્ધિમાં પડેલી બીજી તિથિના કરાતા વ્યપદેશનું પ્રમાણ–૧૩. ૧૨૭

૬૭. અભિવર્ધિત માસની માફક તિથિ માટે પણ પ્રમાણ–૧૪ ૧૨૯

| વિષય | પૃષ્ઠાંક | વિષય | પૃષ્ઠાંક |
|---|---|---|---|
| ૬૮. વૃદ્ધિમાં પ્રથમ તિથિની ત્યાજ્યતાનું પ્રમાણ–૧૫ | ૧૩૩ | ૭૪. ચૌથ ચૌદશથી પાંચમ પુનમની અપ્રધાનતાનું પ્રમાણ–૨૧ | ૧૫૦ |
| ૬૯. ક્ષયવૃદ્ધિ કાયમ રાખવાનું પ્રમાણ–૧૬. | ૧૩૭ | ૭૫. છઠ્ઠમાં પુનમની અનિયમિતતાનું પ્રમાણ–૨૨ | ૧૫૩ |
| ૭૦. સંપૂર્ણ થતા તિથિભોગને દિવસે જ તિથિ માનવાનું પ્રમાણ–૧૭ | ૧૪૪ | ૭૬. સં. ૧૯૯૭માં કાર્તિક સુદ પુનમો બે હોવાનું પ્રમાણ–૨૩ | ૧૫૫ |
| ૭૧. વૃદ્ધિમાં પહેલી તિથિ બાધાવારમાંયે લેવાય તેનું પ્રમાણ–૧૮ | ૧૪૫ | ૭૭. છઠ્ઠ આદિ શંકા સમાધાન. D. | ૧૫૭ |
| ૭૨. ચૌદશચોથની ચોમાસી સંવત્સરીનું પ્રમાણ–૧૯ | ૧૪૭ | ૭૮. સવત્સરી પછી ૭૦ દિવસે ચોમાસીનું પ્રમાણ–૨૪ | ૧૬૧ |
| ૭૩. પૂર્ણિમા ચોમાસી અઠ્ઠાઇમાંથી બાતલ હોવાનું પ્રમાણ–૨૦ | ૧૪૯ | ૭૯. ચોથ ચૌદશનું કાર્ય ચોથ ચૌદશે જ થાય તેનું પ્રમાણ–૨૫ | ૧૬૫ |
| | | ૮૦. ઉપસંહાર E | ૧૬૭ |

## ૮. પરિશિષ્ટ ૧ લું. પૃ. ૧૭૪ થી ૧૯૦

| | |
|---|---|
| I ગઢવી ઘરના ઘર લે. શા વાડીલાલ ચુનીલાલ ૧૭૪ | II પાલીતાણાનો પત્રવ્યવહાર૧૭૬ |
| | III પરિણામ ૧૮૬ |

## ૯. પરિશિષ્ટ ૨ જું. પૃ. ૧૯૧ થી ૧૯૭

| | |
|---|---|
| I મુ. શ્રી ઝવેરસાગરનું હેન્ડબીલ ૧૯૧ | II આ. શ્રી વિજયનીતિસૂરિજીની સં ૧૯૮૯માં જાહેરાતો. ૧૯૪ |


P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

अर्हते श्रीसिद्धगिरिमुकुटमाणिक्याय नमः ।

अनन्तलब्धिनिधानानुयोगभृच्छ्री-
गौतमगणेशाय नमः ।

परमगुरुश्रीतपोगच्छगगनदिनमणि--आचार्यप्रवर-
श्री विजयदानसूरिशेखरपट्टप्रभाकराचार्यपुङ्गव-
श्रीविजयप्रेमसूरिवराय नमः ।

ॐ ऍ नमः

સત્યનું કિરણ (૪)

# આરાધના વિષયક તિથિ સાહિત્ય દર્પણ

## પ્રકરણ ૧ લું.

## ઈ તિ હા સ દ ર્શ ન.

देवान्नत्वा गुरुन्स्मृत्वा, विज्ञानां स्मृतिहेतवे ।
सामाचार्यनुसारेण, कुर्वेऽहं तिथिदर्पणम् ॥ १ ॥

વાંચકગણને—

સૌ કોઈને એટલું વિદિત છે કે ધર્મપ્રેમી જૈન

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

સમાજમાં શાસ્ત્રિય પદ્ધતિ અનુસાર પર્વતિથિ આરાધન કરવાનું દિલ આજે પણ જોઈ શકાય છે. 'પર્વતિથિનું પર્વ દિવસે જ આરાધન' કરવાનું તત્ત્વ શાસ્ત્રથી, વ્યવહારથી અને યુક્તિથી જો કોઈએ પણ અદ્યાવધિ સાચવી રાખ્યું હોય તો તે એક શ્રી વડતપાગચ્છ છે. મૂળ ચીલા ઉપર ધૂળ ફરી વળતાં ઘણી વખત જેમ બને છે તેમ પૂ. આ. શ્રી વિજયહીરસૂરિજી, શ્રી વિજયસેનસૂરિજી આદિ આચાર્યો સુધી અવિચ્છિન્ન જળવાઈ રહેલી પરંપરા ઉપર પાછલના શ્રીપૂજ્યોના જમાનામાં કેટલીક ધૂળ ફરી વળવાથી વર્ત્તમાનમાં કેટલાક આચાર્યો જુદા ચીલા પાડી બેઠા છે. પર્વતિથિનું વિરાધન થાય કે સ્વસમાચારીનું ખૂન થઇ પરસમાચારીનું પોષણ થાય તેનું તેઓને દુઃખ નથી. એથી ભદ્રિક સમાજ ઘણો મુંઝાય છે અને અસલ શાસ્ત્રીય પરંપરા જાણવા તથા આચરવા માગે છે. તેઓને માટે અમારો આ પ્રયાસ છે.

## એ અંધેર જમાનો—

જૈન સમાજમાં આજે અમુક વર્ગ પર્વતિથિની હાનિવૃદ્ધિ ન કરવાનો આગ્રહ સેવે છે. જેના મોવડી આ. શ્રી આનન્દસાગરજી છે. તેઓશ્રી ધર્મસાગરજીના નામે એ માન્યતાનું પોષણ કરે છે. ખરું જોતાં શ્રી ધર્મસાગરજીના સમયમાં એવું કાંઇ હતું

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

જ નહિ. તેઓશ્રી પોતાના ગ્રન્થોમાં એ માન્યતાની ગંધ સરખી જણાવતા નથી. ત્યારે એ માન્યતા આવી કયાંથી ? એનો જવાબ પં. શ્રી કલ્યાણવિજયજી "પર્વ-તિથિ ચર્ચાસંગ્રહ" પૃ. ૨૫ માં નીચે પ્રમાણે આપે છે—

" ઓગણીસમી શતાબ્દીમાં તિથિવિષયક પૂર્વ માન્યતામાં મતભેદ ઊભા થવા માંડ્યા હતા, જેનું મુખ્ય કારણ દેવસૂરિ અને આનન્દસૂરિ ગચ્છની ખટપટ હતી. અને કેટલેક અંશે તત્કાલિન ગાદીપતિ શ્રીપૂજ્યોની આજ્ઞાએ પણ તેમાં સહકાર આપ્યો હતો. આનન્દસૂરિ ગચ્છના અનુયાયીઓનું મન્તવ્ય પૂર્ણિમાની વૃદ્ધિમાં પ્રતિપદાની વૃદ્ધિ કરવાનું હતું, અને પોતાની એ માન્યતાના ટેકામાં તેઓ " **त्रयोदश्यां चिस्मृतौ तु प्रतिपद्यपीति** " આ હીરપ્રશ્નનું વાકય ટાંકતા હતા. બીજી તરફ તેમનો વિરોધી પક્ષ જે ઘણેભાગે દેવસૂરિ ગચ્છના યતિયોનો સમુદાય હતો, તે પૂર્ણિમાની વૃદ્ધિમાં ત્રયોદશીની વૃદ્ધિ કરવાના આગ્રહવાળો હતો. આ ખેંચતાણ પછી સં. ૧૮૬૯ માં સુરત મુકામે તેઓ વચ્ચે નીચે પ્રમાણે કામ-ચલાઉ સમાધાન થયું હતું.

**" સંવત ૧૮૬૯ નું સમાધાન** (પૃ. ૨૬–૨૭)

" શ્રી વિજયદેવસૂરિ આણંદસૂર ગચ્છના નાયક લિખિત કર્યો. માસ દોઢ સુધી ઘણા શાસ્ત્ર જોઇને લેખ કર્યો છે. જે ૩૬ પળની ઉદયાત્મક તિથિ માનવી. જે ત્રણ ચોમાસાની પુનમનો ક્ષય હોય તો બારસ તેરસ એકઠાં કરવાં. બીજા માસની પુનમનો ક્ષય હોવે તો પડવાનો ક્ષય કરવો. એ લિખિતથી ફરે તે પંચનો ધર્મનો ગુનેગાર. જે ન ફરે તે

P. P. Ac. Gunratnasuri M.S.   Jin Gun Aaradhak Trust

એમ કરે. ઉપલું લખ્યું સહી. સાખ પંચ ગીતાર્થની છે. સહી શ્રી સુરત બંદર મધ્યે સંવત ૧૮૬૯ વર્ષે જ્યેષ્ઠ વદ ૧૩ વાર શનૌ. તપગચ્છના તેર બેસણા સમસ્ત લિખિતં ॥ પં. ઉત્તમવિજય સુમતા સત્ક ॥ પં. રંગવિજય અમૃત સત્ક ॥"

"ઉપરનો ઠરાવ ખરેખર તપગચ્છના બેસણાંનો કરેલો છે, એમ કહેવું મુશ્કેલ છે, કેમકે પ્રથમ તો આમાં બે યતિઓ સિવાય બીજા કોઇનું નામ નથી. **બીજું આમાં પ્રમાણ તરીકે ઉદ્ધરેલી ગાથા શ્રી કુલમંડનસૂરિજીના કોઈ ગ્રન્થમાં મળતી નથી.** × × ×

## "ઉપરના સમાધાનથી વિરુદ્ધ ત્રયોદશી વૃદ્ધિની હિમાયત

"અમારી પાસે "વૃદ્ધહાનિ–તિથિ પ્રશ્નોત્તર" આવા શીર્ષકથી શરૂ થતાં ૪ લખેલાં પાનાં છે. આ ચર્ચા કોણે કયારે લખી છે તેનો તો પત્તો નથી, પરંતુ આમાં પુર્વોકત સુરત મધ્યે થયેલ ઠરાવની અમુક હકીકતનો નિર્દેશ અને પૂનમની વૃદ્ધિમાં તેરસની વૃદ્ધિની હિમાયત હોવાથી આ ચર્ચા પૂર્વોક્ત ૧૮૬૯ના ઠરાવ પછી લખાઇ છે, એ લગભગ નિશ્ચિત છે. ×××

## "ત્રયોદશી ક્ષયનો પ્રતિવાદ (પૃ. ૨૮–૨૯–૩૦)

"હવે "તિથિઘટાઘટવિચાર" નામનો ચર્ચા લેખ જોઇએ..." તિથિ હાનિવૃદ્ધિ પ્રશ્નોત્તર" ના લેખકે પૂર્ણિમાની વૃદ્ધિમાં તેરસની વૃદ્ધિ કરવા હિમાયત કરી છે. ત્યારે

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

આ "તિથિઘટાઘટવિચારમાં" પૂર્ણિમાના ક્ષયમાં તેરસના ક્ષયનો વિરોધ કરવામાં આવ્યો છે.xxx

"ઉપરની ચર્ચાઓનો સાર એટલો જ છે કે ઓગણીસમી શતાબ્દીના અન્તમાં તપાગચ્છની સમાચારીમાં પર્વતિથિ વિષયક મતભેદો ઉપસ્થિત થવા માંડ્યા હતા. કોઈની માન્યતા પૂર્ણિમાની વૃદ્ધિ–હાનિમાં તેરસની વૃદ્ધિ–હાનિ કરવાની હતી. જ્યારે બીજાઓ આવી માન્યતાનું ખંડન કરતા હતા. આશ્ચર્ય તો એ છે કે એ ચર્ચા લેખોમાં કોઈ પણ લેખકે પોતાનું નામ જણાવ્યું નથી. તેથી આ લેખો પ્રમાણિક હોવાનો દાવો કરી શકે કે કેમ તે વાચકગણે સ્વયં વિચારી લેવાનું છે. **વસ્તુતઃ એ ચર્ચાલેખો જે સમયમાં લખાયા તે સમય ગાઢ અંધકારમય હતો.** જ્યાં ગાદીપતિ આચાર્યો નામ માત્રના આચાર્યો રહી ગયા હતા. ગામેગામ ફેલાયેલ યતિસમાજમાં ઘણો ભાગ ક્રિયાહીન અને સૈદ્ધાન્તિક જ્ઞાન-હીન થઈને પતનાભિમુખ થઈ ગયો હતો. સંવિગ્ન સાધુઓ ક્વચિત જ નજરે પડતા હતા. અને તેમાંયે ગાદીપતિ શ્રી-પૂજ્યો અને યતિઓની આગળ આવી ચર્ચાઓમાં તેમનું સ્થાન જ ન હતું. એ જ કારણ છે કે તિથિચર્ચાને અંગે સંવિગ્ન સાધુઓના હાથે લખાયેલ લેખો ઉપલબ્ધ થતા નથી.

**"જૈન ટીપણામાં પર્વતિથિની હાનિવૃદ્ધિ** (પૃ. ૩૧)

"ઘણી વાર કહેવામાં આવે છે કે "જૈન ટીપણામાં પર્વ-તિથિની હાનિવૃદ્ધિ થતી નથી," પણ આમ શા આધારે કહેવાય છે, તે કહેનારા પોતે પણ ભાગ્યે જ જાણતા હોય છે. જો તેમનો અભિપ્રાય જૈન ગણિત પ્રમાણે બનતાં ટીપ-ણાંના સંબંધમાં છે તો તેઓ પ્રત્યક્ષ ભૂલે છે. કેમકે

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

**જૈન** ગણિતના ટીપણામાં પણ દિવસની હાનિવૃદ્ધિ તો માનેલી જ છે. **જૈન** સિદ્ધાન્તમાં જે **"अतिरात्र"** અને **अवमरात्र** શબ્દો આવે છે, તે કાલની વૃદ્ધિ–હાનિના જ પર્યાયો છે.

"વલી સેંકડો વર્ષોથી જૈનોમાં લૌકિક ટીપણાને અનુસારે પર્વતિથિની આરાધના થાય છે, તો પછી જૈન ટીપણાના નામથી ચર્ચા જ શામાટે કરાય છે તે સમજાતું નથી. જો જૈન પર્વોના ઉલ્લેખવાળાં લૌકિક ટીપણાને જ 'જૈન ટીપણા'નું નામ અપાતું હોય તો વાત જુદી છે. પણ આવા જૈન ટીપણામાં પણ પર્વતિથિની હાનિ વૃદ્ધિ તો બરાબર કરાતી જ હતી, એ નીચેના વિવેચનથી સમજાશે.—

"અમ્હારી પાસે સં. ૧૮૭૦ ની સાલનું એક જૈન ટીપણું છે કે જેમાં જૈન પર્વો લખેલાં છે, છતાં તેમાં પર્વતિથિની હાનિવૃદ્ધિ કાયમ રાખી છે. ઉદાહરણ તરીકે એ ટીપણામાં સં. ૧૮૭૦ ના પર્યુષણની અઠ્ઠાહિ શ્રાવણ વદિ ૧૧ ના દિવસે બેસાડી છે. વદિ અમાવસનો ક્ષય કર્યો છે. અને ભાદરવા સુદિ ૪ બે કરી છે. એ જ રીતે આસોજ સુદિ ૭ થી ઓલી બેસાડી છે. સુદિ આઠમની વૃદ્ધિ કરી છે. અને આસોજ સુદિ ૧૫ નો ક્ષય કર્યો છે. આથી એટલું તો નિશ્ચિત છે કે **'જૈન ટિપણામાં પર્વતિથિની હાનિવૃદ્ધિ ન થાય' આવા પ્રકારની માન્યતા સં.૧૮૭૦ પછી પ્રચલિત થઇ છે.**

"શ્રીપૂજ્યોની કલ્પિત પરંપરાઓ ( પૃ. ૩૨ )

"આપણે ઉપર જોઇ આવ્યા કે પર્વતિથિની હાનિવૃદ્ધિ ન થવા સંબંધી માન્યતાની ઉત્પત્તિ સં. ૧૮૭૦ પછીના

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

સમયમાં થઈ છે, કે જે સમય શાસ્ત્રીય જ્ઞાનની ખામીનો અને શ્રીપૂજ્યોની જોહુકમીનો હતો. તે સમયે પણ કેટલાક વિદ્વાન સાધુઓ હતા, છતાં તેમનું આવી બાબતોમાં કાંઈ પણ ચાલતું ન હતું. એટલું જ નહિ પણ કેટલીક વાર તો તેમને તેવા પરિગ્રહધારી આચાર્યોની સતાનો સ્વીકાર કરવો પડતો હતો. પં. શ્રી પદ્મવિજયજી, પં. શ્રી રૂપવિજયજી, પં. શ્રી વીરવિજયજી જેવા વિદ્વાન સંવેગી સાધુઓને પોતાના ગ્રન્થોમાં તત્કાલિન ગચ્છના ગાદીપતિ શ્રીપૂજ્યોના ધર્મ-રાજ્યનો સ્વીકાર કરવો પડયો છે, એ અમારા કથનની સત્ય-તાનો પ્રત્યક્ષ પુરાવો છે.

"××× લગભગ વીસમી શતાબ્દીના પ્રથમ ચરણ સુધી ઉપર મુજબ સ્થિતિ હતી. એ સમય દરમિયાન આપણા ગચ્છમાં તિથિ વિષયક નિરાધાર રૂઢિઓ પણ પ્રચલિત થઇ, અને એક વાર ચાલ્યા પછી તે ચાલતી રહી. 'પૂનમ અમાવસની હાનિવૃદ્ધિમાં તેરસની હાનિવૃદ્ધિ કરવી, પર્વતિથિની હાનિ-વૃદ્ધિ જ ન થાય,' આવી આવી ઉટપટાંગ રૂઢિયોની ઉત્પત્તિ ઉપર જણાવેલ શ્રીપૂજ્યોના સત્તાકાલમાં જ થયેલી છે, છતાં નવાઇ જેવું તો એ છે કે તે જ નિરાધાર રૂઢિયોની પ્રામાણિકતા સિદ્ધ કરવા આજે અમારો અમુક ત્યાગી સાધુ-વર્ગ તનતોડ મહેનત કરી રહ્યો છે!

## "વીસમી શતાબ્દિ–સત્તાના કિલ્લા તુટવા લાગ્યા (પૃ.૩૩)

"××× ગાદીપતિયો જ્યારે નિર્મર્યાદિતપણે પોતાની સત્તાનો દોર જમાવવા લાગ્યા અને અવિચારિત આજ્ઞાઓ પ્રચલિત કરવા લાગ્યા એટલે તત્કાલીન કેટલાક સંવેગી સાધુઓએ

P. P. Ac. Gunratnasuri M.S.   Jin Gun Aaradhak Trust

તેમના હુકમો સામે ખુલ્લો વિરોધ જાહેર કર્યો. આ વિરોધ દર્શક સાધુઓમાં શ્રી મુક્તિવિજયજી ( મૂલચંદજી ) મહારાજ અને શ્રી જવ્હેરસાગરજી મહારાજનું નામ સર્વ પ્રથમ અણાવી શકાય. આ બધી હકીકત નીચે આપેલ હેન્ડબીલબાજીના વર્ણનથી સ્પષ્ટ સમજાશે—

## સંવત્ ૧૯૨૯ની સાલની હેંડબીલબાજી (પૃ. ૩૩-૩૪-૩૫)

"સંવત ૧૯૨૮ ના ભાદરવા શુદિ એકમો બે હતી, તે ઉપરથી તપાગચ્છની દેવસૂરિ શાખાના તત્કાલિન આચાર્યશ્રી વિજયધરણેંદ્રસૂરિજી xxx ઠેકઠેકાણે દેશાન્તરમાં રહેતા તપાગચ્છના યતિયોને પત્ર લખીને એ વિષયમાં તેમની સંમતિ મંગાવી. આ ઉપરથી ઉદયપુરના ચોમાસી યતિજીએ શ્રી-પૂજ્યજીને લખ્યું કે ' પર્યુષણમાં બે પડવા હોય ત્યારે બે તેરસ કરવી એવી આપણી પરંપરા છે ' (!) પોતાના કથનની પુષ્ટિમાં યતિજીએ જણાવ્યું કે ' શ્રી વિજયજિનેંદ્રસૂરીશ્વરજી વીરમગામ ચોમાસું રહ્યા તે વર્ષમાં બે પડવે હતી અને શ્રી રાજનગરથી પં. રૂપવિજયજીએ કાગળથી પુછાવતાં શ્રીજીએ તેમને બે તેરસો કરવા જણાવ્યું હતું.' એ પછી શ્રી ધરણેંદ્ર-સૂરિજીએ મુંબઈના ચોમાસી પં. રૂપસાગરજીની સંમતિ લઇને ગામ ગામ અને નગર નગર તપાગચ્છના ઉપાશ્રયોમાં રહેતા યતિયો અને સાધુઓ ઉપર પોતાનાં આજ્ઞાપત્રો મોકલીને જણાવ્યું કે–' આગામી પર્યુષણમાં બે પડવા છે, તેને બદલે તમારે બે તેરસો કરવી. '

" xxx સં. ૧૯૨૯ માં પણ ભાદરવા શુદિ ૧ ની વૃદ્ધિ હતી. અને આ વખતે પણ શ્રી ધરણેંદ્રસૂરિજીએ એકમને

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

બદલે એ તેરસો કરવાનું જાહેર કરી દીધું હતું. પરિણામે તેમની માન્યતાના ખંડનમાં હેન્ડબીલો નિકળવા લાગ્યાં. એ હેન્ડબીલબાજીમાં કોણ કોણ ઉતરેલ તેનો ચોક્કસ પત્તો તો નથી, પણ શ્રી મુક્તિવિજયજી ગણિ ( મૂળચંદજી મહારાજ ) અને સાગરગચ્છના તત્કાલિન વૃદ્ધ શ્રીપૂજ્ય શ્રી શાંતિસાગર-સૂરિજી, આ બેનાં નામો જાણવામાં આવ્યાં છે.×××

**" શ્રી શાન્તિસાગરજીનું હેન્ડબીલ** (પૃ. ૩૫–૩૬–૩૭–૩૮)

" શ્રી શાન્તિસાગરસૂરિજીના હેન્ડબીલના પ્રારંભનો થોડોક ભાગ અક્ષરશઃ નીચે આપીએ છીએ. વાંચકગણ જોશે કે વૃદ્ધ શ્રીપૂજ્યનું લખાણ કેટલું બધું યુક્તિપૂર્ણ અને સંયત ભાષામાં લખાયેલું છે.—

"સ્વસ્ત શ્રી પાર્શ્વજન પ્રણમ્ય, શ્રીમત્ ભટ્ટારક શ્રી શાંતિ-સાગરસૂરીશ્વરજી આદેશાત્ લા. પં. વિમલસાગરજી.

તત્રશ્રી...જોગ લખવા કારણ એ છે જે આ વરસમાં ભાદરવા શુદ ૧ બે છે, ને ગઈ સાલમાં દેવસુર ગચ્છના શ્રીજી વિજયધરણેંદ્રસૂરિ પાટણમાં ચોમાસું હતા. તે વખત તેમણે શ્રી અમદાવાદ કાગળ લખ્યો. તેમાં લખ્યું હતું કે ભાદરવા શુદિ ૧ બે છે. પણ તમારે શ્રાવણ વદ ૧૩ બે કરવી. તે કાગલ પજુસણની લગભગ વખતમાં આવેલો કે કોઇ જગો ઉપર કાગળ લખી ન શકાય. તે કાગળ ઉપરના અતરેના માણસોએ કાંઇ લક્ષ્ય ન રાખતા એમના ભરૂસા ઉપર કેટલાક માણ-સોએ શ્રાવણ વદ ૧૩ બે કરી. ને **કેટલાક માણસોએ પંચાંગ જોતાં એ શ્રીજીના કાગળ ઉપર ભરૂસો ન પડવાથી ભાદરવા શુદ ૧ બે કરી હતી.**

P. P. Ac. Gunratnasuri M.S.  Jin Gun Aaradhak Trust

આ સાલમાં પણ એ દેવસુરના શ્રીજીએ અમદાવાદના નગરશેઠ પ્રેમાભાઇ હેમાભાઇ તથા તે સિવાય સંઘના બીજા માણસોને બોલાવ્યા વિના પોતાના અપાસરામાં રોજના માણસો આવતા જતા હશે તેમની વિદમાણે એકદમ શ્રાવણ વદ ૧૩ એ મુકરર કરી. એ વાત ઘણા લોકોના સાંભળવામાં આવી. તેથી વિસ્મય પામ્યા કે **આ અજુગતું ન કરવાનું કામ શું કર્યું કે ઉદીયાત ચઉદશ લોપી.** તેથી સંઘના ઘણાક માણસો સાગરગચ્છના શ્રીજીસાહેબ શાંતિસાગરજી સાહેબને ઘણી વિનંતિ કરી કે ગઇ સાલમાં ઉપર પ્રમાણે **બે તેરસોની ગડબડ ચાલી હતી** ને હાલ પણ તે વાતની ગડબડ ચાલે છે, માટે તે વિષે આપે શાસ્ત્ર પ્રમાણે નક્કી કરી આપવું જોઇએ. વળી આપ ઘણા વર્ષ છો ને ઘણા શાસ્ત્રો પણ જોવામાં આવ્યાં હશે, માટે એ બાબત આપ સંઘની વિદમાણે શાસ્ત્રથી નક્કી કરી આપો. એવી રીતે સંઘના ઘણા આગ્રહથી શ્રીજીસાહેબે પોતાના ઉપાસરામાં શેઠ પ્રેમાભાઇ વિગેરે તથા તપગચ્છના તથા ખરતરગચ્છ તથા પાયચંદ ગચ્છ વિગેરેના સંઘના માણસો તથા તે ગચ્છોના ચોમાસીઓ તે સરવેને વિદમાણ સાગરગચ્છના શ્રીજી સાહેબે **શાસ્ત્ર મુજબ ભાદરવા શુદ ૧ બે હતી તે શાસ્ત્ર પ્રમાણે કાયમ રાખી** છે તે મુજબ સંઘ તથા સંઘના અધિપતિ વિગેરે કબૂલ રાખી છે.

ઉપરની ભાદરવા શુદ ૧ બે મુકરર થયાની વાત દેવસુર ગચ્છના શ્રીજીએ સાંભળી. બે ચાર દિવસ સુધી વિચાર કરીને બીજી વાર પોતાના ઉપાસરામાં પોતાના પક્ષના માણસો જુજની વિદમાણ સાવણ વદ ૧૩ એ મુકરર કરીને પોતાના

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પક્ષને મળતા જે ઉપાસરાઓ છે તે ચાર અપાસરાઓએ પોતાનું બોલ્યું કબૂલ રહે એવી જુક્તીઓ લખી કાગલ મોકલ્યા છે. પણ તે કાગલોમાં હીરપ્રશ્ન વિગેરેના જે અર્થો લખ્યા છે તે ગીતાર્થની સીલી પ્રમાણે નથી. ફકત પોતાનું બોલ્યું મંજૂર રહે એવો અર્થ કર્યો છે, તે કારણ અમો નીચે બતાવીએ છીએ.

૧. દેવસુર ગચ્છના વરતમાનના શ્રીજી પોતાના કાગલમાં લખે છે કે વિજેજિનેન્દ્રસૂરિજી જે વરસમાં વીરમગામ ચોમાસુ હતા તે સાલમાં રાજનગરના પં. રૂપવિજેજીને કાગળ લખ્યો કે આ વરસના પજુસણમાં ભાદરવા શુદ ૧ બે છે, તેની તમો સાવણ વદ ૧૩ બે કરજો. એવી રીતના કાગલ ઉપર દેવસુરના શ્રીજીએ બે તેરસો કરી, પણ તે વાત અજુક્ત છે. તેનું કારણ નીચે બતાવીએ છીએ.—

તે વરસમાં ભાદરવા શુદ ૧ બે હતી એવી ખાતરી ભરેલી વાત સંભવતી નથી, કારણ કે વિજેજિનેન્દ્રસૂરિજી સંવત ૧૮૪૧ ની સાલમાં શ્રીજીપદને પામ્યા. ને આશરે સંવત ૧૮૮૪ ની સાલમાં કાલ કર્યો છે. ને સંવત ૧૮૬૨ની સાલમાં પં. પદમવિજેજીએ કાલ કર્યો છે માટે તેમને પાટે પં. રૂપવિજેજી તેજ સાલમાં થયા હશે. ને સંવત ૧૮૬૨થી સંવત ૧૮૮૪ની સાલ સુધીના પંચાંગ જોયાં. તો બે એકમો એકે સાલમાં નીકલતી નથી. તો વિજેજિનેન્દ્રસરિનો કાગળ બતાવે છે તે ઉપર ભરૂસો શી રીતે રાખવો? વળી તે કાગળમાં સંવત પણ બતાવતા નથી. ને વળી પં. રૂપવિજેજીએ વિજે-જીનેંદ્રસૂરિજીના કાગલથી ભાદરવા શુ ૧ બેની શ્રાવણ વદ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

૧૩ એ કરી હોય તો સંવત ૧૯૦૨ની સાલમાં ભાદરવા શુદ ૧ એ કરી છે એવી ખાતરી અમને છે. વળી તેઓના સંઘાડાના પં. ઉમેદવિજેજી તથા શ્રાવક વ્રજલાલ પાનાચંદ તથા પં. વીરવિજેજીના ઉપાસરાના જનાર શ્રાવક ગુલાબચંદ કુલચંદ વિગેરે ઘણા માણસો ભાદરવા શુદ ૧ એ કરી કહે છે. ને વળી જે કાગળ ઉપર ભરૂસો રાખે છે તે અસલ કાગલ બતાવતા નથી. તેની નકલ બતાવે છે. વળી પં. રૂપવીજેજીએ તેરશો બે કબુલ કરી એવો કાગલ પણ દેવસૂરના શ્રીજી તેમના લખેલા કાગલને વીશે બતાવતા નથી, માટે પં. રૂપવિજેજીએ બે પડવેઓ કરી એ વાત સત છે. તેથી વીરમગામના કાગલ ઉપર શ્રી સંઘને ભરૂસો રાખો બે તેરસો કરવી યુક્ત નથી. બે પડવેઓ કરવી. તો હીરપ્રશ્ન વીગેરે ગ્રન્થની શાખ બતાવીએ છીએ. માટે શ્રી સંઘે બે પડવેઓ કરવામાં શંકા રાખવી નહીં (હેન્ડબીલ પેજ ૧–૨ )"

"એ પછી શ્રી શાન્તિસાગરસૂરિએ હીરપ્રશ્ન આદિ ગ્રન્થોનાં પ્રમાણુ આપીને પોતાની વાતનું સમર્થન કર્યું છે.

"× × × શ્રીપૂજ્ય શાન્તિસાગરજીના ઉક્ત હેન્ડબીલના ખંડનમાં શ્રી વિજયધરણેન્દ્રસૂરિજી તરફથી સંવત ૧૯૩૦ (ગુજરાતી ૧૯૨૯) તા. ૧૩ અગસ્ત ઇ. સ. ૧૮૭૩ના દિવસે એક હેન્ડબીલ બહાર પડયું હતું. × × આક્ષેપો અને શાસ્ત્રપાઠોના કલ્પિત અર્થો લખીને શ્રીપૂજ્યે આ હેન્ડબીલ પૂરૂં કર્યું છે. વાંચક ગણની જિજ્ઞાસા–તૃપ્તિને નિમિત્તે અમો તે હેન્ડબીલનો પ્રારંભનો થોડોક ભાગ નીચે આપીએ છીએ.—

"શ્રી ધરણેંદ્રસૂરિજીનું હેંડબીલ (પૃ. ૩૯)

"સ્વસ્તિ શ્રી પારશ્વજીનું પ્રણામ્ય શ્રી ભટ્ટારક શ્રી વિજય-

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ધરણેંદ્રસુરીશ્વરજી આદેશાત્ લી. પં. મોતીવિજય ગ. તથા લીખતા કારણ એ છે જે પર્યુષણ પર્વ પંચાંગ દેખતાં પડવા બે દેખાય છે. તે ઉપરથી કેટલાક લોકોને સંદેહ પડે છે જે પર્યુષણમાં શી રીતે કરવું તેની ખબર લખ્યા પ્રમાણે જાણવી...રાજનગરમાં ડેલાને ઉપાશ્રયે તથા વિમલને ઉપાશ્રયે તથા વિરવિજયજીના ઉપાશ્રયનો મુક્ષ સંઘ તથા લુહારની પોળમાં તથા સર્વ સંઘ એકઠો થઇને શ્રીજી સાહિબની આજ્ઞાથી તેમજ ઠરાવ કર્યો છે. તે જોઇને કેટલાક પોતાની મતકલ્પનાના ચાલણહાર તથા ખંડ ખંડ પંડિત થઇને તથા જે વર્તમાનકાળે જે ગચ્છ વર્તે છે તેની પરંપરાની કશી પણ માલમ નહીં એવા લોકોના[1] (૧. આ કટાક્ષ શ્રી મુક્તિવિજયજી(મૂલચંદજી)ના સંબંધમાં છે.) કહ્યાથી તથા પ્રમાદના વશ થકી શાસ્ત્રનો શ્રમ અણલીધાથી સાગરગચ્છના શ્રીજીએ તથા તે સંબંધી કેટલેક સંઘ મલીને બે પડવે કરી છે, પણ એ સમાચારી લુંકાગચ્છ તથા વિજયમતી ગચ્છ તથા પાયચંદ ગચ્છ તથા કવલા ગચ્છ તથા કોરંટગચ્છની છે. પણ શ્રી તપાગચ્છની સમાચારી તો બે તેરસ કરવી યુક્ત છે તે ઉપર શ્રી હીરપ્રશ્નની શાખ છે. × × × (હેન્ડબીલ પેજ ૧)" ! ! !

## " સંવત ૧૯૩૫ની સાલની ચર્ચા (પૃ. ૪૦)

" આપણે ઉપર જોઇ આવ્યા કે ભાદરવા શુદિ ૧–૨–૩–૪ની હાનિ વૃદ્ધિમાં શ્રીપૂજ્ય ધરણેંદ્રસૂરિજી શ્રાવણ વદિ ૧૩ ની હાનિ–વૃદ્ધિ કરતા હતા. સંવત ૧૯૩૫ ના વર્ષમાં શ્રીપૂજ્ય ધરણેંદ્રસૂરિજી અને મુનિ શ્રી જવેરસાગરજી બંને શ્રી ઉદયપુરમાં ચોમાસે રહ્યા હતા. આ વર્ષમાં ભાદરવા

P. P. Ac. Gunratnasuri M.S.  Jin Gun Aaradhak Trust

શુદ ૨ નો ક્ષય હતો. પણ શ્રી ધરણેંદ્ર સૂરિજીએ શ્રાવણ વદિ ૧૩નો ક્ષય કરવાનું જાહેર કર્યું; આ વાત શ્રી જવેરસાગરજીના કાને પહોંચી અને તેમણે શ્રાવકોને જણાવ્યું કે **'ભાદરવા શુદિ ૨ના ક્ષયમાં એકમ બીજ ભેગી કરાશે** પણ બારસ તેરસ ભેગી નહિ કરાય.' ઇત્યાદિ ઘણો વિસ્તારપૂર્વક ખુલાસો આપ્યો જે ઉદયપુરના સંઘે હેંડબીલના રૂપમાં છપાવીને બહાર પાડ્યો હતો.

( પૃ. ૪૩. )

"xxx શ્રી ઝવેરસાગરજીના હેન્ડબીલની એક ખાસ વાત ઉપર અમો વાચકગણનું ધ્યાન ખેંચવા માગીએ છીએ, અને તે આ કે આજકાલ આગ્રહને વશ થઇને શ્રી સાગરાનન્દસૂરિજી પર્વની હાનિવૃદ્ધિમાં તે પહેલાંની અપર્વતિથિની હાનિ વૃદ્ધી કરવાનું જણાવે છે અને 'બે તિથિઓ ભેગી થઈ' એમ બોલવામાં પણ પાપ માને છે, જ્યારે તેમના જ ગુરૂ શ્રી જવેરસાગરજી જે તિથિની હાનિવૃદ્ધિ હોય તેની જ હાનિવૃદ્ધિ કરવાનું અને ક્ષય પ્રસંગે બે તિથિ ભેગી કરવાનું પોતાના હેંડબીલમાં ખુલ્લું જણાવે છે. જુઓ તેમના નીચેના શબ્દો—

**" श्री हीरप्रश्नमें पिण कह्या है कि जो पर्युषणका**
**" पिछला चार दिवस में तिथि का क्षय आवे तो**
**" चतुर्दशीथी कल्पसूत्र वांचणा, जो वृद्धि आवे तो**
**" एकमथी वांचणा. एथी पिण मालम हुवा कि जेन**
**" तिथि की हानिवृद्धि आवे ते तेमज करणी, वास्ते**
**" अब के पर्युषणमें एकमदुज भेलो करणी. "**

આટલા પૂર્વ ઇતિહાસથી વાચકગણને સમજાશે

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

કે આજે 'પર્વતિથિની ક્ષયવૃદ્ધિ ન થાય' એવી માન્યતા અસલ શાસ્ત્રીય પ્રમાણપુરઃસરની નથી, પરંતુ અગીતાર્થ અને અસુવિહિત શ્રીપૂજ્યોના અંધાધુંધ જમાનાની સંમૂર્ચ્છિમ પ્રવર્ત્તાવેલી છે–ત્યાંથી ઉછીની લીધેલી–છે.

**સંવત ૧૯૫૨—**

પ્રથમ સં. ૧૯૫૨માં ભાદરવા સુદ ૫નો ક્ષય આવ્યો હતો. તે વખતે ભરુચનિવાસી શેઠ અનુપચંદ મલુકચંદે અગાઉની વીસમી સદીના અજોડ શ્રુતધર શાસનશિરતાજ પરમ ત્યાગી આચાર્યવર શ્રી વિજયાનંદસૂરિજી ( આત્મારામજી ) મહારાજને લખી જવાબ મંગાવ્યો હતો. સં. ૧૯૮૧ની સાલમાં પ્રગટ થયેલા શ્રી પ્રશ્નોત્તરરત્નચિંતામણિ નામના શેઠ અનુપચંદભાઇના રચેલા પુસ્તકમાં છપાયેલા શેઠ અનુપચંદભાઇના જીવનચરિત્રમાં તે સંબંધી નીચેની હકીકત લખેલી છે.—

## પૂ. શ્રી વિજયાનન્દસૂરિજી (આત્મારામજી) મહારાજનો પત્ર.

*" સંવત ૧૯૫૨ની સાલમાં ભાદરવા સુદિ ૫ નો ક્ષય હતો. તે ઉપરથી અનુપભાઇએ શ્રીમદ્ આચાર્ય મહારાજ શ્રી આત્મારામજી મહારાજને પૂછેલું કે ભાદરવા સુદ ૫ નો ક્ષય છે તો આખા પર્યુષણની તિથિ ફેરવવી પડે છે, તો પાંચમનો ક્ષય કરીએ તો શું વાંધો છે? કારણ* **પાંચમની કરણી**

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

**ચોથે થાય છે,** તો પછી આ વખતે બધા પર્યુષણ ફેરવવા એ ઠીક લાગતું નથી. માટે આપનો અભિપ્રાય શું છે ? તેનો જવાબ શ્રીમદ આચાર્ય મહારાજશ્રી આત્મારામજી મહારાજે એ આપ્યો કે પાંચમનો ક્ષય આ વખતે કરવો સારો છે, એવો જવાબ આવ્યો હતો. અને ત્યાર બાદ ૧૯૫૨ ના જેઠ મહિનામાં શ્રીમદ્ આચાર્ય મહારાજે કાળ કર્યો. ત્યારબાદ અનુપભાઇના વિચારમાં આવ્યું કે મહારાજે લખ્યું એ વ્યાજબી છે. એઓના વચન પ્રમાણે બને તો સારૂં છે અને એઓનું વચન કબૂલ રાખવું એમ ધારી શ્રીમદ્ આચાર્ય મહારાજના શિષ્યોના સમુદાયમાં આ બાબત લખી તેમનો અભિપ્રાય મંગાવ્યો. તેઓએ મહારાજના લખવા પ્રમાણે કરવા સમ્મતિ આપી. તેમની સમ્મતિ આવ્યા બાદ બીજા સાધુઓ તથા શ્રાવકોને કાગલ લખી તેમને પૂછ્યું. તે લોકો જવાબ લખે તેનો જવાબ પાછો લખી સમાધાન કરી તેઓના અભિપ્રાય એ પ્રમાણે કરવાનો ઘણાનો વિચાર આવ્યો. વળી કેટલાક અમદાવાદના ભાઇઓ અને કેટલાક સાધુઓનો વિચાર મલતો નહિ તે ઉપરથી શ્રીમદ્ આચાર્ય મહારાજ શ્રી સિદ્ધિસૂરિજી છાણી ચોમાસું રહ્યા હતા, તેમની પાસે સુરત, અમદાવાદ વિગેરે ગામોના કેટલાક ભાઇઓ આવ્યા હતા, ત્યાં અનુપચંદભાઇ પણ ગયેલા હતા. **તેઓને એ બાબતમાં સેનપ્રશ્ન હીરપ્રશ્ન વિગેરેના પુરાવા આપી તેઓનું સમાધાન કર્યું.** સઘળા એ પ્રમાણે કરવા સમ્મત થયા.” ( પ્ર. ૨. ચિ. પૃ. ૧૯–૨૦ )

તે સાલ સમસ્ત સંઘે ભાદરવા સુદ ૫ નો ક્ષય માન્ય રાખી ભાદરવા સુદ ૪ ની સંવચ્છરી કરી હતી. પેટલાદ મુકામે શ્રી આનન્દસાગરજીએ સંઘથી જુદા

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પડી ભાદરવા સુદ ૩ ની સંવચ્છરી કરી હતી. સં. ૧૯૮૯ માં આ. શ્રી નીતિસૂરિજીની આજ્ઞાથી તેમના શિષ્ય ઉ. શ્રી દયાવિજયજીએ "પર્યુષણ પર્વની તિથિનો વિચાર અને સંવચ્છરીનો નિર્ણય" નામની ચોપડી લખીને પ્રગટ કરાવી છે. તેમાં સાતમે પાને નીચે મુજબ લખ્યું છેઃ—

## "પર્યુષણ પર્વની તિથિ વિચાર"નો ઉતારો

"તે વખતે ( સં. ૧૯૫૨ ) ભાદરવા સુદિ ૫ નો ક્ષય હોવાથી પર્યુષણ પર્વ સંબંધમાં વિચાર થયેલ છે. આ સંબંધે લુહારની પોળના શ્રાવક શાહ છગનલાલ જેચંદ ઉપર ભાવનગરથી બહુશ્રુત પંન્યાસજી શ્રી ગંભીરવિજયજી મહારાજના બે પત્રો, તથા પંન્યાસજી શ્રી પ્રતાપવિજયજી મહારાજ ઉપર શ્રીપૂજ્ય વિજયરાજેંદ્રસૂરિનો પત્ર એમ ત્રણ પત્રો લુહારની પોળના પંન્યાસ શ્રી પ્રતાપવિજયજી મહારાજના ભંડારમાંથી મલ્યા છે. તેમાં ભાદરવા શુદિ ૫ ના ક્ષય હોય ત્યારે સંવચ્છરી ક્યારે કરવી તે સંબંધી ઊહાપોહ કરી ભાદરવા શુદિ ૪ ને શુક્રવારે સંવચ્છરી કરવાનો અભિપ્રાય આપ્યો છે. તે સિવાય પંન્યાસજી શ્રી પ્રતાપવિજયજી મહારાજના ભંડારમાંથી હસ્તલિખિત પાનું મલ્યું છે, તેમાં સં. ૧૯૫૨ ની સાલમાં ભાદરવા સુદિ પાંચમનો ક્ષય હતો ત્યારે બધા સાધુઓની સંમતિ મેળવી ભાદરવા સુદિ ૪ અને શુક્રવારે સંવચ્છરી કરવાનો વિચાર નિર્ણીત કર્યો છે. માત્ર જણાવ્યું છે કે પેટલાદ ગામમાં ચાતુર્માસ રહેલા સાધુઓએ ત્રીજની સંવચ્છરી કરી છે. બીજા કોઇએ કરી હોય એમ જણાયું નથી, એમ લખે છે."

P. P. Ac. Gunratnasuri M.S.  Jin Gun Aaradhak Trust

સદર ચોપડીમાં પં. શ્રી ગંભીરવિજયજી તથા વિજયરાજેન્દ્રસૂરિના પત્રો છાપેલા છે. તે અથથી ઇતિ અક્ષરશઃ નીચે પ્રમાણે છેઃ–

## પં. શ્રી ગંભીરવિજયજીનો પત્ર

(પ. પ. વિ. અને સં. નિ. પૃ. ૧૦–૧૧–૧૨)

"સ્વસ્તી ભાવનગર બંદરથી પન્યાસજી મહારાજશ્રી ગંભીરવિજયજી મહારાજનું અમદાવાદ મધે સુશ્રાવક શા. છગન જયેચંદ સપરિવાર જોગ ધર્મલાભ વાંચવો. વિશેષ લખવાનું તમારૂં કીયાટ ૧) અતરે આજદિન આવ્યો. વાંચી સમાચાર જાણ્યા. તે મધે તમો તત્ત્વતરિંગની ટીકાવાલી મંગાવી પણ તે પરત હાલમાં અમારી પાસે નથી. પરથમ સં. ૧૯૨૯ની સાલમાં અમારી પાસે હતી. સારી સુધ. પણ તે શ્રી રાધનપુરમાં સોભાગ્યવિજેના શીશ ગોરજી હીરવિજેને અમે આપી દીધી છે. જો ખપ હોય તો તેની પાસેથી મંગાવજો. તથા તે પરતને વિષે પજુસણની તિથીની હાની-વૃદ્ધિનો ખુલસો હોય તેમ જણાતો નથી. તે અમારી સારી પેઠે વાંચેલી છે. તેમાં બાર તિથિની સાધારણ રીતે હાની વૃદ્ધિનો ચર્ચાવાદ ઘણું છે. તેમ કોઇ બીજા ગ્રંથોની સાક્ષી વિશેષે નથી. એક બે શલોક તે પ્રવર્તનમેં તીથીની હાનિ વૃધ્ધિના વિશે કહેવાય છે. ઉમાસ્વાતિ મહારાજના કહેલા તેટલા જ માત્ર આધારથી ઘણી ચર્ચા કરેલી છે. તેમાં પજુસણ આશરીનું હોય તેમ જણાતું નથી. પણ અમારે વાંચા ૨૩–૨૪) વરસનો આશરો થએ. તેથી કાંઇ હોય તો મંગાવીને જોજો. તથા તમે લીખો જે **સભાવાલાએ ચોથ પાંચમ ભેગા છાપ્યા.** ને ચોથ શુક્રવારી શમછરી, તે શા

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

સમઝણથી છાપી, તેનું જાણવું જે અમોએ શા. કુંવરજી આણંદજીને તે રીતે છાપવાની રજા ના આપ્યા તે પહેલાં પન્યાસજી દયાવિમલજીનું અભિપ્રાય મંગાવ્યો. તેના કાગળ બે કુંવરજીએ લીધ્યા. પણ તેનું શ્રી અમદાવાદથી કોઇ અભિ-પ્રાય આવ્યો નહિ. ને ટીપણા છપાવાની મુદત પુરણ થવા આવી. તે વારે છાપા મુજબ ટીપણા છપાવવાની મુઝવણ મટાડવા સારૂ રજા આપી છે, તેથી છપાવ્યા છે. તેમાં સંઘનો વિચાર કાંઇ બંધ પાડેલો નથી. માટે જેમને જે વિચાર કરવો હોય તે સુખેથી કરવો. જે સિધ થાય તે અમોને પણ અતરે જણાવવું. અમે જેમ સંઘ ઠેરાવશે તે રીતે કરવાને ખુશી છીએ. કોઇ રીતનો આગ્રહ સમઝવો નહિ. પરંતુ અમારે મનમાં જે વિચાર થાઅ છે તે તમોને નીચે મુજબ જણાવીએ છીએ.

સં. ૧૯૨૯ ની સાલમાં ત્થા ૧૯૩૦ ની સાલમાં પજુસણ મધે એકમની ત્થા ચોથની હાની આવી હતી. તે ઉપરથી સં. ૧૯૩૦ ની સાલમાં ચોથની હાનીના લીધે જે ત્રીજનું શમછરી પર્વ કરો હતો, તે તો ખુલી રીતે વાજબીજ હતો. પણ આવતા પજુસણમાં ચોથની હાનિ નથી. પાંચમની હાની છે. તેથી ત્રીજની હાની ગણવી તે ઘણા વિચારભરેલી છે. પ્રથમ તો તીથ્યાન્તર છે. બીજો ચોથ તીથી શાશ્વત છે, ત્રીજો ત્રીજ તે બીજ પર્વને ઓલંઘી રહી છે. પંચમી પર્વને દૂર છે. ચોથની શમછરી તે પંચમી પર્વને નજીક કાલકસૂરિ મહારાજે આચરેલી છે. કલ્પસૂત્રમાં પહેલી સમાચારીમાં પર્વનું ઓલં-ઘન નિવાર્યો છે. અને નીસીથસુત્રમાં દશમા ઉદ્દેશે પર્વે પજુ-સણ કરવા કહા છે. તે બે બારગના મધ્યમાં પર્વને નીકટ કાલકસૂરિ મહારાજે શમછરી પર્વ ચોથનો આચરો છે. તે

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

અમદાવાદના સંઘમાંથી સારાસારા માણસો એકઠા થઇ સાફ દીલથી વિચારીને ઠેરાવ કરવો.

કાગલ માહેલાથી સમાચાર સરવે જાણજો, ને જે ઠેરાવ સિદ્ધ થાઅ તે અતરે પણ જણાવજો. માટે અમે તે પ્રમાણે કરવાને કંઇ નાખુશી નથી તે જાણજો. વિશેષ શા. કુંવરજી આણંદજી ચોપાનીઆમાં છાપશે. તેથી જાણજો. આ કાગલ જ્યાં તમારે વંચાવવો ઘટે ત્યાં વંચાવજો. દેવદર્શન પૂજા આદે કરતાં સંભારજો. સં. ૧૯૫૨ના ચૈતર સુદ આઠમ વાર રવેઉ. દા. શા. ગુલાબચંદ લાધાના જુવાર વાંચજો. ત્થા હીરપ્રસનમાં શ્રી હીરવીજે સૂરિજીએ પાંચમના તપ કરનાર આશરીને એવો ખુલાસો આપો છે જે **પાંચમનું તપ કરતો હોય તેને તેલાધરથી અઠમ કરવો નહિ, ત્રીજ ચોથ અને પાંચમ એ રીતે અઠમ કરવો.** ને કદી તેલાધરથી અઠમ કરો હોઅ તો છતી શકતીએ પાંચમને દિવસે એકાસણું કરવું. ને જો એકાસણાની શક્તી ન હોય **તો પાંચમનું કૃત્ય શરવ ચોથના(માં) શમાવું છે.** માટે ચોથના ઉપવાસથી પાંચમનો ઉપવાસ ચાલે. આ તપનો હીરવિજેસૂરિએ દીધેલો ઉત્તર તે પણ વિચારમાં લેવા જેવો છે. જે તેમણે શું આશએ ગ્રહણ કરેલો છે તે વિચારવો. જેમ બહુશ્રુત કરે તે પ્રમાણ."

## શ્રી વિજયરાજેન્દ્રસૂરિનો પત્ર (પૃ. ૧૫)

"સ્વસ્તી શ્રી પાર્શ્વજિન પ્રણમ્ય શ્રી પાલણપુર નયરથી લી. ભટ્ટારક શ્રી વિજયરાજિન્દ્રસૂરીશ્વરજી શ્રી અમદાવાદ નયરે પં. પ્રતાપવિજયજી યોગ્ય સુખપ્રસ્ન જાણવો. અપ્રંચ તમારો પત્ર ૧) કાલદિને આવો. તે વાંચી સમાચાર વાકબ થયા છૈઈ. જવાબમાં લખવાનું પજુષણમાં પર્વ વિશેમાં

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

કોઇ તિથિ વધઘટ છે નહિ. બાદ પાંચમનો ક્ષય છે, **પરંતુ તેનો કૃત્ય તો વારશીક પર્વમાં સમાઈ ગયું છે. માટે તે** પંચમી વર્તવારૂપ નથી. તેથી શાસ્ત્રના આધાર પ્રમાણે તથા ગછપરંપરા પરમાણે ભાદરવા સુદ ૪ શુકરવારી સંવત્સરી કરવી યુક્ત છે. માટે ચારે ઉપાસરાના સાધુ તથા શ્રાવક વિગેરે ચતુરવિધ સંઘને ઉપર લખેલ સુદ ૪ શુકવારને દિવસે સંવત્સરી ધર્મકૃત્ય કરવું. ને માર્ગાનુસારી જીવોને તો આવા દિવસોમાં સમય...ધર્મકરણી કરે તેમાં જ લાભ છે. એ જ, તમો સરવે મરજાદાના જાણ છો, માટે વધારે લખવા જરૂર નથી. પાછો પત્ર લખજો. સં. ૧૯૫૨ના આસાઢ સુદ ૧૧ સોમે."

## આ. શ્રી આનન્દ સા૦ના શબ્દોમાં શ્રીસંઘનું અપમાન

આટલું થયા છતાં શ્રી આનન્દસા૦એ પોતાના વિચારો બદલ્યા નહોતા. સં. ૧૯૬૧ તથા ૧૯૮૯માં પણ ભાદરવા શુદ ૫નો ક્ષય હતો ત્યારે પણ તેમણે સકલ સંઘથી વિરૂદ્ધ ભાદરવા સુદ ત્રીજે સંવચ્છરી કર્યાનો દાવો ધરાવ્યો હતો. સં. ૧૯૮૯ના સિદ્ધચક્ર અંક ૨૧ ના વધારામાં પૃ. ૬માં તેમણે લખ્યું છે કે–

"શાસ્ત્ર અને નીતિને અનુસરે તે જ મહાજન કહેવાય... અજ્ઞાની ગાડરીયા ટોળાને કોઈ દિવસ કોઇ પણ શાસ્ત્રકારે મહાજન કહ્યું નથી. સાચો શ્રાવક પણ ધર્મરત્ન પ્રકરણકારે તેને જ ગણ્યો છે કે જે ગાડરીયા ટોળામાં તણાય નહિ." પૃ. ૮ માં તેઓ પુનઃ લખે છે કે–

"શાસ્ત્ર અને નીતિ પ્રમાણે ઉપરની હકીકત છતાં અજ્ઞા–

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

નીઓના ક્લેશને નિવારવા ખાતર કુવૃષ્ટિ ન્યાયને કોઇ અનુસરે તો તેમાં આશ્ચર્ય સમજવું નહિ."

આ શબ્દોમાં તેમણે આખા સંઘને અજ્ઞાન ગાડરીયું ટોળું બનાવ્યો છે. કુવૃષ્ટિથી પાગલ થનારા લોકો તુલ્ય આખા સંઘને પાગલ થયેલો લખ્યો છે. પોતે પણ તેની સાથે પાગલ થઇ અનુસરવાનું ગર્ભિત સૂચન કર્યું છતાં વધુ આશ્ચર્યની વાત એ હતી કે તે ન્યાયે પણ તેઓએ સકલ સંઘ સાથે ભાદરવા સુદ ૪ ની સંવચ્છરી તો ન જ આદરી ! સત્ય ઇતિહાસને નહિ જાણનારા વર્તમાન તિથિ કલહનું દોષારોપણ બીજાઓ ઉપર કરે છે, તે અસત્ય છે. વર્ત્તમાન તિથિકલહનું બીજારોપણ સં. ૧૯૫૨ થી શ્રી આનન્દસાગરજીના હાથથી જ થયેલું છે, એમ ઉપલો ઇતિહાસ પોકારીને કહે છે. સં. ૧૯૯૨-૯૩માં આ. શ્રી વિજયનેમસૂરિજીએ તે વધારવામાં સક્રિય મદદ કરી હતી, તે પણ પાછલના ઇતિહાસે પુરવાર કરી આપ્યું છે, તે નીચે વાંચવાથી સમજાશે.

## સં. ૧૯૯૨-૯૩—

સં. ૧૯૯૨--૯૩માં ચંડાંશુ ચંડુ જોધપુરી પંચાંગમાં ભાદરવા સુદ પાંચમની વૃદ્ધિ હતી. પર્યુષણ આવતા પૂર્વે સં. ૧૯૯૨ના સિદ્ધચક્ર અંક ૧૯-૨૦, વર્ષ ૪, પૃ. ૪૫૪માં શ્રી સાગરજીએ નીચે પ્રમાણે લેખ છપાવી બહાર પાડયો હતો.–

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

## " સાંવત્સરિક પર્યુષણાની અઠ્ઠાઈની શરૂઆત

" સંવચ્છરીની પહેલાના આઠ દિવસોમાં જે જે કોઇ તિથિની વૃદ્ધિ કે હાનિ હોય તેને લક્ષમાં લઇને તે પ્રમાણે વહેલા કે મોડા પર્યુષણ શરૂ કરાય છે. માનો કે ચોથથી માંડીને તે પાછલી તેરસ (બારસ) સુધીમાં કોઇ પણ તિથિની વૃદ્ધિ હોય તો તેરસથી પર્યુષણની શરૂઆત કરવી પડે છે અને કોઇપણ તિથિની હાનિ હોય તો અગિયારસથી જ પર્યુષણની શરૂઆત કરવી પડે છે....પર્યુષણ બેસવાની તિથિ પલટે, કલ્પવાચનની તિથિ પલટે, તેલાધરની તિથિ પલટે, પણ **પાક્ષિક અને સાંવત્સરિકની તિથિઓ જે ચૌદશ અને ચોથ છે તે પલટે જ નહિ.**"

આ લખાણ કરીને તેમણે પોતાનો કદાગ્રહ છોડવાની તત્પરતા દેખાડી હતી. ટીપણામાં ચોથ પછી પાંચમની વૃદ્ધિ હતી,.ચોથ સુધીમાં એકે તિથિની હાનિવૃદ્ધિ હતી નહિ. સંઘ સમજ્યો કે સાગરજી જુદા પડશે નહિ. ત્યાં તો શ્રી નેમીસૂરિજીએ કોર બદલી. " શ્રી પર્વતિથિ ચર્ચા સંગ્રહ " પૃ. ૪૮ માં પં. શ્રી કલ્યાણવિજયજીએ સ્પષ્ટ શબ્દોમાં લખ્યું છે કે—

## આ. શ્રી વિજયનેમિસૂરિજીની ખટપટ

" આ વખતે સાગરજીને મદદગારો મલી ગયા, ખાસ કરીને શ્રી નેમિસૂરિજીએ તેમનો પક્ષ લીધો. અને આમ તેમ માણસો મોકલીને અન્ય આચાર્યોને પણ રવિવારે સંવત્સરી કરવાની માન્યતા તરફ ખેંચ્યા. તેઓને એ સમજાવ્યું કે " આપણામાં પર્વતિથિની હાનિવૃદ્ધિ કરવાનો રિવાજ નથી, માટે પંચમી બે ન માનતાં ચોથ બે માનવી જ યોગ્ય

P. P. Ac. Gunratnasuri M.S.　　Jin Gun Aaradhak Trust

ગણાય,' પોતાની જીંદગીભરમાં આવો પ્રસંગ આવેલ ન હોવાથી કેટલાક આચાર્યો શ્રી નેમિસૂરિજીની વાતમાં આવી ગયા."

શ્રી સાગરજી પાસે માણસ મોકલી તેમને ટટ્ટાર કર્યા. આ. શ્રી નીતિસૂરિ પાસે મ્હેસાણા પાઠશાળાના માસ્તર પ્રભુદાસ બહેચરદાસને મોકલ્યા, મોહનસૂરિજી તો તેમના હતા જ; આમ ભાદરવા સુદ પંચમીના ક્ષયને માનવાવાલા આચાર્યોએ ન્યાયની દૃષ્ટિએ પંચમીની વૃદ્ધિ પણ માનવી જોઈતી હતી, તથાપિ તેમ નહિ થવાનું કારણ જૈન શાસનના સનાતન સત્ય સામે ઉપર પ્રમાણે ભેદી રમત રમાઈ હતી તે હતું.

પ્રિય વાંચક ! વર્તમાન તિથિચર્ચાનું ખરૂં રહસ્ય પામવા માટે આટલો ઇતિહાસ જાણવો જરૂરી હતો. હવે આ પ્રકરણમાં તમને વધુ વખત નહિ રોકી રાખતાં બીજા પ્રકરણમાં લઈ જઈએ, જ્યાં તમોને 'સ્વીકાર સામે વિરોધનું દર્શન' થશે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

## પ્રકરણ બીજું

# સ્વીકાર સામે વિરોધ દર્શન

**ત્રણમાં મતભેદ—**

આ. વિજયનેમિસૂરિજી, નીતિસૂરિજી અને સાગરજી વચ્ચે આમ એકમતિ દેખાવા છતાં પરસ્પર મતભેદ છે, તેનો તેઓએ શાસ્ત્રાર્થ કરી અદ્યાવધિ નીકાલ કર્યો નથી. નેમિસૂરિજી પર્વતિથિની ક્ષયવૃદ્ધિએ પૂર્વ-તિથિની ક્ષયવૃદ્ધિ સ્વીકારે છે કે પૂર્વતર તિથિની પણ ક્ષયવૃદ્ધિ સ્વીકારે છે તેનો કશો સ્ફોટ કરતા જ નથી. નીતિસૂરિજી પર્વતિથિની ક્ષયવૃદ્ધિએ પૂર્વતિ-થિની જ ક્ષયવૃદ્ધિ સ્વીકારે છે. સાગરજી પૂર્વ અને પૂર્વતર તિથિની પણ ક્ષયવૃદ્ધિ સ્વીકારે છે.

નેમિસૂરિજીનું મન્તવ્ય ચાહે પૂર્વતિથિ કે પૂર્વતર તિથિની ક્ષયવૃદ્ધિ સ્વીકારવાનું હોય અને તેથી તેમણે સં. ૧૯૯૨-૯૩માં ભાદરવા સુદ ૪ પલટાવી હોય, તથાપિ તેમણે સં. ૧૯૫૨-૬૧-૮૯માં ભાદરવા સુદ ૫નો ક્ષય હોવા છતાં ભાદરવા સુદ ૪ પલટાવી ન હતી, તે તેમની પાછલની પ્રવૃત્તિ સામે વિરોધદર્શક

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

છે. નીતિસૂરિજી વિગેરે સાગરજીના પક્ષમાં ભળેલા બીજા આચાર્યો સામે પણ એ વિરોધ એક સરખો જ ઊભો રહેલો છે.

## આ. શ્રી નીતિસૂરિજીનાં પ્રતિપાદનોમાં વિરોધ—

નીતિસૂરિજી સં. ૧૯૮૯માં પોતાના શિષ્ય ઉપા૦ દયાવિજયજી પાસે લખાવેલી "પર્યુષણ પર્વની તિથિનો વિચાર" નામની ચોપડીમાં પૃ. ૬ માં સત્ય જ વદે છે કે:—

"૧. શાસ્ત્રકારે ઉદય તિથિને પ્રમાણભૂત માનેલી છે, ભાદરવા સુદિ ચોથને દિવસે સંવચ્છરી પર્વની કાલિક સૂરિની આચરણા છે અને તે ઉદય તિથિ છે, તો તેને છોડી ભાદરવા સુદિ ત્રીજે સંવચ્છરી પર્વ શા આધારથી કરી શકાય?"

એ જ ચોપડીના પૃ. ૭ માં વળી તેમણે પૂછયું કે—

"૪...પ્રધાન પર્વની ઉદયતિથિનો પૂનમના ક્ષયના દૃષ્ટાંત માત્રથી ત્યાગ કરી ત્રીજે કેમ કરી શકાય?"

અમે પણ એ જ કહીએ છીએ કે ભાદરવા સુદ ૫ બે હોય તેથી ભાદરવા સુદ ચોથની ઉદય તિથિ છોડી પહેલી પાંચમે સંવચ્છરી કેમ જ કરી શકાય? અને સુદ પુનમ કે અમાસની ક્ષયવૃદ્ધિ હોય તેથી ચૌદશ ઉદયતિથિ છોડીને પહેલી પુનમે કે અમાસે ચૌદશ કરી જ શી રીતે શકાય? આ દિવા જેવી

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

વાત છતાં સં. ૧૯૯૩ માં પં. મંગલવિજયજી પાસે લખાવેલી "સાંવત્સરિક શાસ્ત્રીય વિચાર" નામની ચોપડીમાં પૃ. ૩૪ માં તેઓએ જે લખાવ્યું છે કે–

"પર્વતિથિની ક્ષયવૃદ્ધિ ન જ થાય તે ગીતાર્થ પુરુષની અને ડહેલાના ઉપાશ્રયની પરંપરા મુજબ છે,"

તે અસત્ય અને વિરોધમૂલક જ છે. આથી વધારે બેહુદું તેઓએ એ જ ચોપડીના પૃ. ૩૬ માં જે છપાવ્યું છે તે આ રહ્યું—

"આચાર્યદેવ વિજયનીતિસૂરીશ્વરજી મહારાજની પાસે રહેલ પ્રાચીન પ્રતિમાં જણાવવામાં આવે છે જે भाद्रपद-शुक्लचतुर्थ्याः क्षये नाद्या अपरा आराध्या इत्यादि. આ પંક્તિઓ પણ જણાવે છે કે ચોથના ક્ષયે પાંચમે ચોથની આરાધના કરવી; પણ સાક્ષાત્ ચોથનો ભોગવટો ત્રીજમાં હોવા છતાં પાંચમની આરાધના કરવાનું કહે છે. અને તેમાં ખરી રીતે ઉદય પણ નથી. ને તે ન હોવા છતાં આરાધનાને જણાવે છે."!

આ પંક્તિઓથી આ૦ વિજયનીતિસૂરિજી 'ભાદરવા શુદ ૪ ના ક્ષયે ભાદરવા શુદ પાંચમે સંવચ્છરી કરવાનું કહે છે,' તે શ્રી તપગચ્છના કોઈ પણ આચાર્યાદિ મુનિવરો શું માની શકે તેમ છે? બીલકુલ નહિ; કેમકે આ શ્રી તપાગચ્છ સમાચારીથી તદ્દન ગલત વાત છે. क्षये પૂર્વા૦ના નિયમથી વિરુદ્ધ છે. આવાં શાસ્ત્ર અને સમાચારીથી વિરુદ્ધ પ્રમાણોને પ્રાચીન

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પ્રતિઓના નામે પ્રચારવાનો થતો પ્રયાસ અનિચ્છનીય જ છે.

## આ.શ્રી આનંદસાગરજીનાં પ્રતિપાદનોમાં વિરોધ–

### (૧) ક્ષયવૃદ્ધિનો સ્વીકાર

શ્રી સાગરાનંદજીએ પોતાના સિદ્ધચક્ર વર્ષ ૪, અંક ૪, પૃ. ૯૪ માં નીચે પ્રમાણે પ્રશ્નોત્તર લખ્યો છે—

"**પ્રશ્ન** ૭૭૬–સામાન્ય રીતે જૈન જનતામાં કહેવાય છે કે બીજ, પાંચમ, આઠમ, અગીયારસ, ચૌદશ, અમાવાસ્યા અને પૂર્ણિમા જે પર્વતિથિઓ તરીકે જે ગણાય છે તેનો ક્ષય હોય નહિ એ હકીકત શું સત્ય છે?

"**સમાધાન**–જ્યોતિષ્કરંડક, સૂર્યપ્રજ્ઞપ્તિ, અને લોકપ્રકાશ આદિ શાસ્ત્રોને જાણનારો મનુષ્ય એમ કહી શકે નહિ કે જૈનશાસ્ત્ર પ્રમાણે બીજ આદિ પર્વતિથિનો ક્ષય હોય નહિ, કેમકે તેમાં અવમરાત્રિ એટલે ઘટવાવાળી તિથિઓ બીજ, પાંચમ વિગેરે ગણાવી છે. વળી જો પર્વતિથિનો ક્ષય ન થતો હોય તો **क्षये पूर्वातिथिः कार्या** એવો શ્રી ઉમાસ્વાતિજીનો પ્રઘોષ પણ હોત નહિ."

આ પછી 'સિદ્ધચક્ર' વર્ષ ૫, અંક ૧, પૃ. ૭ માં તેમનો એક બીજો પ્રશ્નોત્તર છે, તે પણ નીચે વાંચો–

"**પ્રશ્ન** ૮૩૯–બીજ પાંચમ આદિનો ક્ષય અને વૃદ્ધિ શ્રી જૈન શાસ્ત્ર પ્રમાણે હોય કે નહિ?

"**સમાધાન**–શ્રી સ્થાનાંગ સૂત્ર તથા સૂર્યપ્રજ્ઞપ્તિ આદિ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

સૂત્રો અને જ્યોતિષ્કરંડક આદિ પ્રકરણોને અનુસારે સાફ સાફ જણાય છે કે બીજ પાંચમ આદિ પર્વતિથિઓનો ક્ષય હોઈ શકે છે, પણ તિથિઓની વૃદ્ધિ થવાનો પ્રસંગ ઓછો છે, છતાં **ક્ષય અને વૃદ્ધિના પ્રસંગો નિયત છે.** ”

આ પ્રશ્નોત્તરોથી વાંચકોને સ્પષ્ટ સમજાશે કે ‘જૈન મત પ્રમાણે પર્વતિથિઓની ક્ષયવૃદ્ધિ થાય છે અને શ્રી ઉમાસ્વાતિ મહારાજનો પ્રઘોષ–**क्षये पूर्वा-तिथि: कार्या वृद्धौ कार्या तथोत्तरा**–પણ એ જ પુરવાર કરે છે, એમ આ પ્રશ્નોત્તરોના લેખક શ્રી આનન્દ-સાગરજી કબૂલ કરે છે. હવે હાલમાં તેઓ જે એમ કહે છે કે ‘જૈનમત પ્રમાણે પર્વતિથિની વૃદ્ધિ થતી જ નથી’ તથા ‘પર્વતિથિની ક્ષયવૃદ્ધિ મનાય નહિ’ તે અસત્ય જ છે અને તેમના ઉપલા લેખોથી વિરુદ્ધ જ છે. અમે એમ કહીએ છીએ કે–**‘ટીપણામાં પર્વતિથિની ક્ષયવૃદ્ધિ જ્યારે જ્યોતિષના નિયમ પ્રમાણે પૂર્વે પણ થતી હતી અને અત્યારે પણ થાય છે, તો પછી તે શા માટે મનાવી નહિ જોઈએ? ‘પર્વતિથિની ક્ષય વૃદ્ધિ થવાથી કે માનવાથી પર્વની આરાધનાની ક્ષયવૃદ્ધિ થાય છે અથવા માનવી જોઈએ’ એવું તો કોઈ કહેતું જ નથી.’**

## (૨) સંપૂર્ણ ભોગવટાનો સ્વીકાર

સિદ્ધચક્રના વિદ્વાન લેખકે ચોથા વર્ષના ચોથા

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

અંકના ટાઇટલ પેજ ત્રીજામાં નીચે પ્રમાણે લખ્યું છે–
''પન્નરસણ્હં વિગેરે પાઠની સમજણ

" ધ્યાન રાખવું કે પકૂખીમાં એકમ વગેરે તિથિઓ વધી અગર ઘટી એટલે તૂટી અગર બેવડી થઇ પણ તે તમામ તિથિઓ પંદરને અંગે જ છે, એટલે એમ કહેવું જોઇએ કે પાક્ષિકને અંગે માત્ર તિથિઓનો ભોગવટો ગણવામાં આવેલો છે. માનો કે ત્રીજ વિગેરેની તિથિ તૂટી હોય તો પણ તેનો ભોગવટો જતો જ નથી. ભોગવટા તરીકે તો એક પક્ષથી બીજા પક્ષની વચ્ચે પંદર તિથિઓ આવી જ જાય, અર્થાત જે તિથિનો ક્ષય થાય છે તેનો અર્થ તિથિ ભોગવટામાંથી ઊડી જતી નથી, પણ માત્ર તે તિથિ સૂર્યઉદયને ફરશે નહિ. તેથી જ તેનો ક્ષય થયો ગણાય છે.

## " ક્ષય થતાં પૂર્વની તિથિમાં આરાધનાની જરૂર અને તેનું કારણ

" અને આજ કારણથી બીજ, પાંચમ વિગેરે પર્વતિથિઓનો ક્ષય હોય છે ત્યારે તે તે પર્વતિથિની આરાધના પહેલે દિવસે કરી લેવામાં આવે છે, કેમકે તે તે પર્વતિથિનો ભોગવટો તે તે આગલી સૂર્યઉદયવાળી તિથિની પહેલાં પહેલાં થઇ ગયેલો હોય છે. અને સૂર્યોદયવાળી તે તે પર્વતિથિ ન મળે તો તેની આગલી તિથિની પહેલી તિથિએ તે તે પર્વતિથિનો ભોગવટો હોવાથી તે તે પર્વતિથિની આરાધના થાય છે, કેમકે **જેમાં જે હોય તેમાં તેનો સમાવેશ કરવો એ રીતસર** છે...એવી રીતે વૃદ્ધિમાં પણ માત્ર તિથિનો ભોગવટો વધી, તે તે તિથિઓ બે સૂર્યોદયને ફરસવાળી થાય છે, પણ પખવાડીયામાં કોઇ પણ સોળમી તિથિ આવતી નથી.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

**" વૃદ્ધિમાં ઉત્તરતિથિ કરવાનું કારણ**

" પૂર્વ સૂર્યોદયવાળી તિથિ કરતાં પરસૂર્યોદયવાળી તિથિ બળવતી ગણાવવાથી જ **આગલી તિથિએ અનુષ્ઠાન થાય છે, સંપૂર્ણતા પણ તિથિની ઉત્તર દિવસે જ છે.** લાંબી મુદત વ્રત પાળનારો કંડરીક અંતે ખસવાથી દુર્ગતિમાં ગયો, ને પુંડરીક છેવટે આરાધવાથી આરાધક થયા."

શ્રી સાગરજી કદાગ્રહશૂન્ય મનોદશામાં જ્યારે હશે ત્યારે તેમણે ઉપલું વિવચન લખી નાખ્યું હશે. અમે જે વસ્તુ શાસ્ત્રાધારે કહી છે અને કહેવા માગીએ છીએ તેનો જ આ એક અનુવાદ માત્ર છે. શ્રી સાગરજીના પક્ષમાં પડેલા આચાર્યાદિઓ તેમના જ લખાણનો શાંતિથી વિચાર કરે તો આજે થતી માર્ગભૂલ અવશ્ય સુધરી જાય. ઉપલા લખાણથી શ્રી સાગરજીએ નીચેની વસ્તુઓનો એકરાર કર્યો છે–

(૧) પર્વતિથિની ક્ષય વૃદ્ધિ થાય છે.

(૨) પર્વતિથિનો ક્ષય હોય ત્યારે તેની આરાધના પૂર્વ દિવસમાં કરાય છે, કે જ્યાં ક્ષીણ તિથિનો ભોગવટો પૂર્ણ થતો હોય છે.

(૩) ક્ષીણ પર્વતિથિની આરાધના લેવામાં ક્ષીણ તિથિનો સૂર્યોદય લેવાનો હોતો જ નથી, કેમકે સૂર્યોદય પૂર્વ તિથિનો છે. એટલે ટીપણામાં એક દિવસે બે તિથિ ભેગી લખી શકાય જ છે.

P. P. Ac. Gunratnasuri M.S.     Jin Gun Aaradhak Trust

(૪) એક જ દિવસમાં બે પર્વતિથિ ભેગી થતી હોય તો તેની આરાધના એક જ દિવસે કરાય છે, પરંતુ અતીત કે અનાગત વગર કિંવા અધુરા ભોગવટાવાળી તિથિ લઈ શકાતી નથી, તેથી જ પુનમ, અમાસ કે પાંચમની ક્ષયવૃધ્ધિએ તેરસ કે ત્રીજની ક્ષયવૃધ્ધિ કરી ચૌદશ અને ચોથ બીનભોગવટાવાળી તિથિદિવસે કરવી, તથા ચોથ કે ચૌદશના ક્ષયે પાંચમ કે પુનમ અમાસે સંવચ્છરી તથા પખ્ખી કરવી તે શાસ્ત્ર અને સમાચારીથી કેવલ વિરુધ્ધ જ છે.

(૫) સૂર્યોદયવાળી તિથિ તો તે જ દિવસે આરાધવી જોઇએ.

(૬) વૃદ્ધિ તિથિમાં પૂર્વ સૂર્યોદયવાળી તિથિ છોડી દેવી, પરસૂર્યોદયવાળી તિથિ ગ્રહણ કરવી, કેમકે તિથિનો ભોગવટો ત્યાં જ સંપૂર્ણ થાય છે.

(૭) પંદર વિગેરે દિવસોનો હિસાબ તિથિ ભોગવટાથી મેળવવાનો છે, એટલે ટીપણામાં ભોગવટો ન હોય તો કલ્પિત ગણી શકાતો નથી.

હવે હાલમાં તેઓ 'પર્વતિથિની ક્ષયવૃધ્ધિને બદલે અપર્વતિથિની ક્ષય વૃદ્ધિ કલ્પિત કરી નાખવાનો આગ્રહ સેવે છે, અને 'એક દિવસે બે તિથિ ન બોલાય કે ન લખાય' એમ જાહેર કરે છે, તથા ચોથ

ચૌદશનો સૂર્યોદયવાળો સંપૂર્ણ ભોગવટો છોડી તે તિથિઓનો ભોગવટો ત્રીજ, તેરસ, પહેલી પાંચમ અને પહેલી પુનમ અમાસે સંપૂર્ણ ન હોય કિંવા મુદ્દલે ન હોય તથાપિ તે દિવસે તે તિથિઓને આરાધવાનું જણાવે છે, તે મતિવિભ્રમ સિવાય બીજું કાંઇ દેખાતું નથી.

## (૩) ચોથ અવધિનો સ્વીકાર

સંવત ૧૯૯૦ ના સિદ્ધચક્ર, વર્ષ બીજું, અંક ૨૨, ટાઈટલ પેજ ત્રીજા પર શ્રી સાગરજી જણાવે છે કે–

"જિવાભિગમ આદિ શાસ્ત્રોમાં પર્યુષણાની આરાધના આઠ દિવસની સ્પષ્ટ અક્ષરે જણાવેલ હોવાથી **સંવચ્છરી-ના દિવસને આશ્રીને જ આઠ દિવસોના પર્યુષણ નિયત થયાં છે. અને તેથી જ શ્રાવણ વદિ બારસથી સામાન્ય રીતે પર્યુષણનો પ્રારંભ થાય છે."** સંવત ૧૯૯૨ના સિદ્ધચક્ર, અંક ૧૯–૨૦, પૃ. ૪૫૪માં પણ તેઓએ પ્રગટ કર્યું છે કે–

"ચોથથી માંડીને તે પાછલી તેરસ (બારસ) સુધીમાં કોઈ પણ તિથિની વૃદ્ધિ હોય તો તેરસથી પર્યુષણની શરૂઆત કરવી પડે છે. અને કોઇપણ તિથિની હાનિ હોય તો અગિયારસથી જ પર્યુષણની શરૂઆત કરવી પડે છે."

હવે તેઓ પર્યુષણા અઠ્ઠાઈની ચોથ અવધિનો તિરસ્કાર કરી પાંચમ અવધિ સ્વીકારે છે, તે અયુક્ત છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

## (૪) ચોથ ચૌદશ પલટે નહિ, તેનો સ્વીકાર

એ જ અંકમાં ઉપરોક્ત પાનામાં તેમણે લખ્યું છે કે—

"પાક્ષિક અને સાંવત્સરિકની તિથિઓ જે ચૌદશ અને ચોથ છે તે પલટે જ નહિ."

છતાં હાલમાં તેઓ પાંચમ અને પુનમ અમાસની ક્ષય વૃદ્ધિએ ચોથ ચૌદશ પલટે છે, તે શાસ્ત્રવિરુદ્ધ છે.

## (૫) ચતુર્દશીની પ્રધાનતાનો સ્વીકાર

સિદ્ધચક્ર વર્ષ ૪, અંક ૧૦, પૃ. ૨૩૨માં તેઓએ નીચેનો પ્રશ્નોત્તર લખ્યો છે—

"**પ્રશ્ન** ૭૯૨—દરેક શાસ્ત્રોમાં શ્રાવકોના વર્ણનમાં **चाउद्दसट्ठमुद्दिट्ठपुण्णमासिणु** એવો પાઠ આવે છે, તો આ અનુક્રમ પૂર્વાનુપૂર્વી કે પશ્ચાનુપૂર્વીના ક્રમથી ભિન્ન હોવાનું કારણ શું?

"**સમાધાન**—આ અનુક્રમના ભેદનું કારણ વ્યાખ્યાકારોએ સ્પષ્ટ કર્યું નથી, છતાં આ જણાવેલી માસિક તિથિઓમાં આઠમ, અમાવાસ્યા (કલ્યાણક તિથિ) કે પૂર્ણિમા કરતાં **ચતુર્દશીનું અધિકપણું-અભ્યર્હિતપણું હોવું જોઇએ,** કેમકે એમ ન હોત તો અલ્પ સ્વરવાળા અષ્ટમી અને ઉદ્દિષ્ટા શબ્દથી ચતુર્દશીને પહેલાં મૂકત નહિ, અને ક્રમની અપેક્ષાએ આઠમને પહેલાં ન લેતાં ચૌદશને પહેલાં લેત નહિ, અને એ ઉપરથી એમ માની શકાય કે આઠમ આદિ તિથિઓ કરતાં ચૌદશની અધિક માન્યતા હોવી જ જોઇએ અને હમેશાં

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પાક્ષિક તો ચતુર્દશીનું હોવાથી એવો ચતુર્દશીની પ્રાધાન્યતાને જણાવનાર ચતુર્દશીથી શરૂ થયેલો પાઠ હોય તે સ્વાભાવિક જ છે.''

શ્રીમાન્ સાગરાનન્દજી આ લેખમાં ચૌદશનું પુનમ અમાસ કરતાં અધિકપણું–અભ્યર્હિતપણું સ્વીકારે છે, તથાપિ હાલમાં તેઓ પુનમ અમાસની ક્ષયવૃદ્ધિએ ચૌદશ ઉદયતિથિને આઘી પાછી ખસેડી પુનમ અમાસની પ્રધાનતા કરે છે, તે તેમના ઉપરોક્ત લેખથી યે વિરુદ્ધ છે.

## (૬) શિથિલાચારીઓના આચરણને પરંપરા તરીકે અમાન્ય કરવાનો સ્વીકાર

સિદ્ધચક્ર વર્ષ ૪, અંક ૧૫, પૃ. ૩૪૮માં શ્રી સાગરજીએ કબૂલ કર્યું છે કે—

"જે પરંપરાના આચારરૂપી જીત આચારથી આત્માની અથવા આચારની અશુદ્ધિ થાય, તેમજ શિથિલાચારી અને પ્રમાદીઓએ ઘણાઓએ મળીને પણ આચરેલું હોય અને તે પરંપરાથી આવ્યું હોય તો પણ તે જીત આચરવા લાયક નથી.''

છતાં હાલમાં તેઓ અને તેમના પક્ષીઓ ક્ષયને બદલે ક્ષય અને વૃદ્ધિને બદલે વૃદ્ધિ કરવાની શ્રીપૂજ્યોની મનગઢંત આચરણાને પરંપરા તરીકે પંપાળે છે, તે ખોટું જ છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

## (૭) બે ચૌદશ, બે અમાવાસ્યા આદિનો સ્વીકાર

સિદ્ધચક્ર વર્ષ ૩, અંક ૨૧, પૃ. ૫૦૭માં તેઓએ નીચેનો પ્રશ્નોત્તર લખ્યો છે—

" **પ્રશ્ન** ૭૬૧—પર્યુષણની થોયમાં વડાકલ્પનો છઠ્ઠ કરીને એ વિગેરે વાકયો આવે છે, તો કલ્પસૂત્રને દહાડે છઠ્ઠનો બીજો ઉપવાસ જ આવવો જોઇએ એવી રીતે છઠ્ઠ કરવો એમ ખરૂં કે ? અને આ વર્ષમાં છઠ્ઠ કયારે કરવો ?

" **સમાધાન**—શ્રી હીરસૂરિજી મહારાજે દીધેલા અને શ્રી કીર્તિવિજયજી મહારાજે સંગૃહિત કરેલા હીરપ્રશ્નોત્તરમાં ચતુર્દશી, અમાવાસ્યા કે પ્રતિપદ આદિની વૃદ્ધિમાં છઠ્ઠ કયારે કરવો, એવા પ્રશ્નના ઉત્તરમાં ચોકખા શબ્દથી જણાવે છે કે આ પર્યુષણના કલ્પસંબંધી છઠ્ઠ કરવામાં કોઇપણ તિથિઓના નિયમને માટે આગ્રહ કરવો નહિ. અર્થાત્ **બે ચૌદશો હોય તો પહેલી બીજી ચૌદશનો પણ છઠ્ઠ થાય, બે અમાવાસ્યા હોય તો તેરશ ચૌદશનો છઠ્ઠ થઈ ( પહેલી અમાવાસ્યાએ પારણું કરી ) બીજી અમાવાસ્યાએ એકલો ઉપવાસ થાય,** અને બે પડવા હોય તો પણ તેરશ ચૌદશનો છઠ્ઠ થઇ અમાવાસ્યાએ પારણું આવી પહેલે પડવે એકલો ઉપવાસ થાય. "

આમાં 'પહેલી ચૌદશ, બીજી ચૌદશ, પહેલી અમાસ, બીજી અમાસ, પહેલો પડવો, બીજો પડવો' એમ પર્વતિથિની વૃદ્ધિ અને વૃદ્ધિ અંગે પહેલી બીજી તિથિનો વ્યવહાર તથા તેમાં પહેલી અમાસે ખાધાવાર ઈત્યાદિ બધું રીતસર જણાવ્યું છે. તેરસની વૃધિ કરવાનું જણાવ્યું નથી. છતાં એ મહાશય પાછા

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

સિદ્ધચક્ર વર્ષ ૪, અંક ૨૨, પૃ. ૫૦૪માં નીચેના શબ્દોમાં તેનો અપલાપ કરે છે—

"૧. શ્રી હીરપ્રશ્નમાં ચતુર્દશીએ કલ્પ વંચાય, અને અમાવાસ્યાદિની વૃદ્ધિએ અમાવાસ્યા કે પડવે કલ્પ વંચાય એમ જણાવેલું છે. બીજી ચૌદશ કે બીજી અમાવાસ્યા એમ જણાવ્યું નથી, એ ઉપરથી જણાય છે કે ચૌદશ કે અમાવાસ્યાદિની વૃદ્ધિ હોય તો પણ તેરસ જ બે કરવી. અને એ પ્રમાણે પાંચમ ભાદરવા સુદની વધે ત્યારે ત્રીજ બે કરવી ઉચિત જણાય છે."

આ તદ્દન અસત્ય અને કપોળકલ્પિત લખ્યું છે.

વાંચકોને આથી જણાશે કે સિદ્ધચક્રના લેખક પરસ્પર વદતો વ્યાઘાત જેવું લખી કેટલી ગુલાંટો મારનારા છે.

## (૮) क्षये पूर्वा૦નો નિયમ કલ્યાણકાદિ તિથિ માટે પણ હોવાનો સ્વીકાર

સિદ્ધચક્ર વર્ષ ૪, અંક ૨૪, પૃ. ૫૫૨માં શ્રી સાગરજીએ લખ્યું છે કે—

"૧ અક્ષય તૃતીયાદિ બાર તિથિ( સિવાય)ના પર્વોમાં જો ઉત્તર તિથિએ જ પર્વ થાય એ નિયમ **वृद्धौ कार्या तथोत्तरा** એ વાક્યથી થાય અને તે અક્ષય તૃતીયાદિનો પૂર્વના ક્ષયનો નિયમ મનાય તો પછી બાર તિથિમાં '**क्षये पूर्वा**'વાળો નિયમ લાગુ થાય છે એ કથન **वदतो व्याघातः** જ છે."

આમ છતાં હાલમાં તેઓ બાર તિથિની માફક

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

કલ્યાણકાદિ પર્વો સંબંધી ક્ષયે પૂર્વા૦વાળો નિયમ લાગુ કરતા નથી, અગર કલ્યાણકાદિ પર્વોમાં જેવો લાગુ કરે છે તેવો બાર તિથિમાં લાગુ કરતા નથી, અને ચૈત્ર શુદ પુનમ વિગેરેની ક્ષયવૃદ્ધિએ બારસ વિગેરેની ક્ષયવૃદ્ધિ કરતા કે માનતા નથી, એ તેમના ઉપલા લખાણથી વિરુદ્ધ જ છે.

## (૯) સં. ૧૮૬૯નો નિયમ અશાસ્ત્રિય હોવાનો સ્વીકાર

એ જ અંકના એ જ પૃષ્ઠમાં તેઓએ લખ્યું છે કે—

" ૩. સંવત ૧૮૬૯નો નિયમ તો અશાસ્ત્રિય હોવા સાથે અસંબદ્ધ અને અનિયત છે. "

પાછા એ જ લેખક સિદ્ધચક્ર વર્ષ ૫, અંક ૭, પૃ. ૧૫૬માં લખે છે કે—

" તે બેસણાના લેખથી જ સાબિત થાય છે કે વિદ્વાનો પુનમના ક્ષયે તેરસે ચૌદશ અને ચઉદશે પુનમ કરતા હતા. "

આ ઉલટસુલટ લખાણ કરવાની રીત લેખકનું માયામૃષાવાદીપણું સિદ્ધ કરે છે. જેમ તેર બેસણાનો લેખ અશાસ્ત્રિય હોવા સાથે અસંબદ્ધ અને અનિયત છે તેમ તેઓએ બહાર પાડેલા શાસ્ત્રિય પુરાવા અને મત પત્રકો પણ અશાસ્ત્રિય અસંબદ્ધ જ છે, માટે તે માનીને ચાલવું એ પણ વિરુદ્ધ જ છે.

## (૧૦) છઠ્ઠ, ચોમાસી દિવસને અંગે જ હોવાનો સ્વીકાર

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

સિધ્ધચક્ર વર્ષ ૪, અંક ૧૬, પૃ. ૩૮૪માં તેઓએ લખ્યું છે કે—

"પાક્ષિક દિવસને અંગે ઉપવાસ, ચાતુર્માસિક દિવસને અંગે છઠ્ઠ, અને સંવત્સરીના દિવસને અંગે અઠ્ઠમનું તપ કરવું તે જરૂરી છે."

આમ ચોમાસી દિવસને અંગે જ છઠ્ઠની તપસ્યાનો સ્વીકાર કરીને હવે હાલમાં તેઓ, ચોમાસી ચૌદશની જ હોવા છતાં, સાથે પુનમનો આગ્રહ સેવે છે, તે ખોટો છે. એ જ સિધ્ધચક્રના પાનામાં લખ્યું છે કે—

"પૌષધ એકી સાથે ઉચ્ચરી શકાય નહિ."

છતાં પુનમના ક્ષયે એક જ દિવસે શાસ્ત્રાજ્ઞા અને શુદ્ધ પરંપરા અનુસાર ચૌદશ પુનમનું આરાધન કરનાર સુવિહિત વર્ગને તેઓ જે પ્રશ્ન કરે છે કે 'એક જ દિવસે શું બે પૌષધ કરશો ?' તે અયોગ્ય જ છે, કેમકે પૌષધ વિગેરે નિયમો આગળ પાછળના દિવસે થઈ જ શકે છે.

## (૧૧) ક્ષીણ વૃદ્ધ તિથિમાં ભેગી તથા પહેલી બીજીના કરાતા વ્યવહારનો સ્વીકાર

સિદ્ધચક્ર વર્ષ ૫, અંક ૧, પૃ. ૨૧માં શ્રી સાગરજીએ નીચેનો પ્રશ્નોત્તર લખ્યો છે—

"પ્રશ્ન ૮૪૮–પ્રશ્નશાસ્ત્રમાં પહેલી એકાદશી, અને અપર એકાદશી, તથા પહેલી અમાવાસ્યા અને ઉત્તર અમાવાસ્યા

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

એમ જે કહેવાય છે તે પર્વતિથિની વૃદ્ધિ ન માને તો કેમ કહેવાય ?

"**સમાધાન**—બીજ આદિ પર્વતિથિનો ક્ષય હોય ત્યારે જેમ પડવા આદિને બીજ આદિ તરીકે ગણતાં પડવાનો ક્ષય કરવા છતાં પંચાંગની અપેક્ષાએ કહેવાય છે, તેમ અગિયારસ કે અમાવાસ્યાદિની વૃદ્ધિ નહિ માનવા છતાં **પંચાંગની અપેક્ષાએ જ પૂર્વ અને અપર એવા શબ્દો વાપર્યા છે.**"

આ ઉપરથી સમજાશે કે ઉ. શ્રી ધર્મસાગરજીના શબ્દોનો ઊંધો અર્થ લઈ હાલમાં તેઓ જે 'તેરસને તેરસ કહેવાય જ નહિ, તેરસ ચૌદશ ભેગાં લખાય જ નહિ, પહેલી પુનમ–બીજી પુનમ બોલાય જ નહિ' ઈત્યાદિ વદે છે તે અસત્ય જ છે. વીરશાસન પંચાંગ કાઢનારા ક્ષય વૃદ્ધિએ મૂલ પંચાંગ પ્રમાણે જ ૧૩–૧૪ આદિ ભેગી લખે છે અને ચૌદશ કે પુનમ આદિની વૃદ્ધિએ પહેલી ચૌદશ તથા બીજી ચૌદશ વિગેરે છાપે છે, તથા તેની શાસ્ત્રોક્ત આરાધનાની રીતની સમજ પણ આપે છે, પછી તેની સામે વાંધો ઉઠાવવાનું વાસ્તવિક કારણ કશું રહેતું જ નથી. તેમણે પોતે જ સિદ્ધચક્ર વર્ષ ૫, અંક ૯–૧૦, પૃ. ૨૧૧ માં પણ લખ્યું છે કે–

"લૌકિક હિસાબે ભાદરવા વદિ **એકમ બીજ ભેળાં** હોય અને પછી દરેક બબ્બે માસે ત્રીજ ચોથ ભેળાં, પાંચમ છઠ્ઠ ભેળાં, એમ અનુક્રમે હોય અને શ્રી જૈન શાસ્ત્રના હિસાબે આસો વદિ **એકમ બીજ ભેળાં,** આગળ તેનાથી બબ્બે માસે ત્રીજ ચોથ ભેળાં, પાંચમ છઠ્ઠ ભેળાં થાય અને એમ આગલ પણ લેવું."

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

## (૧૨) ક્ષયે પૂર્વા૦ વાકયનો પૂર્વતિથિ વિગેરેમાં આરાધના અર્થનો સ્વીકાર

સિદ્ધચક્ર વર્ષ ૧, અંક ૨૧ ના વધારા પૃ. ૪ માં નીચેનો પ્રશ્નોત્તર તેઓએ લખ્યો છે—

" **પ્રશ્ન**—ભાદરવા સુદ પાંચમનો ક્ષય માની શકાય ? અને મનાય તો તે તિથિની ક્રિયા અને તપસ્યા કયારે કરવી ?

" **સમાધાન**—કોઇ પણ પર્વતિથિનો ક્ષય ન થાય, એવું નથી, કેમકે જો પર્વતિથિનો ક્ષય જ ન થતો હોત તો " **क्षये पूर्वा तिथिः कार्या** " એટલે પર્વતિથિનો ક્ષય હોય તો પહેલાંની તિથિએ તે પર્વની તિથિ જે (જ) ક્ષયવાળી ગણવી, એવો પૂ. ઉમાસ્વાતિ વાચકજી મહારાજનો પ્રઘોષ શ્રાદ્ધવિધિ વિગેરેમાં હોત નહિ. અર્થાત્ હોય તે પર્વ-તિથિનો ક્ષય થવો એ સંભવિત છે, પણ **તે તિથિને અંગે કરાતો તપ અને ક્રિયા વિગેરે ઉડાડી દેવાય નહિ, પણ તે બધું પહેલાંની તિથિમાં કરવું પડે.**"

અહિં **પર્વની તિથિને ક્ષયવાળી ગણવાનું** તેઓએ લખ્યું છે, તથા સપ્તમી વિભક્તિ નહિ હોવા છતાં તેમણે સપ્તમી વિભક્તિનો જ અર્થ ગ્રહણ કર્યો છે, અને પૂર્વ તિથિ દિવસે ક્ષીણતિથિની આરાધના કરવાનું જણાવ્યું છે, 'ક્ષયને બદલે ક્ષય કે વૃદ્ધિને બદલે વૃદ્ધિ ' કરવી એવો અર્થ કર્યો નથી. હવે શા માટે તેઓ આ વાકયનો 'પર્વતિથિની ક્ષયવૃદ્ધિએ પૂર્વ તથા પૂર્વતર

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

તિથિની ક્ષયવૃદ્ધિ કરવી' એવા શબ્દો કે અર્થ આ વાક્યમાં નહિ હોવા છતાં તેવો અર્થ સ્વમતિકલ્પનાથી ઉપજાવી કાઢીને સમાજમાં ખોટો અને નકામો વિગ્રહ જગાડે છે?

## (૧૩) ચૌદશ પુનમની ભેગી આરાધનાનો સ્વીકાર

સિદ્ધચક્ર વર્ષ ૫, અંક ૨, પૃ. ૪૫ માં તેઓ લખે છે કે—

" ૯. તત્ત્વતરંગિણીમાં પૌષધને અંગે તિથિચર્ચા છે, તેથી બે તિથિઓનો ભોગ એકમાં હોય એમ કહી ઉદય ચૌદશે પુનમની આરાધના વ્યાજબી ગણાતે, છતાં બે ભેળા પૌષધો તો ન હોય."

આમાં તેમણે પુનમના ક્ષયે ઉદય ચૌદશે ચૌદશ પુનમની ભેગી આરાધના વ્યાજબી ઠરાવી છે. પૌષધો બે ભેળા ન થાય, તે માટેનો ખુલાસો તેમના જ શબ્દોમાં આપણે જોઇએ.

## (૧૪) પૌષધ જુદા કરાય તેનો સ્વીકાર

સિદ્ધચક્ર વર્ષ ૪, અંક ૧૬, પૃ. ૩૮૪માં તેમણે લખ્યું છે કે—

"પૌષધ એકી સાથે ઉચ્ચરાય નહિ."

એટલે પૌષધ વિગેરે નિયમો આગલપાછલની તિથિએ જુદા કરી અપાય. એથી સમજાશે કે શાસ્ત્રોક્ત

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

એ પર્વતિથિની સંયુક્ત આરાધના સામે તેમનો હાલનો વિરોધ જૂઠો છે.

## (૧૫) લૌકિક ટીપણાનો સ્વીકાર

સિદ્ધચક્ર વર્ષ ૫, અંક ૭, પૃ. ૧૫૨માં તેમણે નીચેનો પ્રશ્નોત્તર લખ્યો છે–

" પ્રશ્ન ૮૬૯–જૈન ટીપનાને અભાવે લૌકિક ટીપનાને આધારે તિથિઓ અત્યારે મનાય છે કે પ્હેલાં પણ મનાતી હતી ?

"સમાધાન–પ્રાચીન ગ્રન્થોમાં જે એમ લખે છે કે હમણાં જૈન ટીપણું નથી, એ ઉપરથી કેટલાકો એમ કહે છે કે પ્હેલાં જૈન ટીપણું પ્રવર્તતું હતું, પણ મુલસૂત્રોમાં આષાઢ આદિ મહિનાનો અને પડવા આદિ તિથિઓનો વ્યવહાર હોવાથી પ્રથમ પણ વ્યવહાર લૌકિક ટીપનાને અંગે હોવો જોઇએ એમ કહી શકાય."

શ્રી સાગરાનન્દજી આમાં ખુલ્લા શબ્દોમાં ઘણા પ્રાચીન કાળથી લૌકિક ટીપનાને આધારે તિથિઓની માન્યતા કબુલ કરે છે. તો પછી આજે 'જૈન મત પ્રમાણે પર્વતિથિની ક્ષય વૃદ્ધિ મનાય નહિ' એવો ખોટો ભ્રમ ઉત્પન્ન કરી સમાજમાં ખળભળાટ મચાવવો નકામો છે, કેમકે શાસ્ત્રાનુસારીઓ પંચાંગ પ્રમાણે પર્વતિથિની ક્ષય વૃદ્ધિ યથાસ્થિત જણાવીને તેની આરાધનાનો લોપ કે ભેવડી તો કરતા નથી જ.

## (૧૬) ઉદય સમાપ્તિ કે સમાપ્તિ રહિત તિથિ ન મનાય તેનો સ્વીકાર

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

સિદ્ધચક્ર વર્ષ ૫, અંક ૯–૧૦, પૃ. ૨૧૩માં શ્રી સાગરજીએ લખ્યું છે કે—

**"સૂર્યોદયને પામીને સમાપ્ત થાય એ તિથિ**

"...સૂર્યોદયને પામીને સમાપ્ત થતી તિથિ માનવી એ જ શાસ્ત્રાનુસારી છે."

સિદ્ધચક્ર વર્ષ ૪, અંક ૪, પૃ. ૯૫માં પણ તેઓ લખી ગયા છે કે—

"સૂર્યોદયવાળી તિથિ જ પ્રમાણ ગણવી. આ નિયમ તિથિની હાનિ કે વૃદ્ધિને અંગે લાગુ પાડી શકાય જ નહિ, કારણ કે પર્વતિથિનો ક્ષય જ ત્યારે હોય ( કે જ્યારે ) તેમાં સૂર્યોદય હોય જ નહિ, **માટે ક્ષયને સ્થાને સૂર્યોદયવાળી તિથિ લેવી એમ કોઈ પણ બુદ્ધિમાન કહી શકે નહિ,** પર્વના ક્ષયની વખતે તો માત્ર તે પર્વતિથિનો ભોગવટો જ લેવાય, ને તેથી જ **क्षये पूर्वा तिथिः कार्या** એમ કહેવાય છે. વળી પર્વતિથિની વૃદ્ધિ હોય ત્યારે તો તે બંને તિથિઓમાં સૂર્યોદય હોય છે, અને બે સૂર્યોદયને ફરસવાવાળી જ તિથિને વધેલી તિથિ ગણાય છે, તો તેવી વધેલી તિથિમાં સૂર્યોદયવાળી તિથિનો નિયમ રહી શકે નહિ, પણ જેમ દરેક તિથિઓમાં ભોગવટાની ઘડીનો હિસાબ નહિ લેતાં સુર્યોદયનો હિસાબ લઇ **તત્ત્વથી પૂર્ણતા વાળી જ તિથિને આરાધ્ય ગણી** તેવી રીતે વધેલી તિથિમાં પણ પૂર્ણતા વાળી તિથિ બીજી જ હોય માટે સૂર્યોદયના નિયમને ધ્યાનમાં રાખી **બીજી તિથિ જ વૃદ્ધિમાં આરાધ્ય ગણાય તે સ્વાભાવિક જ છે."**

આ સ્વીકાર, આ પ્રકરણમાં જણાવેલા નંબર(૨)ના

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

સ્વીકારને વિશેષ પુષ્ટિકર્ત્તા છે. આમાં આરાધ્ય તિથિનો સમાપ્તિ સહિત સૂર્યોદય અથવા કેવલ સમાપ્તિ હોવી આવશ્યક ઠરાવી છે. હવે એ જ લેખક બે પર્વો સાથે હોય ત્યાં સમાપ્તિને ઉડાવી દે છે, સમાપ્તિ, તથા ઉદય સમાપ્તિ રહિત તિથિનું આરાધન માને છે, અને શાસ્ત્રાધારે ઉદય સમાપ્તિ માનનારાઓની મશ્કરી કરે છે, 'સમાપ્તિ માનવાથી સાયં તિથિ માન્યતા' આદિની આપત્તિઓ આપે છે, ક્ષીણતિથિમાં પોતે જ સૂર્યોદયનો અસ્વીકાર કરે છે અને પાછા કલ્પિત સૂર્યોદયને આવશ્યક ઠરાવે છે તથા તે વિના પચ્ચખાણ આદિ ન થવાની દલીલબાજી ગોઠવે છે, તે તમામમાં તેમની કપોળકલ્પના અને કદાગ્રહ સિવાય શાસ્ત્રાધાર કાંઇ જ નથી.

## (૧૭) શાસ્ત્રાર્થ સન્યસ્ત સ્વીકાર

સિદ્ધચક્ર વર્ષ ૪, અંક ૨૪, પૃ. ૫૬૦માં તેમણે લખ્યું છે કે–

"૩ કોઈક મહાનુભાવો ક્ષયે પૂર્વા૦ના વચન ઉપર મુખ્યતા રાખે અને કોઇક મહાનુભાવ કલ્પસૂત્રમાં જેમ ભગવાને પજુસણ કર્યાં તેમ ગણધરે, જેમ ગણધરે તેમ તેમના શિષ્યોએ, જેમ તેમના શિષ્યોએ તેમ સ્થવીરોએ, જેમ સ્થવિરોએ તેમ વર્તમાનમાં સાધુ સમુદાયે, જેમ સાધુ સમુદાયે તેમ હમારા આચાર્ય ઉપાધ્યાયે, અને જેમ હમારા આચાર્યોપાધ્યાયે પજુસણ કર્યાં તેમ હમે કરીએ છીએ એમ જ કહેવાય છે, તેને મુખ્યતા આપી હોય તેમાં આરાધક વિરાધકપણાની છાપ મારવાનું કાર્ય જ્ઞાનીઓનું છે.

P. P. Ac. Gunratnasuri M.S.  Jin Gun Aaradhak Trust

વર્તમાનમાં લૌકિક ટીપનાં કે જે શાસનને મળતું નથી તેને આધારે ખળભળાટ નકામો છે.”

આ શબ્દોમાં સાગરાનન્દજી ઘણી નમ્ર વાણીથી પોતાના શાસ્ત્રાર્થ શોખને તિલાંજલી આપે છે, **પોતે અને પોતાની સાથે આ. વિજયનેમિસૂરિજી આદિએ જ પાંચમની સંવચ્છરી કરી હોવાનું સ્વીકારે છે,** તેથી પાંચમની સંવત્સરી કરનારા ગચ્છાંતરોને પણ વિરાધકપણાની છાપ, જે પોતે પણ આપતા હતા, તે આપવાનું જ્ઞાનીને ભળાવ્યું છે. લૌકિક ટીપણાંના આધારે ચાલવાનું હોઈ ખળભળાટ કરવો નકામો જણાવે છે, છતાં એ દુઃખદ અને આશ્ચર્યકર છે કે તેઓ પોતે શાસ્ત્રાધારે ચાલનારાઓને ‘પરંપરાલોપક–પર્વલોપક–નવિનપંથી–ભેળસેળપંથી–ઉત્સૂત્રભાષી–અજ્ઞાની–-વિરાધક’–ઈત્યાદિ અશ્લીલ શબ્દકોષથી નવાજે છે, કોઈની સાથે શાસ્ત્રાર્થ કર્યો નહિ હોવા છતાં પોતાનો જય અને સામાનો પરાજય છપાવે છે, ચાતુર્માસ માટે સ્થાન પણ નહિ આપવાનો ખળભળાટ મચાવી ભદ્રિક જૈન જનતાને ઉશ્કેરે છે, તેમ જ શુદ્ધ ઉદય તિથિ ચોથે સંવચ્છરી કરનાર શાસ્ત્રપરંપરાનુસારીઓને પાંચમ કરનાર તરીકે વગોવે છે !!!

શાણી સમાજ આ બધું શાંત બુદ્ધિથી વાંચે, વિચારે, અને સમજે, એમ અમે અંતઃકરણથી ઇચ્છીએ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

છીએ. શ્રી સાગરજીની આવી ઉલટસુલટ વાતોના સેંકડો દાખલા તેમના પોતાના જ શબ્દોમાં ટાંકી શકાય તેમ છે. સ્થાલીપુલાક ન્યાય અનુસાર આ પ્રકરણમાં તેનો એક દાણો બતાવ્યો છે, પણ વિચારકો એ ઉપરથી શ્રી સાગરાનન્દજીની ' એક વખત લખીને બીજી વખત ગુલાંટ મારવાની અને ત્રીજી વખત સામાના ગળે ઊંધા પગ ભેરવવાની ' પ્રામાણિકતાની લાઇન બહારની પધ્ધતિ સારી રીતે સમજી જશે. પ્રિય વાંચકો ! હવે તમોને ત્રીજા પ્રકરણમાં લઈ જઇશું. તેમાં તમોને તેઓએ થોડા વખત અગાઉ પ્રગટ કરેલા શાસ્ત્રિય પુરાવાઓની પોલ પકડાશે.

P. P. Ac. Gunratnasuri M.S.　　Jin Gun Aaradhak Trust

## પ્રકરણ ત્રીજું

# "શાસ્ત્રિય પુરાવા" પોલ દર્શન

**સંપાદક કે કર્ત્તાના નામ વિનાની ચોપડી—**

સંવત ૧૯૮૯ માં આ. શ્રી આનંદસાગરજીએ ભાદરવા શુદ ત્રીજે સંવત્સરી કરી હતી. તે સાલ જોધપુરી ચંડાંશુ ચંડુ પંચાંગમાં ભાદરવા સુદ ૪ નો ક્ષય ન હતો, કિન્તુ ભાદરવા સુદ ૫ નો ક્ષય હતો. છતાં તેમણે ચોથ છોડી દઈને ત્રીજને દિવસે સંવત્સરી કરી સમાજમાં ઘણો ઉહાપોહ ઉત્પન્ન કર્યો હતો. ત્રીજ કરવાનો જ્યારે તેમને કોઈએ ખુલાસો પૂછયો, ત્યારે તેમણે પોતાના ટેકામાં પરંપરા જણાવી ન હતી, કારણકે **પાંચમના ક્ષયે ત્રીજનો ક્ષય કરી ચોથ ફેરવવાની પરંપરા હતી જ નહિ.** તેમણે જણાવ્યો હતો શ્રી તત્ત્વતરંગિણી ગ્રન્થનો આધાર. પાઠ આપવાની તેઓશ્રીએ તસ્દી લીધી ન હતી. જ્યારે તે પૂછવામાં આવ્યો ત્યારે તેમણે "**चतुर्थ्याः क्षये पञ्चमीस्वीकारप्रसङ्गेन त्वं व्याकुलो भविष्यसि**"— **અર્થ**–'ચોથના ક્ષયે પંચમીના સ્વીકાર પ્રસંગથી તું

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

વ્યાકુલ શઈશ,' આ પાઠ આપ્યો. આમાં પાંચમનાં ક્ષયે ત્રીજનો ક્ષય કરવાની કે ક્ષયને બદલે ક્ષય કરવાની તો વાત સરખીયે નથી, તે તેમણે પોતે સિદ્ધચક્ર વર્ષ ૪, અંક ૨૩, પૃ. ૫૩૨માં કબૂલ કર્યું છે. જુઓ તેમનાં શબ્દો–

"૭. તત્ત્વતરંગિણીમાં પર્યુષણાની ચોથના ક્ષયે તારે પંચમીએ સંવચ્છરી કરવી પડશે, એમ ખરતરોને ચઉદશના ક્ષયે પુનમે પખ્ખિ કરવાથી પ્રસંગ આપ્યો છે."

છતાં સં. ૧૯૯૩ ના શ્રાવણ મહિના સુધી આ ને આ પાઠ ઉપર તેમણે ગોળા-ગબડાવ્યા કર્યા. સં. ૧૯૯૩ શ્રાવણ માસમાં તેઓને કલ્પિત પરંપરાના પોષક નવા પુરાવા એકાએક જડી આવ્યા! તેમનું અને શ્રી નેમિસૂરિજીનું ચાતુર્માસ જામનગર ભેગું હતું. જામનગરમાં તેમણે "શાસ્ત્રિય પુરાવા" નામની ચોપડી છપાવી. પ્રકાશક તરીકે રતલામની રૂષભદેવ કેશરીમલજીની પેઢીનું નામ આપ્યું. રવાના કરી બધે પહોંચાડનાર તરીકે શેઠ પોપટલાલ ધારશીનું નામ હતું. એ ચોપડીમાં શ્રી તત્ત્વતરંગિણી આદિના કેટલાક પાઠોના અર્થો પણ આપવામાં આવ્યા હતા. એ ચોપડીમાં દાખલ કરવામાં આવેલા પુરાવાનાં પાનાં છપાવનાર સાગરજી, અર્થો કરનાર સાગરજી, છતાં આશ્ચર્ય એ હતું કે જેમ એ પાનાનાં કર્ત્તાનું નામ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

નહિ તેમ તેના સંપાદક તરીકે કિંવા સંશોધક તરીકે કિંવા સંગ્રાહક તરીકે તથા અર્થ કરનાર તરીકે શ્રીમાનનું નામ પણ કયાંય આપવામાં આવ્યું નથી. આનું કારણ વિચારતાં જણાય છે કે એ ચોપડીનો વિષય પ્રમાણિક ન હતો તેમ તેમનું અંતઃકરણ તો સાક્ષી પૂરતું હતું, પરંતુ પોતાના પક્ષરાગથી તેઓને એવું લખવું, બોલવું, અને છપાવવું પડતું હતું એટલે નામ આપવામાં મઝા જોયેલી ન હોય તે બનવાજોગ છે. ખેર, એ કહેવાતા શાસ્ત્રિય પુરાવાઓને આપણે ચકાસીએ—

**અપ્રમાણિક ગાથાઓનો સંગ્રહ—**

એ પુરાવાઓની ચોપડીના મુખપૃષ્ઠ પાછળ બીજા પાને જ સૌથી પહેલું લખવામાં આવ્યું છે કે—

" આગલ ઉપર જણાવેલ પ્રતોમાં તિથિ બાબતમાં એક સરખા પાઠો લગભગ છે."

આ પાઠો જો અપ્રમાણિક ઠરે તો સોળમી, અઢારમી અને ઓગણીસમી સદીનાં એ કહેવાતાં પાનાં પણ અપ્રમાણિક ઠરે એમાં કાંઈ શંકા જ નથી.

સદર પાઠો તે નં. ૧–૨–૩–૫–૭–૮ની જણાવેલી પ્રતોમાં મુખ્ય કરીને નીચેની ગાથાઓ છે—

**"आसाढकत्तियफग्गुणमासे [ जइ ] खओ पुन्निमा होइ।**
**तासं खओ तेरसीए भणिओ जिणवरिंदेहिं ॥ १ ॥**

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

बीया पंचमी अट्ठमी पक्कारसी य चाउद्दसी य ।
तासं खओ पुव्वतिही अमावासाए वि तेरसी ॥ २ ॥

जइ पव्वतिहीखओ तह कायव्वो पुव्वतिहीए ।
पवमागमवयणं कहियं तिलुक्कनाहेहिं ॥ ३ ॥

चउमासी य वरिसे वुड्ढी भवे जा (सा) पुव्वतिहीए ।
ठावआणं पुव्वदिणे मिलिया दोऽवि तत्थ दिणे ॥४॥

( शा. पु. पृ० १ )

पक्खस्स अद्धं अट्ठमी मासस्सद्धं तु पक्खिअं होइ ।
सोलसदिणे न पक्खिअं नणु कायव्वं तु कइयावि ॥५॥

पक्खिअपडिक्कमणाओ सट्ठियपहरम्मि अट्ठमी होइ ।
तत्थेव पच्चक्खाणं करेंति जिण(चंद)वयणाओ ॥ ६ ॥

जहिआओ अट्ठमी लग्गाओ हुंति पक्खसंधीसु ।
सट्ठी पहरम्मि निच्चं करेति पक्खियपडिक्कणं ॥७॥

पन्नरम्मि य दिवसे कायव्वं पक्खियं तु नियमेण ।
चउद्दसीसहियं कइयावि न हु तेरस सोलसे दिवसे ॥८॥

अट्ठमीतिहीइ सहियं कायव्वा अट्ठमी उ पायेणं ।
अहवा सत्तमि नेयं नवमे छट्ठे न कइयावि ॥ ९ ॥

आसाढबहुल पक्खे भद्दवए कत्तिए य पोसे य ।
फग्गुण वइसाहेसु य नायव्वा ओमरत्ताओ ॥ १० ॥

( शा. पु. पृ. २-३ )

अत्थि[य] तम्मि गन्थो तव्वसेण सा उण जायई ।
एवं पुव्वसूरिहिं भणिअं एत्थ न संदेहो ॥ ११ ॥

P. P. Ac. Gunratnasuri M.S.      Jin Gun Aaradhak Trust

पक्खंते तह मासंते जा भवे पुन्निमा वुड्ढी ।
तो तेरसीए भणिओ करिज्ज जिण[चंद]आणाए ॥१२॥
( शा. पु. पृ. ४ )

असढेण गीयत्थेण जं मासियं तं तहा कायव्वं ।
चाउमासिय वरिसे तह कल्लाणगाई तिहीसु ॥ १३ ॥

पुव्वांए तिहिआए ठविऊण जहक्कमेणं ।
पच्छा आराहणीया सुरुदयवेलसंपत्ते ॥ १४ ॥

जहिआओ अट्ठमी लग्गा तिहीआओ पक्खसंधीहु ।
संधिपुरम्मि य नेया करंति हि पक्खिपडिक्कमणं ॥ १५ ॥

उक्किट्ठा मज्झिमा जहण्णा पव्वतिहो तिहट्ठा भणिया ।
वरिस चउमासीय अण्णमासपडिबद्धा मानीयव्वा॥१६॥"
( शा. पु. पृ. १० )

આ ગાથાઓનો અર્થ શ્રી સાગરાનન્દજીએ આપવાની તસ્દી લીધી નથી, કેમકે તે એટલો બધો ઉટપટાંગ છે કે શ્રી સાગરજી જેવાને પણ તે માટે મૌન સેવવું પડયું. છતાં, આ. શ્રી નીતિસૂરિજી તરફથી હાલમાં આવી જ ગાથાઓના સંગ્રહવાળું પાનું લહીયાઓ પાસે લખાવીને વિદ્યમાન આચાર્યો ઉપર મોકલવામાં આવ્યું છે. તેમના શિષ્ય પં. શ્રી સંપતવિજયજીએ તે પાનું જાહેર પત્રોમાં છપાવ્યું છે અને ઉપરોક્ત આવેલી ગાથાઓનો નીચે પ્રમાણે અર્થ કરવાની તેમણે ચેષ્ટા કરી છે.—

" ભાવાર્થ—જો પર્વતિથિનો ક્ષય હોય તો તેની

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

અગાઉની–પૂર્વની તિથિનો ક્ષય કરવો એવું તીર્થંકર ભગવંતોએ ઉપદિસ્યું છે (૩). ચોમાસી અને સંવત્સરી તરીકેની પર્વતિથિની વૃદ્ધિ થાય તો પ્રથમની તિથિ પૂર્વની તિથિમાં સ્થાપન કરીને એટલે તેને બે કરીને બીજે દિવસે પર્વ કરવું. **તેમાં બન્ને તિથિ મળી ગયેલ સમજવી (૪). ક્રમાનુસાર પૂર્વતિથિને રહેવા દઈને સૂર્યોદય સમયે જે તિથિનો અવશેષ રહેતો હોય તે તિથિની આરાધના કરવી જોઈએ** (૧૪). આસાડ, કાર્તિક, અને ફાગણ પૂર્ણિમાનો જો ક્ષય હોય તો તેરસનો ક્ષય કરવાનું તીર્થંકરોએ ફરમાન કર્યું છે (૧). જો બીજ, પાંચમ, આઠમ, અગ્યારશ અને ચૌદશ એ પાંચ તિથિનો ક્ષય હોય તો તેની પૂર્વની તિથિનો ક્ષય કરવો તેમજ જો અમાવાસ્યાનો ક્ષય હોય તો પણ તેરસનો જ ક્ષય કરવો (૨). પખવાડીયાના અર્ધભાગે આઠમ ગણવી અને મહીનાના અડધા ભાગે પાખી ગણવી જોઇએ, પણ પખવાડીઆના સોળમે દિવસે કદી પાખી કરાતી નથી અને કરવી નહિ (૫). ઘણું કરીને પંદરમા દિવસે પાખી કરવી જોઇએ; તેરમે યા સોળમે દિવસે **ચતુર્દશીનું આરાધન થઈ શકતું નથી** (૮). **તેવી જ રીતે આઠમ, આઠમા અથવા તો સાતમા દિવસે કરવી, પરન્તુ છઠ્ઠે અગર તો નવમા દિવસે કરવી નહિ** (૯). પાક્ષિક પ્રતિક્રમણથી સાડાસાત દિવસ (સાઠ પહોરે) વ્યતીત થયે આઠમ આવે. પર્વને દિવસે તેવી જ રીતે પચ્ચખાણ કરાય છે, એવું જિનવચન છે (૬). **પખવાડીઆની બરાબર સંધીમાં (મધ્ય ભાગે) જેમ આઠમની તિથિ આવે છે તેમજ મહિનાના મધ્યમાં પાક્ષિક પ્રતિક્રમણ કરવું જોઇએ** (૧૫). પખવાડીયાના અંતે અગર મહિનાને અંતે જો

P. P. Ac. Gunratnasuri M.S.  Jin Gun Aaradhak Trust

પુનમ ( અમાવાસ્યા )ની વૃદ્ધિ થાય તો તેરસને દિવસે વૃદ્ધિ ગણવી જોઈએ એવું આપ્તવચન છે (૧૨). તે દિવસે તે દિવસનો ગંધ–અંશ રહેલો હોવાથી સાધુ પુરુષો તેનો સ્વીકાર કરે છે, આ પ્રમાણે પૂર્વપૂરૂષોએ ફરમાન કરેલું હોવાથી તેમાં લેશમાત્ર શંકાને સ્થાન નથી (૧૧). સંવત્સરી, ચોમાસી, અને **તિથિઓને માસિક** ઉત્કૃષ્ટ, મધ્યમ અને જઘન્ય એમ ત્રણ પ્રકારની જણાવેલી છે" (૧૬). ( જુઓ, **જૈન ધર્મ પ્રકાશ,** સં. ૧૯૯૬ ચૈત્રમાસ પૃ. ૨૨–૨૩ અંક ૧લો. )

આ ભાવાર્થમાં મોટા ટાઈપમાં લીધેલો ભાવાર્થ મેળ વિનાનો, ખોટો અને ઉમેરેલો છે, તથા બીજો પણ પરસ્પર સરખાવતાં ઘણો વિરોધવાળો છે. તેના ઉપર અમે સમાલોચના કરીએ તેના કરતાં શ્રી "વીર-શાસન" સાપ્તાહિક પત્રના વિદ્વાન તંત્રીશ્રીએ જે મહ-ત્વનું અજવાળું પાડયું છે તે જ અત્રે અક્ષરશઃ રજૂ કરવું વધારે ઇષ્ટ છે. સં. ૧૯૯૬, જેઠ વદ ૨, શુક્રવારના, નવા વર્ષ ૧૮ના "વીરશાસન" અંક ૩૭માં તંત્રી-સ્થાનેથી **"પૂજ્યપાદ આણંદવિમલસૂરીશ્વરજી મહારાજાની આજ્ઞા તરીકે આચાર્ય શ્રી વિજય-નીતિસૂરિજી દ્વારા પર્વતિથિની હાનિવૃદ્ધિની વ્યવસ્થાને અંગે પ્રચારાએલા પાનાની ટૂંકી પણ મનનીય સમીક્ષા"** આ હેડીંગ નીચે નીચેનો લેખ પ્રસિદ્ધ થયો છેઃ—

## "શાસ્ત્રિય પુરાવાઓ" ની અપ્રમાણિકતા પૂરવાર કરતી સમીક્ષા—

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

" આચાર્ય શ્રી વિજયનીતિસૂરિજી તરફથી, થોડાક મહિનાઓ થયાં, એક પાનાનો પ્રચાર કરવામાં આવે છે. એ પાનાની નકલો લહીયા પાસે કરાવીને, તેમણે અનેક સ્થળોએ મોકલી આપી છે. આ ઉપરાંત તેમના સમુદાયના પંન્યાસ શ્રી સંપતવિજયજીએ એ પાનું તેના અનુવાદ સાથે ' જૈન ' અને જૈન ધર્મ પ્રકાશ '. બન્નેમાં છપાવી, પોતે પર્વતિથિની હાનિ વૃદ્ધિને અંગે વર્તમાનમાં જે રીતિએ વર્તે છે તે શાસ્ત્રાનુસાર છે, એમ દર્શાવવાની કોશીશ કરી છે. એટલું જ નહિ, પણ એ પાનાના આધારે એ જ સમુદાયના પંન્યાસ શ્રી કલ્યાણવિજયજીએ તા. ૨૪-૩-૪૦ના "જૈન" પત્રમાં એક લેખ લખીને, કદાગ્રહને તજવાનો અને બીજો પણ કેટલોક ઉપદેશ (!) આપ્યો છે.

ખરેખર, આચાર્યશ્રી વિજયનીતિસૂરિજી તરફથી પ્રચારવામાં આવેલું આ પાનું, અનેક અજ્ઞાન અને ભદ્રિક જીવોને ઉન્માર્ગે દોરનારૂં છે. આ પાનું, શ્રી જૈનશાસનની આજ્ઞાઓને અનુસરતું પૂરવાર થઇ જાય, તો એ નિઃસંદેહ બીના છે કે-પૂર્ણિમા કે અમાવાસ્યાની હાનિ-વૃદ્ધિએ તેરસની અને ભા. શુ. ૫ ની હાનિવૃદ્ધિએ ત્રીજની હાનિવૃદ્ધિ કરનારા વ્યાજબી ઠરે, **પણ આ પાનું શ્રી જૈન શાસનની આજ્ઞાઓને અનુસરતું નથી, અને શ્રી તપાગચ્છની સામાચારીથી વિરૂદ્ધ પ્રરૂપણ કરનારૂં છે,** એમ સુજ્ઞ વાંચકો સમજી શકે એટલા જ માટે આ પાનાની ટૂંકી સમીક્ષા કરવાનું સમુચિત ધાર્યું છે.

આ પાનામાં-" તપગચ્છના સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકા-એ રૂપ ચતુર્વિધ સંઘે મળીને પૂછ્યું ત્યારે તેમણે (પૂ. શ્રી આણંદવિમલસૂરીશ્વરજી મહારાજાએ) વૃદ્ધ સમા-

P. P. Ac. Gunratnasuri M.S.  Jin Gun Aaradhak Trust

ચારીમાંથી પાઠ કાઢ્યો, જે પાઠ આ પ્રમાણે છે "—એમ લખીને દશ ગાથાએ આપવામાં આવી છે. આ ગાથાએ વિષે જ પહેલો વિચાર કરીએ. આ ગાથાએ શ્રી તપાગચ્છની તિથિ વિષયક માન્યતાને અનુકૂળ છે કે પ્રતિકૂળ એ વિચારવાની જરૂર છે. આ દશ ગાથાએ પૈકીની પાંચ ગાથાએ "શ્રી રત્નસંચય પ્રકરણ" નામના ગ્રન્થમાં આવે છે. પાનામાંની છઠ્ઠી ગાથા (એટલે આ પ્રકરણમાં પાછળ જણાવેલી પાંચમી ગાથા) ૨૮૬મી ગાથા તરીકે, સાતમી ગાથા (એટલે અહિં આઠમી ગાથા) ૨૮૪મી તરીકે, આઠમી ગાથા (એટલે અહિં નવમી ગાથા) ૨૮૫મી ગાથા તરીકે, નવમી ગાથા (એટલે અહિં છઠ્ઠી) ૨૮૭મી ગાથા તરીકે, અને દશમી ગાથા (અહિં ૧૫મી) ૨૮૮મી ગાથા તરીકે 'શ્રી રત્નસંચય પ્રકરણ' નામના ગ્રંથમાં આપેલ છે. આ શ્રી રત્ન સંચય પ્રકરણ ગ્રન્થ અંચલગચ્છાધિપતિ શ્રી હર્ષનિધાનસૂરિજીએ સંગ્રહીત કરેલ છે. આ ગ્રન્થને ભાષાંતર અને વિશેષાર્થયુક્ત તૈયાર કરનાર તરીકે—" શાસ્ત્રી જેઠાલાલ હરિભાઇ તથા શ્રાવક કુંવરજી આણંદજી " એમ જણાવેલ છે. " શા. કુંવરજી આણંદજી. શ્રી જૈન ધર્મ પ્રસારક સભાના પ્રમુખ ભાવનગર. " એવી સહી સાથે આ ગ્રન્થની પ્રસ્તાવના છપાઈ છે. અને તેમાં લખવામાં આવ્યું છે કે:—

**" ૨૮૦ થી ૨૮૮ સુધીની ૯ ગાથાએ વિધિપક્ષની માન્યતાની છે તથા તે શિવાય બીજે કેટલેક સ્થળે કાંઈક વિચારભેદ જણાયો છે. "**

આ ઉપરાન્ત, શ્રી રત્નસંચય પ્રકરણ નામના એ ગ્રન્થની અંદર પણ જૂદે જૂદે સ્થળે ( ) કૌંસ મૂકીને જણાવવામાં આવ્યું છે કે—

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

"(૧) ૨૮૦ થી ૨૮૮ સુધીની નવ ગાથાઓ અંચલ ગચ્છની માન્યતાની છે."

"(૨) અહિં સુધીની ૯ ગાથાઓ અન્ય ગચ્છી માન્યતાની છે."

આચાર્ય શ્રી વિજયનીતિસૂરિજી દ્વારા પ્રચારાતા પાનામાં, વૃદ્ધ સામાચારીમાંથી ઉધ્ધૃત તરીકે અપાએલી દશ ગાથાઓ પૈકી પાંચ ગાથાઓ તો સ્પષ્ટપણે જ અચલ ગચ્છની માન્યતાની છે, એમ આ ઉપરથી વાંચકો બરાબર સમજી શક્યા હશે.

આચાર્ય શ્રી વિજયનીતિસૂરિજીએ અને તેમના બન્ને પંન્યાસોએ પણ જો આ ગાથાઓના અર્થોનો વિચાર કર્યો હોત, તો પણ તેઓ સમજી શક્યા હોત કે-પોતે જે ગાથાઓનો પૂ. શ્રી આણંદવિમળસૂરીશ્વરજી મહારાજાના નમે પ્રચાર કરી રહ્યા છે તે ગાથાઓ શ્રી તપાગચ્છની માન્યતાનો વિરોધ કરનારી છે, અને અંચલ ગચ્છીય માન્યતાને પુષ્ટ કરનારી છે, પણ ઘણી વાર એવું બને છે કે-માણસ જ્યારે કોઇ પણ વસ્તુના ખોટા આગ્રહમાં ફસાઇ જાય છે ત્યારે તે પોતાની ખોટી પણ માન્યતાનું સમર્થન કરવાની ધૂનમાં, પોતે પોતાની માન્યતાથી વિરુદ્ધનાં પ્રમાણોને પણ પોતાનાં માનવા-મનાવવાની ભૂલ કરી રહ્યો છે, એ વાતને વિસરી જાય છે.

હવે આપણે અર્થોની દૃષ્ટિએ પણ એ ગાથાઓ તપાસીએ—

આચાર્ય શ્રી વિજયનીતિસૂરિજીદ્વારા પ્રચારાતા આ પાનાની છઠ્ઠી ગાથા નીચે મુજબની છે.—

**"पक्खस्स अद्धा अट्ठमी मासं अद्धाओ पक्खिअं होइ।**
**सोलसमे दिवसे न पक्खियं न कया हुंति कया वि" ।।६।।—(५)**

P. P. Ac. Gunratnasuri M.S.		Jin Gun Aaradhak Trust

શ્રી રત્નસંચય પ્રકરણની ૨૮૬મી ગાથા નીચે મુજબની છેઃ—

**"पक्खस्स अद्ध अट्ठमी, मासद्धाए पक्खियं होइ।**
**सोलमि दिवसे पक्खी, कायव्वा न हु कइया वि ॥२८६॥"**

પાનાની છઠ્ઠી ગાથાનો પંન્યાસ શ્રી સંપતવિજયજીએ નીચે મુજબનો અર્થ લખ્યો છે—

" પખવાડીઆના અર્ધા ભાગે આઠમ ગણવી અને મહિનાના અડધા ભાગે પાખી ગણવી જોઈએ, પણ પખવાડીયાના સોળમે દિવસે કદી પણ પાખી કરાઈ નથી અને કરવી નહિ." જ્યારે શ્રી રત્નસંચય પ્રકરણમાં ૨૮૬ મી ગાથાનો અર્થ નીચે મુજબ આપ્યો છે—

" પક્ષ(પખવાડીયા)ને અર્ધે આઠમ કરવી અને માસને અર્ધે પાખી કરવી. પરન્તુ સોળમે દિવસે કદાપિ પાખી કરવી નહિ."

હવે વિચાર કરો કે—પખવાડીયાના અર્ધભાગે આઠમ આવે છે, મહિનાના અર્ધભાગે પાખી આવે છે? નહિં જ. પૂર્ણિમાએ પાખી માનીએ તો જ મહિનાના અર્ધભાગે પાખી આવે અને અંચલગચ્છ તેમ માને છે, પણ શ્રી તપાગચ્છ તો ચૌદશની જ પાખી માને છે, એટલે એ રીતિએ પણ આ ગાથા શ્રી તપાગચ્છની માન્યતાનો વિરોધ કરનારી પૂરવાર થાય છે. હજુ આગળ—

આચાર્ય શ્રી વિજયનીતિસૂરિજીદ્વારા પ્રચારાએલા પાનાની ૭ મી ગાથા નીચે મુજબની છેઃ—

**"पनरसमे दिवसे कायव्वा पक्खियं तु पायेणं।**
**चउदसीसहियं कयावि, न हुंति तेरसे सोलसमे दिवसे॥७॥"(८)**

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

"આનો પંન્યાસ શ્રી સંપતવિજયજીએ નીચે મુજબ અર્થ લખ્યો છે—

"ઘણું કરીને પંદરમા દિવસે પાખી કરવી જોઇએ. તેરમે યા સોળમે દિવસે ચતુર્દશીનું આરાધન થઇ શકતું નથી." આ અર્થમાં 'चउद्दसीसहियं' તરફ ધ્યાન આપવામાં આવ્યું હોય એમ જણાતું નથી. શ્રી રત્નસંચય પ્રકરણની ૨૮૪ મી ગાથાથી આ વાત સમજી શકાશે. તે નીચે મુજબની છે—

" पण्णरसम्मि य दिवसे,
कायव्वा पक्खियं तु पायण।
चउद्दसिसहियं कइया वि,
न हु तेरसि सोलमे दिवसे ॥ २८४॥"

આ ગાથાનો તેમાં નીચે મુજબ અર્થ આપવામાં આવ્યો છે—

" પ્રાયે કરીને પંદરમે દિવસે પાખી કરવાની છે, કોઈક-વાર ચૌદશ સહિત પાખી કરવી, પણ તેરસ સહિત ન કરવી તેમજ સોળમે દિવસે (એટલે પડવા સહિત) ન કરવી."

હવે વાંચકો વિચાર કરે કે—આ ગાથામાં 'કોઇક વાર ચૌદશ સહિત પાખી કરવી' એમ જે સ્પષ્ટ શબ્દો દ્વારા જણાવવામાં આવ્યું છે તે શું સૂચવે છે? ચૌદશે પાખીની માન્યતાવાળા આવું લખે ખરા? નહિ જ. પુનમે પાખી માન-નારા જ આવું લખી શકે, કારણ કે સામાન્ય સંયોગોમાં તેઓ પુનમે અગર અમાસે પાખી કરતા હોય છે. અને તેના ક્ષય જેવા ખાસ પ્રસંગે એટલે કોઇક વાર તેઓ ચૌદશ સહિતના દિવસે પાખી કરે છે. પુનમનો ક્ષય હોય ત્યારે તેઓ પુનમને ચૌદશ સહિત માને તે સ્વાભાવિક છે. આપણે તો ચૌદશનો ક્ષય હોય ત્યારે તેરસ ઔદયિકિને દિને, ચૌદશનો

P. P. Ac. Gunratnasuri M.S.   Jin Gun Aaradhak Trust

ભોગવટો સમાપ્તિપૂર્વકનો હોઇને, તે તેરશે ચૌદશની આરાધના કરવાની હોય છે; એટલે સામાન્ય રીતિએ ચૌદશે જ અને જ્યારે ઔદયિકી ચૌદશ ન મળતી હોય તેવા પ્રસંગે તેરસ સહિતની ચૌદશે ચતુર્દશીની આરાધના કરવાની હોય છે. ઉપરની ગાથામાં તો કોઇક વાર ચતુર્દશી સહિત પખ્ખી કરવાનું જણાવીને તેરસ સહિત પખ્ખી કરવાનો સ્પષ્ટ નિષેધ કરવામાં આવ્યો છે, જે શ્રી તપાગચ્છની માન્યતાથી સર્વથા પ્રતિકૂલ જ છે. આથી પણ આ ગાથા શ્રી તપાગચ્છની માન્યતાથી વિરુદ્ધ હોવાનું પૂરવાર થાય છે. હજુ આગળ—

આચાર્ય શ્રી વિજયનીતિસૂરીશ્વરજીદ્વારા પ્રચારવામાં આવેલા પાનામાં ૮મી ગાથા નીચે મુજબની છે—

" अट्ठमो तिही सहियं कायव्वा अट्ठमी तु पाएणं।
अहवा सत्तमीमेयं नवमे, छट्ठे न कयावि ॥८॥" (९)

આ ગાથાનો અર્થ કરતાં પણ ' सहियं 'નું ધ્યાન રખાયું લાગતું નથી. પણ મૂલ તો ગાથા જ અશુદ્ધ જણાય છે. શ્રી રત્નસંચય પ્રકરણમાં આ ગાથા નીચે મુજબની છેઃ—

"अट्ठमी तिहीए सयलं कायव्वा अट्ठमो य पावण ।
अहवा सत्तमीअमियं नवमे छट्टे न कइया वि ॥२८५॥"

ગાથાની અશુદ્ધિથી દોરવાઇને પંન્યાસ શ્રી સંપતવિજયજીએ આ ગાથાનો અર્થ એવો કર્યો છે કેઃ—

" તેવી જ રીતે આઠમ આઠમા અથવા તો સાતમા દિવસે કરવી જોઇએ, પરંતુ છઠ્ઠે અગર તો નવમા દિવસે થઇ શકે નહિ.. "

આ અર્થ લખતી વખતે પણ આચાર્ય શ્રી વિજયનીતિસૂરિજી અને તેમના બે પંન્યાસો ભૂલી ગયા છે કે

સામાન્ય રીતિએ પખ્ખીથી નવમા દિવસે જ આપણે તો આઠમ આવે. કારણ કે ચૌદશે પખ્ખી, પુનમ કે અમાસનો એક દા'ડો, અને સાતમ સુધીના સાત દા'ડા, મળી આઠ દા'ડા, એટલે પાખીથી નવમે દિવસે આઠમ આવી. માસ કે પક્ષની અપેક્ષાએ હોય તો ય એકમથી આઠમ સુધીની કોઈ તિથિની વૃદ્ધિ હોય અને હાનિ ન હોય તો નવમા દિવસે આઠમ આવે. જેમ આ ચાલુ વર્ષે મા. શુ. ૮ પખ્ખીની અપેક્ષાએ દશમા દિવસે હતી અને માસારંભની અપેક્ષાએ નવમા દિવસે હતી. પોષ શુ. ૮ માટે પણ એમ જ હતું. પખ્ખીથી નવમા દિવસે આઠમના પણ કા. શુ. ૮, કા. વ. ૮ આદિ અનેક દાખલા છે. આમ 'નવમા દિવસે આઠમ થઇ શકે નહિં'–એ વાત નથી તો પખ્ખીની અપેક્ષાએ પૂરવાર થઇ શકે એમ કે નથી તો માસારંભ કે પક્ષારંભની અપેક્ષાએ પૂરવાર થઇ શકે એમ. આ રીતિએ જોતાં, આચાર્ય શ્રી વિજયનીતિસૂરિજીના બંને પંન્યાસોએ કરેલ અશુદ્ધ અર્થ કબૂલ રાખીએ તોપણ આ ગાથા શ્રી તપાગચ્છની માન્યતાથી વિરુદ્ધ જ પૂરવાર થાય છે.

હવે આપણે આ ગાથાનો શ્રી રત્નસંચય પ્રકરણમાં આપેલો અર્થ વિચારીએ. તે ચોપડીમાં એવો અર્થ આપવામાં આવ્યો છે કે—

"પ્રાયે કરીને સઘળી આઠમની તિથિ હોય એવી આઠમ કરવી અથવા સપ્તમી સહિત આઠમ હોય તે કરવી, પરંતુ નવમી કે ષષ્ટી સહિત હોય તે કદી કરવી નહિ."

હવે વિચાર કરો કે–નવમી સહિત આઠમ આવે કે નહિ? આવી શકે, કારણ કે જ્યારે નવમીનો ક્ષય હોય ત્યારે નવમીનો સમાપ્તિ સહિતનો ભોગવટો ઔદયિકી આઠમે હોય

P. P. Ac. Gunratnasuri M.S.          Jin Gun Aaradhak Trust

છે, એટલે તે નવમી સહિત આઠમ ગણાય, અને તેમ છતાં પણ આપણે તો તે જ દિવસે અષ્ટમીની આરાધના કરવાની હોય. એટલે આ પાનામાં જે 'નવમી સહિત આઠમ કદી કરવી નહિં' એમ જણાવવામાં આવ્યું છે, તેથી પણ આ પાનું શ્રી તપાગચ્છની માન્યતાથી વિરૂદ્ધ હોવાનું પૂરવાર થાય છે.

બીજી વાત એ પણ છે કે—આ ગાથામાં એમ જણાવવામાં આવ્યું છે કે 'પ્રાયે કરીને સમગ્ર આઠમની તિથિ હોય એવી આઠમ કરવી'. હવે જ્યારે આઠમની વૃદ્ધિ હોય ત્યારે તો આ નિયમને માનનારે પહેલી આઠમે જ આઠમની આરાધના કરવી પડશે. અને શ્રી તપાગચ્છની માન્યતા તો આઠમની વૃધ્ધિ હોય, ત્યારે બીજી આઠમેજ આઠમની આરાધના કરવાની છે, કારણ કે તે બીજે દિવસે જ ઉદયને સ્પર્શીને સમાપ્તિને પામેલી હોય છે. પણ આ ગાથા જ જ્યાં અંચલ ગચ્છની માન્યતાની છે ત્યાં એમાં તે ગચ્છની માન્યતાનું સમર્થન હોય તે સ્વાભાવિક છે. માત્ર આચાર્ય શ્રી વિજયનીતિસૂરિજી આદિ જેવા પણ પોતાની માન્યતાનું સમર્થન કરવા જતાં કેમ ભીંત ભૂલ્યા છે તે જ વાંચકોએ વિચારવાની જરૂર છે. હજુ આગળ—

આચાર્ય શ્રી વિજયનીતિસૂરિજીએ પ્રચારેલા પાનાની નવમી ગાથા નીચે મુજબની છે:—

"पक्खियपडिक्कमणाओ सड्डीय पहरम्मि य अट्ठमो होई ।
तत्थेव पच्चक्खाणं करंति पव्वे तु जिणवयणं ॥९॥"—(६)

પંન્યાસ શ્રી સંપતવિજયજીએ આ ગાથાનો અર્થ નીચે મુજબ કર્યો છે:—

"પાક્ષિક પ્રતિક્રમણથી, સાડાસાત દિવસ વ્યતીત થયે,

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

આઠમ આવે, પર્વને દિવસે તેવી જ રીતે, પચ્ચખ્ખાણ કરાય છે, એવું જિનવચન છે.''

આ ગાથાનો આ અર્થ પણ જો તેઓએ વિચાર્યો હોત તો ય પૂ. શ્રી આણંદવિમળસૂરીશ્વરજી મહારાજા જેવા મહાપુરૂષના નામે શ્રી તપાગચ્છથી વિપરીત માન્યતાઓને પુષ્ટ કરનારી ગાથાઓ દ્વારા પોતાના ખોટા મતની પુષ્ટિ કરતાં આચાર્ય શ્રી વિજયનીતિસૂરિજી અને તેમના બે પંન્યાસો આદિ અટકી જાત. ખેર, **પહેલી વાત તો એ છે કે શ્રી તપાગચ્છની માન્યતા મુજબ પાક્ષિક પ્રતિક્રમણથી આઠમ સાડાસાત દિવસે નહિ પણ સાડાઆઠ દિવસે જ આવે. જુઓ**—

ચૌદશની રાતનો ૦॥ દિવસ, પુનમ કે અમાસનો ૧ દિવસ, એકમથી સાતમ સુધીના ૭ દિવસ, આમ કુલ પાક્ષિક પ્રતિક્રમણથી સાડાઆઠ દિવસે જ આઠમ આવે. બેશક, પુનમે પખ્ખી માનનારના હિસાબે સાડાસાત દિવસે આઠમ આવે તે બરાબર છે, અને એથી પણ આ ગાથા શ્રી તપાગચ્છની માન્યતાવાળી નહિ પણ અંચલગચ્છની માન્યતાવાળી છે એમ પૂરવાર થઇ જાય છે. આ ઉપરાન્ત 'તેવી જ રીતે પચ્ચખ્ખાણ કરાય છે એવું જિનવચન છે' એ તો સ્પષ્ટ અસંબદ્ધતા સૂચવે છે. આ ગાથા શ્રી રત્નસંચય પ્રકરણમાં નીચે મુજબની છે:—

**"पक्खिय पडिक्कमणाओ सड्ढिय पहरम्मि अट्ठमी, होई। तत्थेव पच्चक्खाणं करिंति पव्वेसु जिणवयणा ॥२८७॥"**

આ ગાથાનો તે ચોપડીમાં નીચે મુજબ અર્થ આપવામાં આવ્યો છે:—

P. P. Ac. Gunratnasuri M.S.  Jin Gun Aaradhak Trust

"પાખીના પ્રતિક્રમણથી સાઠ પહોરે આઠમ આવે છે, તે જ પર્વમાં પ્રત્યાખ્યાન કરવું એમ જિનવચન છે." આ માન્યતા પણ શ્રી તપાગચ્છની માન્યાતાથી સર્વથા વિરૂદ્ધ છે, કારણ કે આપણે તો પાખીના પ્રતિક્રમણથી સાઠ પહોરે નહિ પણ અડસઠ પહોરે આઠમ આવે છે. જૂઓ—

ચૌદશની રાતના ૪ પહોર, પુનમ કે અમાસના આઠ પહોર, એકમથી સાતમ એ સાત દિવસના આઠ-આઠ પહોરના હિસાબે પ૬ પહોર. આમ કુલ અડસઠ પહોર થાય છે. પુનમે પખ્ખી માનવામાં આવે તો જ પાખી પ્રતિક્રમણથી સાઠ પહોરે આઠમ આવે; એટલે પણ આ ગાથા અંચલ ગચ્છની હોવાનું પૂરવાર થાય છે. આ વાત આચાર્ય શ્રી વિજયનીતિસૂરિજી આદિના ખ્યાલમાં આવી નથી. અગર તો તેમના ખ્યાલમાં આવવા છતાં પણ તેમણે ભયંકર સ્વ-પરહિતઘાતક ઉપેક્ષા કરી છે. અને તેનું કારણ તેમની ખોટી માન્યતાને પણ સાચી ઠરાવવાની ધૂન સિવાય કાંઈ દેખાતું નથી. હજુ આગળ

આચાર્ય શ્રી વિજયનીતિસૂરિજીએ પ્રચારેલા પાનાની ૧૦મી ગાથાં નીચે મુજબની છે—

" जह अट्ठमी लग्गा तिहिआओ हुंति पक्खसंधिसु।
संधिपुरम्मि य नेया करंति हि पक्खियं पडिक्कमणं॥१०॥"(१५)

આનો પંન્યાસ શ્રી સંપતવિજયજીએ નીચે મુજબનો અર્થ લખ્યો છેઃ—

"પખવાડીયાના બરાબર સંધાનમાં મધ્ય ભાગે જેમ આઠમની તિથિ આવે છે, તેમ જ મહિનાના વચગાળે પાક્ષિક પ્રતિક્રમણ કરવું જોઇએ."

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

વાંચકો વિચારે કે—આપણે મહિનાના વચગાળે ( આઠ-મની જેમ મધ્યભાગે ) પાક્ષિક પ્રતિક્રમણ માનીએ છીએ ? નહિં જ. આ હિસાબ પણ પુનમે પખ્ખી કરવાનો જ છે. અને એ સૂચવવા માટે જ 'વચગાળે' સુચવ્યું છે. આ ઉપરાન્ત તેમણે કરેલો આ અર્થ જ વિચારણીય છે, કારણ કે ગાથા અશુદ્ધ લખેલી જણાય છે. શ્રી રત્નસંચય પ્રકરણમાં તે ગાથા અને તેનો અર્થ નીચે મુજબ છે—

" जइआओ अट्ठमी लग्गा तइआओ हुंति पक्खसंधीसु।
सट्ठिपहरम्मि नेया करिंति तिहि पक्खिपडिक्कमणं ।।२८८।।"

" જ્યારે અષ્ટમી તિથિ લાગે ત્યારે પક્ષની સંધી હોય છે અને ત્યારથી સાઠ પહોર વ્યતીત થાય ત્યારે પાખી પ્રતિક્રમણ કરવું જોઇએ".

વિચાર કરો કે—આઠમ તિથિ શરૂ થાય ત્યારથી સાઠ પહોર વ્યતીત થયે આપણે પાખી પ્રતિક્રમણ કરીએ છીએ કે બાવન પહોર વ્યતીત થયે આપણે પાખી પ્રતિક્રમણ કરીએ છીએ ? કહેવું પડશે કે આઠમના આરંભથી સાઠ પહોર નહિ પણ બાવન પહોર વ્યતીત થયે આપણે પાખી પ્રતિક્રમણ કરીએ છીએ. કારણ કે આઠમ, નોમ, દશમ, અગીયારસ, બારસ અને તેરસ એમ છ દિવસ રાત્રિના આઠ-આઠ પહોર એટલે ૪૮ પહોર અને ચૌદશના દિવસના ચાર પહોર તેમાં ઉમેરીએ એટલે બાવન પહોર થાય. પુનમે પાખી માનવામાં આવે તો જ સાઠ પહોર થાય. કારણ કે આઠમ, નોમ, દશમ, અગીયારસ, બારસ, તેરસ અને ચૌદશ, એમ સાત દિવસ રાત્રિના ૫૬ પહોર, અને પુનમના દિવસના ૪ પહોર

P. P. Ac. Gunratnasuri M.S.      Jin Gun Aaradhak Trust

તેમાં ઉમેરીએ એટલે સાઠ પહોર થાય. આથી પણ આ ગાથા અંચલગચ્છની જ હોવાનું પૂરવાર થાય છે.

આ બધા વિવેચન ઉપરથી વાંચકો સમજી શકે તેમ છે કે–આવી ગાથાઓને પ્રમાણરૂપ જણાવનારા પાનાનો આશ્રય લઇને તો અજાણતાં પણ શ્રી તપાગચ્છના તે તે આચાર્યો આદિએ શ્રી તપાગચ્છની માન્યતાથી વિપરીત એવી અંચલગચ્છની માન્યતાનો જ સ્વીકાર કર્યો છે. આવા પાનાંઓ દ્વારા સત્યને છેહ દેવાના પ્રયત્નો કરવા, એટલું જ નહિ, પણ સત્યના ઉપાસક મહાત્માઓને બને તેટલી ખરાબ દશામાં ચિતરવાનો અને મૂકવાનો પ્રયત્ન કરવો, એ શું યોગ્ય છે? આવા પ્રયત્નો દ્વારા પોતાની મિથ્યા માન્યતામાં રાચવું એ કરતાં 'જાગ્યા ત્યારથી સવાર' એમ ગણીને સત્ય માર્ગનો સ્વીકાર કરવો એ જ કલ્યાણકામી આત્માઓનું કર્તવ્ય છે. ભૂલ થઇ જવી એ બહુ મોટી વાત નથી, પણ ભૂલને ભૂલ રૂપે જાણવા છતાં 'તે ભૂલ નથી' એમ જણાવવા માટે શાસ્ત્રિય આધારોના નામે આવો ગોટાળો કરવો, એ તો ઘણું જ ખરાબ છે. સાચાને પોતાનું બનાવવાની બુદ્ધિ હોવી જોઇએ, પણ પોતાના ખોટાને સાચું ઠરાવવાની બુદ્ધિને તો દૂરથી જ નમસ્કાર કરવો જોઇએ.

વધુમાં, આવી શ્રી તપાગચ્છની માન્યતાને ઉખેડીને ફેંકી દેનારી ગાથાઓ 'પૂ. શ્રી આણંદવિમલસૂરીશ્વરજી મહારાજાએ 'વૃદ્ધ સામાચારી'માંથી કાઢીને બતાવી,' એમ કહેવું એ શું તે આચાર્ય મહારાજના પવિત્ર નામને કારમી રીતે કલંકિત કરવા જેવું નથી? આવા ને આવા પાનાને શાસ્ત્રિય પાના તરીકે રજૂ કરવામાં સૌથી મોટું નુકશાન તો એ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

રહેલું છે કે—અનેક આત્માઓને શાસ્ત્ર ઉપરથી શ્રદ્ધા ખસી જાય, એમ થઇ જાય કે તેમાં આવા ગોટાળા છે? શાસ્ત્રિય તરીકે જાહેર કરાયેલા પાના સામે લખતાં આ વિચાર પણ મુંઝવે તેવો છે, પણ જ્યાં એ રીતિએ જ મિથ્યા માન્યતાને પોષી સત્યને છેહ દેવાનો પ્રયત્ન થાય, ત્યાં નિરુપાયે તેનો પ્રતિકાર કરવો પડે, એટલે શાસ્ત્રના નામે આવાં લખાણો જાહેર કરતાં સ્વપરહિતને ચાહનારાઓએ તો અટકી જ જવું જોઇએ.

હજુ પણ આ પાનાને અંગે ખાસ વિચારવા જેવું છે. આચાર્ય શ્રી વિજયનીતિસૂરિજીદ્વારા પ્રચારાતા આ પાનામાં 'વૃદ્ધસમાચારી'માંના પાઠ તરીકે ગાથાઓ બતાવવામાં આવી છે. તો તે 'વૃદ્ધ સામાચારી' કયી? અને કોની બનાવેલી? આજે તે ગ્રન્થ ઉપલબ્ધ છે કે નહિ? અને જો ઉપલબ્ધ છે, તો તે કયાં છે? આ વાતને બાજુએ રાખીએ તો પણ આ પાનામાં આવેલી દશ ગાથાઓ પૈકી અમુક ગાથાઓ એવી છે કે જે ગાથાઓ ઘણા કાળ પૂર્વે પ્રક્ષિપ્ત તરીકે જાહેર થયેલ ગાથા દશકમાંની છે. '**શ્રી પ્રવચનપરીક્ષા**' નામના વિશદ ગ્રન્થમાં જણાવવામાં આવ્યું છે કે—

**" छट्ठीसहिया न अट्ठमी, तेरसिसहिअं न पक्खिअं होइ ।**
**पडवइसहिअं कइआ वि, इअ भणिअं वीअरागेहिं ॥ १ ॥**

**इत्यादिगाथादशकं पूर्णिमापाक्षिकाभ्युपगन्त्रा प्रक्षिप्तं, गाथाबन्धोऽपि गोपालबालवाक्यसमुद्भव इव प्रतिभाति, पत्रमसत्यग्रन्थसम्मतिदर्शनेन सिद्धान्तकलंकदानेन च— "**
વિગેરે.

પુનમે પાક્ષિક માનનારે પ્રક્ષિપ્ત ગાથાદશકમાંની પડેલી

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ગાથા શ્રી પ્રવચન પરીક્ષાકારે ઉપર આપી છે. એ ગાથા શ્રી રત્નસંચય પ્રકરણમાં ૨૮૩ મી ગાથા તરીકે પ્રગટ થયેલી જોવામાં આવે છે. જો કે આચાર્યશ્રી વિજયનીતિસૂરિજી દ્વારા પ્રચારાતા પાનામાં આ પહેલી ગાથા નથી, છતાં પ્રક્ષિપ્ત ગાથાદશકમાંની છઠ્ઠી ગાથા તો અવશ્ય છે, એમ શ્રી પ્રવચન પરીક્ષામાંના આગળના પાઠથી જણાઇ આવે છે, આચાર્ય શ્રી વિજયનીતિસૂરિજીદ્વારા પ્રચરાતા પાનાની સાતમી ગાથાનો પૂર્વાર્ધ એવો છે કે—" **पन्नरसमे ( पण्णरसम्मि य ) दिवसे, कायव्वा पक्खिअं तु पाएणं ( पाएण ) ।** " આ પૂર્વાર્ધને જણાવીને શ્રી પ્રવચન પરીક્ષા નામના વિશદ ગ્રન્થમાં જણાવવામાં આવ્યું છે કે—

" **प्रायः खरतरः पूर्वापरसम्बन्धमनालोच्यैव पूत्कुरुते, अत एव स्वयं चतुर्दशीपाक्षिकाभ्युपगन्तापि केनचित् प्रक्षिप्तं गाथादशकं कण्ठगतं कृत्वा यत्र क्वापि " तेरसवज्जिअं न पक्खिअं होइ"त्ति ब्रुवाणो न लज्जते, न वेत्ति चात्र "पन्नरसम्मि अ दिवसे कायव्वं पक्खिअं तु पाएण " मिति षष्ठ्यां गाथायां किमुक्तं कथं वाऽहं वच्मि केन वेदं गाथादशकं कृतम्, एवं राकारक्तकृतडुण्डिकां दृष्ट्वाऽप्युद्भ्रान्तः खरतरः पूर्णिमाऽपि पाक्षिकं सत्यमेवेति स्वपदे प्रचारं कुर्वन् दृश्यते, न तथाऽन्ये कुपाक्षिका इति खरतरोऽतिभ्रान्त इति... ।** "

મૂળ વાત એ છે કે–જ્યારે ચૌદશનો ક્ષય આવે છે, ત્યારે આપણે તેરસે ચૌદશ માનીએ છીએ; કારણ કે–તેવા સમયે તેરસે જ ચૌદશનો સમાપ્તિવાળો ભોગવટો હોય છે. આવા પ્રસંગે ખરતર ગચ્છવાળાઓ પુનમે ચૌદશ માને છે, અને તેના સમર્થનમાં એમ પણ કહે છે કે–" પાક્ષિકની ક્રિયા તેરસ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

જેવી અપર્વતિથિના દિવસે કરવી એ ઠીક નથી, પણ પુનમ એવી પર્વતિથિએ કરવી એ ઠીક છે," પરન્તુ તેઓ એ ભૂલી જાય છે કે–' જેમાં જેનો અંશ નથી, તેમાં તેની કલ્પના કરવી એ સ્પષ્ટ મૃષાવાદ છે.' જો કે દુઃખપૂર્વક કહેવું પડે છે કે–આજે તો શ્રી તપાગચ્છના પણ કેટલાક આચાર્યો આદિ સ્પષ્ટ મૃષાવાદના ઉપાસક બની પહેલી પુનમ અને પહેલી અમાસ કે જે દિવસે ચતુર્દશીના ભોગવટાનો એક અંશ માત્ર પણ નથી, તેમજ ભા. શુ. પહેલી પાંચમ કે જે દિવસે ભા. શુ. ચોથના ભોગવટાનો એક અંશ માત્ર પણ નથી, તે દિવસે ચૌદશ અને ચોથ મનાવી ખરતરગચ્છીઓના જેવી જ દશાને પામ્યા છે, અને તેમ છતાં પોતાને શાસ્ત્ર તથા પરંપરાને અનુસરનાર તરીકે પૂરવાર કરવાને માટે આવાં પાપો સેવીને શ્રી સંઘને ખૂબ જ અસમાધિમય દશામાં મૂકી રહ્યા છેઃ પણ આ વાતને હાલ બાજુએ રાખીને આપણે મૂળ વાત વિચારીએ–શ્રી પ્રવચનપરીક્ષા નામના ગ્રન્થરત્નમાંથી ઉપર ટાંકવામાં આવેલા પાઠથી જણાય છે કે ચૌદશના ક્ષયે પૂર્ણિમાએ પખ્ખી મનાવવાની ધૂનમાં કોઈ ખરતરગચ્છીય માન્યતા ધરાવનારે પ્રક્ષિપ્ત ગાથાદશક, કે જેમાંની ગાથા આચાર્યશ્રી વિજયનીતિસૂરિદ્વારા પ્રચારાતા પાનામાં આપેલ છે, તે ગાથાદશકમાંની પહેલી ગાથા પ્રમાણ તરીકે રજૂ કરી હશે; કારણ કે–તેમાં ' તેરસ સહિત પાક્ષિક કરવાની ચોખ્ખી મના કરવામાં આવેલી છે. ' આ એક, મનગમતી વાત મળી એટલે તે ખરતરગચ્છીય માન્યતાવાળા તે જ ગાથાદશકમાંની છઠ્ઠી ગાથામાં પોતાની ખરતરગચ્છીય માન્યતાથી વિરૂદ્ધની વાત છે, એને ભૂલી ગયા ! શ્રી પ્રવચનપરીક્ષામાં

P. P. Ac. Gunratnasuri M.S.          Jin Gun Aaradhak Trust

એ વસ્તુને યાદ આપીને ગ્રન્થકારશ્રીએ તે ગાથાદશકમાંની પહેલી ગાથા રજૂ કરનાર ખરતરગચ્છીય માન્યતાવાળાઓને અતિભ્રાન્ત તરીકે જણાવેલ છે. અંચલ ગચ્છની માન્યતા વાળા અને પ્રક્ષિપ્ત જે ગાથા દશકની ગાથાનો તે કાળે ખરતર ગચ્છ વાળાઓએ આશ્રય લીધો હતો, તે જ ગાથાદશકમાંની ગાથાનો આજે શ્રી તપાગચ્છવાળા પણ વિપરીત માન્યતાના ઉપાસક બનેલા આચાર્યોએ આશ્રય લીધો છે. આથી સ્પષ્ટ થાય છે કે-તેઓ પણ પોતાની મિથ્યા માન્યતાનું પોષણ કરવાના ઇરાદાવાળા હોઇ અતિભ્રાન્ત બની ગયા છે. આ વસ્તુ અતિશય ખેદને પમાડનારી હોવા છતાં, આ એક અતિ નિર્મળ સત્ય છે, એટલે સત્યના અર્થીઓએ કેવળ સમૂહ તરફ દૃષ્ટિવાળા નહિ બનતાં સુવિવેકી બનવાની જરૂર છે.

વળી "વૃધ્ધસમાચારી"માંની તરીકે રજૂ કરેલી દશ ગાથાઓ ઉપરાંત આચાર્ય શ્રી વિજયનીતિસૂરિજીદ્વારા પ્રચારાતા એ પાનામાં '**तथा चोक्तम्**' એમ લખીને જે ૧૧-૧૨-મી ગાથાઓ ( એટલે અહીં પાછળ જણાવેલી ૧૨-૧૧ ) લખવામાં આવી છે, તે પણ વિચારણીય છે. તે બે ગાથાઓ નીચે મુજબની છેઃ—

**" पक्खंते तह मासंते, जा भवे पुण्णिमा वुड्ढिए । तो तेरसीए भणिया, करिज्ज जिणआणाए ॥ ११ ॥ (१२) अत्थि तम्मि य गन्धो, तव्वसेण साहुणा जायइ । एवं पुव्वसूरिहि भणियं, एत्थ न संदेहो ॥१२॥ ( ११ )"**

આ બે ગાથાઓનો પંન્યાસ શ્રી સંપતવિજયજીએ નીચે મુજબનો અર્થ કર્યો છેઃ—

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

" પખવાડીયાના અંતે અગર મહિનાને અંતે જો પુનમ (અમાવાસ્યા)ની વૃદ્ધિ થાય તો તેરસને દિવસે વૃદ્ધિ ગણાવી જોઇએ, એવું આપ્તવચન છે. તે દિવસે તે દિવસનો ગન્ધ–અંશ રહેલો હોવાથી સાધુપુરુષો તેનો સ્વીકાર કરે છે, આ પ્રમાણે પૂર્વપુરુષોએ ફરમાન કરેલું હોવાથી તેમાં લેશ માત્ર શંકાને સ્થાન નથી."

અહિં જે વસ્તુ ખાસ વિચારણીય છે, તે એ છે કે આમાં પુનમ કે અમાસની વૃદ્ધિએ તેરસની વૃદ્ધિ કરવામાં એવું કારણ દર્શાવ્યું છે કે–'તે દિવસે તેનો ગંધ–અંશ હોય છે,' તે શું સત્ય છે ? નહિં જ. માનો કે સોમવારે તેરશ છે, મંગળવારે ચૌદશ છે, અને બુધવારે તથા ગુરૂવારે પુનમ કે અમાસ છે. આમ હોય ત્યારે રવિવારે સૂર્યોદય પછી અમુક સમયે તેરસનો ભોગવટો શરૂ થાય અને સોમવારના સૂર્યોદય પછી અમુક સમયે તેરસનો ભોગવટો પૂરો થાય. એ જ રીતિએ સોમવારે સૂર્યોદય પછી અમુક સમયે ચૌદશનો ભોગવટો શરૂ થાય અને મંગળવારે સૂર્યોદય પછી અમુક સમયે ચૌદશનો ભોગવટો પૂરો થાય. એ જ રીતિએ મંગળવારે સૂર્યોદય પછી ઘણા સમયે પુનમ કે અમાસનો ભોગવટો શરૂ થાય, તે ભોગવટો બુધવારે દિવસે અને રાત્રિએ પણ રહે, તેમજ ગુરૂવારે સૂર્યોદય સમયે અને તે પછી પણ અમુક સમય સુધી તે પુનમ કે અમાસનો ભોગવટો રહે. હવે જ્યારે બે પુનમ કે બે અમાસને બદલે બે તેરસ માનો, એટલે સોમવારે અને મંગળવારે તેરસનો ભોગવટો માનવો પડે. પણ મંગળવારના સૂર્યોદય પહેલાં તો તેરસનો ભોગવટો પૂરો થઇ જઇને ચૌદશનો ભોગવટો શરૂ થઇ ગયો હોય છે, એટલે મંગળવારે તેરસનો ગંધ–અંશ જરા સરખો પણ હોતો નથી. આથી ઉપરની

P. P. Ac. Gunratnasuri M.S.          Jin Gun Aaradhak Trust

ગાથાઓમાં જે ભોગવટાનો ગંધ–અંશ હોવાનો હેતુ આપવામાં આવ્યો છે, તે તદ્દન જ જુઠ્ઠો ઠરે છે. આ કારણે ઉદયગત ચતુર્દશીને ત્રયોદશી બનાવવાની કલ્પના એ પણ પુનમે ચૌદશ માનવા જેવી જુઠ્ઠી કલ્પના ઠરે છે. પુનમે ચૌદશ માનનારા ખરતર ગચ્છીઓને મૃષાવાદ આદિના ઉપાસક માનનારાઓ જો ઉદયગત ચૌદશે તેરસ માનવા તૈયાર થાય તો તેઓ પણ તે જ દોષના ઉપાસક સ્પષ્ટ રીતિએ પૂરવાર થાય છે, કારણ કે–જેમ પુનમમાં ચૌદશના ભોગવટાનો એક અંશ માત્ર પણ નથી, તેમ ચૌદશમાં તેરશના ભોગવટાનો એક અંશ માત્ર પણ નથી. પૂર્વની તિથિના દિવસે પછીની તિથિનો ભોગવટો હોઇ શકે, પણ પછીની તિથિના દિવસે પૂર્વની તિથિનો ભોગવટો હોઇ શકે જ નહિ, આ જ કારણે બે પુનમ કે બે અમાસ હોય ત્યારે પહેલી પુનમ કે પહેલી અમાસે ચૌદશ માનનારા સ્પષ્ટ મૃષાવાદી ઠરે છે, એટલું જ નહિ, પણ ઉદયગત પર્વતિથિની વિરાધના કરનારા આદિ પણ ઠરે છે.

અત્રે વાંચકોની સમજ ખાતર એ વાત જણાવવી સ્થાને ગણાશે કે ક્ષીણ તિથિ માત્ર એક જ દિવસને સ્પર્શનારી હોય છે, છતાં તે દિવસે ઉદયને તો તે સ્પર્શતી જ નથી, વૃદ્ધા તિથિ ત્રણ દિવસને સ્પર્શનારી હોય છે, પણ બે સૂર્યોદયને સ્પર્શનારી હોય છે, સામાન્ય તિથિ એટલે વૃદ્ધિ હાનિ વિનાની તિથિ બે દિવસને સ્પર્શનારી હોય છે અને એક સૂર્યોદયને સ્પર્શનારી હોય છે. એવા દિવસો તો માત્ર વૃદ્ધિના જ પ્રસંગે આવે છે, કે જે દિવસે શરૂથી અંત સુધી માત્ર એક જ તિથિનો ભોગવટો હોય, કારણ કે–વૃદ્ધિ પામેલી પૂર્વતની તિથિ કે ફલ્ગુ તિથિવાળા દિવસે શરૂથી અંત પર્યંત તે દિવસે માત્ર તે જ તિથિનો ભોગવટો હોય છે. ક્ષય તિથિવાળા દિવસે ત્રણ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

તિથિઓનો ભોગવટો હોય છે. અને વૃદ્ધિની બીજી તિથિ તથા અન્ય ઔદયિકી તિથિઓવાળા દિવસે બે તિથિઓનો ભોગવટો હોય. આ રીતિએ ભોગવટાની અનિયમિતતા હોવા છતાં પણ કયા દિવસે કયી તિથિને માનીને ચાલવું, તે માટે એવો નિયમ બાંધ્યો કે–' જે દિવસે જે તિથિ સૂર્યોદયને સ્પર્શીને સમાપ્તિને પામી હોય, તે દિવસે તે તિથિ માનવી. હવે ક્ષય પ્રસંગે સૂર્યોદયને એક તિથિ સ્પર્શે, જ્યારે સમાપ્તિ બે તિથિની હોય, એટલે તે દિવસે બન્ને ય તિથિઓ માની બન્ને ય પર્વતિથિઓ હોય તો બન્નેયની, અને બે પૈકી એક પર્વતિથિ હોય તો તેની તે એક જ દિવસે આરાધના થઇ શકે છે. આ રીતિએ આરાધક બનીને, તપ વિગેરેને માટે પૂર્વની કે પછીની અપર્વતિથિનો ઉપયોગ થઇ શકે છે.' આ વસ્તુને નહિ સમજનારાઓ જ ' પુનમના ક્ષયે તેરશનો ક્ષય ' આદિ વાતો કરે છે. વૃદ્ધિના પ્રસંગે તો ભિન્નભિન્ન દિવસે ઉદય સમાપ્તિવાળી તિથિઓ મળતી હોઇને, ચૌદશે ચૌદશની અને બીજી પુનમે પુનમની આરાધના થઇ શકે છે. આપણી મૂળ વાત તો એ છે કે–' બે પુનમ કે બે અમાસ હોય ત્યારે તેરશની વૃદ્ધિ કરવી, કારણ કે તેનો તેમાં ભોગવટો છે, ' એ વાત સદંતર ખોટી છે. જેને પંચાંગ જોતાં થોડું પણ સારી રીતિનું આવડતું હોય, તે આ વાતને સહજમાં સમજી શકે તેમ છે. આથી પણ આચાર્યશ્રી વિજયનીતિસૂરિજી દ્વારા પ્રચારવામાં આવતું પાનું ખોટું ઠરે છે. અને **' કોઇ પણ સુજ્ઞે એવા પાના ઉપર વિશ્વાસ નહિ રાખવો જોઇએ,' એમ પૂરવાર થાય છે.** હજુ આગળ–

આચાર્યશ્રી વિજયનીતિસૂરિજી લહીયા પાસે લખાવીને જે પાનાનો પ્રચાર કરી ચૂકયા છે, તે તેમનું લખાવેલું એક પાનું

P. P. Ac. Gunratnasuri M.S.   Jin Gun Aaradhak Trust

અમારી પાસે મૌજુદ છે. આ પાનામાં એક લીટી પાછલ-થી લખાવેલી છે, એમ સ્પષ્ટ જણાઇ આવે છે; કારણ કે-તે પાનાની નીચે ઝીણા અક્ષરોથી લખવામાં આવી છે, એટલું જ નહિ પણ બીજી લીટીઓ કરતાં એ ટૂંકી છે, અને તેની ઉપરની લીટી જ પાછલના લખાણની સાથે સંબંધ-વાળી છે. આ પાછળથી લખાવવામાં આવેલી લીટી નીચે મુજબની છે:—

**" =आदि शब्दात् नाणपंचमी पर्युषणापंचमी मार्गशीर्षैकादश्यादौ क्षयवृद्धिर्न भवति कल्याणकादितिथिषु भजनेति=४ "**

' જૈન ' અને ' જૈન ધર્મ પ્રકાશ 'માં આ પાનું છપાવતાં આ લીટી વચ્ચે ગોઠવીને છપાવવામાં આવી છે, એટલે છાપેલું વાંચનારને આ વસ્તુનો ખ્યાલ આવવો મુશ્કેલ છે. ઉપરાંત પાનું છાપવામાં તો 'જૈન'માં તો **नाणपंचमी**ની જગ્યાએ **नागपंचमी** છપાએલ છે. આ લીટીનો પંન્યાસ શ્રી સંપત-વિજયજીએ એવો અર્થ આપ્યો છે કે—

" જ્ઞાનપંચમી, પર્યુષણ પંચમી, તેમજ મૌન એકાદશી વિગેરેમાં ક્ષયવૃદ્ધિ ન થાય. જિનેશ્વર ભગવન્તનાં કલ્યાણ-કાદિ તિથિઓ વિષે વિકલ્પ–ભજના જાણવી. "

વાંચકો વિચારે કે જ્ઞાનપંચમી આદિમાં ક્ષયવૃદ્ધિ થાય નહિ તો પછી કલ્યાણક તિથિઓમાં ક્ષય વૃદ્ધિ કેમ થાય? કલ્યાણક તિથિઓની ભજના શા માટે? ખરી વાત તો એ છે કે જ્ઞાનપંચમી આદિ જેમ આરાધ્ય છે તેમ કલ્યાણક-તિથિઓ પણ આરાધ્ય જ છે. શ્રી તત્ત્વતરંગિણીમાં ચોખ્ખું જણાવ્યું છે કે—

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

" आराध्यत्वे च पञ्चदशीकल्याणकतिथ्योरप्यविशेष इति स्वयमेव विचारणीयम् । "

આ રીતિએ આરાધ્યપણાની દૃષ્ટિએ શું પુનમ, અમાસ કે શું કલ્યાણકતિથિ બન્ને સમાન છે, છતાં પણ કલ્યાણક તિથિને એ રીતિએ ગ્રહણ કરવામાં પુનમની હાનિ વૃદ્ધિએ તેરસની હાનિવૃદ્ધિ કરી ઉદય તિથિની વિરાધના અને સ્પષ્ટ મૃષાભાષણ આચરનારાઓને મુસ્કેલી આવે છે, એટલે કલ્યાણકાદિની તિથિ માટે ભજના કહે એમાં નવાઇ પામવા જેવું નથી. જેમકે આ ચાલુ વર્ષમાં ચૈત્ર વદિ બીજનો ક્ષય હતો, આથી તેમણે ચૈત્ર વદ ૧ ના ક્ષય માન્યો. હવે જો કલ્યાણક તિથિને પણ સમાન માને તો મુસ્કેલી આવે, કારણ કે ચૈત્ર વદ ૧ ના દિને શ્રી કુંથુનાથ ભગવાનનું નિર્વાણ કલ્યાણક હોઇ તે પણ પર્વતિથિ થઇ, આથી તેમણે ચૈત્ર વદ ૨ ના ક્ષયે ચૈત્ર શુદ બારસનો ક્ષય કરવો પડે, કારણ કે ચૈત્ર શુદ ૧૩ ના શ્રી મહાવીર પ્રભુનું જન્મ કલ્યાણક, અને ચૌદશ તથા પુનમ પર્વતિથિ હોઇ તેમના હિસાબે તેમાંની એકેય તિથિનો ક્ષય મનાય નહિ. પણ તેમણે તો ચૈત્ર વદ ૧+૨ ભેગાં માન્યાં, અથવા કલ્યાણક પર્વતિથિનો ક્ષય માન્યો. શાસ્ત્રિય દૃષ્ટિએ તો ચૈત્ર વદ ૧+૨ ભેળાં હોઇને તે એક જ દિવસે બન્નેના આરાધક બની શકાય અને અન્ય દિને તેને લગતો તપ કરવાનો નિયમ હોય તો કરી શકાય. પણ શાસ્ત્રથી ઊંધા વર્તવું અને શાસ્ત્રાનુસારી કહેવડાવવું, એટલે આવો 'ભજના'નો પાઠ આગળ લાવવો પડે તે સ્વાભાવિક છે. આવાઓએ શ્રી 'તત્ત્વતરંગિણી'ના ઉપરના કથન ઉપર મનનપૂર્વક વિચાર કરવાની જરૂર છે. તેમજ પૂ. શ્રી. ન્યાયાચાર્ય ન્યાયવિશારદ મહામહોપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજાના નીચે જણાવેલા

P. P. Ac. Gunratnasuri M.S.      Jin Gun Aaradhak Trust

ફરમાન તરફ પણ ધ્યાન આપવાની જરૂર છે. તે ફરમાન એવું છે કેઃ—

**"કલ્યાણક અઠ્ઠાઈ વરસી, તિથિ ચઉમાસી સરખી રે;
તેહ નિમિત્તે સુર જીન અર્ચે, નિત્યભક્તિપણે વિચરે રે.**

( ૧૫૦–૫–૨૦ )"

એટલે આ રીતિએ વિચારતાં પણ એ પાનું અપ્રમાણિક જ છે, એમ જણાઇ આવે છે. આ ઉપરાન્ત આચાર્ય શ્રી વિજયનીતિસૂરિજી દ્વારા પ્રચારાતા તે પાનામાં શરૂઆતમાં નીચે મુજબ ગુજરાતી ભાષામાં અને બાળબોધ અક્ષરોમાં લખવામાં આવ્યું છે કે—

**"ओं नमः सिद्धेभ्यः ॥ अथ श्री आणंदविमलसूरिराज्ये सप्तसप्तत्यधिकपञ्चदशशतमिते वर्षे कार्तिककृष्णप्रतिपद्वासरे श्रीथरादनगरे लिखित प्रतिमां गतवर्षे श्रावणशुक्लपुर्णिमावृद्धौ पूज्यपादाचार्यमहाराज श्री आणंदविमलजी महाराजना वचनथी पंन्यासजी महाराज श्री दानविजयजी प्रमुखे बे तेरसो करी हती. प्रथम पूर्णिमा जे छे ते अपर्वरूप छे. तेथी ए प्रमाणे तपगच्छना साधु साध्वी श्रावक श्राविका ए रूप चतुर्विध संघ मलीने पूछयुं त्यारे वृद्ध सामाचारीमांथी पाठ काढयो, ते पाठ आ प्रमाणे छे ॥ "**

આ લખાણને અંગે પણ અનેક પ્રશ્નો વિચારણીય છે–

(૧) સૌથી પહેલો પ્રશ્ન એ છે કે આ ગુજરાતી ભાષા સોળમી સદીની છે કે વીસમી સદીમાં કોઈ અધૂરુ ભણેલાએ લખેલી છે ? '**બે તેરસો કરી હતી**' અને '**તે પાઠ**

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

આ પ્રમાણે છે' આ વિગેરે દ્વારા સ્પષ્ટપણે જાણી શકાય છે કે ઉપરનું લખાણ સોળમી સદીની ગુજરાતી ભાષામાં લખાયેલું નથી જ.

(૨) બીજો વિચારણીય મુદ્દો એ છે કે-ઉપરના લખાણમાં—'**પ્રથમ પૂર્ણિમા જે છે તે અપર્વરૂપ છે**' એમ લખી કબૂલ કરવા છતાં પ્રથમ પૂર્ણિમાના દિવસે જ ચૌદશ જેવું પર્વ માનવાની આ પાનામાં હિમાયત કરવામાં આવી છે.

(૩) ત્રીજી વાત એ છે કે લખનારે સંસ્કૃત અને ગુજરાતી ભાષાનો ખીચડો કરી બેય ભાષાનું અજ્ઞાન જાહેર કર્યું છે.

(૪) ચોથો મુદ્દો એ છે કે ઉપરના લખાણમાં 'સાધુ સાધ્વી શ્રાવક અને શ્રાવિકા એ રૂપ ચતુર્વિધ સંઘે મળીને પૂછ્યું'–એમ જણાવ્યું છે, તો શું ચતુર્વિધ સંઘ એનાથી અજાણ હતો ? શું પૂર્ણિમા વૃદ્ધિ પહેલવહેલી જ આવી હતી ? જો પુનમની વૃદ્ધિએ તેરસની વૃદ્ધિ કરવાની પરંપરા ચાલુ હોત તો ચતુર્વિધ સંઘને મળીને પૂછવાની જરૂર શાની ઊભી થાત ? ચતુર્વિધ સંઘને આવી તદ્દન સામાન્ય પણ બાબતથી અજાણ તરીકે ચીતરવો એ શું વ્યાજબી છે ?

(૫) પાંચમો મુદ્દો એ છે કે–પૂ. શ્રી. આણંદવિમળસૂરીશ્વરજી મહારાજ જેવા શ્રી તપાગચ્છના આચાર્ય મહારાજ શ્રી તપાગચ્છની માન્યતાથી અતિશય વિરુધ્ધ ગાથાઓ કાઢીને આપે એ શક્ય છે ? આચાર્ય શ્રી વિજયનીતિસૂરિજીની માફક શું તેઓ પણ એટલું ય નહિ સમજી શકતા હોય કે–આ ગાથાઓ આપણી જ માન્યતાનો ધ્વંસ કરનારી છે ?

(૬) છઠ્ઠો મુદ્દો એ પણ છે કે–'કાર્તિકકૃષ્ણ પ્રતિપદ્વાસરે

P. P. Ac. Gunratnasuri M.S.  Jin Gun Aaradhak Trust

શ્રી થરાદનગરે લિખિત પ્રતિમાં...બે તેરસો કરી હતી,' એમ જે લખ્યું છે, એ ભાષાનું કેટલું કારમું અજ્ઞાન સૂચવે છે !

આમ આ વસ્તુને અંગે પણ વિચારતાં આ પાનું તદ્દન બનાવટી અને અપ્રમાણિક પૂરવાર થાય છે. આ ઉપરાંત પાનાની નીચેનો ભાગ પણ વિચારવા જેવો છે, પરંતુ આટલો વિચાર કર્યા પછી એની જરૂર રહેતી નથી.

આ પાનાને અંગે આચાર્યશ્રી વિજયનીતિસૂરિજીએ બીજી પણ ખુબી કરી છે, અને તે એ કે–પોતે લખાવેલું આ પાનું 'કયી સાલમાં કયાં લખાવ્યું' તે પાનામાં જણાવ્યું નથી. જેથી થોડાંક વર્ષો બાદ આ પાનું પણ સોળમી સદીના પાના ઉપરથી લીધેલું સત્તરમી સદીનું ગણાઇ જાય, અને લોક અનેક ભ્રમોનો ભોગ થઇ પડે. તેમના જેવાને માટે આ વસ્તુ કોઇ પણ રીતિએ શોભાસ્પદ ગણી શકાય નહિ.

**વાંચકો આટલા ઉપરથી પણ સમજી શકશે કે બે પુનમ અમાસે બે તેરશ મનાવવાને માટે આજે શાસ્ત્રના નામે પણ કેવી ભયંકર રમતો રમાઇ રહી છે !"**

## શાસ્ત્રિય પુરાવાઓની અપ્રામાણિકતા પૂરવાર કરતી કેટલીક વધુ વિચારણા—

આ. શ્રી વિજયનીતિસૂરિજી દ્વારા પ્રચારાયેલું પાનું 'શાસ્ત્રિય પુરાવાઓ'ની ચોપડીમાં દાખલ થયેલ નં. ૮ ના પુરાવાને મળતું છે. અને બીજા 'શાસ્ત્રિય પુરાવાઓ'માં આપવામાં આવેલ પ્રમાણો પણ મોટે ભાગે તેનાં તે જ એક બીજાને મળતાં છે, તે ખુદ શ્રી

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

સાગરજીએ મુખપૃષ્ઠ ૨ માં ‘ તારવણ ’ આપતાં “ આગળ ઉપર જણાવેલ પ્રતોમાં તિથિ બાબતમાં એક સરખા પાઠો લગભગ છે, ” એમ લખીને કબૂલ કર્યું છે. ઉપરોક્ત આ. શ્રી નીતિસૂરિજીના પાનાની પોલ પ્રકાશિત થવાથી શ્રી સાગરજી તરફથી પ્રસિદ્ધ થયેલા સારાયે ‘ શાસ્ત્રિય પુરાવાઓ’ની પોલંપોલ આપણુને સ્વતઃ દેખાઈ જ આવે છે. નં. ૮ના પુરાવાના મથાળે શ્રી સાગરાનન્દજીએ લખ્યું છે કે—

“ આ પ્રત પં. શ્રી લાભવિજયજી ગણિએ ત્રણ ઠેકાણેથી લખી છે, એક અમદાવાદ લાલાભાઇની પોળમાં લલ્લુભાઇ ધનજીશાહની પ્રત ઉપરથી, બીજી શ્રીમાન્ પં. ક્ષાંતિવિજયજી ગણીની, અને ત્રીજી વાવમાં ખુબચંદ મૂલચંદની પ્રત ઉપરથી, પરંતુ લખાણ એક જ હોવાથી અમે એકનો જ ઉતારો આપ્યો છે. ”

હવે આ. શ્રી નીતિસૂરિજીએ પણ પં. શ્રી લાભવિજયજીની ઉપરોક્ત પ્રત ઉપરથી પાનું લખાવી પ્રચારેલું છે. મૂલ પ્રત તો કોઇએ દેખી નથી અને દેખાડી નથી છતાં, વાંચકો એ બેને મેળવી જુવે. ત્રણ વર્ષ ઉપર જાહેર કરેલ દસ્તાવેજમાં પાછો કાંઈક ફેરફાર કરવાનું મન જાણે થઈ આવેલું એમાં દેખાશે. નં ૮ ના છપાયેલા એ પુરાવામાં પૃ. ૧૦ માં “इतिवचनात्” પછી “ आदिशब्दात् ज्ञानपञ्चमी–” આદિ પાઠ મુદ્દલે નથી. શ્રી નીતિસૂરિજીના પાનામાં એ પાઠ દાખલ થયો છે. વળી એ પાનાના અને પુરાવામાં (પૃ. ૧૧)

P. P. Ac. Gunratnasuri M.S.   Jin Gun Aaradhak Trust

છપાયેલા અન્ય લખાણમાં ચે નોંધવાજોગ ફેરફાર થઈ ગયો છે. દ્રષ્ટાંત તરીકે પુરાવાની ચોપડીમાં “ इति तपागच्छीय श्री देववाचकोध्धृत पूर्वसूरिप्रणीत-सामाचारीगाथासमूहः कथितश्च भव्यात्मबोधाय देववाचकेन।” અર્થ–‘ઇતિ તપાગચ્છીય શ્રી દેવવાચકે ઉદ્ધરેલી પૂર્વસૂરિપ્રણીત સમાચારી ગાથાઓનો સમૂહ, અને ભવ્યાત્માના બોધને માટે દેવવાચકે કહ્યો છે.” આ. શ્રી નીતિસૂરિજીના પાનામાં સદર પંક્તિ આ પ્રમાણે છે–“ इति श्रीतपागच्छीयदेववाचकेनोध्धृतपूर्वाचार्यप्रणीतसामाचारीतो गाथासमूहः कृतश्च भव्यात्मबोधाय।” અર્થ–‘ઇતિ શ્રી તપાગચ્છીય દેવવાચકે પૂર્વાચાર્યપ્રણીત સામાચારીમાંથી ઉધ્ધરેલો ગાથાસમૂહ અને ભવ્યાત્માના બોધને માટે કર્યો છે.’ આ એક જ વાકયમાં કેટલો ભેદ કરાયો છે તે વાંચકો લીટી દોરેલા અક્ષરો ઉપરથી સ્વયં જોઇ શકશે. પુરાવાની ચોપડીમાં “ लिखितश्च स्वशिष्ययशोविजयेनायं पर्वतिथिनिर्णयः–” અર્થ–‘આ પર્વતિથિનિર્ણય દેવવાચકના શિષ્ય યશોવિજયે લખ્યો’ એવા અક્ષરો છે. શ્રી નીતિસૂરિજીના પાનામાં તે ઉડી ગયા છે. પુરાવાની ચોપડીમાં ‘ સં. ૧૫૭૭ વૈશાખ વદ ૯ ભૂમિજવાર’ ની મીતિ લખી છે. શ્રી નીતિસૂરિજીએ પ્રચારેલા પાનામાં ‘સં. ૧૫૭૭ માહ વદ ૧૩ ભાનુજવાર’ની લખી છે. શ્રી નીતિ-

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

સૂરિજીના પાનાની શરૂઆતમાં ગુજરાતી ભાષામાં 'તેમણે (આ. શ્રી આણંદવિમળસૂરિએ) વૃદ્ધસમાચારીમાંથી પાઠ કાઢ્યો,' એમ લખ્યું છે. અન્ત્યમાં સંસ્કૃત ભાષામાં 'શ્રી દેવવાચકે પૂર્વાચાર્યપ્રણીત સામાચારીમાંથી ઉધ્ધૃત કર્યાનું' તેમજ 'શ્રી આણંદવિમલસૂરિરાજ્યમાં શ્રી દેવવાચકે પર્વતિથિ નિર્ણય કર્યાનું' લખ્યું છે. આ પરસ્પર કેટલું વિરુદ્ધ છે, તે વાંચકો સ્વયં વિચારજો. શ્રી નીતિસૂરિજીના પાનામાં શરૂમાં ગુજરાતી લખાણનો જે પેરેગ્રાફ છે તે પુરાવાની ચોપડીમાં સુદ્દલે નથી. શ્રી નીતિસૂરિજીના પાનામાં અન્ત્ય લખાણમાં કશો સંબંધ નહિ છતાં "पर्युषणा सांवत्सरिकं चतुर्थ्यां स्थिरीकृतं "–' પર્યુષણા સંવત્સરી ચોથે સ્થિર કરી'-એમ લખ્યું છે. પુરાવાની ચોપડીમાં તે પાઠ છે જ નહિ. પાનું અને પુરાવાની ચોપડી બન્નેમાં આ પર્વતિથિનિર્ણય 'પુનમે પખ્ખિ પડિક્કમણું માનનારાઓના મતનું ઉચ્છેદન' કરવા માટે કર્યો. એમ લખ્યું છે, હવે વિચાર કરો કે આ નિર્ણય કરનારાઓએ તો બે પુનમની બે તેરસો કરીને ઊલટું પુનમે જ પખ્ખી પડિક્કમણું સ્થાપન કર્યું, કેમકે બે તેરસો કરવાથી ચૌદશ ખસી ગઈ અને પહેલી પુનમે તે માનવામાં આવી! આવો ઉટપટાંગ નિર્ણય પૂ. શ્રી આણંદવિમલસૂરિ કે દેવવાચક જેવા કેમ જ કરી શકે? એક જ વિષય અને વસ્તુને સ્પર્શતા પુરાવા અને પાનાના લેખમાં પરસ્પર

P. P. Ac. Gunratnasuri M.S.  Jin Gun Aaradhak Trust

આટલો તફાવત–વિરોધ થયો છે, તે બનાવનારાઓએ કાં તો ‘ આ જુદા જુદા લેખો છે ’ એવો જનતાના મગજમાં ખોટો ભ્રમ ઉત્પન્ન કરવા માટે કર્યો હશે.

૧૫૬૩–૭૭—

ઉપર પ્રમાણે ‘ શાસ્ત્રિય પુરાવા’ની ચોપડીમાં પૃ. ૧૦ માં નં. ૮ નો પુરાવો ‘ સં. ૧૫૭૭ ની સાલનો શ્રી દેવવાચકજી કૃત પર્વતિથિનિર્ણય ’ આપણે જોયો. પાછો એ જ ચોપડીમાં પૃ. ૫ માં નં. ૩ નો પુરાવો “ મહોપાધ્યાય શ્રી દેવવાચકજીનો ૧૫૬૩ ની સાલનો પર્વતિથિ નિર્ણય ” એ હેડીંગ નીચે શ્રી દેવવાચકજીના શિષ્ય શ્રી યશોવિજયજીનો જ લખેલો પ્રગટ કરવામાં આવ્યો છે. વાંચક મહશયો એ બેને મેળવી જોશે તો તેમાં પણ ઘણો તફાવત જોઈ શકશે. નં. ૮ ના પુરાવામાં જેટલી ગાથાઓ છે તેટલી નં. ૩ ના પુરાવામાં નથી. નં. ૩ ના પુરાવામાં “ पंडित मेरुविजयगणिभिः प्रोक्तं सामाचार्यां ”–‘સામાચારીમાં પં. મેરુવિજયગણિએ કહ્યું છે ’–એમ લખીને પાંચમની ક્ષયવૃદ્ધિએ ત્રીજની ક્ષયવૃદ્ધિ જણાવવા સારુ જે હકીકત લખી છે, તે નં. ૮ના પુરાવામાં બીલ્કુલ નથી. નં. ૩ ના અને બીજા પુરાવાઓમાં પણ “ अट्ठमी चाउद्दसी पुण्णिमा उद्दिट्ठा य, पव्वतिहीसु खओ न हविज्जइ”–‘ પર્વતિથિઓમાં આઠમ–ચૌદશ–પુનમ અને અમાવાસ્યા ક્ષય ન થાય,’ એવો જે પાઠ છે તેમાં

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

'આદિ' શબ્દ નથી. નં. ૮ ના પુરાવામાં એજ પાઠ " उद्दिट्ठपुण्णिमाइसु "–' અમાવાસ્યા પૂર્ણિમાદિ '–એ અક્ષરોમાં વિકૃત બની ' આદિ ' શબ્દવાળો બની ગયો છે. આ. શ્રી નીતિસૂરિજીના પાનામાં " आदिशब्दात् ज्ञानपंचमी..."—' આદિશબ્દથી જ્ઞાનપંચમી ' ઇત્યાદિ વધારાવાળો બની ગયો છે ! કેટલું આશ્ચર્ય ?! આ તે ૧૫૬૩ ના દેવવાચક ૧૫૭૭ માં બદલાઈ જઈને બોલે છે કે તેમના નામે અત્યારના કોઇ સં. ૧૯૯૦ સુધી નહિ બદલાયેલા સં. ૧૯૯૨ થી બદલાઈ જઈ બોલે છે, તે અમો સમજી શકતા નથી. આમ જોવા જઇએ તો તે કહેવાતા શાસ્ત્રિય પુરાવાઓમાં ભાષા વિગેરેના કેટલાયે ગોટાળા તરી આવે છે. તેને માટે અહિં વધારે સ્થાન રોકી વાંચકોને કંટાળો આપવો અમોને યોગ્ય જણાતો નથી. પં. શ્રી કલ્યાણવિજયજીએ આ પુરાવાઓને " જાલી દસ્તાવેજ " તરીકે ઓળખાવ્યા છે. તેઓ ' પોતાની પર્વતિથિ ચર્ચાસંગ્રહ ' નામની ચોપડીના પૃ. ૮૬ માં શ્રી સાગરાનન્દજી જેવાઓને મીઠો ઉપાલંભ આપતાં ચોખ્ખું લખે છે કે—

" તિથિચર્ચાને અંગે આવી આવી અનેક ગાથાઓ પક્ષવાદિઓએ લખી કાઢેલી જોવામાં આવે છે, કે જેના મૂલગ્રન્થનું નામ નથી, બનાવનારનું ખરું નામ નથી, કોઈ પણ પ્રામાણિક ગ્રન્થકારે તેનો પ્રમાણ તરીકે ઉપયોગ કર્યો નથી, છતાં

P. P. Ac. Gunratnasuri M.S.     Jin Gun Aaradhak Trust

આવી અપ્રમાણિક ગાથાનો અને લખાણોનો ઓઠો લેવો અને છપાવી પ્રચાર કરવો એ પ્રમાણિક માણસને તો શોભા આપનારું નથી જ."

સ્વ. મુનિશ્રી જનકવિજયજી પણ પોતાની બનાવેલી 'સાંવત્સરિક પર્વતિથિ વિચારણા' નામની ચોપડીમાં આ કહેવાતા શાસ્ત્રિય પુરાવાઓની અશાસ્ત્રિયતા સામે ગંભીર ફરિયાદ કરે છે. તેમણે એક ઠેકાણે (પૃ. ૬૬) લખ્યું છે કે—"દેવવાચક નામ પર દેવેન્દ્રસૂરિના નામવાળું ચીટકુ ચોડેલુ છે." એ જ પાનામાં બીજે ઠેકાણે એ પણ લખ્યું છે કે—" સંવત પર ચીટકુ હતું, ને નવો સંવત વિ૦ દાખલ કરેલ પરંતુ ચીટકુ ઉખેડતાં સંવત સ્પષ્ટ વંચાયેલ નથી."

વાંચકોને આટલા ઉપરથી આ કહેવાતા શાસ્ત્રિય પુરાવાઓની અશાસ્ત્રિય બનાવટનો અચ્છો ખ્યાલ આવી જશે.

## આ. શ્રી. આણંદવિમલસૂરિજીએ તિથિવૃદ્ધિ કબુલ રાખ્યાનો પુરાવો—

શ્રી સાગરજી વિગેરે પોતાના પુરાવામાં 'શ્રી આણંદવિમલસૂરિજીએ સં. ૧૫૭૬માં શ્રાવણ સુદ પુનમની વૃધ્ધિએ બે તેરસો કરી હોવાનું કહે છે.' એ હકીકતને ખૂદ આ. શ્રી આણંદવિમલસૂરિ મહારાજનો ૧૦ મો બોલ જ જુઠ્ઠી પાડે છે. જુઓ મુ.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

શ્રી. જનકવિજયજીકૃત 'સાંવત્સરિક પર્વતિથિ વિચારણાના' પૃ. ૧૨૦–૧૨૧ માં લખ્યું છે કે–

"સં. ૧૫૮૩ના જેઠ માસમાં પાટણ નગરમાં શ્રી સંઘના સમુદાયમાં દરેક મુનિવરોને પાળવા માટે 'સાધુમર્યાદાપટ્ટક' પરમપૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ આનંદવિમલસૂરીશ્વરજી મહારાજાએ લખેલ છે, જેનો ૯ મો બોલ આ પ્રમાણે છે–" **बीज, पांचम, आठम, ईग्यारिस, चउद्दस, अमावासी, पूनम, पर्व मास माहे १२ दिन विगइ म वहिरवी.** " આમ ફરમાવ્યા બાદ પૂજ્ય પ્રવર શ્રી ૧૦ મો બોલ ફરમાવે છે કે–"**तिथि वाधइ तिहां एग दिन विगइ न वहिरवी.**"

શ્રી સાગરજી આદિના જણાવવા પ્રમાણે જો તે આચાર્યમહારાજે ૧૫૭૬ માં બે પુનમને બદલે બે તેરસો કરી હોવાનું સત્ય હોત તો તે જ આચાર્ય ૧૫૮૩ માં તિથિવૃધ્ધિને કબૂલ રાખનારું તથા તેમાંની પહેલી તિથિને આરાધનામાં ફલ્ગુ ગણનારું ઉપલું ફરમાન કદી કરી શકત જ નહિં. આ ઉપરથી શ્રી સાગરાનન્દજીના "તિથિવૃધ્ધિ માનશો તો શું બે દિવસ આરાધના કરશો ? પહેલી તિથિ માનવા છતાં શું નહિ કરો ? 'ફલ્ગુ–ખોખાતિથિ–સાદી–અપર્વતિથિ' રૂપ ગણાવાના શબ્દો શાસ્ત્રમાં કયાં છે?" ઈત્યાદિ પ્રશ્નો કુટિલ કલ્પના જાલરૂપ આપોઆપ સિધ્ધ થઈ જાય છે.

**ખૂદ શ્રી સાગરજી મહારાજ આવાં પાનાં અને પુરાવાઓ માટે શ્રી સિદ્ધચક્રમાં શું કહે છે ?—**

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ઉપરોક્ત શાસ્ત્રિય પુરાવાઓમાં " **जैनागमानुसारेण एकापि पर्वतिथिर्न हीयते न च वर्द्धते**–'જૈનાગમાનુસારે એક પણ પર્વતિથિ ઘટતી નથી અને વધતી નથી.' (શા. પુ. પૃ. ૧) એમ લખે છે, તે શ્રી સાગરજીના મતથી પણ અશાસ્ત્રિય જ બીના છે, તે આપણે અહિં બીજા પ્રકરણમાં સ્વીકાર નં. ૧ માં આપેલા તેમના ૮૩૯મા પ્રશ્નોત્તરથી જોઈ જ ગયા છીએ. એવાં જ કારણો સર તેમણે સિદ્ધચક્ર વર્ષ ૪, અંક ૨૪ના પૃ. ૫૫૨ માં **"સંવત ૧૮૬૯નો નિયમ તો અશાસ્ત્રિય હોવા સાથે અસંબદ્ધ અને અનિયત છે ને તેથી ન મનાયો હોય,"** એમ જણાવ્યું છે. એ જ ન્યાયે આ શાસ્ત્રિય પુરાવાઓ પણ ઉપર જણાવી ગયા તેમ અશાસ્ત્રિય અને અસંબદ્ધ હકીકતોથી જ ભરપૂર છે, તેથી તેમના શબ્દોથી પણ તે અમાન્ય તરીકે જ સાબિત થાય છે. મજકુર શાસ્ત્રિય પુરાવાઓમાં " **आसाढकत्तियफग्गुणमासे, खओ पुण्णिमा होई । तासं खओ तेरसीए, भणिओ जिणवरिंदेहिं ॥** ( જુઓ. પુરાવો નં. ૧, પૃ. ૧, પુરાવો નં. ૨, પૃ. ૪. પુરાવો નં. ૩, પૃ. ૫. પુરાવો નં. ૫, પૃ. ૭. પુરાવો નં. ૭, પૃ. ૯. પુરાવો નં. ૮, પૃ. ૧૦. ) ગાથા કહેલી છે. એ ગાથાનો આધાર તેર બેસણાના ઠરાવમાં પણ લેવામાં આવ્યો છે. આ ગાથા આ. શ્રી કુલમંડનસૂરિજી અને તેમની સામાચારીના નામે ચઢાવાઇ છે. હવે **આ વસ્તુ પણ તદ્દન ગલત છે,** તે પં. શ્રી કલ્યાણ-

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

વિજયજીએ તો પોતાની 'પર્વતિથિ ચર્ચાસંગ્રહ' નામની ચોપડીના પૃ. ૨૬ માં નીચે પ્રમાણે જાહેર કરેલું છેઃ—

**" આમાં પ્રમાણ તરીકે ઉદ્ધરેલી ગાથા શ્રી કુલમંડનસૂરિજીના કોઈ ગ્રન્થમાં મળતી નથી."**

' શાસ્ત્રિય પુરાવા ' બહાર પાડવા પૂર્વે શ્રી સાગરજી પણ આ ગાથા માટે એક પ્રશ્નકારને શ્રી સિધ્ધચક્ર વર્ષ ૫, અંક ૨, પૃ. ૪૬માં તેવો જ ખુલાસો આપતાં ખુલ્લું જણાવે છે કે—

**"१ कत्तियआसाढफग्गुणमासे, खओ पुणिमा३ जइ होइ। तासं खओ तेरसीइ, भणिओ उ जिणवरिंदेहिं ॥ १ ॥** આ પ્રમાણે કાર્તિક, આષાઢ અને ફાગણ માસમાં જો પુનમનો ક્ષય હોય તો તેરસનો ક્ષય શ્રી જિનેશ્વરોએ કહેલો છે, એવા અર્થને જણાવનાર તમારી ગાથા છે. **પ્રાચીન નામવાલા ગ્રન્થની અંતર્ગત આ ગાથા જોવામાં તો નથી આવી.** "

## ' પ્રક્ષિપ્ત ગાથાઓ' માટે પણ શ્રી સાગરજીનો ઇકરાર—

શ્રી સાગરજીના જાહેર કરેલા ' શાસ્ત્રિય પુરાવાઓમાં ' દાખલ થયેલી ગાથાઓ પુનમીયા મતવાલાની છે, તે વીરશાસન તંત્રીકૃત સમીક્ષામાં આપણે સપ્રમાણ ઉપર જોઈ ગયા છીએ, શ્રી સાગરજી પણ એ વાતને કબૂલ રાખતા સિદ્ધચક્ર વર્ષ ૫, અંક ૫, પૃ. ૧૧૭ માં નીચે પ્રમાણે સાફ લખે છેઃ—

P. P. Ac. Gunratnasuri M.S.  Jin Gun Aaradhak Trust

" **तेरसि सहियं न पक्खियं होइ** એ ગાથા અને **એવી બીજી ગાથાઓ પુનમીયા મતવાલાએ કલ્પીને જ્યોતિષકરંડમાં ઘાલી દીધી છે."**

આ બીજી ગાથાઓ એટલે "શાસ્ત્રિય પુરાવામાં" જે દાખલ થયેલી છે તે આટલું બધું દિવા જેવું લખી જનારા સાગરજી પોતે જ પાછા કેવલ નિરાધાર અને પ્રક્ષિપ્ત અપ્રામાણિક ગાથાઓના સમૂહને 'શાસ્ત્રિય પુરાવાઓ' અને 'મતપત્રકો'નું નામ આપી કેમ પ્રગટ કરતા હશે, એ વિચારકોને એક પ્રશ્ન થશે. પણ તેનો ઉત્તર સીધો છે કે– "**पक्षमोहः खलु दुस्त्याज्यः**–" 'પક્ષમોહ ખરેખર દુસ્ત્યાજ્ય છે.' એ જ ભણેલાને ભુલાવે છે અને જાણીબુઝીને ખોટું કરાવે છે. તેમની આ પદ્ધતિનો અનુભવ આપણને તેમના સિદ્ધચક્ર વર્ષ ૫, અંક ૭; પૃ. ૧૫૫ ઉપરના નીચેના લખાણથી ખરેખરો થાય છેઃ—

"તિથિ ક્ષયવૃદ્ધિ વિચારના લખનાર તેર બેસણાં છે એ વાત યોગ્ય માની વર્તવું એ એક અજ્ઞાન છે. કેમકે તે લેખ પુનમની પકખી માનીને તેરસ સહિત પખ્ખી ન હોય એમ કહે છે. અને છઠ અને આઠમની માફક તેરસ અને પખ્ખી નો અંતર ગણાવે છે....પણ તે બેસાણાના લેખથી જ સાબીત થાય છે કે વિદ્વાનો પુનમના ક્ષયે તેરસે ચઉદશ અને ચઉદશે પુનમ કરતા હતા. એ હકીકતવાલી પ્રત છે, તે ઠીક છે"

આમાં સાગરજીએ 'તિથિક્ષયવૃદ્ધિ વિચાર'નું

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પાનું સ્વમતથી વિરુદ્ધ હોવાથી જે હેતુઓ આપી ઉડાવ્યું છે તે હેતુઓ તેમના ' શાસ્ત્રિય પુરાવા 'માં સમાન હોવા છતાં પોતાના કલ્પિત મતને તે પુષ્ટિકારક હોવાથી માન્ય રાખ્યા છે. અને તે જ અભિપ્રાયથી તેર બેસણાનો લેખ કે જે તેમણે ઉપર જ 'અશાસ્ત્રિય હોવા સાથે અસંબદ્ધ અને અનિયત અને તેથી જ અમાન્ય ' જાહેર કરેલો છે, તે જ હકીકતવાળી પ્રતને પાછી ' ઠીક ' હોવાનું લખ્યું છે !

આથી જ શાણી સમાજ તો એવા માયાવી પુરાવાઓ અને ગુલાંટી લેખોને જરાયે ન માની શકે તો તેમાં આશ્ચર્ય પામવા જેવું નથી જ.

**સં. ૧૮૭૦ નું જૈન પંચાંગ—**

વળી સં. ૧૮૭૦ ની સાલનું જૈન પંચાંગ આપણે જોઈએ. તેમાં શ્રાવણ વદ અમાસનો ક્ષય કરેલો છે, ભાદરવા સુદ ૪ બે આવી છે, આસો સુદ આઠમ બે છે, અને આસો સુદ ૧૫ નો ક્ષય છે. પં. શ્રી કલ્યાણવિજયજીની " પર્વતિથિ ચર્ચાસંગ્રહ " નામની ચોપડીના પૃ. ૩૨ માં આ પંચાંગ પૃષ્ઠોના અસલ પાનાંના ફોટા પણ વાંચકોની ખાત્રી માટે છપાવ્યા છે. ' શાસ્ત્રિય પુરાવા ' ઓની અસલ પ્રતો મેળવવા માટે પાટણ, અમદાવાદ, ખંભાત, ભાવનગરના જૂના જાહેર ભંડારોમાં અમે તપાસ કરાવી પણ તે ક્યાંય ન હોવાથી મળી નથી. સં. ૧૯૯૨ સુધી એવી પ્રતોનું

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

નામે સંભળાતું ન હતું. સં. ૧૯૯૩ માં અચાનક તે ફૂટી નીકળી છે. મુ. ભાવનગર, શેઠ ડોસાભાઈ અભેચંદના ભંડારમાં શ્રી દેવસૂરિકૃત **'યતિદિનચર્યા,'** પત્ર ૧૦૩, લખેલી સં. ૧૯૪૯, ડા. ૩૨, નં. ૪, ગ્રં. ૩૫૦૦ ની પ્રત અમે તપાસી જોઈ, તેમાં સવારની પ્રતિલેખન વિધિથી રાત્રિનિદ્રા—પ્રાભાતિક ભાવના—અને કાલગ્રહણ વિધિ—એ સઘળો અધિકાર છે, પરંતુ તિથિચર્યાનો અધિકાર મુદ્દલ નથી. **શ્રી આણંદવિમળસૂરિજલ્પ, દાનસૂરિજલ્પ, હીરસૂરિજલ્પ, હીરપ્રશ્ન, સેનપ્રશ્ન** આદિ મૂળ ગ્રન્થોમાં ક્યાંય પૂ. આ. શ્રી આણંદવિમલસૂરિએ બે પુનમો વિગેરેની બે તેરસો વિગેરે કર્યાનું અગર તેમ કરવા શ્રી સંઘને ફરમાવ્યાનું જરાયે લખ્યું નથી.

આ સર્વ ઉપર પણ જો શાંત ચિત્તથી જરા વિચાર કરવામાં આવશે તો ' સં. ૧૫૭૬માં આ. શ્રી આણંદવિમલસૂરિએ બે પુનમોની બે તેરસો કરી હતી, અને જૈનોમાં પર્વતિથિની ક્ષયવૃદ્ધિ મનાય જ નહિ તથા લખાય નહિ,' એમ કહેનારા શ્રી સાગરાનન્દજીના શાસ્ત્રિય પુરાવાઓ તદ્દન બીનપાયાદાર બોઘસ જ માલૂમ પડશે.

## એવા પુરાવાઓ નહિ માનવાનું પૂ. શ્રી સેનસૂરિજીનું ફરમાન—

ઉપર અનેક રીતે વિચારાયેલા ' શાસ્ત્રિય પુરાવાઓ ' કોઈ મૂળ ગ્રન્થમાં નથી. એ શાસ્ત્રિય પુરા-

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

વાઓમાં કહેલી વસ્તુ શાસ્ત્રોક્ત સિદ્ધાંત અને શ્રી તપગચ્છ સામાચારીને બાધકર્ત્તા છે. તેમાં આપેલી ગાથાઓ અંચલગચ્છીય માન્યતાની–પુનમીયા મતવાલી–અપ્રમાણિક–પ્રક્ષિપ્ત–જાહેર થયેલી છે. શ્રી સાગરજીના ઈકરારથી પણ એ વસ્તુ સિદ્ધ થઈ ચૂકી છે. સ. ૧૫૭૬ પછીની સાલના જૈનમાન્ય પંચાંગમાં પર્વતિથિની ક્ષયવૃદ્ધિ માન્ય રખાયેલી દ્રષ્ટિગોચર થાય છે. એટલે એવા પુરાવાઓ સત્યના અર્થીએ કદી માનવા જોઇએ નહિ. તે માટે શ્રી સેનસૂરિ મહારાજનું ફરમાન અત્રે ટાંકીને આ પ્રકરણ પૂરૂં કરીશું. પૂ. આ. શ્રી સેનસૂરિજી **સેનપ્રશ્ન** ત્રીજો ઉલ્લાસ પૃ. ૮૪, પ્રશ્નોત્તર ૩૪૧ માં નીચે પ્રમાણે ફરમાવે છેઃ—

"कर्मग्रन्थवृत्तौ 'जातिस्मरणमपि अतीतसंख्यातभवाऽवगमस्वरूपं मतिज्ञानमेवे' त्युक्तमस्ति," पुव्वभवा सो पिच्छइ, इक्कं दो तिन्नि जाव नवगं वा । उवरिं तस्स अविसओ, सहावओ जाइसरणस्स" ॥ १ ॥ इति गाथायां तु नवैव भवा जातिस्मरणस्य विषयस्तत्कथमिति प्रश्नोऽत्रोत्तरं–जातिस्मरणवान् आचाराङ्गवृत्याद्यभिप्रायेणातीतान् संख्यातान् भवान् पश्यतीति ज्ञायते, कर्मग्रन्थवृतावपि स एवाभिप्रायोऽस्ति । पुव्वभवा सो पिच्छइ' इयं गाथा तु छुटितपत्रस्था,न तु तथाविधग्रन्थस्था, तेन निर्णायिका न भवतीति ॥ ३४१ ॥"

**ભાવાર્થ**—'કર્મગ્રન્થ ટીકામાં ' અતીત સંખ્યાતા-

P. P. Ac. Gunratnasuri M.S.  Jin Gun Aaradhak Trust

ભવને જાણવા સ્વરૂપ જાતિસ્મરણ જ્ઞાન મતિજ્ઞાન જ છે,' એમ કહ્યું છે, જ્યારે 'એક, બે ત્રણ યાવત્ પૂર્વના નવ ભવ સુધી જાતિસ્મરણવાળો જુએ છે, એનાથી ઉપર તેનો સ્વભાવથી જ વિષય નથી'–આ ગાથામાં નવ ભવ જ જાતિસ્મરણનો વિષય કહેલા છે તેનું કેમ, એ પ્રશ્ન છે. તેનો અહિં ઉત્તર–આચારાંગ ટીકાદિ અભિપ્રાયથી જાતિસ્મરણવાળો પોતાના ગયા સંખ્યાતા ભવો જાણી શકે છે, કર્મગ્રન્થ ટીકામાં પણ એ જ અભિપ્રાય છે. નવભવ સુધીના જ જાતિસ્મરણને કહેવાવાળી '**पुव्वभवा'એ ગાથા છુટા પતરામાં છે, પણ તથા વિધ ગ્રન્થમાં નથી, તેથી તે નિશ્ચાયક નથી.**'

**બસ, શાસ્ત્રિય ' પુરાવાઓ ' પણ એ જ કોટિના હોવાથી તે નિશ્ચાયક નથી જ.** પ્રિય વાંચકો ! હવે આપણે ચોથા પ્રકરણમાં જઇએ, જેમાં તમોને તિથિ–આરાધન વિષયક પ્રમાણપુરઃસર સત્ય સિદ્ધાન્તનું દર્શન થશે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

## પ્રકરણ ચોથું.

# સિદ્ધાંત દર્શન.

પાછલના પ્રકરણોમાં વર્તમાન તિથ્યારાધનમાં ભદ્રિક જીવોને ભુલાવામાં નાખનારી 'શ્રી પૂજ્યો'ની કલ્પિત પરંપરાઓ, શ્રીમાન સાગરનન્દજીની પોતાની માનેલી–સ્વીકારેલી બાબતોથી વિરુદ્ધ માન્યતાઓ, અને શ્રી સાગરજીએ કાઢેલા 'શાસ્ત્રિય પુરાવાઓ'ની નરી પોકલતાનાં દર્શન આપણે કરી આવ્યા છીએ. ત્યારે તિથ્યારાધન કરવાનો સત્ય સિધ્ધાંત શો છે? તેનો હવે નિશ્ચય કરવો જરૂરી છે. આપણને તે સહેલાઇથી સુંદર રીતે યથાર્થ થઇ શકે તે માટે નીચેનાં પ્રમાણો વિચારોઃ—

### (૧) ઉદય તિથિનું પ્રમાણ—

જૈન શાસ્ત્રોમાં બીજ, પંચમી, અષ્ટમી આદિ પર્વતિથિઓ કહેલી છે. તારક તીર્થંકર પરમાત્માનાં કલ્યાણકો પણ જે દિવસે હોય તે દિવસો શ્રી **શ્રાદ્ધવિધિ** આદિ સૂત્રોના અભિપ્રાયથી પર્વતિથિરૂપ છે એટલે

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

બીજ, પંચમી આદિ તિથિઓ જેમ પર્વતિથિ રૂપે આરાધનીય છે તેમ કલ્યાણક તિથિઓ પણ પર્વતિથિ રૂપે આરાધનીય જ છે. ચૌદશ પાક્ષિક, અને યુગપ્રધાન શ્રી કાલિકસૂરિજીની આચરણાથી અષાઢાદિ ત્રણ ચૌદશો ચાતુર્માસી પર્વ પણ છે. ભાદરવા સુદ ૪ સંવત્સરી પર્વ છે. ચૌમાસી–સંવત્સરી–અને શાશ્વત ઓળીની એકંદર છ અષ્ટાહ્નિકા–અઠ્ઠાઈ પર્વ છે. પર્વતિથિઓને આરાધવાનું કારણ પણ શ્રી **શ્રાદ્ધવિધિ** પ્રમુખ ગ્રન્થોમાં દ્વિવિધધર્મ–જ્ઞાન આદિની વિશેષ આરાધના થાય અને આયુષ્ય બંધ પડે તો શુભ ગતિનું શુભ આયુષ્ય ઉપાર્જન કરી શકાય, તે જણાવ્યું છે. આ તિથિઓ ટીપણામાં જ્યોતિષના નિયમ પ્રમાણે એક સૂર્યોદય વાળી, બે સૂર્યોદયવાળી, અને સૂર્યોદય વિનાની પણ આવી શકે છે. એક સૂર્યોદયવાળીને ઉદયતિથિ કહેવાય છે, બે સૂર્યોદયવાળીને વૃધ્ધતિથિ કહેવાય છે, સૂર્યોદય વિનાની તિથિને ક્ષીણતિથિ કહેવાય છે. જૈનશાસ્ત્રના આધારે કાલની વૃધ્ધિહાનિ નથી, તો પણ કર્મમાસ સાથે ચંદ્રમાસ અને સૂર્યમાસનો ઉપચાર કરવાથી ક્ષીણત્વ વૃધ્ધત્વનો વ્યવહાર કરાય છે. જૈન ટીપણાં ઘણા કાળથી વિચ્છિન્ન થયેલાં છે. તિથ્યારાધન કે દીક્ષાદિક મંગલિક કાર્યો, સદીઓ પહેલાંથી, લૌકિક ટીપણાં જોઈને જ કરાય છે. તેમાં ઉદયપર્વતિથિ આવી હોય, કે ક્ષીણપર્વતિથિ આવી હોય, કે વૃધ્ધપર્વતિથિ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

આવી હોય ત્યારે તેની આરાધના કેમ કરવી એ માટે સુવિહિત જૈન પૂર્વાચાર્યોએ નિરપવાદ શાસ્ત્રપ્રમાણો નિયત કરેલાં છે. તેમાં ઉદયતિથિ ગ્રહણ કરવાનું પ્રમાણ આ રહ્યું. શ્રી શ્રાદ્ધવિધિ પૃ. ૧૫૨ માં લખ્યું છે કે—

" उदयंमि जा तिहि सा पमाणमिअरीइ कोरमाणीए ।
आणाभंगणवत्था मिच्छत्तविराहणं पावे ॥३॥ "

ભાવાર્થ—' ઉદયમાં જે તિથિ હોય તે પ્રમાણ છે. ઉદયતિથિ છોડીને અન્ય કરવામાં આવે તો શ્રી જિનાજ્ઞાનો ભંગ, એકે ખોટું કર્યું તે જોઇ બીજો ખોટું કરે તે જાતની અનવસ્થા, મિથ્યાત્વ, અને સંયમ તથા આત્માને હાનિ થવારૂપ વિરાધના દોષો લાગે. '.

આથી નક્કી થયું કે જે પર્વતિથિ આરાધવાની હોય તે જો થોડી પણ સૂર્યોદય વખતે મળતી હોય તો તે જ ગ્રહણ કરીને પૂજા, પચ્ચખાણ આદિમાં પ્રવર્તવું. તેનો અનાદર કરવાથી કિંવા તેને ફેરવવાથી આજ્ઞાભંગ, અનવસ્થા, મિથ્યાત્વ અને વિરાધના દોષો લાગે છે, માટે ઉદયતિથિનો અનાદર કિંવા તેનો પલટો કરી શકાય નહિ, છતાં તેવો અનાદર કે પલટો કરનારા આજ્ઞાભંગાદિ દોષોને જ સેવનારા છે, તે ચોખ્ખું સમજી શકાય તેવું છે. સંવત ૧૯૯૨ માં ભાદરવા સુદ ૪

P. P. Ac. Gunratnasuri M.S.  Jin Gun Aaradhak Trust

શનિવારે જ ઉદયતિથિ હતી. સં. ૧૯૯૩ માં ભાદરવા સુદ ૪ બુધવારે જ ઉદયતિથિ હતી. સંવત ૧૯૯૬ માં મહા વદ ૧૪ ગુરૂવારે જ ઉદય તિથિ હતી, અને **સંવત ૧૯૯૭ માં કારતક સુદ ૧૪ બુધવારે જ ઉદયતિથિ આવશે.** જિનાજ્ઞાના આરાધક આત્માઓએ શ્રી સનાતન તપગચ્છ સામાચારીને અનુસરી ચોથ ચૌદશ તે જ દિવસે કરી હતી અને કરશે, એ નિર્વિવાદ વાત છે.

## (૨) ક્ષય હોય ત્યારે પૂર્વતિથિમાં આરાધના કરવાનું પ્રમાણ—

જ્યારે ટીપણામાં પર્વતિથિનો ક્ષય હોય ત્યારે તેનું આરાધન કેમ કરવું તે માટે એ જ **શ્રીશ્રાદ્ધવિધિ** પૃ. ૧૫૨ માં ફરમાવે છે કે:—

**"उमास्वातिवचः प्रघोषश्चैवं श्रूयते–"क्षये पूर्वा तिथिः कार्या..."–ભાવાર્થ—'પૂ. શ્રી ઉમાસ્વાતિ મહારાજનો પ્રઘોષ આ પ્રમાણે સંભળાય છે કે—" ક્ષય હોય ત્યારે પૂર્વતિથિ કરવી."**

અહિં ' પૂર્વતિથિ કરવી એ' અક્ષરો પકડીને કેટલાક બળાત્કારે 'પર્વતિથિના ક્ષયે અપર્વતિથિનો ક્ષય કરવાનું ' કહે છે, પણ તે તેમની ભૂલ છે; કેમકે આમાં 'પૂર્વતિથિ કરવી ' એમ કહ્યું છે. ' અપર્વતિથિનો ક્ષય કરવો ' એમ કહ્યું નથી. એવો કલ્પિત અર્થ કરનારાઓને આપણે પૂછીએ છીએ કે પ્રઘોષ વાક્યમાં 'પૂર્વા'

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

શબ્દ છે. 'અપર્વ' શબ્દ કયાં છે? વળી 'તિથિ' પ્રથમા વિભક્ત્યન્ત છે. એમાં ષષ્ઠી વિભક્તિ કયાં છે? તેમજ પ્રઘોષકારને 'ક્ષય હોય ત્યારે અપર્વતિથિનો ક્ષય કરવો' એમ કહેવું જો ઇષ્ટ હોત તો જેમ 'પૂર્વા' શબ્દને બદલે 'અપર્વા' શબ્દ વાપરવો પડત, 'તિથિ' શબ્દ પ્રથમા વિભક્ત્યન્તને બદલે ષષ્ઠી વિભક્ત્યન્ત કરવો પડત, તેમ ક્ષય શબ્દ પુલ્લિંગ હોવાથી 'કાર્યા' કૃદંત પણ સ્ત્રીલિંગમાં મૂકી શકત નહિ, તે પણ પુલ્લિગમાં જ મૂકવું પડત. પણ આ વાકયમાં 'કાર્યા' સ્રીલીંગ પ્રયોગ કર્યો છે. પુલ્લિગ પ્રયોગ કયાં કર્યો છે? કદાગ્રહથી આજે એવો અર્થ કરનારાઓએ આ પ્રશ્નોનો વિચાર કર્યો નથી. અને તેથી જ સામે ખોટા પ્રશ્નો ઊભા કરે છે, તથા તેવો ક્ષય કરવાની કલ્પિત રીત ખોળી કાઢે છે. તેઓ કહે છે. કે 'ઉદય તિથિની ઘડીઓ ક્ષીણ તિથિમાં નાખવી એટલે ક્ષીણ તિથિ આખી બનશે, ઉદય તિથિ ક્ષીણ થઇ જશે, તે પણ જો પર્વતિથિ હોય તો તેની પહેલાંની અપર્વતિથિની ઘડીઓ તેમાં નાખવી, એટલે પૂર્વતર તિથિ ક્ષીણ બની જશે.' ખરેખર, આ તો ડાહ્યાને ગાંડા અને ભણેલાને ભોઠ બનાવનારી રીત છે. કોઇ દિવસ કોઇ એક તિથિની ઘડીઓ કોઇ બીજી તિથિમાં નાખી શકાતી જ નથી, કેમકે ગ્રહ-ચારથી નિયત થયેલો જ્યોતિષનો ક્રમ કોઇથી ફેરવી

P. P. Ac. Gunratnasuri M.S.   Jin Gun Aaradhak Trust

શકાતો નથી. જો કોઈ માણસ પોતાની સત્તાથી ઘોડાને ગધેડું બનાવી શકે કિંવા ગધેડાને ઘોડું બનાવી શકે તો તે ઉદય તિથિને ક્ષીણ અને ક્ષીણને ઉદયતિથિ બનાવી શકે ! પરંતુ જેમ તે થવું તદ્દન અશક્ય છે તેમ ઉદિતને અનુદિત તથા અનુદિતને ઉદિત કરવી તદ્દન અશક્ય જ છે. વાંચકો, એથી સમજી શકશે કે ' ક્ષય હોય ત્યારે તેની પ્હેલાની અપર્વતિથિનો ક્ષય કરવો, ' એવો અર્થ આ પ્રઘોષ વાક્યનો નથી.

ત્યારે ' પૂર્વતિથિ કરવી ' એટલે શું સમજવું ? પાછલ પ્રકરણ ૨ માં આપણે જોઇ ગયા છીએ કે ખુદ્ શ્રી સાગરજીએ પણ 'પૂર્વતિથિ કરવી' એટલે **' પર્વની તિથિને ક્ષયવાળી ગણવી અને પહેલાંની તિથિમાં ક્ષીણ તિથિની આરાધના કરવી '** એવો અર્થ કર્યો છે. તે જ ખરો છે. ( જુઓ પ્રકરણ ૨ જું. સ્વીકાર ૧૨મો. ) આથી નક્કી થયું કે પર્વતિથિનો ક્ષય થાય છે, તેની આરાધનાનો ક્ષય થતો નથી, પણ તેની વ્યવસ્થા એ રીતે કરાય છે કે–' જ્યારે પર્વતિથિનો ક્ષય હોય ત્યારે તેને બદલે બીજી કોઇ તિથિનો ક્ષય કરવો નહિ, કિન્તુ તેની આરાધના પૂર્વતિથિના દિવસે જ કરી લેવી; કેમકે તે દિવસે જ એનો ભોગવટો સંપૂર્ણ હોય છે. '

### (૩) પ્રથમા વિભક્ત્યન્તનો સપ્તમી વિભક્ત્યન્ત અર્થ થઇ શકવાનું પ્રમાણ—

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

શ્રી સાગરાનન્દજી 'क्षये पूर्वा तिथिः कार्या' એ વાકયમાં પ્રથમા વિભક્તિ છે, પણ સપ્તમી વિભક્તિ નથી, માટે 'ક્ષય હોય ત્યારે પહેલાંની તિથિમાં આરાધના કરવી' એવો અર્થ ન કરી શકાય, એમ હાલમાં કહે છે, પરંતુ તેમણે વ્યાકરણશાસ્ત્રનો "सुपां सुपः–" એટલે કે–'વિભક્તિઓના ઠેકાણે વિભક્તિઓ થાય છે,' એ નિયમનો વિચાર કર્યો જણાતો નથી. કારણ કે એ નિયમથી જરૂર સમજી શકાય તેવું છે કે–પૂ. શ્રી. ઉમાસ્વાતિ મહારાજના આ પ્રઘોષ વાક્યમાં પ્રથમા વિભક્તિનો પ્રયોગ સાતમી વિભક્તિના અર્થમાં થયો છે. તેથી એ અર્થને માન્ય કરનારા જ સાચા છે. સં. ૧૯૩૫ ઉદેપુરના ચોમાસામાં શ્રી સાગરાનન્દજીના ગુરુદેવ શ્રી ઝવેરસાગરજીએ પણ એ જ પ્રણાલિકા-પૂર્વકનો અર્થ કર્યો હતો, તે તેમના શબ્દોમાં જ તે વખતે પ્રગટ થયેલા હેન્ડબીલમાં આ રહ્યોઃ—

"जो तिथिनो क्षय होवे तो पूर्वतिथिमें करणो, जो वृद्धि होवे तो उत्तर तिथि लेगा.यदुक्तं क्षये पूर्वा तिथिः कार्या वृद्धौ कार्या तथोत्तरा." (પર્વતિથિ ચર્ચા સંગ્રહ, પૃ. ૪૨.)

આથી જોઇ શકાય છે કે क्षये पूर्वा० વાકયમાં પ્રથમા વિભક્તિ સપ્તમી વિભક્તિના અર્થમાં આવી છે, માટે તેનો અર્થ 'પૂર્વતિથિમાં' કરવો એ જ વ્યાજબી છે.

P. P. Ac. Gunratnasuri M.S.　　Jin Gun Aaradhak Trust

શ્રી તત્ત્વતરંગિણી પૃ. ૪માં લખ્યું છે કે–

" क्षीणाष्टमीकृत्यं सप्तम्यां क्रियमाणं "–ભાવાર્થ– ' સાતમમાં કરાતું ક્ષીણાષ્ટમીનું કૃત્ય. '

" क्रियतां नाम तर्हि चतुर्दशीकृत्यं त्रयोदश्यामपि"– ભાવાર્થ–'તો પછી ક્ષીણ ચૌદશનું કૃત્ય પણ તેરસમાં જ કરો.'

આ અને આવા બીજા અનેક દાખલાઓમાં ઠેર ઠેર શાસ્ત્રકારે क्षये पूर्वा૦નો અર્થ 'પૂર્વ તિથિમાં ક્ષીણ તિથિની આરાધના કરવા રૂપ ' સપ્તમ્યન્ત જ લીધો છે.

આજથી ૪૬ વર્ષો પૂર્વે પ્રસિદ્ધ થયેલી શ્રી '**જૈન સિદ્ધાંત સામાચારી**'માં તેના કર્તા પ્રવર્ત્તકજી મુનિ મહારાજ શ્રી કાન્તિવિજયજી તથા સ્વ. મુનિ મહારાજ શ્રી અમરવિજયજીએ પૃ. ૮૫માં આ પ્રઘોષ વાક્ય મૂકીને તેનો અર્થ સપ્તમ્યન્ત જ જાહેર કરેલો છે. તે અક્ષરો આ રહ્યાઃ–

" तिथिका क्षय होवे तो पहिली तिथिमें और वृद्धि होवे तो उत्तरकी तिथि. विषे धर्मकृत्य करणा."

શ્રી સાગરજીએ પણ પોતાની 'શાસ્ત્રિયપુરાવા'ની ચોપડી પૃ. ૧૭માં–

" सप्तम्यामेवाष्टम्यनुष्ठानमिति–પ.–૪.–સાતમમાં જ આઠમનું અનુષ્ઠાન– "

આ પ્રમાણે લખીને સપ્તમી વિભક્ત્યન્ત આરાધનાનો અર્થ જેવો અમે કરીએ છીએ તેવો જ તેમણે

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

અને શાસ્ત્રકારે કરેલો છે, એમ બાપોકાર જાહેર કરેલું છે. પાછળ પ્રકરણ ૨ માં જણાવેલા તેમના સ્વીકાર નં. (૨)માં જોશો તો તેમાં પણ તેમણે **"ક્ષય થતાં પૂર્વની તિથિમાં આરાધના"** અને **"વૃદ્ધિમાં ઉત્તર તિથિ"** એવા હેડીંગોથી સપ્રમ્યન્ત અર્થનો સ્વીકાર કરેલો જ છે.

## (૪) વૃદ્ધિ હોય ત્યારે બીજી તીથિએ આરાધના કરવાનું પ્રમાણ—

ટીપણામાં જ્યારે પર્વતિથિની વૃદ્ધિ હોય ત્યારે તેનું આરાધન કેમ કરવું, તે માટે **શ્રી શ્રાદ્ધવિધિ** પૃ. ૧૫૨ માં ફરમાવેલ શ્રી ઉમાસ્વાતિ મહારાજના ઉપરોક્ત પ્રઘોષ વાકયમાં જ લખ્યું છે કે—

"वृद्धौ कार्या तथोत्तरा।" ભાવાર્થ—'તે જ પ્રમાણે વૃદ્ધિ હોય ત્યારે ઉત્તરતિથિ કરવી.'

અહિં પણ કેટલાકો 'વૃદ્ધતિથિને બદલે તેની પહેલાંની અપર્વતિથિની વૃદ્ધિ કરવાનું કહે છે.' અને તે માટે 'વૃદ્ધ તિથિની ઘડીઓ પાછલી તિથિમાં નાખવી, તેમ કરવાથી પાછલી તિથિ વધશે, તે પણ જો પર્વતિથિ હોય તો તેની ઘડીઓ તેનાથી પણ પાછલની તિથિમાં નાખવી, એટલે તે વધશે,' એમ જણાવે છે. તેમની આ રીત કેવળ મનઃકલ્પિત છે. આગલની તિથિની ઘડીઓ પાછલની તિથિમાં નાખ-

P. P. Ac. Gunratnasuri M.S.  Jin Gun Aaradhak Trust

વાનું કહેનારને એ પણ વિચાર નથી આવ્યો કે 'પાછલની તિથિ તો નષ્ટ થઈ ગઈ છે.' જો નષ્ટ થઈ ગયેલી વસ્તુમાં કરેલું દાન પહોંચી શકતું હોય તો મરી ગયેલા પિતૃઓને પિંડ પહોંચાડવા સારુ શ્રાદ્ધકર્મ કરનારા ખરા જ ઠરે ! શું શ્રી સાગરાનન્દજીનો પક્ષ જૈનેતરોથી કરાતાં શ્રાદ્ધકર્મોને સત્ય માને છે ? જો નહિ, તો પછી આવી કલ્પિત ક્ષયવૃદ્ધિની જાલ શા માટે બીછાવાય છે ? સત્ય વસ્તુ એ છે કે નષ્ટ થયેલી તિથિની ઘડીઓ જેમ તેની પછીની તિથિને આપી શકાતી નથી, તેમ હૈયાત તિથિની ઘડીઓ નષ્ટ તિથિને પણ આપી શકાતી નથી જ. ત્યારે 'વૃદ્ધિ હોય ત્યારે ઉત્તરતિથિ કરવી' એનું તાત્પર્ય શું સમજવું ? એ જ કે–જે પર્વતિથિની વૃદ્ધિ થઇ હોય તેનું અનુષ્ઠાન પહેલે દિવસે નહિ કરવું, કિન્તુ બીજે દિવસે જ કરવું, કારણ કે તે દિવસે જ એ તિથિનો સૂર્યોદય સમાપ્તિવાળો થાય છે. પાછલ બીજા પ્રકરણમાં જણાવી ગયા છીએ તેમ શ્રી સાગરજી પણ આ વાતને કબૂલ રાખે છે. તેમણે લખ્યું છે કે—

"પૂર્વ સૂર્યોદયવાળી તિથિ કરતાં પરસૂર્યોદયવાળી તિથિ બલવત્તી ગણાવવાથી જ આગલી તિથિએ અનુષ્ઠાન થાય છે, સંપૂર્ણતા પણ તિથિની ઉત્તર દિવસે જ છે." ( જુઓ આ જ ગ્રન્થનું પ્રકરણ બીજું, સ્વી. ૨. )

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

આથી નક્કી થયું કે–' પર્વતિથિની વૃદ્ધિ થાય છે, વૃદ્ધિ થાય ત્યારે તે બે દિવસ સૂર્યોદયમાં આવે છે; પણ તેથી તેનું અનુષ્ઠાન જેમ બે દિવસ કરાતું નથી, તેમ તેને બદલે બીજી વૃદ્ધિ કરાતી નથી, પરંતુ તે તિથિ તરીકેનો પહેલો દિવસ ખાલી રાખીને બીજે દિવસે તેનું અનુષ્ઠાન કરાય છે, કારણ કે સદર તિથિની સમાપ્તિ તે દિવસે જ થાય છે.'

(૫) ઉપરોક્ત અર્થોને પુષ્ટ કરતું પ્રમાણ–

"तिहिवाए पुव्वतिही अहिआए उत्तरा य गहिअव्वा । हीणंपि पक्खियं पुण न पमाणं पुण्णमादिवसे ॥ ४ ॥ टीका–तिहिवाए–तिथिपाते–तिथिक्षये पूर्वैव तिथिर्ग्राह्या, अधिकायां च–वृद्धौ चोत्तरैव ग्राह्या–उपादेयेत्यर्थः ।"

( तत्त्वतरंगिणी, पृ. ३ )

ભાવાર્થ—'તિથિ ક્ષય હોય ત્યારે પહેલાની જ તિથિ ગ્રહણ કરવી, વૃદ્ધિ હોય ત્યારે બીજી જ તિથિ ગ્રહણ કરવી.'

આમાં પર્વતિથિની ક્ષયવૃદ્ધિ કબૂલ રાખવામાં આવી છે. અને તેની આરાધના ' ગ્રહણ કરવાનું ' કહીને કયે કયે દિવસે કરવી તે જણાવ્યું છે. એમાં જે 'જ'કાર વાપર્યો છે તે ઉપરથી કેટલાક એમ મનાવે છે કે– 'ઉપાધ્યાય ધર્મસાગરજીએ તત્ત્વતરંગિણીની આ ગાથામાં ક્ષયને બદલે ક્ષય અને વૃદ્ધિને બદલે વૃદ્ધિ કરવાનું કહ્યું છે,' પણ તે તેઓની ભ્રમણા છે. 'જ'કાર તો ખરતરગચ્છવાળાઓ ચૌદશના ક્ષયે પુનમે પખ્ખી

P. P. Ac. Gunratnasuri M.S.    Jin Gun Aaradhak Trust

કરે છે તેનો અને વૃદ્ધિમાં જેઓ પહેલી તિથિ માને છે તેમનો નિષેધ કરવા માટે વાપર્યો છે; માટે જ શ્રી ધર્મસાગરજીએ મૂલ ગાથામાં કહ્યું છે કે–"ક્ષીણ પાક્ષિક પણ પુનમે કરવું પ્રમાણ નથી." 'જ'કારથી તેમજ **क्षये पूर्वा** વાક્યથી 'ક્ષય કરવો' અને 'વૃદ્ધિ કરવી' એવો અર્થ જેઓ ઉપજાવે છે તેમના મતે તો પુનમનો ક્ષય હોય ત્યારે ચૌદશનો જ ક્ષય મનાશે, પરન્તુ તેનાથી યે પહેલાંની એટલે તેરસ તિથિનો ક્ષય માની શકાશે નહિ, અને વૃદ્ધિ હોય ત્યારે પછીની એટલે પુનમની વૃદ્ધિએ એકમ તિથિની જ વૃદ્ધિ માની શકાશે, કિન્તુ પૂર્વ પૂર્વતર એટલે ચૌદશ–તેરસની વૃદ્ધિ માની શકાશે નહિ, કારણ કે પ્રઘોષના તેમજ ઉપાધ્યાયજી-ના ટીકાવાકયમાં '**पूर्वा एव**' અને '**उत्तरा एव**' એવા જ અક્ષરો છે. આ અર્થ તેમને પણ અનિષ્ટ છે. એટલે '**क्षये पूर्वा**'નું તથા તત્ત્વતરંગિણીની ઉપરોક્ત ગાથાનું તાત્પર્ય એ જ છે કે '**ક્ષય હોય ત્યારે તેની આરાધના પૂર્વતિથિને દિવસે કરવી અને વૃદ્ધિ હોય ત્યારે તેની આરાધના બીજી તિથિના દિવસે કરવી.**'

## (૬) ક્ષય તિથિ હોય ત્યારે પૂર્વતિથિના પણ કરી શકાતા વ્યપદેશનું પ્રમાણ–

શ્રીમાન્ સાગરાનન્દજી, શ્રીતત્ત્વતરંગિણી પૃ. ૩ ગા. ૪ની ટીકામાંનું એક અડધું–અધૂરું–વાકય" **तत्र त्रयो-**

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

दर्शीतिव्यपदेशस्याप्यसंभवात् " ઉપાડીને એમ સમજાવે છે કે–'ચૌદશના ક્ષયે તેરસના નામનો પણ અસંભવ છે. માટે તેરસનો ક્ષય માનવો જોઇએ.' તેમની આ દલીલ હાર્યો જુગારી દાવ ફેંકે તેના જેવી છે. કારણ કે તેરસ કેમ ન કહેવાય તેનો હેતુ જણાવતાં તે પછીના જ વાક્યમાં શ્રી ધર્મસાગરજીએ લખ્યું છે કે–

" किन्तु प्रायश्चित्तादिविधौ चतुर्दश्येवेति व्यपदिश्यमानत्वात् । " ( त० तरं० पृ. ३ )

ભાવાર્થ–'પણ પ્રાયશ્ચિત્તાદિ વિધિમાં ચૌદશ જ કહેવાય છે માટે.'

આથી સ્પષ્ટ જણાય છે કે 'પ્રાયશ્ચિત્તાદિ વિધિમાં ચૌદશ કહેવાનું' શ્રી ધર્મસાગરજીએ ફરમાવ્યું છે, લૌકિક વિધિમાં તો ઉદયતિથિ તેરસ હોવાથી તેને તેરસ કહેવાય, તેમાં તેમણે વાંધો ઉઠાવ્યો નથી. આ જ વસ્તુના વિશેષ સ્પષ્ટીકરણ માટે એ જ ગ્રન્થકારનાં (ઉ. શ્રી ધર્મસાગરજીનાં) નીચેનાં પ્રમાણો વાંચો–

" अह जइ कहवि न लब्भंति ताओ सूरुग्गमेण जुत्ताओ । ता अवरविद्ध अवरा वि हुज्ज न हु पुव्व तव्विद्धा ॥ " ( त० त० पृ० ३ )

ભાવાર્થ–'હવે જો કદાપિ સૂર્યોદયથી યુક્ત પર્વતિથિઓ ન મળે તો ક્ષીણ તિથિ યુક્ત પૂર્વની તિથિ ક્ષીણ તિથિની સંજ્ઞાવાળી પણ બને છે, **ક્ષીણ તિથિ યુક્ત પૂર્વની તિથિ**

P. P. Ac. Gunratnasuri M.S.　　　Jin Gun Aaradhak Trust

**પૂર્વ તિથિના નામવાળી જ રહે એમ નહિ, પણ તે ક્ષીણ તીથિની સંજ્ઞાવાળી પણ બને છે.'**

આ જ અર્થને સૂચવતો ખુદ શ્રી ધર્મસાગરજીએ કરેલી ટીકાનો પાઠ, કે જે શ્રીમાન્ સાગરાનન્દજીએ પોતાની મુદ્રિત તત્ત્વતરંગિણી પ્રતમાં નથી આપ્યો, પણ અમે તેના વિશિષ્ટ વિવેચનાત્મક અનુવાદ **'શ્રી પર્વતિથિ-પ્રકાશ'** પૃ. ૨૩ માં અક્ષરશઃ આપેલો છે, તે આ રહ્યો—

" **अथ यदि कथमपि 'ताः'–पूर्वोक्ताः 'सूर्योद्गमेन युक्ताः' अवाप्तसूर्योदया इति यावत्, न लभ्यन्ते 'ता'–तर्हि 'अवरविद्ध' त्ति–अपरविद्धा क्षीणतिथिभिर्विद्धा–अर्थात्प्राचीनास्तिथयः 'अपरा अवि'–क्षीणतिथिसंज्ञिका अपि, प्राकृतत्वाद्बह्वर्थे एकवचनं, 'हुज्ज'त्ति भवेयुः। व्यतिरेकमाह 'न हु' त्ति–हुरेवार्थे व्यवहितः सम्बध्यते, तद्विद्धाः सत्यो न पूर्वा एव–पूर्वातिथिनाम्न्य एव भवेयुः किन्तु उत्तरसंज्ञिका अपीति भावः।** "

અહિં ધ્યાનમાં રહે કે વ્યવહારમાં સૂર્યોદયવાળી તિથિ જ બોલાય છે, તે નિયમ માન્ય રાખીને આરાધનામાં બળવતી ક્ષીણ તિથિનો વ્યપદેશ કરવાનું વિધાન ' પણ ' શબ્દથી બતાવવામાં આવ્યું છે. **એટલે પૂર્વ તિથિનો વ્યપદેશ કરાય તેમાં તો શંકા જ નથી.**

આના ઉપર શંકાસમાધાન કરતાં ઉ. શ્રી ધર્મસાગરજી એજ શ્રી તત્ત્વતરંગિણી પૃ. ૩ માં આ પ્રમાણે લખે છેઃ—

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

" न च प्राक् चतुर्दश्येवेत्युक्तम् अत्र तु ' अवराबी'-त्यनेन अपि शब्दादन्यसंज्ञापि गृह्यते, तत्कथं न विरोध इति वाच्यं, प्रायश्चित्तादिविधावित्युक्तत्वात्, गौण-मुख्यभेदात् मुख्यतया चतुर्दश्या एव व्यपदेशो युक्त इत्यभिप्रायेणोक्तत्वाद्वा । "

ભાવાર્થ—"પહેલાં તો તમે ચૌદશના ક્ષયે તેરસને તેરસ કહેવાય જ નહિ, ચૌદશ જ કહેવાય એમ કહી ગયા અને અહિં તો ' બીજી પણ ' એમાં પડેલા ' પણ ' શબ્દથી ચૌદશ પણ કહેવાય અને ' તેરસ ' પણ કહેવાય, એમ જણાવ્યું, તો વિરોધ કેમ નહિ આવે ? ' એવી શંકા કરવી નહિ. કારણ કે ' તેરસ કહેવાય જ નહિ અને ચૌદશ જ કહેવાય ' એવું અમે પહેલાં જે કહ્યું તે પ્રાયશ્ચિત્તાદિ વિધિમાં કહ્યું છે, અથવા ગૌણ મુખ્યના ભેદથી તેરસને દિવસે ચૌદશનો જ વ્યપદેશ કરવો યોગ્ય છે એ અભિપ્રાયથી કહ્યું છે. '

આ શંકા સમાધાન શું સિધ્ધ કરે છે ? એ જ કે ' તેરસનો વ્યપદેશ સર્વથા ઉડાવાતો નથી અને ઉડાવ્યો પણ નથી. ' હજી આગળ.

તત્ત્વતરંગિણી પૃ. ૨૮ માં નીચે પ્રમાણે લખ્યું છે—

"क्षीणाष्टमीपौषधस्यापर्वरूपसप्तम्यां क्रियमाणत्वे-नाङ्गीकारस्यापलपितुमशक्तेः ।" ભાવાર્થ–' ક્ષીણ આઠમનો પૌષધ અપર્વરૂપ સાતમમાં તમે કરો છો, તેનો અપલાપ થઇ શકશે નહિ. '

આ પંક્તિનો અર્થ કરતાં શ્રીમાન સાગરાનન્દજી-

P. P. Ac. Gunratnasuri M.S.　　Jin Gun Aaradhak Trust

એ પણ શાસ્ત્રિય પુરાવાની ચોપડી પૃ. ૨૪માં સ્વમુખે કબૂલ્યું છે કેઃ—

**"આ સ્થાને ઉદયની અપેક્ષાએ 'સપ્તમી' એમ કહ્યું છે."**

ત્યારે સાતમ, આઠમ આદિ ભેગાં લખનારા ઉદયની અપેક્ષાએ સાતમ અને આરાધનાની અપેક્ષાએ આઠમ આદિ જણાવે છે તેમાં ખોટું શું છે? 'તેરસને તેરસ કહેવાય જ નહિ' એમ કહેનારા શ્રી સાગરજી ઉદયની અપેક્ષાએ 'સાતમ' 'તેરસ' આદિ કહેવાય એમ કબૂલ પણ કરે છે. એટલે હવે પર્વતિથિના ક્ષયે તેની પૂર્વની અપર્વતિથિનો ક્ષય કરી નાખવાની વાત તેમની પોતાની કબૂલાતથી પણ કેવલ પોકળ જ ઠરે છે.

## (૭) એક જ દિવસે બે તિથિઓના અસ્તિત્વનું પ્રમાણ—

એક જ દિવસમાં તેરસ ચૌદશ ઉભયની સ્થિતિ સમજાવતાં ઉ. શ્રી ધર્મસાગરજી તત્ત્વતરંગિણી પૃ. ૬ માં લખે છે કે—

**"न हि घटपटवति भूतले घटपटौ स्त इति ज्ञानं कनककरत्नमयकुण्डले (वा) कनकरत्नज्ञानं भ्रान्तं भवितुमर्हति ।"**

**ભાવાર્થ**—'ઘડા અને વસ્ત્રવાળી જમીન ઉપર' ઘડો અને વસ્ત્ર છે' એ જ્ઞાન અથવા સોના અને રત્નમય કુંડલમાં 'સોનું અને રત્ન છે' એ જ્ઞાન ભ્રાન્તવાળું કદી બની શકતું નથી.'

એ જ વસ્તુને ઘટાવતાં ગ્રન્થકાર પોતે જ પુનઃ લખે છે કે—

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

" एवमेकस्मिन्नेव रव्यादिवारलक्षणे वासरे द्वयोरपि तिथ्योः समाप्तत्वेन विद्यमानत्वात् "

ભાવાર્થ—' એ જ પ્રમાણે એક જ રવિવાર આદિ દિવસે તેરસ ચૌદશ બન્ને તિથિઓ સમાપ્ત થયેલી હોવાથી 'તેરસે છે અને ચૌદશે છે. '

આથી સમજાશે કે એક જ દિવસે બન્ને તિથિઓનું અસ્તિત્વ સિદ્ધ છતાં સ્વમતિકલ્પનાથી એક તિથિને ઉડાવી દેવી તે કેવલ મિથ્યા જ છે.

તત્ત્વતરંગિણી પૃ. ૭ માં શ્રી ધર્મસાગરજી લખે છે કે—

" कारणविशेषमन्तरेण तत्र त्रयोदशीति व्यपदेशशङ्कापि न विधेया। " ભાવાર્થ—' ચૌદશના ક્ષયે કારણ વિશેષ વિના તે તેરસ છે એવી શંકા પણ ન કરવી. '

આમ લખીને તેઓ એમ સમજાવે છે કે કારણવિશેષે તો તે ' તેરસ ' કહેવાય જ છે. આ વાતને સ્પષ્ટ કરતા ગ્રન્થકારશ્રી એ જ પૃષ્ઠમાં નીચે પ્રમાણે લખે છેઃ—

" एवं त्रुटिततिथिसंयुक्ता तिथिः कारणविशेषे ह्युपयोगिनी भवन्त्यपि न पुनर्बलवत्कार्यं विहाय स्वकार्यस्यैवोपयोगिनी। "

ભાવાર્થ—' એવી રીતે ક્ષીણ તિથિ યુક્ત તિથિ કારણવિશેષે ઉપયોગી બનવા છતાં બલવાન કાર્યને છોડી પોતાના જ કાર્ય માટે તે ઉપયોગી બની શકતી નથી '

P. P. Ac. Gunratnasuri M.S.    Jin Gun Aaradhak Trust

અર્થાત્ કારણવિશેષે પૂર્વતિથિનો વ્યપદેશ કરાય છે, અને બલવાન કાર્યમાં તેનો સ્વીકાર કરાય છે.

આમાંથી 'ગૌણ મુખ્ય' ન્યાયની સમજુતી આપણને મળી રહે છે. તેરસ ચૌદશ ભેગાં હોય ત્યારે ચૌદશ પ્રધાન હોવાથી આરાધનમાં મુખ્ય વ્યપદેશ ચૌદશનો થાય છે, તેરસનો વ્યપદેશ તેની આગળ ગૌણ બને છે, અને તેના અનુષ્ઠાનનો ચૌદશના અનુષ્ઠાનમાં અન્તર્ભાવ થાય છે. ચૌદશ પુનમ ભેગાં હોય ત્યારે પુનમ કરતાં ચૌદશ જ પ્રધાન હોવાથી વ્યવહારમાં અને આરાધનામાં પણ મુખ્ય વ્યપદેશ ચૌદસનો જ થાય છે, પૂર્ણિમા ગૌણપણે વ્યપદેશથી અને અનુષ્ઠાનથી તેમાં સમાઈ જાય છે. આ વાતને દૃષ્ટાંતપૂર્વક સ્પષ્ટ કરતા તેમના અક્ષરો આ રહ્યા—

"न च पुनस्ताम्राद्योनां मूल्यं ददाति प्रतीच्छति वेति गम्यं, अल्पमूल्यत्वेन तदन्तर्गतत्वात् ।" ( पृ. ७ )

ભાવાર્થ:—'રત્ન અને ત્રાંબુ ભેગું હોય ત્યારે ત્રાંબાનું મૂલ્ય કોઇ જુદું આપતું કે લેતું નથી, કારણ કે ત્રાંબુ અલ્પ મૂલ્ય હોવાથી રત્નના મૂલ્યમાં તેનું મૂલ્ય સમાઈ જ ગયેલું છે.'

અહિં રત્ન તુલ્ય ચતુર્દશી છે. ત્રાંબા તુલ્ય તેરસ તથા ક્ષીણ પુર્ણિમા છે.

## (૮) શ્રી સાગરજી પણ આ વાત સ્વીકારે છે, તેનું પ્રમાણ—

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

શ્રી સિદ્ધચક્ર વર્ષ ૫. અંક ૧૧. પૃ. ૨૫૯માં શ્રી સાગરાનન્દજી લખે છે કે–

"વિશેષ કારણે પણ ઉદયવાળી તેરસ હોય છતાં તેને તાંબા સમાન ગણી કિંમતમાં હિસાબ વગરની જણાવી છે".

અંક ૧૨ ના પૃ. ૨૮૩ માં તેઓ પુનઃ પણ જાહેર કરે છે કે–

"વિશેષ કારણે જ તે ગણાય. અને ચૌદશ સોના જેવી ગણી તેરસ તાંબા જેવી ગણી તેની કિંમત જ ગણવાની ના કહી છે."

શ્રીમાન સાગરાનન્દજીએ આમાં વિશેષ કારણે સંયુક્ત તિથિઓમાં તેરસ વિગેરેને ઉદયવાળી તથા તેનો વ્યપદેશ પણ કબુલ રાખ્યો છે, અને ગૌણ હોય તેનું મૂલ્ય મુખ્યમાં સમાઇ જતું હોવાનો પણ સ્વીકાર કર્યો છે. વાંચકો આથી સમજી શકશે કે 'તેરસને તેરસ કહેવાય જ નહિ' એવો બુમાટો મારી ઉદયવાળી તેરસ આદિનો ક્ષય જ મનાવવાનો તેમનો આગ્રહ તેમના પોતાના લખાણથીયે વિચારકોને ન સ્વીકારી શકાય તેવો જ ઠરે છે.

## (૯) ભેગી તિથિઓના સ્વીકારનું પ્રમાણ—

શાસ્ત્રિય પદ્ધતિથી આજે પંચાંગમાં ક્ષયપ્રસંગે એકમ બીજ આદિ ભેગાં લખનારાઓની શ્રી સાગરજી કડક ટીકા કરે છે, પરંતુ તેઓ પોતે જ તા.

P. P. Ac. Gunratnasuri M.S.  Jin Gun Aaradhak Trust

૨૫–૨–૩૭ ના સિદ્ધચક્રમાં (વર્ષ ૫, અંક-૯–૧૦) પૃ. ૨૧૧ માં દીવા જેવું લખે છે કે—

"લૌકિક હિસાબે ભાદરવા વદિ એકમ અને બીજ ભેળાં હોય, અને પછી દરેક બબ્બે માસે ત્રીજ ચોથ ભેળાં, પાંચમ છઠ ભેળાં, એમ અનુક્રમે હોય. અને શ્રી જૈન શાસ્ત્રોના હિસાબે **આસો વદિ એકમ બીજ ભેળાં**, આગલ તેનાથી બબ્બે માસે ત્રીજ ચોથ ભેળાં, પાંચમ છઠ ભેળાં થાય અને એમ આગળ પણ લેવું."

સાગરજીના ગુરુજી શ્રી ઝવેરસાગરજીએ પણ, '**एकमदुज मेली करणी**' એ શબ્દોમાં, આપણે આ પુસ્તકના પ્રકરણ ૧ માં જોઈ ગયા છીએ તેમ, ભેળી તિથિઓનો સ્વીકાર જણાવ્યો છે.

પાછલ પ્રકરણ ૧ માં પ્રગટ કરેલા પં. શ્રી ગંભીરવિજયજીના પત્રમાં સં. ૧૯૫૨ માં ભાદરવા શુદ ૫ નો ક્ષય હતો ત્યારે શા. કુંવરજી આણંદજી હસ્તક નીકલતા પંચાંગમાં "**સભાવાલાએ ચોથ પાંચમ ભેગા છાપ્યા**" હતાનો ઉલ્લેખ પણ આપણે આ પુસ્તકમાં વાંચી જ ગયા છીએ.

કલ્યાણક તિથિઓના ક્ષયપ્રસંગે જૈન ધર્મ પ્રસારક સભા વિગેરેનાં પંચાંગોમાં પણ તેનાથી પૂર્વની તિથિનો ક્ષય લખાતો નથી, એ પણ તેઓએ ભેળી તિથિઓનો એક રીતે કરેલો સ્વીકાર જ છે. ચૌદશનો ક્ષય હોય ત્યારે તેરસને બારસમાં ખસેડી ચૌદશ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

લખવી અને કલ્યાણક તેરસનો ક્ષય હોય ત્યારે બારસને અગીયારસમાં નહિ ખસેડતાં તેરસનો ક્ષય લખી બારસ તેરસ ભેગાં જણાવવાં, એ તો ખરતરગચ્છીઓ જે આઠમના ક્ષયે તેની આરાધના સાતમે સ્વીકારે અને ચૌદશના ક્ષયે તેની આરાધના તેરસે ન સ્વીકારે, તેના જેવો અર્ધજરતી ય ન્યાય છે, કે જે પકડી રાખવો સુજ્ઞોને બીલકુલ શોભતો નથી.

## (૧૦) ભેગી થતી બે પર્વતિથિઓની એક જ દિવસે આરાધના કરવાનું પ્રમાણ—

શ્રી તત્ત્વતરંગિણી પૃ. ૫ માં ઉ. શ્રી ધર્મસાગરજી ફરમાવે છે કે—

**" नन्वेवं पौर्णमासीक्षये भवतामपि का गतिरिति चेत्, अहो विचारचातुरी, यतस्तत्र चतुर्दश्यां द्वयोरपि विद्यमानत्वेन तस्या अप्याराधनं जातमेवेति । "**

**ભાવાર્થ**—' પુનમના ક્ષયે તમે શું કરશો ? એમ જો તમે પૂછતા હો તો, વાહ ! તમારી વિચારચતુરાઇ ! કારણ કે ચૌદશના દિવસે ચૌદશ પુનમ બન્ને વિદ્યમાન હોવાથી અમારે તો પુનમની પણ આરાધના ચૌદશ ભેગી થઇ જ જાય છે.'

આ શંકા સમાધાનમાં શાસ્ત્રકારે પુનમના ક્ષયે તેરસનો ક્ષય કરવાનું કહ્યું નથી કિન્તુ **ચૌદશ પુનમની ભેગી જ આરાધના બતાવી છે.** એક જ દિવસે બન્ને તિથિઓ સમાપ્ત થતી હોવાથી બન્નેનું

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

આરાધન તે એક જ દિવસે મનાવું જોઇએ, તે માટે ગ્રન્થકારશ્રી પૃ. ૬ માં લખે છે કે—

" या तिथिर्यस्मिन्नैवादित्यादिवारलक्षणे दिने समाप्यते स दिनस्तत्तिथित्वेन स्वीकार्यः ।" ભાવાર્થ—' જે તિથિ જે રવિવારાદિ દિવસે સમાપ્ત થતી હોય તે દિવસ તે તિથિરૂપે સ્વીકારવો જોઇએ. '

આથી દેખીતું છે કે એક દિવસે જો બે પર્વતિથિઓ સમાપ્ત થતી હોય તો બન્નેનું આરાધન તે એક જ દિવસે થઈ જાય છે. આ વિષે વિશેષ શંકા સમાધાન કરતાં એ જ પૃષ્ઠમાં ઉપાધ્યાયજી લખે છે કે—

" अथानन्तर्यस्थितासु द्वित्रादिकल्याणतिथिषु किमेकस्मिन्नेवाङ्गिक्रियते इति चेत्....अस्माकमग्रेतनकल्याणकतिथिपाते प्राचीनकल्याणकतिथौ द्वयोरपि विद्यमानत्वादिष्टापत्तिरेवोत्तरम् । "

ભાવાર્થ—' જોડાજોડ આવેલી બે ત્રણ કલ્યાણકતિથિઓમાં ક્ષય હોય ત્યારે શું તમે એમ જ–એક દિવસમાં એની આરાધના–માનો છો ? આ શંકાના ઉત્તરમાં જણાવવાનું કે અમારે તો આગલી કલ્યાણકતિથિ પડી હોય ત્યારે પૂર્વ કલ્યાણકતિથિમાં તે બન્ને તિથિઓ હોવાથી ઇષ્ટાપત્તિ એ જ અમારો ઉત્તર છે. '

क्षये पूर्वा૦ના અર્થમાં શ્રી સાગરજી ' પ્રથમા વિભક્તિ છે, સપ્તમી નથી,' એવી મિથ્યા તકરાર કરે છે, તેઓ જોઈ શકશે કે તે પ્રઘોષ વાકયના આધારે જ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

આરાધનાને પ્રમાણિત કરનારા તેમના પૂર્વજ શ્રી ધર્મસાગરજી અહિં પણ 'पूर्वा तिथिः' એ પ્રથમાવિભકત્યન્ત પદનો ભાવાર્થ 'प्राचीन कल्याणकतिथौ' એ સપ્તમી વિભક્ત્યન્ત પદથી જણાવે છે. અને તે રીતે પૂર્વતિથિમાં જો તે ભેગી થયેલી બન્ને પર્વતિથિઓ હોય તો તે બન્નેની આરાધના તે એક જ દિવસે કરવાનું ફરમાવે છે.

તત્ત્વતરંગિણી પૃ. ૧૩, ગા. ૧૮ ની ટીકામાં શ્રી ધર્મસાગરજી દૃષ્ટાંતપૂર્વક આ વાતને સ્પષ્ટ કરતા લખે છે કે—

"एवं क्षीणतिथावपि कार्यद्वयमद्य कृतवानहमित्यादयो दृष्टान्ताः स्वयमूह्याः"—ભાવાર્થ—'એ જ પ્રમાણે ક્ષીણતિથિ એટલે ભેગી થતી બે પર્વતિથિના પ્રસંગે પણ 'આજે મેં બે કાર્યો કર્યાં,' ઇત્યાદિ દૃષ્ટાન્તો તમારે સ્વયં વિચારી લેવાં.'

શ્રી ધર્મસાગરજીનું આ લખાણ સ્પષ્ટ બતાવી આપે છે કે **'આજે મેં બે કાર્યો કર્યાં' એ દૃષ્ટાંતથી ક્ષયપ્રસંગે ચૌદશ પૂનમ આદિ બન્ને પર્વતિથિઓની એક જ દિવસે આરાધના કરી લેવાય છે.**

## પચ્ચખ્ખાણ વિષે શંકાસમાધાન

શ્રી સાગરાનન્દજી અહિં એવી મતલબની શંકા કરે છે કે—

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

' તેરસ ચૌદશ ભેગાં કરાય તો ચૌદશનાં પચ્ચખ્ખાણ સવારથી શી રીતે થશે ? ચૌદશ પુનમ ભેગાં કરાય તો પુનમનાં પચ્ચખ્ખાણ ક્યાં ઊડી જશે ?' ઇત્યાદિ.

આનું સમાધાન અમે તેમના જ લેખથી આપીએ છીએ. શ્રી સિદ્ધચક્ર વર્ષ ૪. અંક ૪. પૃ. ૯૫ માં તેમણે નીચે પ્રમાણે લખ્યું છે—

**" ક્ષયને સ્થાને સૂર્યોદયવાળી તિથિ લેવી એમ કોઇ પણ બુદ્ધિમાન કહી શકે નહિ. પર્વના ક્ષય વખતે તો માત્ર તે પર્વતિથિનો ભોગવટો જ લેવાય, ને તેથી જ ક્ષયે પૂર્વાતિથિ: કાર્યા એમ કહેવાય છે. "**

વાંચકો ધ્યાન રાખે કે આમાં તેમણે ક્ષીણ-તિથિના સૂર્યોદયની આવશ્યકતા માની નથી અને ક્ષયે પૂર્વા૦ ના નિયમથી સૂર્યોદય વિના પણ પ્રાતઃ-કાળથી જ આરાધ્ય તિથિનાં પચ્ચખ્ખાણ કરી શકાય, એમ ધ્વનિત કર્યું છે.

**શ્રી પ્રવચનપરીક્ષા** પૃ. ૪૧૨ માં ફરમાવ્યું છે કે—

**" त्रयोदश्यां द्वयोरपि तिथ्योः समाप्तत्वेन चतुर्दश्या अपि समाप्तिसूचकः स सूर्योदयः संपन्न एव । "**

**ભાવાર્થ**—' તેરસે બન્ને તિથિઓની સમાપ્તિ થયેલી હોવાથી **તેરસનો સૂર્યોદય ચૌદશની પણ સમાપ્તિને સૂચવનારો થયો જ છે. "**

આથી પણ સિદ્ધ થાય છે કે ક્ષીણતિથિના સ્વતંત્ર સૂર્યોદયની અપેક્ષા રહેતી નથી. પૂર્વ તિથિનો

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

સૂર્યોદય જ તેની પણ સમાપ્તિનો સૂચક બનતો હોવાથી બેમાંથી જે પ્રધાન હોય તેનાં પચ્ચખ્ખાણ પ્રાતઃકાળથી કરી જ શકાય છે. ગૌણ હોય તેનું અનુષ્ઠાન પ્રધાનના અનુષ્ઠાન ભેગું અન્તર્ભૂત થઈ જાય છે. તે આપણે ઉપર શ્રી તત્ત્વતરંગિણીના પ્રમાણથી જોઈ જ ગયા છીએ, એટલે તેનું આરાધન ઊડી જવાની શંકા કરવી ગેરવ્યાજબી છે. હવે એક દિવસમાં બે તિથિનો તપ વિગેરે ન થાય તો તે જુદો પણ કરી લેવા માટે શાસ્ત્રકાર નીચેનું પ્રમાણ આપે જ છે.

### (૧૧) તપ વિગેરે જુદો કરી શકાય છતાં ક્ષીણ તિથિ જુદી ન કરી શકાય તેનું પ્રમાણ–

ક્ષયપ્રસંગે એક દિવસે બે પર્વતિથિઓ હોય તો તે બન્નેનું આરાધન થાય છે, તે ભાર મૂકીને જણાવવાપૂર્વક તેના તપ વિગેરેમાં થતી શંકાને નિર્મૂળ કરતા ઉ. શ્રી ધર્મસાગરજી તત્ત્વતરંગિણી પૃ. ૬ માં નીચે પ્રમાણે પ્રતિપાદન કરે છેઃ—

" ननु कथं तर्ह्यनन्तरदिने भविष्यद्वर्षकल्याणकतिथिदिने च पृथक् तपः समाचर्यते इति चेत्, उच्यते, कल्याणकाराधको हि प्रायस्तपोविशेषकरणाभिग्रही भवति, स च द्विधा–निरन्तरतपश्चिकीर्षुः सान्तरतपश्चिकीर्षुश्च, तत्राद्य एकस्मिन्दिने द्वयोरपि कल्याणकतिथ्योर्विद्यमानत्वेन तदाराधकोऽपि सन्ननन्तरोत्तरदिन-

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

मादायैव तपःपूरको भवति, नान्यथा, यथा पूर्णिमापाते [ पाक्षिक ] चातुर्मासिकषष्ठतपोऽभिग्रही ( अपरदिनमादायैव तपःपूरकः ),. द्वितीयस्तु भविष्यद्वर्षतत्कल्याणकतिथियुक्तदिनमादायैवेति [ नात्र शङ्कावकाशः ] ( न किञ्चिदनुपपन्नम् ) । "

આ પાઠમાં જે આવા [ ] કાટખૂણમાં નાખેલ પાઠ મુદ્રિત પ્રતમાં છે તે તેના સંપાદકના હાથે બીજી મૂલ પ્રતો સાથે મેળવ્યા વિના દાખલ થયેલા છે અને આવા ( ) કૌંસમાં પાઠો છે તે બરાબર અને જરૂરી હોવા છતાં દાખલ થયા નથી, તે આશ્ચર્યકર છે. એ પાઠનો ભાવાર્થ નીચે પ્રમાણે છેઃ—

' તો પછી બીજે દિવસે કે આગામી કલ્યાણકતિથિ દિવસે તપ જુદો કેમ કરી અપાય છે ? એમ જો પૂછતા હો તો કહીએ છીએ કે–કલ્યાણક તિથિનો આરાધક પ્રાયઃ તપવિશેષ કરવાના અભિગ્રહવાળો હોય છે, તે બે પ્રકારનો હોય છે, એક નિરન્તર કરવાની ઇચ્છાવાળો અને બીજો આન્તરે કરવાની ઇચ્છાવાળો, તેમાં નિરન્તરની ઇચ્છાવાળો એક દિવસે બન્ને કલ્યાણકતિથિઓની વિદ્યમાનતા હોવાથી તે બન્નેનો આરાધક થવા છતાં સાથેનો દિવસ ગ્રહણ કરીને જ તપને પૂર્ણ કરવાવાળો થઇ શકે છે, બીજી રીતે નહિ. જેમ પુનમનો ક્ષય હોય ત્યારે ચોમાસી છઠનો અભિગ્રહી બીજો દિવસ ગ્રહણ કરીને જ તપને પૂર્ણ કરવાવાળો થાય છે તેમ. જે આન્તરે તપ કરવાના અભિગ્રહવાળો હોય તે બીજે વર્ષે

આગામી કલ્યાણક તિથિ યુક્ત દિવસ ગ્રહણ કરીને તપ-પૂરક થાય છે, એમાં કાંઇ વાંધો આવતો નથી.'

શંકાકારનો પ્રશ્ન એવી રીતનો છે કે જાણે તપ જુદો કરી અપાતો હોવાથી તે તિથિનો ક્ષય થયો તો પણ તેને અખંડ રાખવી જોઇએ. શાસ્ત્રકાર તેની આ શંકાનું નિરસન કરે છે અને ઉત્તરમાં સાફ સાફ જણાવે છે કે–' **અભિગ્રહ વિશેષના કારણે ક્ષીણ તિથિનો તપ જુદો કરી અપાય, તેથી ક્ષીણ તિથિને આરાધનામાં અખંડ કે સ્વતંત્ર જુદી કરી શકાતી નથી, તેની આરાધના તો પૂર્વ-ભેગી આવી જ જાય છે, કેમકે તે બન્ને તિથિ-ઓનું અસ્તિત્વ તે દિવસે જ પૂર્ણ થાય છે.** પુનમના ક્ષયે ચોમાસી અભિગ્રહવાળાનું દૃષ્ટાંત આપીને શ્રી ધર્મસાગરજીએ ઉપલી વાતનું સમર્થન કર્યું છે. એથી વિચારકો માટે તેમણે નીચલી બાબતો ઉપર પણ સારૂં અજવાળું પાડયું છે—

**(૧) પુનમ આદિના ક્ષયે ચૌદશ આદિની આરાધના એક જ દિવસે કરાય.**

**(૨) ચોમાસી છઠ્ઠ કરવાનો અભિગ્રહ હોય, કિન્તુ ચૌદશ પુનમનો જ અભિગ્રહ ન હોય.**

**(૩) એવા અભિગ્રહવાળો તેરસ ચૌદશે કિંવા ચૌદશ પડવે છઠ્ઠ કરે, પરન્તુ ચૌદશ સાથે**

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પુનમને અખંડ રાખવા શાસ્ત્રવિરુદ્ધ તેરશનો કલ્પિત ક્ષય વિ૦ કરવાનો દુરાગ્રહ ન જ સેવે.

(૧૨) પૌષધ-પ્રાયશ્ચિત્તને લગતું પ્રમાણ-

શ્રી તત્વતરંગિણી પૃ. ૨ માં ઉ. શ્રી ધર્મસાગરજી ઉલ્લેખ કરે છે કે-

"उक्तं च-" संते वले वीरियपुरिसयारपरक्कमे अट्ठमीचउद्दसीनाणपंचमीपज्जोसवणाचाउमासीए चउत्थट्ठमछट्ठं न करेइ पच्छित्त" र्मिति महानिशीथे।" ભાવાર્થ-' મહાનિશીથ સૂત્રમાં કહ્યું છે કે આઠમ ચૌદશ જ્ઞાનપંચમી સંવત્સરી અને ચોમાસીનો ઉપવાસ-અઠ્ઠમ અને છઠ્ઠ શક્તિ હોય છતાં ન કરે તો તેને દંડ આવે.'

"तथा च-" अट्ठमीए चउत्थं पक्खिए चउत्थं चउमासीए छट्ठं संवच्छरीए अट्ठमं न करोति पच्छित्तं "...व्यवहारपीठचूर्णौ।"-ભાવાર્થ-' વળી વ્યવહાર પીઠિકાચૂર્ણિમાં પણ કહ્યું છે કે-આઠમનો ઉપવાસ, પખ્ખિનો ઉપવાસ, ચોમાસીનો છઠ્ઠ, સંવચ્છરીનો અઠ્ઠમ ન કરે તો પ્રાયશ્ચિત લાગે.'

"तथा-"...अट्ठमछट्ठचउत्थं संवच्छरचाउमासपक्खेसु। पोसहिअतवे भणिए,बितिअं असहूगिलाणेसु॥१॥" एवं निशीथव्यवहारचूर्ण्यादौ"-ભાવાર્થ-'તથા શ્રી નિશીથ આદિમાં પણ એ પ્રમાણે-' સંવચ્છરી, ચોમાસી અને પખ્ખીમાં અઠ્ઠમ, છઠ્ઠ, ઉપવાસરૂપ પૌષધિક તપ કરવો કહ્યો છે, ગ્લાન અસમર્થ ન કરી શકે તો તેને માટે અપવાદ છે.'

આ પ્રમાણો સમગ્રપણે બતાવી આપે છે કે-'પખ્ખી, ચોમાસી, સંવચ્છરી, આઠમ અને કાર્તિકી

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પાંચમનો તપ 'પૌષધ' ન થાય તો પ્રાયશ્ચિત્ત કહ્યું છે, પુનમ અમાસ કે ભાદરવા સુદ પાંચમ માટે ખાસ કહ્યું નથી.

**એટલે ક્ષયાદિ પ્રસંગે ચોમાસી–સંવચ્છરી-આદિના તેરસ ચૌદસ આદિ તિથિઓએ છઠ્ઠ અઠ્ઠમ જ્યારે કરાય ત્યારે તેના પૌષધ પણ કરી શકાય.**

વળી શ્રી તત્ત્વતરંગિણી પૃ. ૪ માં શ્રી ધર્મસાગરજી ફરમાવે છે કે–

**" यद्यप्यागमे–चतुर्मासकसंबंधिन्यस्तिस्रः पौर्णमास्यः अमावास्याश्च पुण्यतिथित्वेन महाकल्याणतया प्रख्याता आराध्यत्वेनोक्तास्तथापि (न) क्वापि श्रावकाणां केवलं पौषधव्रतमेवाश्रित्य सामान्येन गृहीता दृश्यन्ते । "**

આ પાઠમાં આવા ( ) કૌંસમાં આપેલ 'न' અક્ષર મુદ્રિત પ્રતમાં સંશોધક શ્રીમાન સાગરાનન્દજીએ આપ્યો નથી, પરંતુ તેની હસ્તલિખિત પ્રતમાં તે છે, એટલે અહિં જણાવેલો છે. તેનો ભાવાર્થ આ પ્રમાણે છે—

' જો કે આગમમાં ચોમાસી સંબંધી ત્રણ પુનમો અને અમાવાસ્યાઓ પુણ્યતિથિ મહાકલ્યાણક રૂપે આરાધ્ય કહી છે, **તો પણ શ્રાવકોના કેવલ પૌષધ વ્રતને જ આશ્રીને સામાન્ય રૂપે ગ્રહણ કરાયેલી ક્યાંય જોવામાં આવતી નથી.** '

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

'**શ્રી પ્રવચન પરીક્ષા**' પૃ. ૪૧૪માંના "**न पुनः क्वापि साधूनामपीयममुकविधिनाऽऽराध्या**" આ પાઠ સાથે ઉપલી વસ્તુ મેલવતાં એનો ભાવાર્થ એમ જણાય છે કે– 'જો કે શ્રાવકોના પૌષધવ્રતને આશ્રીને આગમમાં પુનમ અમાવાસ્યા સામાન્યથી કહી છે, તથાપિ 'સાધુઓને પણ અમુક વિધિથી આરાધવી' એમ કયાંય કહ્યું નથી.'

વળી પાક્ષિક તો ચતુર્દશીનું છે, તે સાથે પુનમ અમાસના પૌષધ ઉપવાસનો પણ જો નિયમ માનવામાં આવે તો પખ્ખીનો તપ એક ઉપવાસને બદલે બે ઉપવાસનો જ આવી પડે. તેવો તો શાસ્ત્રકારે કહ્યો જ નથી. તે માટે કરીને સાગરજી પણ શ્રી સિદ્ધચક્ર, વર્ષ ૪, અંક ૨, પૃ. ૩૮ માં લખે છે કે–

"શ્રી શીલાંકાચાર્ય મહારાજે તો ત્રણ ચોમાસીની પૂર્ણિમા લીધી અને ઉદ્દીષ્ટા શબ્દથી કલ્યાણક તિથિ કહી, તેથી પૂર્ણિમા કે અમાવાસ્યાએ પાક્ષિકનો દિવસ માનવાનો રહેતો નથી. વળી પૂર્ણિમા અને અમાવાસ્યાએ પાક્ષિકનો દિવસ માનવાથી તે દિવસે ઉપવાસ હોય, અને આઠમ, ચૌદશ તિથિની અપેક્ષાએ તેને પહેલે દિવસે ચૌદશે પણ ઉપવાસ હોય તેથી **પાક્ષિકનો તપ એક ઉપવાસરૂપ ન રહે. પણ છઠ્ઠ રૂપ થઈ જાય.** અને છઠ્ઠ રૂપ તપસ્યા તો શાસ્ત્રકારોએ ચોમાસીને અંગે જ કહેલી છે. અર્થાત્ ચોમાસીને અંગે છઠ્ઠ કહેવાથી જ પખ્ખીને અંગે **ચૌદશે જ ઉપવાસ** કરવો વ્યાજબી છે."

અને ચોમાસી પણ યુગપ્રધાન શ્રીકાલકસૂરિ-

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

જીથી પલટાઈને ચતુર્દશીની જ નિયત થયેલી છે. તે માટે પણ શ્રી સાગરજીએ સિદ્ધચક્ર, વર્ષ ૪, અંક ૨. પૃ. ૩૪૯ માં લખ્યું છે કે–

"સંવત્સરીની તિથિ પલટવાથી ચોમાસીની તિથિનું પરાવર્તન...અને ફાલ્ગુન ચતુર્દશી એ અષાઢ શુકલ ચતુર્દશી અને કાર્તિક શુકલ ચતુર્દશીની માફક પરાવૃત્તિ પામે અને તે સર્વ પરાવર્તન સકળ શાસનપ્રેમી સંઘને સંમત થાય તેમાં કાંઇ પણ આશ્ચર્ય નથી."

સ્વ. મુનિશ્રી જનકવિજયજીકૃત 'શ્રી સાંવત્સરિક પર્વતિથિ વિચારણા' પૃ. ૨૭ માં શ્રી શ્રાદ્ધવિધિનો પાઠ આપી લખ્યું છે કે–

"यदागमः—" सव्वेसु कालपव्वेसु, पसत्थो जिणमए हवइ जोगो। अट्ठमी चउद्दसीसु अ, नियमेण हविज्ज पोसहिओ ॥ १ ॥"

ભાવાર્થ—'આગમમાં કહ્યું છે કે–શ્રી જિનમતમાં સર્વકાલ પર્વોમાં ધર્મયોગ પ્રશસ્ત છે, પણ આઠમ ચૌદશે તો શ્રાવકે અવશ્ય પૌષધ કરવા.

અહિં પૌષધ માટે આઠમ ચોદશની અવશ્ય નિયમિતતા જણાવી છે. પુનમ અમાસની જણાવી નથી.

## શંકા સમાધાન

ત્યારે પુનમ અમાસ શું પર્વ તરીકે આરાધનીય નથી? અને પર્વ તરીકે યદિ આરાધ્ય છે તો

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

શું તેના પૌષધાદિ કર્ત્તવ્ય નથી? આ પ્રશ્નોના આપણને ખુલાસા થઈ જાય તે પ્રમાણે જ શ્રી **'ધર્મસંગ્રહ'** માં ઉ. શ્રી માનવિજય મહારાજે પણ પૃ. ૨૩૯ માં ફરમાવ્યું છે કે—

"एषु च पर्वसु कृत्यानि यथा–पौषधकरणं, प्रतिपर्वतत्करणाशक्तौ तु अष्टम्यादिषु नियमेन, यदागमः–"सव्वेसु कालपव्वेसु, पसत्थो जिणमए हवइ जोगो। अट्ठमीचउद्दसीसु अ, नियमेण हविज्ज पोसहिओ॥ १॥ इति।" **ભાવાર્થ**–' આ પર્વોમાં પૌષધ કર્ત્તવ્ય છે, પ્રતિપર્વે ન થઇ શકે તો અષ્ટમ્યાદિએ અવશ્ય કરવા. કારણ કે આગમમાં કહ્યું છે કે–' જિનમતમાં સર્વે કાલપર્વોમાં ધર્મયોગ પ્રશસ્ત છે, છતાં **આઠમ ચૌદશે તો પૌષધ–તપ અવશ્ય કરવો.** ' ઇતિ.'

પૂ. આ. શ્રી. સેનસૂરિ મહારાજ પણ સેનપ્રશ્નના ત્રીજા ઉલ્લાસના ૮ મા પ્રશ્નોત્તરમાં (પૃ. ૪૪) નીચે પ્રમાણે શંકા સમાધાન આપે છે—

"नन्वेवं सति त्रिपर्वी चतुष्पर्वी पञ्चपर्वी षट्पर्वी वा तपःशीलादिनाऽऽराधनीया? इत्यत्र–स्वशक्त्यपेक्षं सर्वामेकां वा तामाराधयतां न कश्चिद्दोषः।" **ભાવાર્થ**–' શંકા થાય છે કે–આમાં ત્રિપર્વી, ચતુષ્પર્વી, પંચપર્વી કે ષટ્પર્વી તપશીલાદિથી આરાધવી? સમાધાન કરે છે કે–શક્તિ અપેક્ષાએ સઘળી અથવા એકાદ આરાધે તેમાં દોષ નથી.'

આ ખુલાસાઓથી પણ સમજાય છે કે–'ક્ષયાદિ પ્રસંગે પુનમ અમાસઆદિના પૌષધાદિ જ્યાં કુદરતી

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

અશક્ય બને ત્યાં તો શાસ્ત્રકાર મહારાજાઓએ દોષ બીલ્કુલ ગણ્યો જ નથી.'

'તપશ્ચર્યાદિ કરવાનો નિયમ અને ન કરે તો પ્રાયશ્ચિત્ત-વિધિ, મહાનિશીથાદિ શાસ્ત્રોમાં જેવો ચતુર્દશી આદિ માટે કથન કરેલ છે, તેવો પુનમ અમાસાદિ માટે કથન કરેલ નથી,' એમ ઉ. શ્રી ધર્મસાગરજીએ પણ શ્રી તત્ત્વતરંગિણીમાં–" **न हु तह पण्णरसीए** "–શબ્દોમાં ગાથા પંદર આદિમાં સાફ સાફ ફરમાવેલું જ છે.

એ ભૂલવું નહિ જોઇએ કે શ્રી સૂયગડાંગ સૂત્રમાં લેપ શ્રાવકના વર્ણનમાં જે પૂર્ણિમાઓ ગ્રહણ કરેલી છે, તે ટીકાકાર શ્રી અભયદેવસૂરિ મહારાજે '**ચોમાસી**'-ની કહેલી છે. હાલમાં તો ચોમાસી ચતુર્દશીની જ આચરિત છે. એટલે ચોમાસી અંગેનાં વિધાનો જેટલાં ચતુર્દશીની મુખ્યતાને આશ્રી લાગુ પડે તેટલાં પૂર્ણિમાને આશ્રીને લાગુ ન જ પડે, એ બે ને ચાર જેવી તદ્દન સીધી વાત છે.

આ બધી વસ્તુનો ખ્યાલ કરી જોતાં સાગરજી શ્રી સિદ્ધચક્ર વર્ષ ૫. અંક ૧૧. પૃ. ૨૫૮ માં જે પ્રતિરોધ કરે છે કે–

'તત્ત્વતરંગિણીમાં તિથિની ચર્ચા મુખ્યતાએ પૌષધ માટે છે, તો ચૌદશ પુનમ ભેળા કરનારને પ્રતિદિન કર્ત્તવ્ય એવી પૌષધ ક્રિયાઓનો લોપ લાગે છે."

**તે તદ્દન અવિચારિત અને અસત્ય જ માલુમ પડે છે.**

P. P. Ac. Gunratnasuri M.S.　　Jin Gun Aaradhak Trust

## તત્ત્વતરંગિણી શા માટે ?

વળી શ્રી સાગરજીએ ઉપર જે લખ્યું કે-"તત્ત્વતરંગિણીમાં તિથિની ચર્ચા મુખ્યતાએ પૌષધ માટે છે." તે પણ ભદ્રિક આત્માઓને ભરમાવનારું જ લખ્યું છે, કેમકે એમના એ કથનને ખુદ શ્રી તત્ત્વતરંગિણીના કર્ત્તા શ્રી ધર્મસાગરજી જ ખોટું પાડે છે. જુઓ શ્રી તત્ત્વતરંગિણીના પ્રારંભ અને ઉપસંહારનાં તેમનાં વચનો. ગાથા ૧ ની ટીકામાં પૃ. ૧ માં તેમણે લખ્યું છે કે—

"तत्त्वतरङ्गिणीसंज्ञकं प्रकरणं वक्ष्ये"–ભાવાર્થ-' તત્ત્વતરંગિણી નામનું પ્રકરણ કહીશ.' "किं भूतां तत्त्वतरङ्गिणीं ? तिथीनामाराध्यत्वेन विचारो यस्यां सा तामिति ।–" ભાવાર્થ–'કેવી તત્ત્વતરંગિણી ? તો કહે છે કે– આરાધ્યરૂપે તિથિઓનો વિચાર જેમાં કરેલો છે તે.'

આમાં ખાસ પૌષધની જ ચર્ચાનો ઉદ્દેશ જણાવતા નથી. હજુ વધારે સ્પષ્ટતા ખાતર ઉપસંહારની ગાથા ૬૧ ની ટીકામાં પૃ. ૫૧ માં ગ્રન્થાકારે કહેલાં વચનો વાંચો–

"अन्यापि सूर्याद्यातपोपतप्ततनुमतां प्रीतिकारिणी भवति तथेयमपि तिथीनां वृद्धौ हानौ च का तिथिरुपादेया का च त्याज्येत्येवंरूपेण या शङ्का सैवातपस्तेन तापिताः–तापसन्तापं नीता ये, ते के ? भव्यास्तेषां प्रीतिकरी–प्रेमदायिनी, तापादिनाशहेतुत्वात्" ભાવાર્થ–'સૂર્યાદિ-

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ના તાપથી તપેલા જીવોને બીજી નદી પણ જેમ પ્રીતિકર હોય છે, તેમ આ તરંગિણી પણ **તિથિની વૃદ્ધિ હાનિમાં કઇ તિથિ ગ્રહણ કરવી અને કઈ છોડી દેવી, એવા પ્રકારની** શંકાથી તપેલા ભવ્યાત્માઓને તાપાદિનો નાશ કરનારી હોવાથી પ્રેમ ઉપજાવનારી છે. '

આમાં ' તિથિની ચર્ચા મુખ્યતાએ પૌષધ માટે ' જ કરી હોવાની વાત સરખી યે નથી. આ પાઠથી તો ગ્રન્થકાર ઊલટું એ પણ સૂચવે છે કે ' તત્ત્વતરંગિણી ' આદિ શાસ્ત્રોના નામે જેઓ ક્ષયને બદલે ક્ષય અને વૃદ્ધિને બદલે વૃદ્ધિનું તૂત લઈ ચાલી નીકળ્યા છે, તેઓ ખરું તત્ત્વ ભૂલ્યા છે; કારણ કે જો અમારો તેવો જ આશય હોત તો તિથિની વૃદ્ધિ-હાનિમાં ' કઇ તિથિ ગ્રહણ કરવી અને કઈ છોડી દેવી ' એમ લખવાને બદલે ' તેને બદલે કઈ તિથિની હાનિવૃદ્ધિ કરવી ' એમ જ લખત.

## (૧૩) વૃદ્ધિમાં પહેલી બીજી તિથિના કરાતા વ્યપદેશનું પ્રમાણ—

**શ્રીસેનપ્રશ્ન** ત્રીજા ઉલ્લાસના પ્રશ્ન ૩૬૩ પૃ. ૮૭/૧ માં લખ્યું છે કે—

"**एकादशीवृद्धौ श्रीहीरविजयसूरीणां निर्वाणमहिमपौषधोपवासादिकृत्यं पूर्वस्यामपरस्यां वा किं विधेयम् ?**"
ભાવાર્થ—'અગીયારસની વૃદ્ધિ હોય ત્યારે શ્રી હીરવિજયસૂરિના સ્વર્ગગમનમહિમાનો—પૌષધ—ઉપવાસ—આદિ કૃત્ય **પહેલી અગીયારસે કરવું કે બીજી અગીયારસે કરવું ? '**

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

આ પ્રશ્ન વાકયમાં તિથિની વૃદ્ધિ હોય ત્યારે પહેલી બીજીનો વ્યપદેશ માન્ય કર્યો છે. એ જ પ્રમાણે પહેલી અમાસ, બીજી અમાસ આદિ વ્યવહારને જણાવતા દાખલા શાસ્ત્રમાં ઘણા જોવામાં આવે છે. પંચાંગની અપેક્ષાએ આવો વ્યપદેશ કરવો તદ્દન વ્યાજબી જ છે, એમ શ્રી સાગરજી પણ ઠરાવે છે. તે પાછળ પ્રકરણ ૨ માં તેમના જણાવાયેલા સ્વીકાર નં. (૭) માં આપણે જોઇ ગયા છીએ. હાલમાં જે પંચાંગોમાં પહેલી ચૌદશ–બીજી ચૌદશ–આદિ જણાવાય છે તે મૂલ પંચાંગની અપેક્ષાએ જ જણાવાય છે. આશા છે કે શ્રીમાન સાગરાનન્દજી એની સામેનો પોતાનો વિરોધ ખોટો છે એમ સમજીને પાછો ખેંચી લેશે.

'**શ્રી પ્રવચન પરીક્ષા**' પૃ. ૪૦૮ માં શ્રી ધર્મસાગરજીએ લખ્યું છે કે–

'सूर्योदयद्वयस्पर्शिनी तिथिर्वृद्धेत्युच्यते, तत्राद्य–सूर्योदयावच्छिन्ना तिथिः प्रथमोऽवयवो द्वितीयोदयः-वच्छिन्ना च द्वितीयोऽवयवो भण्यते।" ભાવાર્થ–' બે સૂર્યોદયને સ્પર્શનારી તિથિ વૃદ્ધતિથિ કહેવાય છે. **તેમાં પહેલા સૂર્યોદયવાળી તિથિ પહેલી અને બીજા સૂર્યોદયવાળી તિથિ બીજી કહેવાય છે.**'.

આ પાઠમાં આપણને પહેલી બીજી તિથિનું પ્રમાણ સ્પષ્ટરીત્યા મળી આવે છે. માસવૃદ્ધિ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

અને તિથિવૃદ્ધિને સરખાવતાં ગ્રન્થકાર એ જ સ્થળે ચોખ્ખું લખી દે છે કે—

"एवं च सति निथिमासयोराद्ययोरंशयोः प्रथमतिथ्या-दिसंज्ञा स्यात्"–ભાવાર્થ–'આ પ્રમાણે હોવાથી વૃદ્ધ તિથિ માસના પહેલા અંશની પહેલી તિથિ આદિ સંજ્ઞા થાય છે.'

આમાં શાસ્ત્રકારે વૃદ્ધતિથિમાસની સરખામણી કરી છે, તે પણ વાંચકોએ ખાસ ધ્યાનમાં રાખવી.

## (૧૪) અભિવર્ધિત માસની માફક તિથિ માટે પણ પ્રમાણ—

અધિક માસ તિથિની પરસ્પર સરખામણી કરીને જૈનશાસ્ત્રકારોએ અધિક માસની માફક અધિક તિથિને પણ તે જ નામે નિયતપણે બોલવાનું તથા ગણવાનું, આપણે ઉપર જોઈ ગયા તેમ, ફરમાવી જ દીધેલું છે. અને તેથી જેમ અધિક માસ 'નપુંસક' કિંવા 'ફલ્ગુ' સંજ્ઞાવાળો બને તેમ અધિક તિથિ પણ તે સંજ્ઞાવાળી બને, તેમાં લેશ માત્ર આશ્ચર્ય પામવા જેવું નથી. છતાં શ્રીસાગરજીએ સિદ્ધચક્ર વર્ષ ૫, અંક ૨, પૃ. ૪૪ માં નીચે પ્રમાણે જે લખ્યું છે તે વાંચીને કોઈ પણ સજ્જનને દુઃખ થયા વિના નહિ જ રહે. તે લખાણ આ રહ્યું:—

" શાસ્ત્રકારોએ અધિક માસને કાલચૂલા તો કહ્યો છે,

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પણ ફલ્ગુમાસની નવી કલ્પના તો કદા **શાસનવૈરીએ** પણ શાસ્ત્રને નામે ગોઠવી નથી. **શાસનવૈરી** પત્રે એટલું પણ ન વિચાર્યું કે શાસ્ત્રકારો કાલચૂલા જણાવતાં ફક્ત માસને કેમ લે છે? **અધિક માસાદિ કહી તિથિ** કેમ કહેતા નથી? **શું તે વખતે તિથિઓ વધતી નહોતી?** શાણાઓ સમજી શકશે કે વધેલો માસ તે જ નામે બોલાતો અને ગણાતો, પણ **અધિક તિથિ તે જ નામે નિયતપણે બોલાતી કે ગણાતી નહોતી.** ફલ્ગુ તિથિ અને ફલ્ગુમાસ એ શબ્દો શાસ્ત્રીય ક્યાં છે? **એ તો ફાગણના ફાટેલાના ફાંટાનો જ શબ્દ છે.**"

આમાં શ્રીમાનનો ભાષાસંયમ, શ્રીમાનનું તર્કશાસ્ત્ર, અને શ્રીમાનની ન્યાયશક્તિ કેવી સુંદર(?) વહેતી મુકાયેલી છે તેના ઉપર સામાન્ય ધ્યાન ખેંચાય તે માટે મોટા અક્ષરો મૂકયા છે. ઉ. શ્રી ધર્મસાગરજીની 'પ્રવચન પરીક્ષા'ના તેઓ પ્રશંસક છે, તે ગ્રન્થનું સંશોધન પણ તેમણે પોતે જ કર્યું છે, તેમના જેવા ગિરુઢધારીએ ઉપલું લખતી વખતે જો એ ગ્રન્થનાં ઉપર તથા નીચે આપવામાં આવતાં વચનો સરલતાથી સ્મરણમાં રાખ્યાં હોત તો, અમને લાગે છે કે, તેમના હાથે ઉપલું લખાણ અને તેના જેવી જ બીજી અનેક ભૂલોની પરંપરા કદી થાત નહિ. અરે, એટલે દૂર ન જતાં તેમણે 'પોતાનું લખેલું પણ પોતે યાદ રાખ્યું હોત તોયે તેઓ યદ્વાતદ્વા ખોટું લખવાનું સાહસ કરી શકત નહિ.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

શ્રીમાન્ સાગરજી નીચેના મુદ્દા વિચારે—

કાલચૂલા એટલે જે ગણત્રીમાં ન આવે તે. જેમ અધિક માસ ચાતુર્માસ સંવત્સરી આદિ પ્રમાણ ચિન્તામાં ગણાતો નથી, તેમ અધિક તિથિ પણ પખ્ખી આદિ પ્રમાણ ચિન્તામાં ગણાતી નથી જ. જે માટે ખુદ તેમણે જ સિદ્ધચક્ર વર્ષ ૪, અંક ૪, ટાઈટલ પૃ. ૩માં જણાવ્યું છે કે—

'ધ્યાન રાખવું કે પખ્ખીમાં એકમ વિગેરે તિથિઓ વધી અગર ઘટી હોય એટલે તૂટી અગર બેવડી થઇ પણ તે તમામ તિથિઓ પંદરને અંગે જ છે, એટલે એમ કહેવું જોઇએ કે પાક્ષિકને અંગે માત્ર તિથિઓનો ભોગવટો ગણવામાં આવેલો છે...અને તે જ તિથિના ભોગવટા અને તિથિની સંજ્ઞાની અપેક્ષાએ તેર, ચૌદ, સોળ કે સત્તર દિવસો અને રાત્રીઓ પખવાડામાં ગયા હોય તો પણ **पनरसण्हं दिवसाणं, पनरसण्हं राईणं** એમ કહેવું વ્યાજબી છે.''

આ બતાવી આપે છે કે અધિક તિથિ પખ્ખી આદિ પ્રમાણચિન્તામાં ગણાતી નથી, તેથી કાલચૂલા માસની સાથે તેની સમાનતા છે.

શાસ્ત્રકારોએ કાલચૂલામાં પ્રસ્તુત તરીકે 'અધિક માસ'ને દૃષ્ટાંત તરીકે લીધો છે, તેથી તત્સમાન અધિક તિથિનો અપલાપ થતો નથી. કેમકે ભાવચૂલામાં તેમણે "**दशवैकालिकस्य चूलिकाद्वयं**" — 'દશવૈકાલિકની ચૂલિકા બે'નું દૃષ્ટાંત આપ્યું છે, તેથી શ્રી આચારાંગ

P. P. Ac. Gunratnasuri M.S.  Jin Gun Aaradhak Trust

સૂત્રની ચૂલિકાઓનું ભાવચૂલિકાપણું શું ઉડી જાય છે? નહિ જ.

વધેલો માસ જેમ તે જ નામે નિયત બોલાય છે અને લખાય છે તેમ વધેલી તિથિ પણ તે જ નામે નિયત બોલાય છે અને લખાય છે તેનું પ્રમાણ આપણે ઉપર જ જોઈ ગયા છીએ.

ફલ્ગુ એટલે સ્વકાર્ય માટે નિરૂપયોગી. નપુંસક કહો કે ફલ્ગુ કહો તે બન્ને એક સરખું છે. **શ્રી પ્રવચન પરીક્ષા** પૃ. ૪૦૮ માં વધેલા તિથિ માસને સ્પષ્ટ અક્ષરોમાં નપુંસક કહેલા જ છે. આ રહ્યો તે પાઠ—

**प्रथमा तिथिर्मासो वा 'निजकनामकार्येषु'-आषाढादिमासेषु प्रतिपदादितिथिषु चेदं कर्त्तव्यादिरूपेण स्वस्वनामाङ्कितकार्येषु नपुंसक इव नपुंसको बोध्यः। "**

**ભાવાર્થ:**–'પહેલી તિથિ અથવા મહિનો પોતપોતાના નામથી સૂચિત અમુક કર્તવ્યવિશેષોમાં નપુંસકના જેવા **નપુંસક** જાણવા.'

શ્રી સાગરજીએ એ જ સિદ્ધચક્રના (વર્ષ ૫, અંક ૨) ૪૫ મા પાને પણ લખ્યું છે કે—

" ફલ્ગુ કે અભિવર્ધિત નામ તિથિને લગાડે તે સાચું નથી, પણ કલ્પિત જ છે. "

પણ શ્રી પ્રવચન પરીક્ષા પૃ. ૪૧૬નો નીચેનો પાઠ વાંચો. સાગરજીનું જ લખાણ અસત્ય અને કલ્પિત માલૂમ પડશે. જુઓ એ પાઠ પણ આ રહ્યો:—

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

"अभिवर्द्धितायां तिथौ या पूर्वा तिथिस्तद्वत् पूर्वो मासोऽपि ।"

ભાવાર્થ—'અભિવર્ધિત તિથિમાં જેવી પૂર્વતિથિ છે તેવો અભિવર્ધિત માસમાં પહેલો મહિનો છે.'

વાંચકો સમજી શકશે કે 'અભિવર્ધિત', 'ફલ્ગુ', 'પ્રથમ', 'અધિક' વિગેરે નામો જેમ માસને અંગે છે તેમ તિથિને અંગે પણ છે. અને તે આમાં શાસ્ત્રકાર મહારાજે તિથિના દષ્ટાંતથી અધિક માસની ત્યાજ્યતા સમજાવતાં વળી સારી રીતે સાફ અક્ષરોમાં જણાવેલાં જ છે. **શ્રી કલ્પસૂત્રદિપીકા** વ્યાખ્યાન ૯માં પણ 'અભિવર્ધિત' તિથિ કહેલી છે, તે પાઠ, હજી, આપણે નીચે જોઈશું.

'**દિનશુદ્ધિદિપીકા**'માં મુનિશ્રી દર્શનવિજયજીએ પણ પૃ. ૫૫માં લખ્યું છે કે—

"સૂર્યોદય થાય ત્યારે જે તિથિ થાય તે તિથિ પ્રમાણ છે. અને તે જ તિથિ બે સૂર્યોદયને જુવે તો વૃદ્ધિતિથિ કહેવાય છે. તેમાં પહેલી વૃદ્ધિતિથિ અને બીજી પ્રકૃત તિથિ છે...અથવા જે તિથિ ત્રણ વારને સ્પર્શ કરે તે વૃદ્ધિ કે ફલ્ગુ તિથિ કહેવાય છે."

શ્રી સાગરજી વિચાર કરે કે આ શાસ્ત્રિય છે કે અશાસ્ત્રિય છે ?

## (૧૫) વૃદ્ધિમાં પ્રથમ તિથિની ત્યાજ્યતાનું પ્રમાણ—

પૂ. શ્રી ઉમાસ્વાતિ મહારાજના પ્રઘોષનું પ્રમાણ

P. P. Ac. Gunratnasuri M.S.      Jin Gun Aaradhak Trust

આપણે જોઈ ગયા છીએ કે " वृद्धौ कार्या तथोत्तरा "- ' વૃદ્ધિ હોય ત્યારે બીજી તિથિએ આરાધના કરવી. ' એનો ફલિતાર્થ જ એ છે કે વૃદ્ધિમાં પહેલી તિથિ તજવી અને બીજી તિથિ ભજવી. આમ કરવાથી આરાધના બેવડાવાનો ભય રહેતો નથી. જે કેટલાકો ટીપણામાં પર્વ તિથિની વૃદ્ધિ હોય ત્યારે તેને બદલે બીજી તિથિની વૃદ્ધિ કરી નાખવાનો આગ્રહ સેવે છે તેમની સમજુતિ માટે નીચેની બાબતો વિચારવી ઠીક પડશે—

શ્રીકલ્પસૂત્રસુબોધિકા સમાચારીમાં ઉ. શ્રી વિનયવિજયજી મહારાજા ફરમાવે છે કે—

"भाद्रपदवृद्धौ प्रथमो भाद्रपदोऽपि अप्रमाणमेव यथा चतुर्दशीवृद्धौ प्रथमां चतुर्दशीमवगणय्य द्वितीयायां चतुर्दश्यां पाक्षिककृत्यं क्रियते । "

ભાવાર્થ—'જેમ ચૌદશની વૃદ્ધિમાં **પહેલી ચૌદશ** છોડીને **બીજી ચૌદશે** પખ્ખી કૃત્ય કરાય છે તેમ ભાદરવાની વૃદ્ધિમાં પહેલો ભાદરવો અપ્રમાણ જ છે.'

આમાં બે ચૌદશોને બદલે બે તેરસો કરવાનું કહેતા નથી, પણ પહેલી ચૌદશ છોડીને બીજી ચૌદશે પખ્ખી કૃત્ય કરવાનું કહે છે. એથી આરાધના બેવડાવાની વાત મૂર્ખ હોય તે જ કરે એમ સૂચવ્યું. અહિં પહેલી ચૌદશને છોડવાના દૃષ્ટાંતથી પહેલાં ભાદરવાને છોડવાનું જણાવ્યું. એથી એ પણ બતાવ્યું.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

કે વધેલી તિથિમાં જો પહેલી તિથિ ઉડાવી જ દેવાય અને તેને બદલે બીજી તિથિની કલ્પિત વૃદ્ધિ મનાય તો ભાદરવાદિની વૃદ્ધિમાં પહેલો ભાદરવો વિગેરે ન જ કહી શકાત અને તેને બદલે શ્રાવણાદિની જ વૃદ્ધિ કલ્પવી પડત. કેમકે પખ્ખી આદિ કૃત્યો ચૌદશ આદિ તિથિ પ્રતિબદ્ધ છે, તેની વૃદ્ધિ જો ન માની શકાય તો, સંવત્સરી આદિ માસ પ્રતિબદ્ધ કાર્યો છે, તો ભાદરવાદિ માસની વૃદ્ધિ પણ કેમ જ માની શકાત ?

આ જ વાતનો અનુવાદ અને વધારે સ્પષ્ટીકરણ કરતી હકીકત **શ્રી કલ્પસૂત્રદિપીકા** વ્યાખ્યાન ૯ માં નીચે પ્રમાણે લખી છેઃ—

भाद्रपदवृद्धौ प्रथमभाद्रपदोऽपि पर्युषणाकृत्येषु अनधिकृत एव, **अभिवर्धिततिथिरिव** तदीयकृत्येषु इति, तथाहि विवक्षितं हि पाक्षिकप्रतिक्रमणं, तस्य (च्च) चतुर्दश्यां नियतं, सा च यद्यपि वर्द्धिता तदा प्रथमां परित्यज्य द्वितीयाऽङ्गीकार्या, दिनगणनायां त्वस्या अन्येषां च वृद्धौ सम्भवन्तोऽपि षोडश दिनाः पञ्चदशैव गण्यन्ते, एवं क्षीणायामपि चतुर्दश्यादितिथौ पञ्चदशैवेति वोध्यम्।

ભાવાર્થ—'જેવી રીતે બેવડાયેલી પહેલી તિથિ **તે તિથિ કાર્યમાં અનધિકારી** છે, તેવી રીતે બે ભાદરવામાં પહેલો ભાદરવો પણ પર્યુષણા કૃત્યોમાં અનધિકારી જ છે. જેમકે વિવક્ષિત પાક્ષિક પ્રતિક્રમણ છે, તે ચૌદશે નિયત છે, **તે ચૌદશ જો વધી હોય તો પહેલી**

P. P. Ac. Gunratnasuri M.S.  Jin Gun Aaradhak Trust

છોડીને બીજી અંગીકાર કરવી. દિવસ ગણનામાં તો સોલ થાય તો પણ પંદર જ ગણાય, ચૌદશ આદિ તિથિ-ક્ષયે પણ એવી જ રીતે પંદર જ જાણવા.'

શ્રી ધર્મસાગરજીએ **પ્રવચન પરીક્ષા** પૃ. ૪૧૨માં લખ્યું છે કે—

**"अत एव विधिप्रपायामपि "जया पक्खिआए पव्व-तिहा पडइ तया पुव्वतिही चेव घेत्तव्वा, न उत्तरा, तब्भोगगन्धस्सवि अभावाउ" त्ति, एतच्च घुणाक्षरन्या-येन सम्यक् पतितम् ।"**

**ભાવાર્થ**—'વિધિપ્રપામાં પણ કહ્યું છે કે-'જ્યારે પખ્ખીનો ક્ષય હોય ત્યારે પૂર્વતિથિ જ ગ્રહણ કરવી. પછીની તિથિ નહિ લેવી, ત્યાં તેના ભોગની ગંધ સરખી નથી.' આ વચન એ ગ્રન્થમાં ઘુણાક્ષરન્યાયથી સારૂં પડી ગયું છે.'

આ જ પ્રમાણે શ્રી સાગરજીનાં સિદ્ધચક્ર અનેક અસત્યો, અર્ધસત્યો, અને શબ્દછલાદિ દોષોથી ભરપૂર હોવા છતાં, જેમ તેમાં આ ગ્રન્થમાં જ જુદે જુદે સ્થળે બતાવેલાં કેટલાંક સત્યો અનાયાસે ઉચ્ચરાઇ ગયાં છે તેમ, શ્રી સાગરજીના અસત્ય શાસ્ત્રિય પુરાવા તથા મતપત્રકોમાં નીચેની બાબત સત્ય પણ લખાઇ ગયેલી છે. **શાસ્ત્રિય પુરાવાની** ચોપડી પુરાવો નં. ૧, પૃ. ૨ માં લખ્યું છે કે–

**"प्रथमां पूर्णिमां परित्यज्य द्वितीयां पूर्णिमां भज ।"**

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ભાવાર્થ—'પહેલી પુનમ છાડીને બીજી પુનમે પુનમનું કાર્ય કરો.'

પુરાવા નં. ૩, પૃ. ૬ માં પણ લખ્યું છે કે–

" प्रथमां परित्यज्य द्वितीयां पूर्णिमां भज्र इति पूज्यैः तात्पर्यार्थ उक्तः।"

ભાવાર્થ—'પહેલી પુનમ છોડીને બીજી પુનમે પુનમનું કાર્ય કરવું એવો પૂજ્યે તાત્પર્યાર્થ કહ્યો છે.' શ્રી સાગરજીના "તિથિહાનિવૃદ્ધિવિચાર" નામક કાઢેલા મતપત્રકમાં પણ જણાવ્યું છે કે—

" प्रथमां पूर्णिमां परित्यज्य द्वितीयां पूर्णिमां भज।"

ભાવાર્થ—ઉપર પ્રમાણે જ.

આ બધાની મતલબ એક જ છે કે તિથિ વધી હોય ત્યારે તેનું કાર્ય પહેલી છોડીને બીજી તિથિને દિવસે કરાય છે, કિન્તુ તેને બદલે પૂર્વ કે પૂર્વતરની કલ્પિત વૃદ્ધિ કરી શકાતી નથી જ. પહેલી તિથિ તજાતી હોવાથી તિથિવૃદ્ધિમાં આરાધના બેવડાતી નથી એ દેખીતું જ છે. સં. ૧૫૮૩ જેઠ માસમાં પૂ. આ. શ્રી આનન્દવિમલસૂરિ મહારાજે ફરમાવેલા " સાધુમર્યાદા-પટ્ટક"માં પણ આ વાત સચોટ કરી છે. તેનો ૧૦મો બોલ આ રહ્યો–" तिथि वाधइ तिहां एग दिन त्रिगइ न वहिरवी।" ( સાં. પ. વિ. પૃ. ૧૨૧ )

## (૧૬) ક્ષયવૃદ્ધિ કાયમ રાખવાનું પ્રમાણ—

P. P. Ac. Gunratnasuri M.S.  Jin Gun Aaradhak Trust

આ પ્રકરણમાં આપેલા પ્રમાણ નં. ૬-૭-૮-૯-૧૦-૧૧ વિગેરે તથા ૧૩-૧૪-૧૫ વિગેરે નજર સન્મુખ રાખવાથી એ નિઃસંદેહ સિદ્ધ થઇ જાય છે કે ગમે તે પર્વતિથિની ક્ષયવૃદ્ધિ ટીપણામાં આવી હોય તે તેમની તેમજ રાખીને આરાધનાની વ્યવસ્થા કરી લેવી જોઇએ. એને બદલે બીજી તિથિઓની ક્ષય-વૃદ્ધિ કરો તો એક તો મૃષાભાષણ થાય છે, બીજું ઉદયતિથિ વિરાધાય છે, અને ત્રીજું પર્વે અપર્વ થાય છે તથા અપર્વે પર્વ થાય છે. આથી આજ્ઞાભંગ, અનવસ્થા, મિથ્યાત્વ અને વિરાધના દોષો લાગે છે. કેટલાક બંધુઓને હજુ આ વાત ગળે ઉતરતી ન હોય તો તેમને નીચેનાં પ્રમાણો યે ધ્યાન ઉપર લેવાની અમે અપીલ કરીએ છીએ.

સંવત ૧૯૩૫ માં શ્રી ધરણેંદ્રસૂરિજીએ ભાદરવા સુદ ૨ ના ક્ષયને બદલે શ્રાવણ વદ ૧૩નો ક્ષય જાહેર કર્યો હતો. આ અજુગતી વસ્તુ સામે ઉદેપુરથી શ્રી સાગરાનન્દજીના ગુરુજી શ્રી ઝવેરસાગરજીનું હેન્ડબીલ નીકળ્યું હતું. તેમાં તેમણે ચોખ્ખું જણાવ્યું છે કે—

"श्री हीरप्रश्न में पिण कह्या है कि जो पर्युषण का पिछला चार दिवस में तिथि का क्षय आवे तो चतुर्दशीथी कल्पसूत्र वांचणा, जो वृद्धि आवे तो एकमथी

वांचणा, पर्थी पिण मालम हुआ कि–जेम तिथि की हानि वृद्धि आवे ते तेमज करणी, वास्ते अबके पर्युषण में एकम दुज भेली करणी. " ( પ. ચ. સં. પૃ. ૪૬ )

સં. ૧૯૨૯માં ભાદરવા સુદ ૧ ની વૃદ્ધિ હતી. ધરણેન્દ્રસૂરિજીએ તે વખતે પણ એકમને બદલે બે તેરસો કરવાનું જાહેર કરી દીધું હતું. તે સામે અમદાવાદથી શ્રી શાન્તિસાગરજીનું હેન્ડબીલ નીકળ્યું હતું, તેમાં લખ્યું છે કે—

"...श्रावण वद १३ बे मुकरर करी. ए वात घणा लोकोना सांभळवामां आवी तेथी विस्मय पाम्या के आ अजुकतुं न करवानुं काम शुं कर्युं के उदीयात चउदश लोपी...सागरगच्छना श्रीजी साहेबे शास्त्र मुजब भादरवा सुद १ बे हती ते शास्त्र प्रमाणे कायम राखी छे. " ( પ. ચ. સં. પૃ. ૩૬ )

સં. ૧૯૫૨ માં ભાદરવા સુદ ૫ નો ક્ષય હતો. શ્રી જૈન ધર્મ પ્રસારક સભાના પંચાંગમાં તે વખતે "ભાદરવા શુદ ચોથ પાંચમ ભેગા છાપ્યા હતા. અને ચોથ શુક્રવારી સંવચ્છરી " લખી હતી, તે લખાણ પં. શ્રી ગંભીરવિજયજીના કાગળમાં આ. શ્રી નીતિસૂરિજીવાળી સં. ૧૯૮૯ ની ચોપડી પૃ. ૧૦ માં મોજુદ છે.

ટીપણામાં ક્ષય પામેલી કે વૃદ્ધિ પામેલી પર્વતિથિની ઘડીઓ સ્વમતિથી આઘી પાછી કરી અપર્વતિથિની

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ક્ષય વૃદ્ધિ કરવાનું કેટલાકો સમજાવે છે. પણ તે ચ શ્રી તત્ત્વતરંગિણી પૃ. ૧૩ નો નીચેનો ઉલ્લેખ વાંચવાથી ' અસત્ય ' છે એમ સમજી શકાશેઃ—

" यदि च स्वमत्या तिथेरवयवन्यूनाधिककल्पनां करिष्यसि तदाऽऽजन्म व्याकुलितचेता भविष्यसि । "

ભાવાર્થ—' જો સ્વબુદ્ધિથી તમે તિથિના અવયવની ન્યૂનાધિક કલ્પના કરશો તો જિંદગી પર્યંત તમારે વ્યાકુલ બનવું પડશે ' મતલબ કે કલ્પનાથી પણ કોઈની ઘડીઓ કોઈમાં નાખી ન્યૂનાધિક કરી શકાતી નથી જ.

શ્રી પ્રવચન પરીક્ષા પૃ. ૪૧૨ માં લખ્યું છે કે—

" त्रयोदश्यां द्वयोरपि तिथ्योः समाप्तत्वेन चतुर्दश्या अपि समाप्तिसूचकः स सूर्योदयः संपन्न एव । "

ભાવાર્થ—' તેરસે બન્ને તિથિ સમાપ્ત થવાથી તેરસનો સૂર્યોદય ચૌદશની પણ સમાપ્તિ સૂચવનારો થયો જ છે. ' એટલે કે તિથિનો સૂર્યોદય પલટાવવાની જરૂર નથી.

પૃ. ૪૦૮ માં લખ્યું છે કે—

" यथा हि नपुंसकः स्वापत्योत्पत्तिमधिकृत्यासमर्थस्तथा तत्तन्नामाङ्कितकृत्येष्वेव प्रथमा तिथिः प्रथमो मासो वा न समर्थः, न पुनः सर्वेष्वपि कार्येषु, नहि नपुंसकोऽपि स्वापत्यं प्रत्यहेतुरपि भोजनादिकृत्यं प्रत्यप्यहेतुरेवेति । "

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ભાવાર્થ—' જેમ નપુંસક પોતાની સંતાનોત્પત્તિ માટે અસમર્થ છે, તેમ પ્રથમ તિથિ માસ પોતાના પ્રતિબદ્ધ કાર્યો માટે અસમર્થ છે, સઘળા કૃત્યોમાં અસમર્થ નથી. સ્વસંતાનોત્પત્તિમાં અસમર્થ નપુંસક પણ ભોજનાદિ કાર્યોમાં કાંઈ અસમર્થ હોતો નથી.'

અર્થાત્ વૃદ્ધિમાં પહેલી તિથિ આરાધનાથી ત્યાજ્ય છતાં સઘલી વાતે તે અસમર્થ નહિ હોવાથી, તેના અસ્તિત્વમાંથી તેનો લોપ કરી શકાય જ નહિ.

શ્રી હીર પ્રશ્ન પૃ. ૭૮–૭૯ માં નીચેનો પ્રશ્નોત્તર છેઃ—

"प्रश्नः—पञ्चमीतिथिस्त्रुटिता भवति तदा तत्तपः कस्यां तिथौ ? पूर्णिमायां च त्रुटितायां कुत्रेति ॥ ५ ॥ उत्तरम्–अत्र पञ्चमी तिथिस्त्रुटिता भवति तदा तत्तपः पूर्वस्यां तिथौ क्रियते। पूर्णिमायां च त्रुटितायां त्रयोदशीचतुर्दश्योः क्रियते, त्रयोदश्यां तु विस्मृतौ प्रतिपद्यपीति ॥५॥"

સિદ્ધચક્ર વર્ષ ૧, અંક ૨૧, વધારાના પૃ. ૫ માં શ્રી સાગરાનંદજીએ આ પ્રશ્નોત્તર ટાંકયો છે. પણ તે તેમણે "પૂ. વિજયસેનસૂરીશ્વરજી મહારાજજી જણાવે છે" એમ કરી શ્રી સેનસૂરિજીના નામે ચઢાવ્યો છે, તે તેઓશ્રીની ગલતી થયેલી છે. એજ પ્રશ્નોત્તરને વર્ષ ૫, અંક ૧૧ ના પૃ.૨૫૪ માં પાછો હીરપ્રશ્ન તરીકે તેમણે ઉતાર્યો છે! સદર પ્રશ્નોત્તરનો અર્થ તેમણે પોતે જ જે લખ્યો છે તે તેમના જ અક્ષરોમાં આ રહ્યોઃ—

"અર્થ—પંચમી તીથિ ત્રુટેલી હોય ત્યારે તે

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

તિથિસંબંધી તપ કઇ તિથિમાં કરાય છે? અને પૂર્ણિમા તુટેલી હોય તો કઇ તિથિમાં કરાય? એ પ્રશ્નના સમાધાનમાં જણાવે છે કે-પંચમી તિથિ ત્રુટેલી હોય ત્યારે તેનો તપ પૂર્વતિથિમાં કરાય. પૂર્ણિમા ત્રુટી હોય તો તેનો તપ તેરસચૌદશમાં કરાય છે, તેરશે વિસ્મરણ થયે છતે તો પડવાને દિવસે પણ પૂર્ણિમાનો તપ કરી શકાય."

મૂલ પાઠમાં અને તેના ઉપરોક્ત અર્થમાં ક્ષયને બદલે ક્ષય કરવાની ગંધ સરખીએ નથી. છતાં આ પાઠ ઉપરથી જેઓ એક, પુનમના ક્ષયે તેરસનો ક્ષય અને બીજા, પુનમના ક્ષયે પડવાનો ક્ષય મનાવવા નીકળે છે, તેઓ બન્ને સત્ય વસ્તુથી દૂર છે. ક્ષયને બદલે ક્ષય વિગેરે કરી તિથિઓને અખંડિત કરવાની જ જો રૂઢી હોત તો આવા પ્રશ્નોત્તર જ ન ઉઠત.

જો કે શ્રીમાન સાગરાનન્દજી શ્રી સિધ્ધચક્ર વર્ષ ૫, અંક ૧૧, પૃ. ૨૫૭ માં "શ્રી હીરપ્રશ્ન પ્રકાશ ત્રીજો, પ્રશ્ન પાંચમો" મૂકીને નીચે લખે છે કે-

"પ્રશ્ન અને ઉત્તર બન્નેમાં પડેલી પુનમ આદિને ઉદયવાળી જ ગણતા નથી."

પરંતુ તેઓ ભૂલી જાય છે કે તેમના આ લખાણને તેમણે પોતે જ, સિદ્ધચક્ર વર્ષ ૪, અંક ૨૩, પૃ. ૫૩૩ માં, બન્નેને ઉદયવાળી જણાવીને ખોટું પાડેલું છે. તેમાં તેમણે લખ્યું છે કે-

"શ્રી હીરપ્રશ્નમાં પૂર્ણિમા અમાવાસ્યાની

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

વૃદ્ધિમાં ઔદયિકી શબ્દ બીજી તિથિને અંગે ગુણ-નિષ્પન્ન છે. બાકી સૂર્યોદય તો બન્નેમાં જ હોય છે.”

વળી પાંચમ કે પુનમ વિગેરેની ક્ષય વૃદ્ધિએ ત્રીજ કે તેરસ વિગેરેની ક્ષય વૃદ્ધિ કરવામાં આવે તો ઉદય તિથિ ચોથ ચૌદશ પલટાઈ જાય છે, તે નિર્વિવાદ છે. દાખલા તરીકે ધારો કે સોમવારે તેરસ છે, મંગળવારે ચૌદશ છે, પુનમનો ક્ષય છે. હવે પુનમને મંગળવારે અખંડિત રાખવા માટે તેરસનો ક્ષય કરો એટલે ચૌદશ મંગળવારથી ખસીને સોમવારે ગઇ. એ જ પ્રમાણે ધારો કે સોમવારે તેરસ છે, મંગળવારે ચૌદશ છે, બુધવારે પહેલી પુનમ છે, અને ગુરુવારે બીજી પુનમ છે. હવે પુનમને એક રાખવા ખાતર તેરસ બે કરો તો સોમવારે પહેલી તેરસ થઈ, મંગળવારે બીજી તેરસ થઇ, ચૌદશ મંગળવારની ખસી બુધવારે આવી. આમ ક્ષય વૃદ્ધિમાં બીજી તિથિઓની ક્ષય વૃદ્ધિ કરવાથી ઉદયાત ચોથ ચૌદશ આદિ પર્વ-તિથિઓના ભુક્કા જ ઊડી જાય છે. આવી કલ્પિત ક્ષયવૃદ્ધિ માની આરાધના કરનારા પર્વની અપર્વે અને અપર્વની પર્વે આરાધના કરનારા બને છે. એમાં તેરસ ચૌદશ આદિ બન્ને બગડે છે. કોઇ પણ સંયોગોમાં સંવત્સરીની ચોથ ચૌદશ વિગેરે પલટાવી ન જ જોઇએ, એવું ખુદ શ્રી સાગરજી તેમની સરલ મનોદશામાં એક વખત લખી ચૂકયા છે. વાંચો સિદ્ધ-

P. P. Ac. Gunratnasuri M.S.	Jin Gun Aaradhak Trust

ચક્ર વર્ષ ૪, અંક ૧૯–૨૦, પૃ. ૪૫૪ માં છપાયેલા તેમના અક્ષરો: તેઓએ ભારપૂર્વક લખ્યું છે કે–

"પર્યુષણ બેસવાની તિથિ પલટે, કલ્પવાચનની તિથિ પલટે, તેલાધરની તિથિ પલટે, પણ પાક્ષિક અને સાંવત્સરિકની તિથિઓ જે ચૌદશ અને ચોથ છે, તે પલટે જ નહિ."

બસ, આ બધા ઉલ્લેખો સાફ સાફ બતાવી આપે છે કે–**ટીપણામાં ક્ષયવૃદ્ધિ જે તિથિની આવી હોય તેની તે કાયમ જ રાખવી જોઇએ.**

## (૧૭) સંપૂર્ણ થતા તિથિભોગને દિવસે જ તિથિ માનવાનું પ્રમાણ—

શ્રી તત્ત્વતરંગિણી પૃ. ૧૨ માં ફરમાવ્યું છે કે—

"अथ तिथीनां वृद्धौ हानौ च का तिथिः स्वीकार्येत्यत्रोभयोः साधारणं लक्षणमुत्तरार्धेनाह–'जं जा जंमि'त्ति यद्–यस्मात् या तिथिर्यस्मिन्–आदित्यादिवारलक्षण-दिवसे समाप्यते स एव दिवसो वारलक्षणः प्रमाणमिति तत्तिथित्वेनैव स्वीकार्यः।"

**ભાવાર્થ**—'તિથિની વૃદ્ધિહાનિમાં કઇ તિથિ સ્વીકારવી એ વિષયમાં ઉતરાર્ધે કરીને બંનેનું સાધારણ લક્ષણ કહે છે કે–' **જે તિથિ જે રવિવારાદિ દિવસે સમાપ્ત થતી હોય તે જ દિવસ તે તિથિ તરીકે પ્રમાણ માનવો જોઇએ.'**

પર્વતિથિ આરાધવાનો ઉદ્દેશ શુભ ગતિનો આયુષ્યબંધાદિ છે. તે ત્યારે જ સચવાય કે જ્યારે

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

તે દિવસે પર્વતિથિ હોય. એમાં ભ્રાન્તિ ન થાય માટે શાસ્ત્રકારે ઠીક જ ઉપાય ફરમાવ્યો છે કે–તિથિનો ચાહે ક્ષય હોય કે વૃદ્ધિ હોય પણ જે દિવસે તેના ભોગની સમાપ્તિ થતી હોય તે દિવસે જ તે તિથિ માનવી. **ઉદય તિથિની સમાપ્તિ તે જ દિવસે હોય છે. ક્ષીણ તિથિની સમાપ્તિ પૂર્વતિથિને દિવસે જ હોય છે. અને વૃદ્ધ તિથિની સમાપ્તિ બીજે દિવસે જ હોય છે. જેઓ ત્રીજ તેરસે સંવત્સરીની ચોથ ચૌદશનો ભોગવટો સંપૂર્ણ નહિ થતો હોવા છતાં ચાલુ ભોગવટાના નામે તેની આરાધનાનો બચાવ કરે છે અને પહેલી પાંચમ તથા પુનમે ચોથ ચૌદશના ભોગની ગંધ સરખીયે નહિ છતાં આરાધના કરે કરાવે છે, તે શાસ્ત્ર સમાચારીથી વિરુદ્ધ કેવળ જુઠ અને કલ્પના માત્ર જ સેવે છે,** એમ ઉપરના પાઠથી દીવા જેવું સાબિત થાય છે. શ્રી સાગરજી પણ સિદ્ધચક્ર વર્ષ ૪, અંક ૪ પૃ. ૯૫ માં **"તત્ત્વથી પૂર્ણતાવાળી જ તિથિને આરાદ્ય"** ગણવાનું લખી ગયા છે. માટે આજે કલ્પનાના ઘોડે મનાવાતી અવિદ્યમાન અને અપૂર્ણ ભોગવાળી તિથિઓ શાસ્ત્રાનુસારિઓને માનવા યોગ્ય નથી જ.

## (૧૮) વૃદ્ધિમાં પહેલી તિથિ ખાધાવારમાં જ લેવાય તેનું પ્રમાણ—

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

શ્રી હીરપ્રશ્ન પૃ. ૪૫ માં નીચે પ્રમાણેનો પ્રશ્નોત્તર ફરમાવ્યો છે—

"प्रश्नः—यदा चतुर्दश्यां कल्पो वाच्यते, अमावास्यादिवृद्धौ वा अमावास्यायां प्रतिपदि वा कल्पो वाच्यते तदा षष्ठतपः क्व विधेयम् ? ॥ ७ ॥ उत्तरम्—'यदा चतुर्दश्यां कल्पो वाच्यते' इत्यत्र षष्ठतपोविधाने दिननैयत्यं नास्तीति यथारुचि तद्विधीयतामिति कोऽत्राग्रहः ॥ ७ ॥ "

ભાવાર્થ—'પ્રશ્ન–જ્યારે ચૌદશે કલ્પ વંચાય અથવા અમાવાસ્યાદિ તિથિની વૃદ્ધિમાં અમાવાસ્યાએ કિંવા પડવે કલ્પ વંચાય ત્યારે છઠ્ઠનો તપ કયે દિવસે કરવો ? ઉત્તર–જ્યારે ચૌદશે કે અમાવાસ્યાદિએ કલ્પ વંચાય ત્યારે છઠ્ઠ તપ કરવામાં દિવસનું નિયતપણું નથી. ઠીક લાગે તેમ કરો. એમાં આગ્રહ શો ? "

આની મતલબ એ છે કે પર્યુષણ અઠ્ઠાઈ જો અગિયારસથી બેસે તો તેરસ ચૌદશે છઠ્ઠ કરવો. જો બારસથી બેસે તો ચૌદશ અમાસે કરવો. અને **અમાવાસ્યાદિ તિથિ વૃદ્ધિમાં જો તેરસથી બેસે તો તેરસ ચૌદશે છઠ્ઠ કરવો. પહેલી અમાસ આધાવાર ગણી બીજી અમાસે કલ્પધરનો ઉપવાસ કરવો.** આગ્રહ રાખવાનું કાંઈ કારણ નથી. શ્રી સાગરાનન્દજીએ પણ આ વાત કબૂલ રાખી છે. અને તે શ્રીસિદ્ધચક્ર વર્ષ ૩, અંક ૨૧, પૃ. ૫૦૭ માં નીચે પ્રમાણે ઉતારી છેઃ—

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

" પર્યુષણના કલ્પ સંબંધી છઠ્ઠ કરવામાં કોઇપણ તિથિયોના નિયમને માટે આગ્રહ કરવો નહિ. અર્થાત્ બે ચૌદશો હોય તો પહેલી બીજી ચૌદશનો પણ છઠ્ઠ થાય, બે અમાવાસ્યા હોય તો **તેરશ ચૌદશનો છઠ્ઠ થઈ, (પહેલી અમાવાસ્યાએ પારણું કરી ) બીજી અમાવાસ્યાએ એકલો ઉપવાસ થાય,** અને બે પડવા હોય તો પણ તેરશ ચૌદશનો છઠ્ઠ **થઈ અમાવાસ્યાએ પારણું આવી** પહેલે પડવે એકલો ઉપવાસ થાય." શ્રી સાગરજીએ આમાં **પર્વતિથિની વૃદ્ધિ અને તે પહેલી બીજી તિથિઓ તરીકે માન્ય કરીને પહેલી તિથિને ખાધાવારમાં લીધી જ છે. તથા શુદ્ધ અમાસે પણ ખાવામાં વાંધો જણાવ્યો નથી.**

**વાંચકો ! આ ઉપરથી જોઈ શકશે કે પહેલી પુનમ, અમાસ વિગેરે ખાધાવારમાં આવે તેમાં શાસ્ત્ર અને સમાચારીથી કશો જ પ્રત્યવાય નથી.**

## (૧૯) ચૌદશ ચોથની ચોમાસી સંવત્સરીનું પ્રમાણ—

**શ્રી કલ્પસૂત્ર કિરણાવલી**માં ઉ. શ્રી ધર્મસાગરજી ફરમાવે છે કે—

**" न च पर्युषणापर्वणो मासनैयत्येऽपि तिथिरपि चूर्ण्यादिषु पञ्चम्येव नियता दृश्यते तत्कथं चतुर्थीकथनमिति शङ्कयम्, युगप्रधानश्रीकालिकसूरेः पूर्वं पञ्चम्येव, इदानीं तु सर्वसङ्घाभिमततत्प्रवर्तिता चतुर्थ्येव । "**

ભાવાર્થ—' સંવત્સરિ પર્વની માસપ્રતિબદ્ધતા છતાં ચૂર્ણિઆદિમાં પંચમી પ્રતિબદ્ધતા પણ જણાય છે, તો ચોથ

કેમ કહો છો? એવી શંકા નહિ કરવી. યુગપ્રધાન શ્રી કાલકાચાર્ય પહેલાં પંચમી હતી. હાલ તો સર્વ સંઘે માન્ય કરેલી તેઓશ્રીની પ્રવર્તાવેલી શ્રી સંવત્સરીની તિથિ ચોથ જ છે.'

સંવત્સરી ફરવાથી પુનમની ચાતુર્માસી પણ ફરી. તે ચૌદશમાં નિયત થઇ. અને તેથી ત્રણ પખ્ખી પડિક્કમણાં ઓછાં પણ થઇ ગયાં. તે આખી વસ્તુનો ખુલાસો આપતો **શ્રી સેનપ્રશ્ન** ઉલ્લાસ ૪, પૃ. ૧૧૫/૧ માંનો પ્રશ્નોત્તર આ રહ્યોઃ—

"**कालिकसूरिभिः पाक्षिकदिने चातुर्मासिकमानीतं, तत्र प्रतिक्रमणानि न्यूनानि भवन्ति, तत्कथमिति प्रश्नोऽत्रोत्तरं–प्रतिक्रमणानां न्यूनत्वेऽधिकत्वे वा न कोऽपि विशेषो यतः पूर्वाचार्याणामाचरणैवात्र प्रमाणम् ।**"

**ભાવાર્થ**—' શ્રી કાલકસૂરિ ચૌદશને દિવસે ચોમાસી લાવ્યા. એમાં પ્રતિક્રમણો ઓછાં થયાં તેનું શું? એ પ્રશ્ન. એનો ઉત્તર–પડિક્કમણાં ઓછાં કે અધિક થાઓ તેમાં કાંઇ વિશેષ નથી, કારણ કે પૂર્વાચાર્યોની આચરણા જ અહિં પ્રમાણ છે.'

અને છઠ્ઠ તો ચોમાસીનો જ કરવાનો છે, ખાસ પુનમનો, કે ચૌદશ પુનમનો જ કરવાનો છે એમ નથી, તે આપણે આ જ પ્રકરણના ૧૨ મા 'પૌષધ અને **પ્રાયશ્ચિત્ત પ્રમાણ**'માં શ્રીવ્યવહારચૂર્ણીઆદિના "**चउमासीए छट्टं संवच्छरीए अट्ठमं**" આદિ અક્ષરોમાં પાછળ જોઈ જ ગયા છીએ.

એટલે આ ઉપરથી નીચેની ચાર બાબતો, શ્રી

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

તપગચ્છની સુવિશુદ્ધ પરંપરા, આપણને શાસ્ત્રિય તરીકે જાહેર કરે છેઃ—

(૧) ચોમાસી પર્વ પૂર્ણિમાને બદલે પાક્ષિક ચતુર્દશીને દિવસે કરવું.

(૨) ત્રણ પખ્ખી આરાધનાના લોભથી આજ્ઞાયુક્ત આચરણા તોડવી નહિ.

(૩) અહિં પખ્ખી આરાધના જેમ ચોમાસી આરાધનામાં શાસ્ત્રકારે સમાવી દીધી તેમ ક્ષીણ પૂર્ણિમાદિની આરાધના મુખ્યમાં ગૌણના શાસ્ત્રિય ન્યાયે ચોદશ આદિમાં સમાવી દેવી, પરંતુ ઉદયતિથિ ચોદશ આદિ પલટાવવી નહિ.

(૪) ચોમાસી છઠ્ઠમાં ચોદશ અવશ્ય લેવી. ક્ષયવૃદ્ધિના કારણે ચોદશ સાથે પૂર્ણિમા સ્વતંત્ર ન આવે તો તે યેન કેન કલ્પિત લેવાનો હઠ કરવો નહિ.

## (૨૦) પૂર્ણિમા ચોમાસી અઠ્ઠાઇમાંથી બાતલ હોવાનું પ્રમાણ—

**શ્રી સેનપ્રશ્ન** ત્રીજો ઉલ્લાસ, પૃ. ૭૫/૨ માં નીચેનો પ્રશ્નોત્તર છે—

"चतुर्मासाष्टाह्निका चतुर्दशीं यावत् पूर्णिमां यावद्वा गणनीयेति प्रश्नोऽत्रोत्तरं-चतुर्मासाष्टाह्निका साम्प्रतं चतु-

P. P. Ac. Gunratnasuri M.S.　　Jin Gun Aaradhak Trust

वर्शी यावद्गणनीया । " ભાવાર્થ—' ચોમાસી અઠ્ઠાઇ ચૌદશ સુધી ગણવી કે પુનમ સુધી એ પ્રશ્ન. તેનો ઉત્તર–' હાલમાં ચોમાસી અઠ્ઠાઇ ચૌદશ સુધી ગણવી. '

## (૨૧) ચોથ ચોદશથી પાંચમ પુનમની અપ્રધાનતાનું પ્રમાણ–

આથી શાસ્ત્રકાર મહારાજે જો કે પુનમને પર્વિ-પણામાંથી બાતલ કરી નથી, તો પણ ચોમાસી ચૌદશની નિયત થતાં ચોમાસીની પુનમો ચોમાસી તરીકે તેની આગળ મહત્ત્વપૂર્ણ રહી નથી, એમ તો બતાવ્યું જ છે. જેમ સંવત્સરી ચોથની નિયત થતાં ભાદરવા શુક્લ પંચમી પર્વી તરીકે રહેવા છતાં સંવત્સરી તરીકે તેની આગળ મહત્વહીન થઈ ગઈ છે તેમ. આ વસ્તુ ઉપર પ્રકાશ પાડવા માટે ઉ. શ્રી. ધર્મસાગરજીને શ્રી કલ્પકિરણા-વલી પૃ. ૧૬ માં તદ્દન વ્યાજબી જ કહેવું પડયું છે કે–

" परित्यज तीर्थानादृतत्वेन मृतमातृकल्पां पञ्चमीम्" ( પ. પ્ર. પૃ. ૬૩ ) ભાવાર્થ—' તીર્થે નહિ આદરેલી હોવાથી મરેલી માતા તુલ્ય બનેલી પંચમીને તું છોડ. '

શ્રી હીરસૂરિ મહારાજા પણ એ જ વાતનું સમ-ર્થન કરે છે. તે શ્રી હીરપ્રશ્ન પૃ. ૧૦ નો નીચેનો પ્રશ્નોત્તર વાંચવાથી સમજાશેઃ—

" प्रश्नः–पर्युषणोपवासः पञ्चमीमध्ये गण्यते न वा? ॥ ७ ॥ उत्तरम्–पर्युषणोपवासः षष्ठकरणसामर्थ्याभावे पञ्चमीमध्ये गण्यते नान्यथेति ॥ ७ ॥" ( પ. પ્ર. પૃ. ૭૫ ).

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ભાવાર્થ–' પાંચમ ઉચ્ચરી હોય તેણે સંવત્સરીનો ઉપવાસ કર્યો, તે પંચમીમાં ગણાય કે નહિ ? ઉત્તર–છઠ્ઠ કરવાની શક્તિ ન હોય તો સંવત્સરીનો ઉપવાસ પાંચમમાં ગણાય, અન્યથા ન ગણાય.'

પંચમીની જો પ્રધાનતા જ ટકી હોત તો આ રીતે શાસ્ત્રકાર સંવચ્છરીના તપથી તેનો તપ આવી ગયાનું ન જ જણાવી શકત.

શ્રી હીરપ્રશ્ન પૃ, ૭૩ નો આ પ્રશ્નોત્તર પણ વાંચો–

" प्रश्नः—येन शुक्लपञ्चमी उच्चरिता भवति स यदि पर्युषणायां द्वितीयातोऽष्टमं करोति तदैकान्तेन पञ्चम्यामेकाशनकं करोति उत यथारुच्येति ? ॥ १४ ॥ उत्तरम्–येन शुक्लपञ्चमी उच्चरिता भवति तेन मुख्यवृत्त्या तृतीयातोऽष्टमः कार्यः अथ कदाचिद् द्वितीयातः करोति तदा पञ्चम्यामेकाशनकरणप्रतिबन्धो नास्ति, करोति तदा भव्यमिति ॥ १४ ॥ " ( પ. પ્ર. પૃ. ૭૬ )

ભાવાર્થ—' જેણે શુકલ પંચમી ઉચ્ચરી હોય તે જો પર્યુષણમાં બીજથી અઠ્ઠમ કરે તો તેણે એકાન્તે પાંચમે એકાસણું કરવું જોઇએ કે જેવી ઇચ્છા ? આ પ્રશ્નનો ઉત્તર–જેણે શુકલ પંચમી ઉચ્ચરી હોય તેણે મુખ્યવૃત્તિથી ત્રીજથી અઠ્ઠમ લેવો જોઇએ. જો કદાચ બીજથી અઠ્ઠમ કરે તો પાંચમે એકાસણું કરવાનો ખાસ પ્રતિબંધ નથી. કરે તો સારું.'

આ પ્રશ્નોત્તર પણ ચોથ કરતાં પાંચમનું પર્વીપણું છતાં ગૌણપણું જ સિદ્ધ કરે છે. એ જ વસ્તુ ચોમાસી

P. P. Ac. Gunratnasuri M.S.    Jin Gun Aaradhak Trust

ચૌદશ આગળ આવતી પુનમ માટે પણ સમાન જ છે. **શ્રી તત્વતરંગિણી** પૃ. ૧૫ માં ફરમાવ્યું છે કે–

"यदि पुनः कदाचित् चतुर्मास्याः पाक्षिकं षतति तदा तत्र 'पुव्वुत्त'त्ति पूर्ववत्-अन्यचतुर्दशीपाते या रीतिः सैवानुसर्त्तव्येत्यर्थः, अपिः पुनरर्थे व्यवहितोऽपिः, न पुनः सूत्रोक्तमिति भ्रान्त्या (न्तिं) कृत्वा पौर्णमासी ग्रहीतव्येति।"

**ભાવાર્થ**—' જો કદાચ ચોમાસી ચૌદશનો ક્ષય હોય તો પણ પૂર્વની માફક–એટલે અન્ય ચૌદશના ક્ષયે જે રીત છે તે જ અનુસરવી, અર્થાત્ તેરસ ગ્રહણ કરવી. **પણ સૂત્રોક્ત છે એવી ભ્રાન્તિથી પુનમ ગ્રહણ કરવી નહિ.'**

આની અવતરણિકામાં પણ પૃ. ૧૪ માં નીચે પ્રમાણે પાઠ છેઃ–

"अथ चतुर्मास्याश्चतुर्दशीपाते प्रवचनोक्तत्वात् पौर्णमास्येव [युक्ता] (ज्यायसी), नेतरस्यनुपासितगुरुकुलस्य कस्यचिद्भ्रान्तस्य भ्रान्तिमपाकर्तुमार्याद्वयमाह।"

આ પાઠમાં આવા [ ] કાટખૂણમાં આપેલો પાઠ મુદ્રિત પ્રતમાં છે, આવા ( ) કૌંસમાં આપેલો પાઠ હસ્તલિખિત પ્રતમાં છે. તે **શ્રી પર્વતિથિ પ્રકાશ** પૃ. ૧૮૮ માં અમે ટિપ્પણ નં. ૭૯ માં સૂચવ્યો છે. એનો ભાવાર્થ આ પ્રમાણે છે–

"ચોમાસી ચૌદશનો ક્ષય હોય ત્યારે શાસ્ત્રોક્ત હોવાથી પુનમ જ મોટી છે, પણ બીજી નથી; માટે તે દિવસે ચૌદશ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

કરવી,' એવી ગુરુકુલ સેવ્યા વિનાના કોઇક ભ્રાન્ત પુરુષની ભ્રાન્તિ દૂર કરવા માટે બે ગાથાઓ કહે છે.'

આ પાઠો પણ ચૌદશના પર્વીપણા કરતાં પુનમના પર્વીપણાની પ્રધાનતા માનનારાઓનું 'ભ્રાન્ત' વિગેરે જણાવી ખંડન જ કરે છે. **સારાંશ એ છે કે કોઇ પણ સુજ્ઞ મનુષ્ય શાસ્ત્રાજ્ઞાવિરુદ્ધ અપ્રધાનનો આગ્રહી બની પ્રધાનનો નાશ કરવા તૈયાર ન જ થાય.**

## (૨૨) છઠ્ઠમાં પુનમની અનિયમિતતાનું પ્રમાણ—

આ પ્રકરણના પ્રમાણ નં. ૧૬ માં ઉતારેલો શ્રી હીરપ્રશ્ન પૃ. ૭૮–૭૯ માંનો પ્રશ્નોત્તર અહિં ફરીથી વિચારોઃ—

" प्रश्नः–पञ्चमीतिथिस्त्रुटिता भवति तदा तत्तपः कस्यां तिथौ पूर्णिमायां च त्रुटितायां कुत्रेति ॥५॥ उत्तरम्–अत्र पञ्चमी तिथिस्त्रुटिता भवति तदा तत्तपः पूर्वस्यां तिथौ क्रियते, पूर्णिमायां च त्रुटितायां त्रयोदशीचतुर्दश्योः क्रियते, त्रयोदश्यां तु विस्मृतौ प्रतिपद्यपीति ॥ ५ ॥ ".

ભાવાર્થ—' પ્રશ્ન–જ્યારે પાંચમનો ક્ષય હોય ત્યારે તેનો તપ કઇ તિથિમાં કરવો અને પુનમનો ક્ષય હોય ત્યારે તેનો તપ કઇ તિથિમાં કરવો? ઉત્તર–પાંચમનો ક્ષય હોય ત્યારે તેનો તપ પૂર્વતિથિમાં કરવો, અને **પુનમનો ક્ષય હોય ત્યારે તેનો તપ તેરસ ચૌદશમાં કરવો, તેરસે ભુલી જવાય તો પડવે પણ કરવો.'**

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

આ સાથે ૧૮ મા પ્રમાણુમાં ઉતારેલો **શ્રીહીરપ્રશ્ન** પૃ. ૪૫ માંનો પ્રશ્નોત્તર પણ ધ્યાનમાં લોઃ–

**" प्रश्नः–यदा चतुर्दश्यां कल्पो वाच्यते, अमावास्यादिवृद्धौ वा अमावास्यायां प्रतिपदि वा कल्पो वाच्यते तदा षष्ठतपः क्व विधेयम् ? ॥७॥ उत्तरम्–' यदा चतुर्दश्यां कल्पो वाच्यते ' इत्यत्र षष्ठतपोविधाने दिननैयत्यं नास्तीति यथारुचि तद्विधीयतामिति कोऽत्राग्रहः ॥७॥ "**

**ભાવાર્થ**—' પ્રશ્ન–જ્યારે ચૌદશે કલ્પ વંચાય અથવા અમાવાસ્યાદિની વૃદ્ધિમાં અમાવાસ્યા કે એકમે કલ્પ વંચાય ત્યારે છઠ્ઠનો તપ કયે દિવસે કરવો ? ઉત્તર–જ્યારે ચૌદશે કે અમાવાસ્યાદિએ કલ્પ વંચાય ત્યારે **છઠ્ઠ તપ કયારે કરવો તેના દિવસનું નિયતપણું નથી.** ઠીક લાગે તેમ કરવો. એમાં આગ્રહ શો ? '

આ પ્રશ્નોત્તરો શું સિદ્ધ કરે છે? એ જ કે સ્વાભાવિક સંયોગોમાં જે ચૌદશ પુનમ કે ચૌદશ અમાસના છઠ્ઠ આવી શકત તે પુનમ કે અમાસની ક્ષય વૃદ્ધિમાં આવી શકતા નથી, માટે ચોમાસી કે કલ્પધરના છઠ્ઠ કરનારે ચૌદશ સાચવીને તેરસ ચૌદશ આદિનો છઠ્ઠ કરી લેવો. વચમાં પહેલી પુનમ કે પહેલી અમાસ આવે તેને ખાધાવાર રાખી બીજી પુનમ કે બીજી અમાસે પુનમનો કે કલ્પધરનો ઉપવાસ કરી લેવો. યોગ્ય વિચારીને કરી લેવું. ચૌદશ સાથે પુનમ અમાસની અવશ્ય નિયમિતતાનો આગ્રહ સેવવો નહિ.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

જૈન શાસ્ત્ર અને સમાચારીના શ્રદ્ધાળુ આત્માઓને **'પુનમની ક્ષય વૃદ્ધિ હોય ત્યારે છઠ્ઠમાં ચૌદશ સાથે પુનમની અવશ્ય નિયમિતતા રહેતી નથી,'** એ સમજાવવા માટે હવે આથી વધારે સબળ પુરાવાઓની જરૂર રહેતી હોય તેમ ભાગ્યે જ માની શકાય.

## (૨૩) સં. ૧૯૯૭માં કાર્તિક શુદ પુનમ બે હોવાનું પ્રમાણ—

સં. ૧૯૮૯ માં જોધપુરી ચંડાંશુ ચંડુ પંચાંગમાં ભાદરવા સુદ ૫ નો ક્ષય હતો. સં. ૧૯૯૨–૯૩ માં ભાદરવા સુદ ૫ ની વૃદ્ધિ હતી. સં. ૧૯૯૬ માં માહ વદ અમાસની વૃદ્ધિ હતી. સં. ૧૯૯૭ માં જૈન સમાજને કેઇ વર્ષોથી માન્ય ગણાતા સદર પં. શ્રીધર શીવલાલના પંચાંગમાં કારતક સુદ પુનમની વૃદ્ધિ છે. **પહેલી પુનમ ગુરુવારે ૬૦ ઘડી છે, બીજી પુનમ શુક્રવારે ૨૮ પલ છે.** એ જ પંચાંગમાં કારતક સુદ ૧૩ મંગળવારે ૫૧ ઘડી–૧૧ પળ છે. અને કારતક શુદ ૧૪ બુધવારે ૫૬ ઘડી–૧૦ પલ છે. વાંચકો એ ઉપરથી જોઇ શકશે કે કારતક શુદ ૧૩ કે ૧૪ ની વૃદ્ધિ થયેલી નથી. એટલે પ્રભુ આજ્ઞાના આરાધક આત્માઓએ આગામી કાર્તિકીની ચોમાસી ચૌદશ કયારે આરાધવી ? એ પ્રશ્નનો જવાબ એક જ છે કે—જેમ સં. ૧૯૮૯ માં ભાદરવા શુદ ૫ નો ક્ષય

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

માન્ય રાખી ઉદયતિથિ ભાદરવા શુદ ૪ શુક્રવારે જ સંવચ્છરી આરાધી હતી, સં. ૧૯૯૨ માં ભાદરવા સુદ ૫ ની વૃદ્ધિ કાયમ રાખી ઉદયતિથિ ભાદરવા સુદ ૪ શનિવારે જ સંવચ્છરી આરાધી હતી, સં. ૧૯૯૩માં પણ ભાદરવા સુદ ૫ ની વૃદ્ધિ માન્ય રાખી ઉદયતિથિ ભાદરવા સુદ ૪ બુધવારે જ સંવચ્છરી આરાધી હતી, ચાલુ સાલમાંયે માહ વદ અમાસની વૃદ્ધિ અખંડિત રાખી ઉદયતિથિ માહ વદ ૧૪ ગુરુવારે જ પખ્ખી આરાધી હતી, આમાં ક્યાંય ઉદયતિથિ તોડવામાં આવી ન હતી, તેમ **સં. ૧૯૯૭ માં પણ કારતક સુદ પુનમની વૃદ્ધિ કાયમ રાખી કારતક સુદ ૧૪ બુધવારે જ ચોમાસી આરાધવી. કારતક સુદ ૧૪ બુધવારે હોવાથી ઉદયતિથિને તોડવી નહિ.**

પ્રિય વાંચકો! તમોને સમજ ન પડે તો કોઇ જ્યોતિષિને પૂછજો કે જોધપુરી ટીપણામાં 'ચૌદશ' કયારની છે? તે તુરત કહી આપશે કે 'ચૌદશ' બુધવારની છે. પછી તે દિવસે જ તેનું આરાધન કરવામાં શંકા સુદ્ધાં રાખશો નહિ. આટલી ચર્ચા અને પ્રમાણો જોયા પછી બે પુનમોને બદલે બે તેરસો કરવા તૈયાર થવું, એમાં તો ખાલી હઠવાદ સિવાય બીજુ કાંઈ પણ તત્ત્વ નથી, એમ બુદ્ધિમાનોને હવે ચોક્કસ લાગ્યા વિના રહેશે નહિ જ.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

બે પુનમોની બે તેરસો કરવાથી પહેલી તેરસ મંગલવારે આવશે, બીજી તેરસ બુધવારે આવશે, ચૌદશ ગુરુવારે આવશે અને પુનમ શુક્રવારે આવશે. આમાં બે વસ્તુ બગડશે. એક તો બુધવારે ચૌદશ છે, તેને બદલે તેરસ આવશે, કે જેનો તે દિવસે મુદ્દલ ભોગ નથી. ગુરુવારે પહેલી પુનમ ફલ્ગુ–અનારાધ્ય તિથિ છે, તે સ્થાને ચૌદશ આવશે, કે જે દિવસે ચૌદશનોયે અંશ મુદ્દલ નથી. આજ્ઞાયુક્ત ઉદયતિથિનો આથી વધારે ભંગ બીજો કયો હોઈ શકે? છતાં આ વખતે ગુરુવારે ચૌદશ કરનારા, સં. ૧૯૮૯, ૧૯૯૨, ૯૩ આદિમાં ગુરુવાર–રવિવાર–ગુરુવાર આદિએ સંવત્સરી આદિ કરનારાની માફક પર્વે અપર્વ અને અપર્વે **જ પર્વની આરાધના કરનારા બનશે, તથા વૃદ્ધ તિથિના તપ પૌષધ બ્રહ્મચર્ય આદિ નિયમોનાં લોપક પણ બનશે** એમાં તલમાત્ર શંકા નથી. ભવભીરુ બુદ્ધિમાન વિચારકો આવી ભૂલ ન જ કરે તે ઇચ્છવા યોગ્ય છે.

## છટ્ઠ આદિનાં શંકા સમાધાન

અત્રે કેટલાકો શંકા કરે છે કે પુનમની ક્ષયવૃદ્ધિ સ્વીકારી લઇએ તો ચૌદશ પુનમનો છટ્ઠ કયારે કરીએ? પટ કયારે ઝારીએ? વિહાર કયારે કરીએ? ઇત્યાદિ.

અત્રે એનું સમાધાન એ છે કે—

(૧) છટ્ઠ ચોમાસીનો હોવાથી પ્રમાણ નં. ૨૨ માં

P. P. Ac. Gunratnasuri M.S.　　　Jin Gun Aaradhak Trust

પાછળ બતાવી ગયા છીએ તેમ ચૌદશ મુખ્ય લઈને છઠ્ઠ કરવો. એટલે કે **પુનમનો ક્ષય હોય ત્યારે તેરસ ચૌદશ અથવા ચૌદશ પડવાનો છઠ્ઠ કરવો. આ વખતે (સં. ૧૯૯૭માં) પુનમની વૃદ્ધિ આવે છે માટે છઠ્ઠ તેરસ ચૌદશનો કરવો. બીજી પુનમે પુનમનો ઉપવાસ વિગેરે કરવો. આમ કરવાથી વૃદ્ધ તિથિના વ્રત નિયમ વિગેરેના લોપક પણ બનાશે નહિ.** તેરસ કદાચ ભુલાય. તો શ્રી કલ્પધરના છઠ્ઠ માટે શ્રી હીરસૂરિજી મહારાજે આપેલા ખુલાસાને અનુસરી (જુઓ આજ પ્રકરણનાં પ્રમાણ નં. ૧૮ તથા ૨૨) ચૌદશ અને પહેલી પુનમનો છઠ્ઠ કરવો. અને પ્રમાણ નં. ૨૧ માં જણાવેલા શ્રી હીરપ્રશ્ન પૃ. ૭૩ ના ખુલાસા અનુસાર બીજી પુનમે યથાશક્તિ તપ વિગેરે કરવું.

(૨) પુનમનો ક્ષય હોય ત્યારે પટ ઝારવા માટે એવો કોઈ શાસ્ત્રનો પાઠ નથી કે ચોમાસી પડિક્કમણા પહેલાં પટ ઝારી જ ન શકાય. **ચોમાસી પડિક્કમણું કાંઈ પટદર્શનને રોકતું નથી.** વળી, જ્ઞાનપંચમીને બીજે દિવસે ય જેમ જ્ઞાનપૂજા થાય છે, તેમ બીજે દિવસે કદાપિ પટ ઝારવો હશે તો પણ ઝારી શકાશે.

સંભલાય છે તેમ, શ્રી સાગરજી મહારાજ તો, ખરતરગચ્છી દેરે ય જવાનું માનતા નથી. પૂ. શ્રી

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

હીરસૂરિજી, સેનસૂરિજી મહારાજા એમ કહેતા નથી. જુઓ તેનો ઉલ્લેખ, **શ્રી હીરસૂરિજીના** બાર બોલનું પ્રતિપાદન કરતા શ્રી **સેનસૂરિ** પ્રસાદિત **શ્રી સેનપ્રશ્ન** પૃ. ૧૨૧/૧ માં નીચે પ્રમાણે છે–

" तथा दिगम्बरसम्बंधिआं चैत्य १, केवल श्राद्ध-प्रतिष्ठितचैत्य २, द्रव्यलिंगीनिं द्रव्यइं निष्पन्न चैत्य ३, ए त्रिण्यं चैत्य विना बीजां सघलांइ चैत्य वांदवा पूजवा योग्य जाणवां, ए वातनी शंका न करवी. ॥ ४ ॥"

આપણે શ્રી હીરસૂરિજી, સેનસૂરિજી જેવા મહાપુરુષોનું માનવું કે તત્ત્વવિરુદ્ધ શ્રી સાગરજીમહારાજનું માનવું? **માટે કહો કે મહાપુરુષોના શાસ્ત્રાધારે આગ્રહ રહિત યોગ્ય વર્તન કરવું એ જ** હિતાવહ છે. પુનમની ચોમાસી જ્યારે હતી ત્યારે પટ ઝારણ વિગેરે કેમ થતું હશે તેનો વિચાર કરો. મતલબ કે પટ ઝારણ અને યાત્રા તે દિવસે થાઓ કે બીજે દિવસે થાઓ, પણ એ વસ્તુ એવી નથી કે તે કારણથી આખી ચોમાસી પર્વની ઉથલપાથલ કરી શકાય, વાસ્તે, સુજ્ઞોનું કર્તવ્ય એ છે કે **'ચૌદશ તો વિરાધવી જોઇએ નહિ જ,' એ શાસ્ત્રાજ્ઞાનો પરિપૂર્ણ ખ્યાલ રાખવો.**

**(૩) આ વખતે ( સં. ૧૯૯૭ માં ) પુનમની વૃદ્ધિ છે, એટલે પુનમનો પટ ઝારવો,**

P. P. Ac. Gunratnasuri M.S.		Jin Gun Aaradhak Trust

**યાત્રા કરવી એ બધું બીજી પુનમને શુક્રવારે કરી શકાશે.**

(૪) પુનમનો ક્ષય હોય કે વૃદ્ધિ હોય પણ સાધુઓને વિહાર તો ચોમાસી પ્રતિબદ્ધ છે. ચોમાસી પડિક્કમણું થયા પછી બીજે દિવસે ચાહે સ્વાભાવિકી પુનમ હોય, કે પડવો હોય તો પણ વિહાર થવામાં વાંધો નથી. આ વખતે (સં. ૧૯૯૭ માં) કારતક સુદ ચૌદશ બુધવારની છે. એટલે ચૌદશ બુધવારે ચોમાસી પડિક્કમણું કરીને પહેલી પુનમ ગુરુવારે જેઓને વિહાર કરવા હોય તેઓ વિહાર કરી શકશે. અને ચોમાસું બદલવું હોય તો ચોમાસું બદલી શકશે. કોઇને બીજી પુનમને શુક્રવારે જ ચોમાસું બદલાવવાનાં ભાવ થાય તો તેમ પણ કરી શકશે; કારણ કે ચોમાસી પડિક્કમણા પછી છૂટા થયેલા વિહારો કિંવા ઠાણાઓઠાણું કોઈ તિથિ પ્રતિબદ્ધ નથી કે જેથી '**તે પહેલી પુનમે ન થાય અને બીજી પુનમે જ થાય, કિંવા પુનમે થાય અને પડવે ન જ થાય, કિંવા પહેલી પુનમે થાય અને બીજી પુનમે ન જ થાય,**' ઇત્યાદિ વિકલ્પો ઘડીભર પણ માની શકાય.

(૫) પુનમની ક્ષયવૃદ્ધિએ ચૈત્ર આસોની ઓળી ક્યારે બેસાડશો અને પૂરી કરશો ? એવા વિકલ્પો પણ કેટલાક કરે છે. તે પણ અર્થવગરના જ છે. પુનમનો ક્ષય હશે ત્યારે તે પુનમ આખી ચૌદસ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ભેગી આવેલી જ છે. તેને છેલ્લો દિવસ રાખીને ઓળી છઠ્ઠથી બેસાડી શકાશે. પુનમની વૃધ્ધિ હશે ત્યારે પુનમની સમાપ્તિ બીજે દિવસે છે, માટે તેને છેલ્લો દિવસ રાખીને ઓળી આઠમથી બેસાડી શકાશે. વચમાં પણ કોઈ તિથિની ઘટવધ હોય છે ત્યારે તમે શું કરો છો ? એ જ કે કાં તો છઠ્ઠથી બેસાડો છો, અથવા આઠમથી બેસાડો છો. બસ, એ જ પ્રમાણે આમાં ચે કરવું.

## (૨૪) સંવત્સરી પછી ૭૦ દિવસે ચોમાસીનું પ્રમાણ—

શ્રી સિધ્ધચક્ર વર્ષ ૪, અંક ૧૫, પૃ. ૩૪૯ માં લખ્યું છે કે—

**" સંવત્સરીના દિવસની સાથે આષાઢ ચતુર્માસીનો દિવસ અતીત પચાસમો દિવસ હોવો જોઇએ, અને કાર્તિકી ચતુર્માસીનો દિવસ અનાગત સિત્તેરમો દિવસ હોવો જોઈએ. "**

આ કથન શ્રી સમવાયાંગ અને પર્યુષણાકલ્પ આદિના વચનને મળતું છે. દરેક શાસ્ત્રાનુસારીએ આ શાસ્ત્રાજ્ઞા મુજબ જ આરાધના કરવી જોઇએ. સંવત ૧૯૯૭ માં જેઓ કારતક સુદ ૧૪ બુધવારે કરવાને બદલે પહેલી પુનમ ગુરુવારને દિવસે કરશે, તેમનાથી આ આજ્ઞાનું પાલન થશે નહિ, તે દીવા જેવું સમજાય તેવું છે. કારણ કે સંવત ૧૯૯૨-૯૩ ની

P. P. Ac. Gunratnasuri M.S.　　　　Jin Gun Aaradhak Trust

માફક તેઓએ આ સાલ( સં. ૧૯૯૬)માં શ્રી સંવત્સરી પ્રતિક્રમણ ભાદરવા સુદ પાંચમે નથી કર્યું, કિન્તુ શ્રી સંઘની સાથે ભાદરવા સુદ ૪ ગુરુવારે જ કર્યું છે. હવે ભાદરવા સુદ ૪ ગુરુવારનું સંવત્સરી પ્રતિક્રમણ કર્યા પછી ભાદરવા સુદ ૫ શુક્રવારથી દિવસ ગણો તો સિત્તેરમો દિવસ કારતક સુદ ૧૪ બુધવારનો જ આવશે. ભાદરવા સુદ પહેલી પુનમને ગુરુવારે ચૌદસ કરશો તો વાસ્તવિક તે ચૌદશનો નહિ પરંતુ પુનમનો જ તિથિભોગ હોવાથી સિત્તેરમો નહિ પરંતુ ઇકોત્તેરમો જ દિવસ થશે. જેમકે ભાદરવા શુદ-૪ પછી પાંચમથી પુનમ સુધી શુક્લપક્ષના દિવસ ૧૧+ ભાદરવા માસના કૃષ્ણપક્ષના દિવસ ૧૫+ આસો માસના શુક્લ તથા કૃષ્ણ પક્ષના દિવસ એકંદરે ૩૦+ કારતક શુદ એકમથી સુદ ૧૪ સુધીના દિવસ ૧૪= આનો એકદર સરવાળો દિવસ ૭૦ નો કારતક સુદ ચૌદશે આવ્યો. હવે એક દિવસ ખસેડીને જો ચૌદશને તમો પુનમે લઈ જશો તો સરવાળામાં એક દિવસ વધવાથી તે સિત્તોરમો નહિ પરંતુ ઇકોત્તેરમો જ દિવસ આવશે, માટે ચૌદશનું પરાવર્તન કરતા પહેલાં આ વસ્તુ પણ ભવભીરુ આત્માઓએ ધ્યાનમાં રાખવા જેવી છે. વળી પહેલી પુનમે ચોમાસી પડિક્કમણું કરનારાઓને અષાઢ ચોમાસીથી કાર્તિકી ચોમાસી **૧૨૦** ને બદલે **૧૨૧** દિવસે આવશે, કેમકે પુનમનો એક દિવસ ઉપર વધે છે. અને ફાગણ ચોમાસી **૧૨૦** દિવસે

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

આવવાને બદલે ૧૧૯ દિવસે આવશે, કેમકે પુનમનો તિથિભોગ પાછળ ગણાઈ ગયેલો હોવાથી ફરીથી તે ગણાશે નહિ અને એકમથી ફાગણ સુદ ૧૪ સુધી ગણતાં ૧૧૯ દિવસો જ થશે. ચૌદશનું પરાવર્તન ઈચ્છ-નારાઓને આ પણ એક મોટો બાધ છે. જ્યારે આગામી કારતક શુદ ચૌદશે જ ચૌદશ કરનારા શાસનપ્રેમી-ઓને તો આષાઢ ચોમાસીથી કાર્તિક ચોમાસી અને કાર્તિકી ચોમાસીથી ફાગણ ચોમાસી પણ બરાબર ૧૨૦ દિવસે જ આવીને ઊભી રહેશે. સમાજના ડાહ્યા અગ્રણીઓ આ પણ વિચારે.

શ્રીમાન સાગરાનન્દજી સિદ્ધચક્ર વર્ષ ૫, અંક ૭, પૃ. ૧૫૭માં વદે છે કે–"યાદ રાખવું જરૂરી છે કે શ્રમણ ભગવાન મહાવીર શ્રી દેવાનન્દાના ગર્ભમાં બ્યાસી દિવસ રહ્યા, તેમાં **અવમરાત્ર એટલે તિથિક્ષય** આવેલો જ છે. કર્મમાસની અપેક્ષાએ બ્યાસી રાત્રિદિવસ ગણ્યા છે. સંવચ્છરી પછીના સિત્તેર અને પ્હેલાના પચાસ પણ રાત્રિદિવસ લીધા છે." તેમની આ કહેવાની મતલબ એ છે કે 'આ દિવસો "કર્મમાસ"ની અપેક્ષાએ ગણાવા જોઈએ, કર્મમાસમાં તિથિનો ક્ષય કે વૃદ્ધિ આવતી નથી, એટલે વારના હિસાબે જ દિવસો ગણવા, તિથિભોગના હિસાબે નહિ ગણવા.'

આ તેમનું કહેવું વદતોવ્યાઘાત જેવું છે, સત્યથી તદ્દન વેગળું છે, અને પોતે પૂર્વે શું લખ્યું છે તેનાયે ભાનવિનાનું છે. પાક્ષિક, ચાતુર્માસિક, કે સાંવત્સરિકના

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

૧૫–૧૨૦–કે ૩૬૦ દિવસોની માફક ઉપરોક્ત ૫૦–૭૦ દિવસો પણ તિથિભોગના હિસાબે જ ગણવાના છે, જેની સાબિતીમાં તેમણે પોતે જ શ્રી સિધ્ધચક્ર વર્ષ ૪, અંક ૨, પૃ. ૩૮ માં લખ્યું છે કે—

**"પાક્ષિક પ્રતિક્રમણમાં સૂર્ય, ચંદ્ર, ઋતુ, કર્મ, કે અભિવર્ધિત એકે પક્ષનો હિસાબ રહેતો નથી.... પખ્ખી આદિ માટે તિથિની સંખ્યાનો હિસાબ નામ સાથે."**

વર્ષ ૪, અંક ૪, પૃ. ટાઇટલ ૩ માં લખ્યું છે કે—

"પન્નારસણ્હં વિગેરે પાઠની સમજણ. ધ્યાન રાખવું કે પખ્ખીમાં એકમ વિગેરે તિથિઓ વધી અગર ઘટી એટલે તૂટી અગર બેવડી થઇ પણ તે તમામ તિથિઓ પંદરને અંગે જ છે. એટલે એમ કહેવું જોઇએ કે **પાક્ષિકને અંગે માત્ર તિથિઓનો ભોગવટો ગણવામાં આવેલ છે...તિથિના ભોગવટા અને તિથિની સંજ્ઞાની** અપેક્ષાએ તેર, ચૌદ, સોળ, કે સત્તર દિવસો અને રાત્રિઓ પખવાડામાં ગયા હોય, તો પણ **पनरसण्हं दिवसाणं, पनरसण्हं राईणं એમ કહેવું જ વ્યાજબી છે."**

ટાઇટલ પૃ. ૪માં લખ્યું છે કે—

"પાક્ષિકની તિથિ જે ચતુર્દશી છે તેની મર્યાદામાં સૂર્યોદય ઓછા થાય કે વધારે થાય તેનો હિસાબ ગણાય નહિ. **પણ માત્ર તિથિનો ભોગવટો અને ગએલી તિથિઓની સંજ્ઞાઓ જ ગણાય."**

વર્ષ ૪, અંક ૭, પૃ. ૧૫૦માં લખ્યું છે કે—

"પાક્ષિકની તિથિઓને અંગે જે ન્યાય જણાવ્યો છે તે

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

જ ન્યાય અહીં ચોમાસીને અંગે લેવાને છે. અર્થાત્ ચારે **માસના ભોગવટા અને સંજ્ઞા ઉપર જ ધ્યાન આપવાનું** છે. જેવી રીતે પક્ષમાં પડવાથી માંડીને પુનમ સુધીના કે અમાવાસ્યા સુધીના તિથિના પંદર નામોમાં કોઇ નવા નામની તિથિ દાખલ થતી નથી, તેવી જ રીતે શ્રાવણથી માંડીને ગણાતા બાર મહિનામાં કોઇપણ તેરમો મહિનો જુદા નામવાળો આવતો નથી." ઇત્યાદિ.

આ પ્રમાણે પચાસ સિત્તેરનો મેળ પણ **રાત્રિદિવસથી નહિ, કિન્તુ તિથિના ભોગવટા** ઉપરથી જ મેળવવાનો છે તે કોઇએ ભૂલવું જોઇએ નહિ.

## (૨૫) ચોથ ચૌદશનું કાર્ય ચોથ ચૌદશે જ થાય તેનું પ્રમાણ—

અમારી લખેલી **શ્રી પર્વતિથિ પ્રકાશ** (સટીક તત્ત્વતરંગિણીનો વિશિષ્ટ વિવેચનાત્મક અનુવાદ) પૃ. ૨૮, ટીપ્પણ ૩૦માં, શ્રી તત્ત્વતરંગિણીની મુદ્રિત પ્રતમાં એક જે મહત્ત્વનો પાઠ તેના સંપાદક તરફથી નહોતો છપાયો, તે હસ્તલિખિત પ્રતના આધારે મુદ્રિત થયેલો છે, તેમાં શ્રી 'રૂદ્રપલ્લીય સામાચારી'નો અને 'પૌષધ વિધિ'નો આધાર આપ્યો છે, તેમાં ચોથ ચૌદશનું કૃત્ય ચોથ ચૌદશે જ કરવાનું ભારપૂર્વક પ્રમાણ આપ્યું છે. શ્રી તત્ત્વતરંગિણીનો તે પાઠ નીચે પ્રમાણે છે—

**" किं च पाक्षिककृत्यं पञ्चदश्यामयुक्तमेव, चतुर्दशीमन्तरेण तत्कृत्यस्यायुक्तत्वात्, यदुक्तमभयदेवसूरिमुखात्पद्मानन्दनाम्ना 'रुद्रपल्लियसामाचार्यां' पौषधाधिकारे**

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

जिनवल्लभसूरिणा 'पौषधविधि'प्रकरणे च-"जइ तंमि दिणे चउद्दसी तो पक्खियं चाउम्मासिअं वा, अह न तो देवसियं संवत्सरिअं वा पडिक्कमिअ साहु विस्सामणं कुणइत्ति।""

ભાવાર્થ—'ચૌદશ વિના ચૌદશનું કાર્ય અયોગ્ય હોવાથી પુનમ અમાસે ચૌદશનું કૃત્ય કરવું તદ્દન ગેરવ્યાજબી છે. રૂદ્રપલ્લીય સામાચારીમાં પૌષધ અધિકારે શ્રી પરમાનન્દે અને પૌષધવિધિમાં શ્રી જિનવલ્લભસૂરિએ કહ્યું છે કે—" જો તે દિવસે ચૌદશ હોય તો પખ્ખી અથવા ચોમાસી પડિક્કમવી, જો ન હોય તો જે દિવસ હોય તે પ્રમાણે દૈવસિક અથવા સાંવત્સરિક પડિક્કમીને સાધુ મહારાજની વિશ્રામણા-સેવાભક્તિ કરવી."

આમાં ચોથ ચૌદશ જે દિવસે હોય તે જ દિવસે સંવત્સરી-પખ્ખી અને ચોમાસી પડિક્કમવા ફરમાવે છે. તે જ્યારે ન હોય ત્યારે દેવસિ પડિક્કમવા ફરમાવે છે. પાંચમ, પુનમ કે અમાસે સંવત્સરી, પખ્ખી કે ચોમાસી પડિક્કમવાનો નિષેધ કરે છે, કારણમાં તે દિવસે ચોથ ચૌદશ નથી હોતી એમ અનુરોધ કરે છે. પ્રિય વાંચકો, સં. ૧૯૯૭ કારતક સુદ પહેલી પુનમ ને ગુરુવારે પુનમનો ભોગ છે, ચૌદશનો ભોગ નથી. ચૌદશ બુધવારે છે; **માટે શ્રી તપાગચ્છની શાસ્ત્રોક્ત સામાચારી મુજબ આગામી ચોમાસી પર્વ ચૌદશ બુધવારે જ કરવું હિતાવહ છે.**

પાંચમ પુનમ આદિની વૃદ્ધિ આદિમાં ત્રીજ તેરસ આદિની વૃદ્ધિ કરી, ખરી ચોથ ચૌદશને પહેલી

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પાંચમ પુનમ આદિમાં સ્વબુદ્ધિથી લઈ જનારાઓને શ્રી તત્ત્વતરંગિણીકાર તત્ત્વતરંગિણી પૃ. ૧૬ માં નીચેનો જરા સખ્ત પણ સમુચિત જ ચાબખો લગાવે છે—

" न ह्यन्धमन्तरेण स्वाभिमतं वस्तु परिहृत्य तद्बुद्धयाऽन्यद्ग्रहीतुमुपक्रमते । " ભાવાર્થ—' સ્વાભિમત વસ્તુને છોડીને તે બુદ્ધિથી અન્ય વસ્તુને ગ્રહણ કરવા અંધ વિના બીજો કોઈ તૈયાર ન થાય. '

ચૌદશનું અસ્તિત્વ પુનમમાં નથી જ, માટે તેઓ જ આગળ એ જ પૃષ્ઠમાં ભલામણ કરે છે કે—

" नो चेत् टीप्पनकमवलोकनीयम्, तद्वेत्ता वा प्रष्टव्यः, तदनु स्वमत्याऽऽलोच्य पौर्णमासी चातुर्मासीत्वेनाधुना न श्रद्धेयेति मदीयं वचः प्रवचनानुयायि युक्तिक्षमं च स्वीकर्त्तव्यम्...किं च चतुर्दशीमन्तरेण चातुर्मासकप्रतिक्रमणं न कर्त्तव्यमित्येतद्वचनं पौषधविधिप्रकरणेऽपि स्पष्टं दृष्टमिति । "

ભાવાર્થ:—નહિ તો તમારે ટીપણું જોવું, અથવા તેના જાણનારને પૂછવું. પછી વિચાર કરીને ' પુનમને ચોમાસી તરીકે નહિ સ્વીકારવી ' એવું મારું આગમાનુસારી અને યુક્તિયુક્ત વચન તમારે સ્વીકારવું. વળી ' ચૌદશ વિના ચૌમાસી પડિક્કમણું નહિ કરવું, ' એવું વચન શ્રી પૌષધવિધિ પ્રકરણમાં પણ મૌજુદ છે.' ઇતિ.

## ઉપસંહાર

આ લખાણના ચાર પ્રકરણદ્વારા વાંચકોને એક તો

P. P. Ac. Gunratnasuri M.S.　　　Jin Gun Aaradhak Trust

તિથિ આરાધનમાં શ્રીપૂજ્યોના જમાનાથી કેવી ગરબડ પ્રવિષ્ટ થયેલી છે, બીજું શ્રીમાન સાગરાનન્દજીના હાથે શાસ્ત્રોક્ત વસ્તુનો કેવો સ્વીકાર થયેલો છે, ત્રીજું તેમણે કાઢેલા શાસ્ત્રિય પુરાવાઓ કેવા અશાસ્ત્રિય છે, અને ચોથું શ્રી તપગચ્છ સામાચારી કેવા તિથિ-આરાધનાના સિદ્ધાંતને માન્ય રાખે છે, એ ચાર મુદ્દાઓ તે તે મુદ્દાઓને લગતાં સત્તાવાર સાહિત્યના આધારે જ તેના દસ્તાવેજી પુરાવાઓની સાહેદીઓપૂવક સમજાવવાનો પ્રયાસ અમે સેવ્યો છે. આમાં શ્રી જિનમાર્ગના સત્યની સેવાના જીવનવ્રતને અંગે ઉપસ્થિત થતી એક ફરજ જ મ્હેં બજાવી છે. આવો પ્રયાસ મ્હેં સં. ૧૯૯૩માં ' શ્રી પર્વતિથિ પ્રકાશ ' રચીને કર્યો હતો. તેનાથી ઘણાઓને સત્ય વસ્તુ જાણવાની મળી હતી. હાલમાં તે પુસ્તકની ઘણી માગણીઓ આવે છે, પણ પુસ્તક પ્રકાશન સંસ્થા પાસે તે ખલાસ થઇ ગયું છે. સત્યપિપાસુ જનતાને તેવો જ હાલમાં જોઇતો ઉપકાર કરી શકે તેવો આ દ્વિતીય પ્રયાસ છે.

વાસ્તવિક વસ્તુ વિચારીએ તો શ્રીમાન્ સાગરાનન્દજી પાસે ભાદરવા સુદ પાંચમની ક્ષયવૃદ્ધિએ ભાદરવા સુદ ત્રીજની ક્ષયવૃદ્ધિ કરવાના ટેકામાં એકે શાસ્રાધાર કે પરંપરા નથી. ત્યારે ફરીફરીને તેઓ પુનમ અમાસની ક્ષયવૃદ્ધિએ તેરસની ક્ષયવૃદ્ધિ કરવાની શ્રીપૂજ્યોના સમયથી સમાજમાં ઘુસી ગયેલી

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

અયુક્ત પ્રથાને પરંપરા તરીકે આગળ ધરે છે. શ્રી સાગરજી મહારાજે અને શ્રી સાગરજીના વતનનું અનુકરણ કરતા સમાજના અન્ય આચાર્યોએ હવે એ વિચારવું જોઇએ કે એ શાસ્ત્રવિરુધ્ધ પ્રથાને પરંપરા તરીકે કયાં સુધી ચલાવવી ? શાસ્ત્રાજ્ઞાના ભંગ કરતી પ્રથા કેઈ પાટપરંપરાથી ચાલી હોય તો પણ તે જીત તરીકે માન્ય રાખી શકાતી નથી, પરંતુ જાગ્યા ત્યાંથી સવાર ગણીને તુરત જ ત્યજી દેવી જોઇએ. તેમાં જ શ્રદ્ધા અને ચારિત્ર રહેલું છે. તે માટે ખુદ્ શ્રી સાગરજીએ કેવું સુંદર લખેલું છે, તે તેમના સિદ્ધચક્ર વર્ષ ૪, અંક ૧૫, પૃ. ૩૪૮માંથી આ નીચે ઉતાર્યું છે, તે વાંચો—

"કેટલાક અણસમજુ મનુષ્યો એક આચાર્યે કર્યું છે તે વૃત્ત, બીજી પાટવાળા આચાર્યે કર્યું તે અનુવૃત્ત અને ત્રીજી પાટવાળા આચાર્યે કર્યું તે પ્રવૃત્ત કહીને માત્ર તેટલી પરંપરાથી જ પ્રવર્તેલા આચારને જીતકલ્પ માની લે છે, પણ તેવો જીતકલ્પ આજ્ઞાને અનુસરી હોતો નથી તો તેવા જીતકલ્પને માનવાની શાસ્ત્રકારો સાફ સાફ મનાઇ કરે છે."

મહાશયો ! શાસ્ત્રોક્ત ઉદયતિથિને તોડી નાખનારી, સંવચ્છરી–પખ્ખી–અને ચૌમાસી જેવી ચોથ ચૌદશો જે કદાપિ ફરે નહિ તેને પણ ફેરવી નાખનારી, પર્વને દિવસે અપર્વ અને અપર્વને દિવસે પર્વ

P. P. Ac. Gunratnasuri M.S.  Jin Gun Aaradhak Trust

કરાવનારી, ઈત્યાદિ અનેક દૂષણોની જનેતા ઉપલી એકના ક્ષયને બદલે બીજાનો ક્ષય અને એકની વૃદ્ધિને બદલે બીજીની વૃદ્ધિ કરનારી શાસ્ત્ર કે સામાચારીના પ્રમાણથી શૂન્ય પ્રથાને પરંપરા તરીકે વલગનારાઓને શ્રી સાગરજીનાં ઉપલાં વાકયો અક્ષરશઃ લાગુ પડે છે.

ત્રિપુટી મુનિરાજ શ્રી દર્શનવિજયજીએ શ્રી સાગરજીના પક્ષથી અનેક અશાસ્ત્રિય બાબતોનો ઉલ્લેખ કરનારી 'શ્રી જૈન પંચાંગ પદ્ધતિ'ને બનાવી તે પૂર્વે પોતાની લખેલી "**શ્રીદિનશુદ્ધિ દિપીકા યાને વિશ્વપ્રભા**"પૃ. ૫૫માં નીચે પ્રમાણે લખ્યું છે–

" સૂર્યોદય થાય ત્યારે જે તિથિ હોય તે તિથિ પ્રમાણ છે. અને તે જ તિથિ બે સૂર્યોદયને જુએ તો વૃદ્ધતિથિ કહેવાય છે, તેમાં પહેલી વૃદ્ધિ તિથિ અને બીજી પ્રકૃત તિથિ છે. વળી જે તિથિ સૂર્યોદયને ન જુવે તે પૂર્વની તિથિમાં લય પામવાથી ક્ષયતિથિ કહેવાય છે."

સં. ૧૯૮૯ ની ચોપડી પૃ. ૩ માં આ. શ્રી વિજયનીતિસૂરિજી પણ જણાવે છે કે–

" બીજો તિથિ સંબંધે નિર્ણય એ છે કે સૂર્યોદય સાથે જે તિથિ હોય તે તિથિ પ્રમાણભૂત ગણાય છે. "

સં. ૧૯૯૨–૯૩માં ભાદરવા સુદ ૪ સૂર્યોદય પછી ઘડી ૫૮–૦ તથા ૫૭–૪૬ પલ હતી. સં. ૧૯૯૬માં મહા વદ ૧૪ પણ સૂર્યોદય પછી ઘડી ૫૭–૨૨ પલ હતી. સં. ૧૯૯૭માં કારતક સુદ ૧૪નો ક્ષય કે વૃદ્ધિ નથી કિન્તુ તે પણ બુધવારે સૂર્યોદય પછી ૫૬ ઘડી,

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

૧૦ પલ સુધી હૈયાત છે. 'સૂર્યોદય તિથિને પ્રમાણ' લખનારા મહાશયો શું પોતાનું લખેલું હજી પોતે નહિ વિચારે ? ક્ષીણ કે વૃદ્ધિ તિથિઓના નામે ઉદય-તિથિઓનો ભંગ કરી કરાવી પોતે પણ સ્વીકારેલા સત્યનો દ્રોહ કરવાનું પાતક શા માટે વહોરે છે ?

શ્રી શ્રાદ્ધવિધિકાર પૃ. ૧૫૨માં ફરમાવે છે કે—

" तिथिश्च प्रातः प्रत्याख्यानवेलायां या स्यात् सा प्रमाणम्, सूर्योदयानुसारेणैव लोकेऽपि दिवसादिव्यवहारात् । ...पाराशरस्मृत्यादावपि—"आदित्योदयवेलायां या स्तोकापि तिथिर्भवेत् । सा संपूर्णेति मन्तव्या, प्रभूता नोदयं विना ॥ "

ભાવાર્થ:—'સવારે પચ્ચખ્ખાણ વખતે જે તિથિ હોય તે પ્રમાણ કરવી,લોકમાં પણ સૂર્યોદયને અનુસારે જ દિવસાદિ વ્યવહાર છે. પારાશર સ્મૃતિઆદિમાં પણ કહ્યું છે કે સૂર્યોદય વખતે જે થોડી પણ તિથિ હોય તે સંપૂર્ણ તરીકે માનવી જોઈએ, પણ ઉદય વિનાની ઘણી હોય છતાં તે માનવી નહિં.'

શ્રી ધર્મસંગ્રહ પૃ. ૨૪૦/૧માં પણ ઉપલી વાતનું સમર્થન કરેલું છે.

વળી શ્રી સેનપ્રશ્નમાં પણ 'અષ્ટમ્યાદિ તિથિવૃદ્ધિમાં પહેલે દિવસે સાઠે ઘડી તિથિ હોય છે તો તે દિવસે આઠમ વિગેરે કેમ ન આરાધવી ?' એવી મતલબના મૂકેલા પ્રશ્ન ૧૮૫ના ઉત્તરમાં પૂ. શ્રી સેનસૂરિમહારાજે પૃ. ૬૭૧માં ફરમાવ્યું છે કે—

" क्षये पूर्वा तिथिः कार्या, वृद्धौ कार्या तथोत्तरा "

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

इति उमास्वातिवाचकवचनप्रामाण्याद् वृद्धौ सत्यां स्वल्पाऽप्यग्रेतना तिथिः प्रमाणमिति । "

**ભાવાર્થ**—'ક્ષયમાં પૂર્વતિથિ કરવી અને વૃદ્ધિમાં ઉત્તર-તિથિ કરવી, એવા ઉમાસ્વાતિ વાચકના વચનપ્રમાણથી વૃદ્ધિ હોય ત્યારે થોડી પણ બીજી તિથિ જ પ્રમાણ કરવી.'

ઉપરના બન્ને ઉલ્લેખો **એક પળ** પણ ઉદયમાં આવીને સંપૂર્ણ થતી તિથિને બલવત્તર બતાવનારા છે.

**સં. ૧૯૩૦–૩૧ની સાલમાં ભાદરવા સુદ ચોથ બે હતી. તે પંચાંગના ફોટા 'પર્વ તિથિ ચર્ચા સંગ્રહ'માં પં. શ્રી કલ્યાણવિજયજીએ આપ્યા છે. તે જોતાં સં. ૧૯૩૦માં ભાદરવા સુદ દ્વિતીય ચોથ મંગળવારે બાર પલની હતી. અને સંવત ૧૯૩૦માં શનિવારે ૩૨ પલની હતી. અને બન્ને સાલ તે દિવસે જ શ્રી સંવત્સરી પર્વનું આરાધન થયું હતું, તેની નોંધ અમદાવાદ ડહેલાના ઉપાશ્રય વિગેરેમાં પણ છે.**

કહેવાનું તત્ત્વ એ છે કે શ્રીમાન્ સાગરાનન્દજી અને તેમના જેવા પક્ષવાળાઓ ઉપલા આધારોથી પણ સમજી શકશે કે–'ક્ષયવૃદ્ધિ કાયમ રાખીને ક્ષીણ તિથિની આરાધના પૂર્વમાં અને વૃદ્ધિતિથિની આરાધના ઉત્તરમાં લેવાને બદલે સૂર્યોદય તિથિઓનો ભંગ કરવાથી તેઓ પૂ. શ્રી ઉમાસ્વાતિ મહારાજ આદિ શાસ્ત્રકારોના વચનોને ઓળવે જ છે.' શાસ્ત્ર અને સામાચારીના વિષયમાં એવો કોઈ પણ પક્ષપાત, દુરાગ્રહ કે દૃષ્ટિરાગ ન પાલવે એટલું આ ગ્રન્થના તટસ્થ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

વાંચન ઉપરથી સૌ સમજી શકે, તથા શાસ્ત્રિય આમાચારી આથે એકવાક્યતામાં આવી શકે તેવો સુધારો કરવાની સન્મતિ તેઓમાં જાગી શકે એ શુભ ભાવનાએ મ્હને આ ગ્રંથ લખવા પ્રેર્યો છે. અને મ્હારા પૂ. તારક ગુરુવર્યોની સત્કૃપાથી તે પૂર્ણ થયો છે. એમાં શાસ્ત્રિય સત્યની દૃષ્ટિએ જો કોઇ મારી સ્ખલના દેખાય તો તજ્જ્ઞોને તે સુધારવા વિનંતિ કરું છું. ઘણા જ સંયમ અને મિત્રભાવથી લખવા છતાં જો કોઈ પ્રત્યે અજાણતાં યે અન્યાય થઈ ગયો હોય તો તેનું હું તેઓ પાસે અંતઃકરણથી મિથ્યાદુષ્કૃત માગું છું. પ્રાન્તે હું ઇચ્છું છું કે મ્હારો આ પ્રયાસ વાંચકો સત્ય ગ્રહણ કરીને સફલ બનાવે. સં. ૧૯૯૬, ભાદરવા સુદ ૧૪ રવિવાર.

इति श्रीभावनगरराज्ये (સાવર )कुंडलनगरे श्रेष्ठिबावचंदगोपालदासपीताम्बरजैन श्वे० मू० विद्याशालाख्योपाश्रये: श्री तपगच्छनायक—सिद्धांतमहोदधि—चारित्रचूडामणि—प्रवचनवत्सल—स्वर्गतसकलागमरहस्यवेदि—आचार्यवरश्रीविजयदानसूरिशेखर—पट्टप्रभावक—आचार्यदेवश्रीविजयप्रेमसूरिसाम्राज्ये तच्छिष्याणुनोपाध्याय—श्रीजम्बूविजयगणिना संदृब्धमेदं श्री आराधना विषयक—तिथि—साहित्यदर्पणं समाप्तं श्री संघस्य शुभं करोतु यावच्चन्द्रदिवाकरौ ।

સમાપ્ત

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

## પરિશિષ્ટ ૧ લું

### ગઢવી ઘરના ઘર !

### આ. શ્રીમાન્ સાગરાનન્દસૂરિજીએ તિથિચર્ચા-માં બતાવેલું અંતે નાશીપાસપણું

### મહાત્માઓની નિન્દા અને લોકોને કર્મબંધની કરાવવાનો તેમણે વહેતો મૂકેલો ઝરો

(લેખક—શા વાડીલાલ ચુનીલાલ—મુ. ડભોઇ)

આ. શ્રીમાન્ સાગરાનન્દસૂરિજી પાલીતાણામાં પોષ વ. ૧૧ પધાર્યા. ઉપાધ્યાયજી મહારાજશ્રી જંબૂવિજયજી ગણિવર માહ શુદ ૧૩ વિહાર કરવાના હતા, છતાં તેમની સામે તેઓશ્રીએ વિહારની વખતે જ મુ. શ્રી હંસસાગરને શિહોરથી ખાસ બોલાવી અનિચ્છનીય ધમાલ આદરી. તિથિવિષયક મતભેદના ઓઠે શ્રી સિધ્ધક્ષેત્ર પાલીતાણાના શાંત વાતાવરણમાં તેમણે સ્વપ્રકૃતિસિધ્ધ ખળભળાટ પાછો પેદા કર્યો.

જૈન સમાજમાં કોઈ પણ ચર્ચાનો શાંત ઊકેલ નથી આવતો, તેનું કારણ બેમાંથી એક પક્ષ ચર્ચાનો દેખાવ કરવા છતાં વાસ્તવિક ચર્ચા માટે તૈયાર હોતો નથી અને સામાં પક્ષ તરફ કેવલ અસત્ય પ્રચાર તથા ભાંડણનીતિનો આશ્રય કરે છે. શ્રી સાગરાનન્દજીના પક્ષે તાજેતરમાં પાલીતાણાખાતે આવી જ લીલા આદરીને, સંવત ૧૯૯૩ પછી તિથિચર્ચા માટે પોતાની બીનતૈયારીનું પુનઃ એક વાર પ્રદર્શન કર્યું છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પૂજ્ય ઉપાધ્યાયજી મહારાજ તરફથી આ. શ્રી સાગરાનન્દસૂરિજી સાથે લેખિત ચર્ચા કરવાનું કહેવામાં આવ્યું અને નિર્ણય આપનાર કોઈ પણ જવાબદાર મધ્યસ્થની હાજરી વિના રુબરુ ચર્ચા કરવાની ના પાડવામાં આવી, તથા સાગરજીની ફા. શુ. ૫ ની એકતરફી સભાનો સ્વીકાર કરવામાં ન આવ્યો. આથી ઉશ્કેરાઈ છ ગાઉના સંઘમાં શ્રી સાગરાનન્દજીએ પોતાના ચેલા હંસસાગર મારફત ગાળોનો વરસાદ વરસાવી મોટું તોફાન મચાવ્યું. આ દરમ્યાન ઉપાધ્યાયજી મહારાજ જે અદ્ભુત શાંતિ જાળવી રહ્યા હતા, તેની લોકોએ ખૂબ પ્રશંસા કરી હતી.

આ. શ્રી સાગરાનન્દજીના પક્ષે થૂંક ઉરાડયાં સિવાય સીધી ચર્ચા કરવાની જો કાંઈ પણ તૈયારી હોય તો શાસનની હિલના અને લોકોમાં કર્મબંધની થતી અટકાવવાના શુભ ઈરાદાથી ઉપાધ્યાયજી મહારાજશ્રી જંબૂવિજયજી ગણિવરે આચાર્યશ્રી સાગરાનન્દસૂરિજી સાથે પત્રવ્યવહાર આદર્યો. તેમના પત્રો, સાગરાનન્દજીના ઉત્તરો સાથે નીચે પ્રકટ કરવામાં આવે છે. વચમાં હંસસાગરજીએ સંબંધ, સભ્યતા અને અધિકાર બહારના લખેલા બે પત્રો પણ પ્રગટ કર્યા છે.

વાંચકોને વિચારપૂર્વક વાંચી જોતાં સમજા શેકે છ ગાઉના સંઘમાં પણ ખૂદ ઉ. શ્રી. જંબૂવિજયજી મ. ના સાંભળતાં જાહેર રીતે હંસસાગરજી જે શબ્દો બોલ્યા હતા તેની જવાબદારી સ્વીકારવાની વાત

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

આવતાં આ. શ્રી સાગરાનન્દજી ખસી ગયા છે, ઉત્તરોમાં મુદ્દાને છોડી આડા ગયા છે, તથા હંસસાગરજીએ પણ કેવળ અસભ્યતાપૂર્ણ મિથ્યારોપણ જ કરેલું છે.

## પાલીતાણાનો પત્રવ્યવહાર—

### પૂ. શ્રી ઉપાધ્યાયજી મ. નો પત્ર

શાંતિભુવન, પાલીતાણા, શુદ–૧૫

" આચાર્ય શ્રીમાન્ સાગરાનન્દસૂરિજી,

યોગ્ય લખવાનું કે આપના પ્રશિષ્ય મુનિશ્રી હંસસાગરજી તરફથી ફાગણ શુદ ૫ ગુરુવાર તા. ૧૪–૩–૪૦ ને રોજ તેમજ ફાગણ શુદ ૧૨/૧૩ ગુરુવાર તા. ૨૧–૩–૪૦ ને રોજ ઘણા સંઘ સમુદાય સમક્ષ ડિંડિમનાદે જાહેર કર્યું છે કે 'આપ ( એટલે અમો ) જણાવો તે સ્થળે, આપ જણાવો તે મધ્યસ્થો આગળ આપ જણાવો તેમની સાથે, શ્રી તત્ત્વતરંગિણી ગ્રન્થના જ આધારે પૂ. શ્રી સાગરજી મહારાજ ચર્ચા કરવા તૈયાર છે.' આ ઉપર લખી હકીકત પ્રમાણે મુનિશ્રી હંસસાગરજીએ કહી છે કે નથી કહી એવો કોઇ પણ નિરર્થક ઇરયુ કાઢ્યા વિના શુદ્ધ હૃદયે આપને કબૂલ છે કે કેમ? અને તેવી ચર્ચાને અન્તે મધ્યસ્થો જે નિર્ણય આપે તે માન્ય રાખી તદનુસાર આપની પ્રવૃત્તિ યદિ સુધારવા યોગ્ય લાગે તો સુધારવા બંધાઓ છો કે કેમ? તેનો આપની સહીથી લિખિત ઉત્તર ૨૪ કલાકમાં આપવા કૃપા કરશો. આપનો જવાબ જો રીતસર હકારમાં આવશે તો આ સંબંધી શ્રી સંઘમાં શાંતિ સ્થાપવા માટે ઉપયોગી થાય તેવાં પગલાં આગળ ભરવાનું યોગ્ય કરી શકાશે.

લી. જંબૂવિજયજી સહી દા. પોતે."

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

## આ. શ્રી સાગરાનન્દજીનો ઉત્તર

પાલીતાણા, પન્નાલાલની ધર્મશાળા, શુદિ ૧૫

" શ્રી જંબુવિજયજી,

યોગ્ય લખવાનું કે લૌકિક ટીપ્પણામાં પર્વતિથિનો ક્ષય કે વૃદ્ધિ હોય ત્યારે આરાધનામાં તેના પહેલાંની અપર્વતિથિનો ક્ષય કે વૃદ્ધિ કરાય છે, તે શાસ્ત્ર (**તત્ત્વતરંગિણી આદિ**) અને પરંપરાથી સાબિત કરવા તૈયાર છું. તમે જો ટીપ્પણાની અંદર પર્વતિથિનો ક્ષય કે વૃદ્ધિ હોય, ત્યારે આરાધનામાં પણ પર્વતિથિના ક્ષય કે વૃદ્ધિ માનવા એવું શાસ્ત્ર (**તત્ત્વતરંગિણી**)ના આધારે સાબિત કરવાની પ્રતિજ્ઞા લખી જણાવો. જો કે મુનિશ્રી હંસસાગરજીએ તત્ત્વતરંગિણીના તમારા અનુવાદનું જુઠાપણું સાબિત કરવા માટે એ વાત કરી હતી.

તા. ક. શાસ્ત્રના અર્થમાં જે વિવાદ રહે, તેનો નિર્ણય ભાવનગર જેવા સ્થાનેથી બોલાવેલા તટસ્થ વિદ્વાનો આપે તે બન્ને પક્ષે કબૂલ રાખવો. સ્થાન અને વખત પ્રતિજ્ઞા આવેથી લખાશે. આનન્દસાગર."

### હંસસાગરનો પત્ર

પાલીતાણા, પનાલાલ બાબુની ધર્મશાળા, ફાગણ વદિ ૧

" શ્રી જંબૂવિજયજી યોગ્ય,

તમોએ ફાગણ શુ. ૧૫ ના દિને પૂ. આચાર્ય શ્રીમત્ સાગરાનન્દસૂરીશ્વરજી ઉપર લખેલ પત્રમાં " આપ જણાવો તે સ્થળે, આપ જણાવો તે મધ્યસ્થ આગળ, આપ જણાવો તેમની સાથે, શ્રી તત્ત્વતરંગિણી ગ્રન્થના જ, આધારે પૂ. શ્રી સાગરજી મહારાજ ચર્ચા કરવા તૈયાર છે." આ શબ્દો

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

મારા કહેલા તરીકે જણાવેલા છે, તેમાં તમે લીટીવાળા અક્ષરો ચર્ચામાંથી છટકી જવા માટે જાણી જોઇને લખેલા છે, મારા શબ્દો તો તમારા વીર(?)શાસન તા. ૨૨ માર્ચ ૧૯૪૦ માં પૃષ્ઠ ૩૮૦ કોલમ ત્રીજામાં "અથવા તો આપ પસંદ કરો તે સ્થળે અને પસંદ કરો તે તટસ્થોની હાજરીમાં ચર્ચા કરવા પૂ. આચાર્ય મહારાજને વિનંતિ કરું" છપાયેલા છે, તે જ છે. માટે જો જુઠ્ઠા લખનાર અધમોમાંથી નીકળવા માગતા હો તો આ તર્કટ રચવા બદલ સત્વર માફી માંગો. પૂજ્ય આચાર્યદેવ ઉપર લખેલ પત્રમાં કથન અકથનનો ઇસ્યુ કાંઢવાનો તમે વિનાપ્રસંગે જ નિષેધ કરેલ છે, તે પણ તેની સાબીતી જ છે.

શ્રી તત્ત્વતરંગિણીનો તમે કરેલ અનુવાદ જુઠ્ઠો છે, એમ કહેનાર મારી કે કોઇની પણ આગળ તેની સત્યતા સાબિત કરવાની તેના કર્ત્તા તરીકે તમારી ફરજ જ છે, અને તેમાંથી તમો યદિ જુઠ્ઠા ન હો તો છટકી શકો જ નહિ.

તા. ક. પૂજ્ય આચાર્યદેવેશે તમારી જુઠી ચેલેંજનો પણ ઉત્તર આપીને ચર્ચા કરવા તૈયારી બતાવી લેખિત સ્વીકાર કરીને જવાબ તમને પોંચાડેલ જ છે, માટે ચર્ચાના માર્ગમાં આ વાતને કે બીજાં પણ બાનાં આગળ ધર્યા વગર ચર્ચાની પ્રતિજ્ઞા તેઓશ્રીને લખી જણાવશો, એમાં મારે કહેવાનું હોય નહિ.

લી૦ મુનિ હંસસાગર સહી દઃ પોતે"

## પૂ. શ્રી ઉપાધ્યાયજી મ. નો પત્ર

મુ. પાલીતાણા, ઠે. શાંતિભુવન. ફાગણ વદ ૨, સોમવાર.

"આચાર્ય શ્રીમાન્ સાગરાનન્દસૂરિજી,

યોગ્ય લખવાનું કે તમારા ઉપર અમોએ ફા. શુદ ૧૫

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

શનિવારે નીચે પ્રમાણે કાગળ મોકલ્યો હતો. (જે પત્ર ઉપર છપાયેલ છે).

આ પત્રનો તમોએ તે જ દિવસે નીચે પ્રમાણે ઉત્તર મોકલ્યો છે. (જે ઉપર છપાયો છે).

અમોએ તમોને કોઈ પણ નિરર્થક ઈરિયુ કાઢ્યા વિના શુદ્ધ હૃદયે મુદ્દાનો ઉત્તર આપવા વિનંતિ કરી હતી, છતાં તે પ્રમાણે તમો તમારી કાળજૂની પદ્ધતિ અનુસાર નથી જ આપી શકયા એ ખેદનો વિષય છે.

તમારા ઉત્તરમાં પક્ષ, પ્રતિપક્ષ કે પ્રતિજ્ઞા આદિની મડાગાંઠ તમારે નાખવી જોઈતી નહતી. તમારા પ્રશિષ્યના કથનનો અમોએ તમોને જે હવાલો આપ્યો હતો તે પ્રમાણે તમોને કબૂલ છે કે નહિ એટલો જ ખુલાસો, જણાવવાની તમારે જરૂર હતી.

તમારા ઉત્તરમાં તમોએ લખ્યું છે કે–' જો કે મુનિ શ્રી હંસસાગરજીએ તત્ત્વતરંગિણીના તમારા અનુવાદનું જુઠ્ઠાપણું સાબિત કરવા માટે એ વાત કરી હતી.' આથી હંસસાગરજીના શબ્દોનો અમોએ આપેલો હવાલો સત્ય છે, એમ તો તમોએ સ્વીકાર્યું, પણ 'તે અનુવાદનું જુઠ્ઠાપણું સાબિત કરવા માટે,' એમ લખીને તમોએ તિથિચર્ચાના મુદ્દામાંથી ખસવાનું છટકબારું શોધ્યું છે. ફાગણ વદ ૧ રવિવારની સાંજે તમારા સદર પ્રશિષ્ય તરફથી અમોને એક પરબિડીયું મોકલવામાં આવ્યું છે. તેમાં તેમણે લખ્યું છે કે–' આપ જણાવો તે સ્થળે, આપ જણાવો તે મધ્યસ્થ આગળ, આપ જણાવો તેમની સાથે શ્રી તત્ત્વતરંગિણી ગ્રન્થના જ આધારે પૂજ્ય શ્રી સાગરજી મહારાજ ચર્ચા કરવા તૈયાર છે,' આ શબ્દો મારા કહેલા તરીકે જણાવેલા

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

છે, તેમાં તમે લીટીવાળા અક્ષરો ચર્ચામાંથી છટકી જવા માટે જાણી જોઇને લખેલા છે." આથી 'આપ જણાવો તે સ્થળે, આપ જણાવો તે મધ્યસ્થો આગળ શ્રી તત્ત્વતરંગિણી આધારે પૂ. શ્રી સાગરજી મહારાજ ચર્ચા કરવા તૈયાર છે,' એટલી બીના તેમણે કબૂલ રાખીને તમો જે અનુવાદનું જુઠ્ઠાપણું સાબિત કરવા માટે વાત કરી હોવાનું લખો છો તે જુઠ્ઠું છે, એમ દેખાડી આપ્યું છે. વળી તમોએ તમારા કાગળમાં જેટલો સ્વીકાર કર્યો છે, એ જોતાં તમારા પ્રશિષ્ય જે 'આપ જણાવો તેમની સાથે' તથા 'ગ્રન્થના જ' એટલા શબ્દો ચર્ચામાંથી છટકી જવા માટે જાણી જોઇને અમોએ લખ્યા હોવાનું કહે છે તે જુઠું છે, એમ સ્પષ્ટ માલૂમ પડી આવે છે. આથી તો બુદ્ધિમાન સમાજમાં તમો ગુરુ, શિષ્ય બન્નેની સ્થિતિ અવિશ્વાસ-પાત્ર સાબિત થઇ જાય તો તેમાં નવાઇ પામવા જેવું જણાતું નથી. અમો તમારી સાથે મૌખિક નહિ પણ લેખિત જ ચર્ચા માગતા હોવાનું કારણ પણ આ જ હતું અને છે.

તમારા પ્રશિષ્યે પોતાના કાગળમાં વીર શાસન તા. ૨૨ માર્ચ, ૧૯૪૦, પૃષ્ઠ ૩૮૦ ત્રીજી કોલમમાં છપાએલા શબ્દો પોતાના હોવાનું લખ્યું છે પણ તે તો ફાગણ શુદ ૫ ગુરુવારે અહીં શાંતિ ભુવનમાં બોલાએલા શબ્દોનો ઉતારો છે, તે તેમણે ભૂલવું જોઇએ નહિ. તમારા પ્રશિષ્યે બીજું કેટલુંક જે લખ્યું છે તે તેમના જેવાને જ છાજતું હોઇ અમે ઉપેક્ષા કરીએ છીએ.

લખવાની મતલબ એ છે કે તમારે અને તમારા પ્રશિષ્યને જો આમ પોતાના બોલમાંથી અને જોખમદારીમાંથી પાછળથી છટકાં જ શોધવાં પડે છે તો બહેતર છે કે એવું જનતાની આંખે

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પાટા બાંધનારું ભભકભર્યું તેમણે તમારા નામે બોલવું જોઇએ નહિ, અને તમારે તેમને છૂટ આપવી જોઇએ નહિ. અસ્તુ !

હવે તમોએ તમારા ઉત્તરમાં લખ્યું છે કે–" મુનિ શ્રી હંસસાગરજીએ તત્ત્વતરંગિણીના તમારા અનુવાદનું જુઠ્ઠાપણું સાબિત કરવા માટે એ વાત કરી હતી." જો અનુવાદને માટે એ વાત કરી હતી તો તે પણ અમો અમારા પત્રમાં લખી ગયા છીએ તેમ, ભદ્રે અમારી સાથે, ચર્ચા કરવી તમોને કબૂલ છે ? જો કે અનુવાદનું જુઠ્ઠાપણું કહેનારાઓને અમે કહી દીધું છે કે–' તમો જુઠ્ઠાં લાગતાં સ્થળો સંબંધપૂર્વક જુઠ્ઠાં લાગવાનાં કારણોસર અમોને લખી જણાવો,' પણ ન માલૂમ કેમ આ હુંટડો તેમને ગળે ઉતરતો નથી. તમોએ તા. ૧૪–૫–૩૮ ના તમારા સિદ્ધચક્રમાં અનુવાદનાં કેટલાંક સ્થળો જુઠ્ઠાં બતાવવાની ચેષ્ટા કરી હતી. તમોએ તે સ્થળો તૂટક આપેલાં છે. તે જો તમારી ઇચ્છા થાય તો સંબંધપૂર્વક સંપૂર્ણ લખીને, તે જુઠ્ઠાં હોવાનાં કારણો તમો અમોને લખી શકો છો.

કદાચને તમારી મરજી તેમ કરવાની ન થાય અને તમારા પ્રશિષ્યે જાહેર કરેલી, અમોએ તમોને લખી જણાવેલી, તથા તમોએ " જો કે " કરીને સ્વીકારેલી વાત અનુસાર ચર્ચા જ કરવાની તમારી મરજી થાય તો અનુવાદમાં જેટલું જુઠ્ઠું સાબિત થાય તેટલું અમારે સુધારવું, બાકી જેટલું સત્ય રહે તેટલું તમારે સ્વીકારવું એ શરતે તમારી લિખિત સહીથી કબુલાત ૨૪ કલાકમાં અમોને લખી જણાવશો. તમારા પ્રશિષ્ય કે બીજા કોઇને વચમાં પડવાની જરૂર નથી, તેમ જ અસંગત ઉત્તરો ઉપર હવે અમે ધ્યાન નહિ આપીએ, અને અંગત નામ વિગેરે લખવામાં પણ પદ વિગેરે નહિ લખવાનો

P. P. Ac. Gunratnasuri M.S.　　Jin Gun Aaradhak Trust

તમારા તથા તમારા પ્રશિષ્ય તરફથી જે અવિવેક દાખવાય છે તે યોગ્યાત્માઓ માટે અનિષ્ટ છે, તેની નોંધ લેશો.

લી. જંબૂવિજય.”

## આ. શ્રી. સાગરજીનો ઉત્તર.

પન્નાલાલ બાબુની ધર્મશાળા, પાલીતાણા–ફા. વદ ૨

“શ્રી જંબૂવિજયજી યોગ્ય,

અમે યોગ્ય પ્રતિજ્ઞા લખી મોકલ્યા છતાં તમો પ્રતિજ્ઞા કરવામાં નિષ્ફળ નીવડ્યા છો. અને શાસ્ત્ર અને પરંપરાથી પર્વતિથિના ક્ષય કે વૃદ્ધિએ પૂર્વતિથિનો ક્ષય કે વૃદ્ધિ કરાય છે, તેની અસત્યતા સાબિત કરવાની તમે પ્રતિજ્ઞા કરતા નથી, એ તમારા પત્રથી સાબિત થાય છે.

તા. ક. (૧) ચર્ચાવખતે પૂર્વ પક્ષ અને ઉત્તર પક્ષ બંનેનાં વચનો લિખિત થાય, એ તો સ્વાભાવિક જ હતું.

(૨) શ્રી તત્ત્વતરંગિણીના અનુવાદનાં જુઠ્ઠાણાં પણ તે વખતે જણાવવા માટે અમો તૈયાર હતા અને છીએ.:

આનન્દસાગર.”

[ નોંધ:—તા. ૬–૪–૪૦ને રોજ સાગરજીએ આ પત્ર–વ્યવહાર છપાવ્યો છે. તેમાં ઉપલા કાગળમાં ‘ પૂર્વ ’ ને બદલે ‘ પર્વ ’ શબ્દ છપાવીને પાછળથી એમાં ‘ અ ’ હાથથી લખીને ઉમેરેલો છે. તે આ પછીના કાગળમાં બતાવેલી તેઓની ભૂલને છુપાવવા માટે તર્કટબાજી કરેલી છે. અસલ કાગળમાં પોતે ‘ પૂર્વ ’ શબ્દ લખ્યો છે, તેને બદલે ‘ પર્વ ’ છપાવવો, અને પછીથી તેમાં ‘ અ ’ હાથે લખીને ઉમેરવો, તે વાંચકોની સાદી સમજને છેતરવા જેવું પ્રપંચી કાર્ય તેમને સ્થાને બીજો કોઇ પણ પાપભીરુ પ્રમાણિક મનુષ્ય ન જ કરી શકત.

કદાચ માનો કે છાપાની ભૂલથી ‘ પર્વ ’ છપાયું તો

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

તેનો સુધારો તેમણે 'પૂર્વ' કરવો જોઇતો હતો, પરંતુ તેને બદલે જે 'અ' મૂકીને 'અપર્વ' કર્યો છે, તે તો તેઓની નરી છલબાજી જ જણાવે છે. ]

## પૂ. શ્રી. ઉપાધ્યાયજી મ. નો પત્ર.

શાંતિભુવન પાલીતાણા ફાગણ વદ ૩ મંગળવાર

"આચાર્ય શ્રીમાન્ સાગરાનન્દસૂરિજી,

યોગ્ય લખવાનું કે તમારા ફા. વદ ૨ના ઉત્તરથી તમો શ્રી તત્ત્વતરંગિણીના આધારે અમે જણાવીએ તે મધ્ય સ્થો આગળ પર્વતિથિની ક્ષયવૃદ્ધિએ અપર્વતિથિની ક્ષયવૃદ્ધિ કરવાનું કિંવા અમારા અનુવાદનું જુઠ્ઠાપણું સાબિત કરવાની પ્રતિજ્ઞા જણાવવામાં નિષ્ફળ નીવડ્યા છો, એ એક વાર ફરીથી પણ સિદ્ધ થઇ ચૂક્યું છે.

તમોએ માનેલી અને તમારા પ્રશિષ્યે જાહેર કરેલી ચેલેંજ ઝીલીને અમોએ તમારી સાથે જ્યારથી પત્રવ્યવહાર આદર્યો ત્યારથી અમારી પ્રતિજ્ઞા તો એ દીવા જેવી થઇ ચૂકી છે કે અમારી સાથે ચર્ચા કરવા માગનારને અમો શ્રી **તત્વતરંગિણી ગ્રન્થના આધારે પર્વતિથિની ક્ષયવૃદ્ધિએ અપર્વ તિથિની ક્ષયવૃદ્ધિ કરવી એ શાસ્ત્રવિરૂદ્ધ છે, કિન્તુ તત્તત્ તિથ્યારાધનની પૂર્વોત્તર દિવસે વ્યવસ્થા કરવી એ જ શાસ્ત્રોક્ત** છે, એમ સાબિત કરી આપવા તૈયાર છીએ.

તમો શ્રી તત્ત્વતરંગિણી આદિ શાસ્ત્ર અને પરંપરાથી તમારા પક્ષની સિદ્ધિ કરવાનું લખો છો, તો હવે તે મુદ્દા ઉપર આવીને તમોને લખવું પ્રાપ્ત થાય છે કે— (૧) શ્રી તત્ત્વતરંગિણી, (૨) શ્રી હીરપ્રશ્ન, (૩) શ્રી સેનપ્રશ્ન, (૪) શ્રી શ્રાદ્ધવિધિ, (૫) શ્રી સૂર્યપ્રજ્ઞપ્તિ, (૬) શ્રી જ્યોતિષ કરંડક, (૭) શ્રી કલ્પકિરણાવલી, (૮) શ્રી કલ્પસુબોધિકા, (૯) શ્રી બૃહતકલ્પ ભાષ્ય, (૧૦)

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

શ્રી નીશીથ ભાષ્ય, (૧૧) શ્રી નિશીથ ચૂર્ણિ, (૧૨) શ્રી યોગ-વિંશિકા, (૧૩) શ્રી કલ્પ અવચૂરિ, (૧૪) શ્રી જંબૂદ્રીપ પ્રજ્ઞપ્તિ, (૧૫) શ્રી ધર્મસંગ્રહ, (૧૬) શ્રી દશાશ્રુતસ્કંધ, આ મૌલિક શાસ્ત્રોથી અને તે જ શાસ્ત્રોક્ત પાઠોથી અવિરુદ્ધ જતી મૂળ પરંપરાથી તમો તમારો પક્ષ અમો જણાવીએ તે સ્થળે અને અમો જણાવીએ તે મધ્યસ્થો આગળ સિદ્ધ કરવા હજી તૈયાર છો? તમારો પક્ષ અસત્ય છે તે ઉપરોક્ત શ્રી તત્ત્વ-તરંગિણી આદિ ૧૬ શાસ્ત્રો અને તન્માન્ય પરંપરાથી સાબિત કરવા અમો તો બેશક તૈયાર જ છીએ. **તમારા ફા. શુ. ૧૫ ના ઉત્તરમાં જણાવેલી પ્રતિજ્ઞા અને ફા. વ. ૨ના ઉત્તરમાં જણાવેલી પ્રતિજ્ઞામાં ફેરફાર છે, એ જ પ્રમાણે તમારા સિદ્ધચક્રોમાં પણ પૂર્વાપર ઘણો જ ફેરફાર અને જુઠ્ઠાણાં આવ્યા કરે છે તેનું પણ પ્રમા-ર્જન કરવા તમો તૈયાર રહેશો કે?** અમો જ્યારે શાંતિથી વાટાઘાટ ચલાવવા માગીએ છીએ ત્યારે તમારા તરફથી તમારા શિષ્યોના નામે ગંદાં સાહિત્ય છપાવી જુઠ્ઠો પ્રચાર કરાવાય છે, તે શ્રી સંઘમાં શાંતિ અને સત્ય માટેના તમારા સદ્‌-હેતુનો અભાવ બતાવે છે, એમ અમારે દુઃખતે હૃદયે જણા-વવું પડે છે. ફા. વદ રના તમારા ઉત્તરમાં તમોએ તા. ક. માં લખેલી કલમોમાં અમોને વાંધો નથી.

જંબૂવિજય."

### શ્રી હંસસાગરનો પત્ર

પનાલાલ બાબુની ધર્મશાળા, ફા. વ. ૩ પાલીતાણા,

"શ્રી જંબૂવિજયજી યોગ્ય,

શ્રી તત્ત્વતરંગિણી ગ્રન્થને અમો સત્ય માનીએ છીએ જ,

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

અને તમો તમારા અનુવાદનાં જુઠ્ઠાણાં સુધારી સત્ય સ્વીકારવા તૈયાર છો તો અઠવાડીયાની અંદરનો કોઇ પણ દિવસ જણાવી સ્થળ તથા મધ્યસ્થોની ગોઠવણ કરી જાહેર કરો.

તમો એમ જાહેર કરો તો હું તો તૈયાર છું, છતાં તમો ના કહેતા હોવાથી પૂ. આચાર્યદેવેશ શ્રી સાગરાનન્દસૂરીશ્વરજી મ. ને તમારાં જુઠ્ઠાણાં સાબિત કરવા વિનંતિ કરી છે, અને તેઓશ્રી તૈયાર છે. અનુવાદમાં જે જુઠ્ઠાણાં જણાવાય તે સત્ય જ હોય પણ જુઠ્ઠાં ન હોય તો તેઓ તે પ્રમાણે સ્વીકારશે.

શાસ્ત્ર અને પરંપરા પ્રમાણે 'લૌકિક ટીપ્પણામાં આવતી પર્વતિથિના ક્ષયવૃદ્ધિની વખતે' પહેલાંની અપર્વતિથિની ક્ષય વૃદ્ધિ સાબીત કરવાની પ્રતિજ્ઞા કરીને પૂ. આ. દેવ શ્રી સાગરાનન્દસૂરીશ્વરજીએ તેની અસત્યતા સાબિત કરવાની પ્રતિજ્ઞા કરવાનું તમોને ફા. શુ. ૧૫ ના દિને જ જણાવેલ છે, એટલે તે વાત તો નવી કહેવી પડે તેમ નથી.

ચર્ચા વખતે બન્નેના કથનો લિખિત થશે, અને મધ્યસ્થો પછી નિર્ણય આપશે એ પણ સ્વાભાવિક જ છે.

લી. મુનિ હંસસાગર."

## આ. શ્રી સાગરજીનો ઉત્તર

પનાલાલ બાબુની ધર્મશાળા, પાલીતાણા ફા. વ. ૩

"શ્રી જંબૂવિજયજી યોગ્ય,

શાસ્ત્ર અને પરંપરાને અનુસરનારા જે લૌકિક ટીપ્પણામાં પર્વતિથિની ક્ષય વૃદ્ધિએ આરાધનામાં તેનાથી પૂર્વની અપર્વતિથિની ક્ષયવૃદ્ધિ કરે છે તે શ્રી તત્વતરંગિણી આદિ શાસ્ત્રોના આધારે સત્ય તરીકે સાબીત કરવાની તથા તમારા

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

તત્ત્વતરંગિણીના અનુવાદનું જુઠ્ઠાણું સાબિત કરવાની પ્રતિજ્ઞા કરી છે તે હૈયાત જ છે.

તમોએ **શ્રી તત્વતરંગિણી ગ્રન્થના આધારે** પર્વ-તિથિની ક્ષયવૃદ્ધિએ અપર્વતિથિની ક્ષયવૃદ્ધિ કરવી એ શાસ્ત્ર-વિરુદ્ધ છે એમ સાબિત કરવા આ પત્રમાં જ કહ્યું છે, તો અઠવાડીયામાં દિવસ જણાવી મધ્યસ્થ અને સ્થળની વ્યવસ્થા કરી જણાવવું.

તા. ક. (૧) શ્રી હીરપ્રશ્નાદિનો વિરોધ ટાળવો એ તો ઉભયપક્ષની ફરજ જ છે. (૨) શ્રી સિદ્ધચક્રનાં તમો જુઠ્ઠાણાં જણાવો તે જો તટસ્થ સભ્ય કહેશે તો પ્રમાર્જન કરાશે.

આનન્દસાગર.”

## પરિણામ—

પહેલા ઉત્તરમાં આ. શ્રીસાગરાનન્દજીએ કેવલ શ્રી તત્ત્વતરંગિણીના આધારે તિથિચર્ચા કરવાનું ઉડાવી દીધું છે, બીજા ઉત્તરમાં કેવલ અનુવાદની ચર્ચા કરવાનું ઉડાવી દીધું છે, અને ત્રીજા ઉત્તરમાં સ્થળ વિગેરે માંન્ય રાખ્યાનો દેખાવ કર્યા છતાં ઉ. શ્રી જંબૂવિજયજી મહારાજે જે શ્રી તત્ત્વતરંગિણી આદિ ૧૬ શાસ્ત્રો અને તેનાથી સિદ્ધ થતી પરંપરા પ્રમાણે તિથિચર્ચા કરવાનું સ્પષ્ટ આમંત્રણ કર્યું છે તે બંધન પણ તેમણે પોતાની પહેલાંની પ્રતિજ્ઞા કાયમ રાખીને ઉડાવી દીધું છે.

આવો પત્રવ્યવહાર મહિનાના મહિના ચાલે તો યે એનો છેડો આવે નહિ, એ સમજી લઇને પૂ.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ઉપાધ્યાયજી મ. શ્રી જંબૂવિજયજી ગણિવરે તેમની સાથે નિરર્થક પત્ર વ્યવહાર કરવો બંધ કર્યો. ફાગણ વદ ૪ ની સાંજે શ્રીમાન્ સાગરાનન્દજીનું એક પરબિડીયું આપવા માણસ આવ્યો હતો, પણ તેમના તરફથી રીતસર ઉત્તરોનું ઠેકાણું નહિ હોવાથી તે પત્ર લેવામાં આવ્યો ન હતો.

ફાગણ વદ પાંચમ સવારે ઉપાધ્યાયજી મહારાજનો વિહાર હવે નિશ્ચિત થઈ ચૂકયો હતો. ફા. વ. ૪ ની સાંજે આ.શ્રી પ્રતાપસૂરિજી સ્વશિષ્ય પં. શ્રી ધર્મવિજયજી સાથે શાંતિભુવનમાં મળવા આવ્યા હતા. તેઓ કહેવા માગતા હતા કે આ વખતે સાગરજીના ઉત્તરોમાં શબ્દછલ નથી. ઉપાધ્યાયજી મહારાજે તેમના ઉત્તરોમાં રહેલો શબ્દછલ સ્પષ્ટ કરી બતાવ્યો, જે તેઓ નહોતા સમજતા એમ ન જ કહી શકાય. આચાર્યશ્રીએ ઉપાધ્યાયજીને જ્યારે પૂછયું ત્યારે તેમણે કહ્યુ હતું કે '**તમે ખુશીથી તેઓને હજીયે અમારા છેલ્લા કાગળ પ્રમાણે કબુલ કરાવો, વ્યવસ્થિત ચર્ચા માટે અમે હજીયે તૈયાર છીએ.** સ્થળ માટે ચર્ચા થતાં અમદાવાદ યોગ્ય જણાયાથી '**શ્રી સાગરજીને જો કબૂલ થાય તો, પોતે પણ અમદાવાદ તરફ વિહાર ફેરવે,**' એમ આચાર્યશ્રીને ઉપાધ્યાયજીએ ખુલ્લંખુલ્લા જણાવ્યું હતું, જેનો પછીથી ઉત્તર મળી શકયો ન હતો. સં. ૧૯૯૩માં ખંભાતના ઉદ્દેશથી ચર્ચાને માટે જામવંથલી સુધીના

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

વિહારનું કહેનારાઓની માફક પૂ. શ્રી. ઉપાધ્યાયજીને જો દંભ દેખાડવો હોત તો તેઓ પણ એ વખત કહી શકત કે 'ચર્ચાને માટે અમદાવાદ તરફ અમે તો મોખડકે વિહાર કર્યો, તમે ન કર્યો, ઈ.'! પરંતુ સત્ય પક્ષને તેવું કાંઇ કરવાની જરૂર હતી જ નહિ.

તત્ત્વતરંગિણીને શ્રી સાગરજી પક્ષ જ્યારે સત્ય માને છે ત્યારે તેના આધારે ચર્ચા કરવામાં તેઓ 'આદિ શાસ્ત્ર અને પરંપરા' આગળ ધરીને જે પાછા હઠે છે, તથા 'આદિ શાસ્ત્ર અને પરંપરા' તરીકે જ્યારે તેમને તત્ત્વતરંગિણી આદિ ૧૬ શાસ્ત્રો અને તેનાથી સિદ્ધ થતી પરંપરા આધાર તરીકે જણાવવામાં આવી ત્યારે પણ તેઓ તેનો સ્વીકાર કરતાં જે અચકાયા છે, તેનાથી તેમના પક્ષની સચ્ચાઇ માટે લોકોમાં ખચિત સંદેહ પડી ગયો છે.

એ નોંધવા જેવી બીના છે કે ગામના મહાજનનો તથા શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીનો સહકાર કોઇપણ પક્ષને હતો નહિ, છતાં "જૈન" પત્રમાં સાગરપક્ષે પોતાના તરફ સહકારની વાત જુઠ્ઠી છપાવી હતી. આથી તેઓ પણ ચોંકયા હતા. તા. ૭-૪-૧૯૪૦ના "જૈન"માં "પાલીતાણાનો પત્ર" એ હેડીંગ નીચે "તટસ્થ ધોરણ" કરીને તેનો ખુલાસો પણ છપાયો હતો. તે નીચે પ્રમાણે હતો–

"તિથિ-તકરારને અંગે ગત ચૌદશના દિવસે પેઢી તરફથી શુક્રવારે તલેટીના ભાતા, આયંબિલ વિગેરેની વ્યવસ્થા

કરવામાં આવી હતી, જ્યારે તેને અંગેની ટેલનો ખુલાસો આપતાં પેઢીના એક અંગતભાઇ જણાવે છે કે આવા મત-ભેદના પ્રશ્નો સંમયે પેઢી હમેશાં તટસ્થ ધોરણ રાખે છે, એટલે કોઇના પક્ષકાર તરીકે ઊભા રહેવાનું પેઢી પસંદ કરતી નથી...ટેલ પડાવવાની યોજના સ્વતંત્ર હતી."

આ. સાગરાનન્દજીની ઇચ્છા ફરીથી થાળી પીટાવી ભાષણ કરવાની હતી, પણ તેઓના સહકારના અભાવે જ સાગરપક્ષ બીજું ધાંધલ મચાવી શકયો નહિ.

આ. શ્રી સાગરાનન્દસૂરિજીએ 'પૂ. ઉપાધ્યાયજી મહારાજશ્રી જંબૂવિજયજીનો દુઃખદ પરાજય ' છપાવ્યો છે, તે તેઓશ્રીની અસત્યપ્રિયતાનું એક પ્રદર્શન માત્ર જ છે. કેમકે પત્રવ્યવહાર સ્પષ્ટ બતાવે છે કે ચર્ચા થઇ જ નથી, તો પછી જય અને પરાજય લખવો સત્યપ્રિય આત્માને શોભે જ કેમ ? એ સિવાય મુનિશ્રી વર્ધમાનવિજયજી તથા ચિદાનન્દવિજયજીને ઉદ્દેશીને પણ એ લેખકે તેમના મુખમાં નહિ બોલેલા શબ્દો મૂકયા છે ! ખાલી ગાળો દઈને અને સરીયામ જુઠ્ઠાણાંની ઝડીઓ વર્ષાવીને પોતાનું સાહિત્ય પુરું કર્યું છે ! ! આમ કરીને શ્રી સાગરા-નન્દજી અને તેમના તેવા શિષ્યો શો ઇડરીયો ગઢ જીતવા માગે છે, તે સમજાતું નથી. તેમના જ પક્ષના આ. વિજયનેમીસૂરિજી, વિજયમોહનસૂરિજી, આદિ ચોમાસામાં પાલીતાણે સાથે જ હતા. તેએ કોઇએ કશી ચર્ચા છેડી જ નહિ. શાસનમાં એકલા શ્રી સાગરાનન્દજીને આટલું બધું ડો'ળતા જ્યારે જોઈએ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

છીએ ત્યારે ઉ. **શ્રી કીર્તિવિજયજી ગણિના શ્રી 'વિચારરત્નાકર'**ની પ્રશસ્તિનો એક શ્લોક આ સ્થળે મને યાદ આવે છે, તે આ રહ્યોઃ—

"श्रीमद्वीरपरम्परानुरलतां सन्तापितां सागरैः,
क्षारोर्मिप्रकरानुकारिवचनैर्व्यालोक्य येनाऽमुना ।
कृत्वा वैजयपक्षमण्डपमिमां तत्राधिरोप्यादरात्,
प्रौढाकारि तथा यथा जगदिमां तुष्टं फलैः सेवते ॥२७॥"

ભાવાર્થ—' શ્રી વીર પ્રભુની પરંપરારૂપી કલ્પલતાને સાગરોએ ખારા ઝેરસમાં વચનોથી સંતાપેલી જોઇને જેમણે (શ્રી હીરસૂરિ મહારાજે) વિજયપક્ષરૂપીમંડપ ઉપર આરૂઢ કરીને એ કલ્પલતાને એવી પ્રૌઢ કરી કે જેમ જગત સંતુષ્ટ થઇને તેને ફ્લોથી સેવે છે.'

શ્રી યશોવિજય ગ્રન્થમાલા તરફથી પ્રસિદ્ધ થયેલી **'ઐતિહાસિક સજ્ઝાયમાલા'** ભા. ૧, પૃ. ૧૭, વિજયદેવસૂરિજીના પ્રબંધમાં લખ્યું છે કે—

"તેઓ ( વિ. દેવસૂરિ ) સાગર પક્ષવાળાઓને એક વખતે ખુલ્લંખુલ્લા મળી ગયા હતા."

પૃ. ૧૯, વિજયઆણંદસૂરિ પ્રબંધમાં લખ્યું છે કે—"આચાર્ય વિજયદેવસૂરિ સાગરોના પક્ષમાં ભળી જવાથી સોમવિજય ઉપાધ્યાય વિગેરે સમુદાયે મળીને બીજા આચાર્ય વિજયતિલકસૂરિને સ્થાપન કર્યા હતા."

જૈન શાસનના વર્તમાન આચાર્યાદિ મુનિરાજો આ બધું વિચારે અને વિપરીત પક્ષ છોડી દઈ શ્રી સંઘમાં સુલેહ શાંતિ તથા સંપના સૂર્યનો ઉદ્‌ગમ કરે. શાસનદેવ સૌને સન્મતિ આપે,એ જ અભ્યર્થના. તા. ૨–૫–૪૦

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

# પરિશિષ્ટ ૨ જું

## ( અ ) આ. શ્રી આનન્દસાગરજીના ગુરુ મુ. શ્રીઝવેરસાગરજીનો પત્ર.

( પં. શ્રી કલ્યાણવિજયજીકૃત શ્રી "પર્વતિથિચર્ચા સંગ્રહ "માંથી, પૃ. ૪૦-૪૧-૪૨-૪૩ )

" શ્રી ઝવેરસાગરજીનું હેંડબીલ—

श्री उदयपुरसे श्री सकलसंघ जैनधर्मी को जाहिर करवा में आता है कि श्री तपगच्छ के संवेगी साधुजी महाराज श्री जवाहीरसागरजी पोष शुदी पंचमी के दीन यहां पधार्या हे. व्याख्यान में श्री उवाइसूत्रकी टोका वांची ते सुणकर संघ बहुत आनन्द पाम्यो और घणा जीव धर्म में द्रढ हुआ । अट्ठाइ महोछवादिक होने से जैनधर्म की घणी उन्नति हुई । बाद जेठ मास में श्री पाली १, रामपुरा २, पंचपहाड ३, लुणावाडा ४, गोधरा ५ वगेरेह कीतनाक गामोंका संघकी तरफसे चोमासा की विनति छति पिण यहां के संघे बहुत अरज करके चौमासा यहां करवाया है। यहां दो ठिकाणे व्याख्यान वंचता है। एक तो मुनी जवाहीरसागरजी श्री आचारांग-सूत्र निर्युक्ति टीका समेत वांचते हैं । श्रावक-श्राविका वगेरह आनंद सहित सुनने को रोजीना आता है, तेथी श्री धर्मकी वृद्धि होती हैं । दुजा श्री तपगच्छके श्रीपूज्यजी महाराजश्री विजयधरणेंद्रसूरिजीकुं भी संघने चौमासो यहां करवायो हे । वां श्री पन्नवणासूत्र वंचाता है । एक दिन श्रावकोंए मुनी जवेरसागरजीने पुछा की अब के श्री पर्युषण में सुदी २ टुटी है सो एकम दुज

भेली करणी के कोइका केहेणा बारस तेरस भेगी करणी का हे वो करणी ? इसका उत्तर इस माफक दिया कि श्री रत्नशेखरसूरिकृत श्राद्धविधिकौमुदी अपरनाम श्राद्धविधि ग्रंथमें कह्यो छे कि प्रथम मनुष्यभवादिक सामग्री पामी निरंतर धर्मकरणी करवी, निरंतर न बने तेने तिथि के दिने धर्मकरणी करवी ।

यदुक्तं—जइ सव्वेसु दिने(णे)सुं, पालह किरिअं तओ हवइ लढं(ट्ठं) । जय(इ) पुण तहा न सक्कह, तह वि हु पालिज्ज पव्वदिणं ॥ १ ॥ एक पखवाडा में तिथि छ होवे-यदुक्तं-बि(बी)या पंचमी अट्ट(ट्ठ)मी ग्यारसी (एगारसी) चौ(चउ)द्दसि(द्दसि) पण तिहीउ(ओ) । एआओ सुह (य) तिहीउं( ओ )' गोअममणहारिणा भणिआ ॥ १॥ एवं पंचपर्वी पूर्णिमामावास्याभ्यां सह षट्पर्वी च प्रतिपक्षमुत्कृष्टतः स्यात् । तिथि पिण जे प्रभाते पचखाण वेलाए उदियात होवे सो लेणी, यदुक्तं-तिथि ( थी ) श्च प्रातः प्रत्याख्यानवेलायां यः स्यात् स प्रमाणं सूर्योदयानुसारेणैव लोके पि दिवसादिव्यवहारात्, आहुरपि-चाउम्मासी(सि) अ वरिसे पखी(क्ख) अ पंचट्ठमीसु नायव्वा । ताउ(ओ) तिहीउ जासि उदेई सु(सू)रो न अणा(ण्णा)ओ ॥ १ ॥ पूआ पच्चक्खाणं पडिकमणं तह य नियमगहणं च । जीए उदेइ सु( सू )रो तीइ ती(ति)हीए उ कायव्वं ॥ २ ॥ जो तिथिनो क्षय होवे तो पूर्वतिथि में करणी जो वृद्धि होवे तो उत्तर तिथि लेणी, यदुक्तं-क्षये पूर्वा तिथिः कार्या वृद्धौ कार्या तथोत्तरा । श्री वीरज्ञाननिर्वाणं कार्यं लोकानुगैरिह

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

॥ १ ॥ जो उदीयात तिथि को छोडकर आगे पीछे तिथि करे तो तीर्थंकर की आणानो भंग १, अनवस्था एटले मरजादानो भंग २, मिथ्यात्व एटले समकितनो नाश ३, विराधक ४ ए चार दुषण होवे । यदुक्तं-उदयंमि जा तिहि(ही) सा पमाणमिअरि(री)इ किरमाणीए । आणाभंगणवत्थमिच्छत्तविराहणं पावे ॥ १ ॥ और श्री हीरप्रश्न में पिण कह्या है कि-जो पर्युषण का पिछला चार दिवस में तिथि का क्षय आवे तो चतुर्दशीथी कल्पसूत्र वांचणा, जो वृद्धि आवे तो एकमथी वांचणा । एथी पीण मालम हुवा की जेम तिथि की हानिवृद्धि आवे ते तेमज करणी, वास्ते अब के पर्युषण में एकम दुज भेली करणी । बद ११ शनिवारे प्रारंभ, बद १४ मंगळवारे पाखी तथा कल्पसूत्र की वांचना, पिण सोमवारे पाखी करवी नहि । बदी ३० अमावस्याए जन्मोछवः, शुद ४ शनिवारे संवत्सरी करणी। कोइ कहे छे कि बडा कल्पकी छट्ठकी तपस्या टूटे तथा संवत्सरी पहिला पांचमे दिवसे पाखी करणी वास्ते पजुषणका पिछला चार दिवस में तिथिको हानिवृद्धि आवे तो बारस तेरस भेगा करां छां वा दो तेरश करां छां । इस का उत्तर के ये बात कोइ शास्त्र में लीखी नथी, और चोवीसकी सालमें दूज टूटी, तीसकी सालमें दो चौथ हुई, ते वखतें श्री अमदावाद वगेरेह प्राये सर्व शहेरमें साधु साध्वी श्रावक श्राविकायें बारस तेरस भेली वा दो तेरशां करी नहि. कोई गच्छमें मतमें

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

दरसनमें शास्त्रमें नहि है कि सुद की तिथि वद में ने वद की तिथि सुदमें हानि वृद्धि करणी। किं बहुना? आत्मार्थीको तो हठ छोडकर शास्त्रोक्त धर्मकरणी कर के आराधक होना चाहिए. ××× ( હેંડબીલ પેજ ૧-૨ )"

---

(બ) વર્તમાન તિથિચર્ચામાં વિપરીત માન્યતાનો ભોગ બની વિપરીત પ્રચાર કરતા આ. મ. શ્રી વિજયનીતિસૂરિજીની સં. ૧૯૮૯ માં કેટલીક આગમાનુકૂલ મનનીય.

## જાહેરાતો

(આ. મ. શ્રી વિજયનીતિસૂરિજીની આજ્ઞાથી તેમના શિષ્ય ઉ. શ્રી દયાવિજયજીની લખેલી " પર્યુષણ પર્વની તિથિનો વિચાર અને સંવચ્છરીનો નિર્ણય " નામની ચોપડીમાંથી )

**સંવત્સરી પછી સિત્તેર દિવસે ચોમાસી—**

" વર્ષાના પચાસ દિવસ વ્યતીત થયા પછી અને સિત્તેર દિવસ બાકી રહે ત્યારે ભાદરવા સુદિ ૫ ના દિવસે અને કાલિકાચાર્યના સમયથી ભાદરવા સુદિ ૪ ના દિવસે સાધુઓ જે ક્ષેત્રમાં હોય ત્યાં ચોમાસું પૂર્ણ થતાં સુધી પર્યુષણા સર્વ પ્રકારે સ્થિતિ કરે એવી શાસ્ત્રની મર્યાદા છે. " (પૃ. ૨)

સં. ૧૯૯૭ માં કાર્તિક સુદ પહેલી પુનમ ગુરુવારે ચૌમાસી ચૌદશ કરનારને સિત્તેર દિવસે ચોમાસી નહિ આવે.

**લૌકિક પંચાંગ અનુસાર કરાતો તિથિનિર્ણય—**

" આ પર્વતિથિઓનો નિર્ણય પૂર્વે જૈન પંચાંગને અનુ-

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

સરી કરવામાં આવતો હતો પરંતુ તેનો આમ્નાય વિચ્છિન્ન ગયો છે, તેથી અત્યારે આપણે પર્વતિથિઓ વિગેરેનો નિર્ણય બ્રાહ્મણોના પંચાંગને અનુસારે કરવો પડે છે. અને તે બાબત હમણાં કેટલાક સમયથી પંડિત શ્રીધર શીવલાલના જોધપુરી પંચાંગનો નિર્ણય આપણે માન્ય રાખીએ છીએ." (પૃ. ૨)

સં. ૧૯૯૭ માં પં. શ્રીધર શીવલાલના પંચાંગમાં કાર્તિક સુદ પુનમની વૃદ્ધિ છે, માટે તે જ માન્ય રાખવી જોઈએ. તેને બદલે તેરસની વૃદ્ધિ માનવી તે કલ્પિત છે, અને જૈન પંચાંગોના નામે તકરાર કરવી તે ખોટું છે.

**ક્ષીણતિથિની પૂર્વમાં અને વૃદ્ધ તિથિની ઉત્તરમાં કરાતી આરાધનાનો નિર્ણય—**

"**क्षये पूर्वा तिथिः कार्या, वृद्धौ कार्या तथोत्तरा**"— પર્વતિથિનો ક્ષય હોય તો પૂર્વની તિથિ કરવી અને વૃદ્ધિ હોય તો પછીની તિથિ કરવી, એટલે જ્યારે તિથિની હાનિ કે વૃદ્ધિ હોય ત્યારે ઉપરના નિર્ણયને અનુસરી તિથિ સંબંધી ધર્મકૃત્યો કરવાં, **એટલે પર્વતિથિનો ક્ષય હોય તો પૂર્વની તિથિએ તે પર્વ સંબંધી બધાં કૃત્યો કરવાં અને વૃદ્ધિ હોય તો પછીની તિથિએ કરવાં.**" (પૃ. ૩)

આ વાસ્તવિક નિર્ણય પ્રમાણે આજે ક્ષયને બદલે ક્ષય અને વૃદ્ધિને બદલે વૃદ્ધિ કલ્પિત કરનારાઓએ હવે અટકી જવું જોઈએ.

**ઉદયતિથિની આરાધનાનો નિર્ણય—**

બીજો તિથિ સંબંધે નિર્ણય એ છે કે સૂર્યોદય સાથે જે તિથિ હોય તે તિથિ પ્રમાણભૂત ગણાય છે." (પૃ. ૩)

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

સં. ૧૯૯૭ માં કાર્તિક સુદ ૧૪ બુધવારે સૂર્યોદય તિથિ છે. તેને લોપી વિરાધક થવું જોઇએ નહિ.

**ગૌણપર્વતિથિનાં કૃત્યો પ્રધાનમાં સમાય તેનો નિર્ણય–**

"ભાદરવા સુદિ ૪ સૂર્યોદય સમયથી માંડી ચાર ઘડી અને એક પલ સુધી હોવાથી અને તે પ્રધાન વાર્ષિક પર્વરૂપ હોવાથી તેનું કૃત્ય પણ ચતુર્થીએ કરવું જોઇએ, એટલે વાર્ષિક પર્વના કૃત્યમાં પંચમીના કૃત્યનો સમાવેશ થાય." (પૃ. ૪)

**સં. ૧૯૯૭ માં કાર્તિક સુદ પુનમની વૃદ્ધિ હોવાથી ચોમાસી છઠ્ઠ તેરસ ચૌદશે કરાશે અને પુનમનું કૃત્ય બીજી પુનમે કરાશે.** પુનમનો ક્ષય હોય ત્યારે તેનું કૃત્ય તેના કરતાં પ્રધાન ચતુર્દશીમાં જ સમાય, પરંતુ તેને બદલે તેરસનો ક્ષય કલ્પી તેરસે ચૌદશ કરાય નહિ.

**ભા. સુ. ૫ ના ક્ષયે ત્રીજનો ક્ષય ન મનાય—**

"૧. શાસ્ત્રકારે ઉદયતિથિને પ્રમાણભૂત માનેલી છે. ભાદરવા સુદિ ચોથને દિવસે સંવચ્છરી પર્વની કાલકસૂરિની આચરણા છે, અને તે ઉદયતિથિ છે, તો તે છોડી ભાદરવા સુદિ ત્રીજે સંવચ્છરી પર્વ શા આધારથી કરી શકાય?" (પૃ. ૬)

સં. ૧૯૯૨–૯૩ માં ભાદરવા સુદ ૪ ઉદયતિથિ હતી. તે છોડીને જેઓએ ભાદરવા સુદ પહેલી પાંચમે સંવચ્છરી કરી હતી તેઓએ અયોગ્ય જ કર્યું હતું. પૂ. આ. શ્રી કાલકસૂરિજીની ચોથ માફક ચોમાસીની આચરણા પણ ચૌદશે છે. તે જો ઉદયતિથિ હોય તો તેને છોડીને તેરસ અથવા પહેલી પુનમે ચોમાસી પર્વ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

શા આધારથી કરી શકાય? સં. ૧૯૯૭ માં કાર્તિક સુદ ચૌદશ ઉદયતિથિ છે, તે છોડીને પહેલી પુનમ ગુરુવારે ચોમાસી કરવી શાસ્ત્રાજ્ઞા વિરુદ્ધ છે, એમ ચોખ્ખું સમજાય છે.

**'અમે આ વિચારો કેમ બહાર પાડ્યા?'**

"આચાર્ય શ્રી સાગરાનન્દસૂરિજીએ તેમના શિષ્ય શ્રીચંદ્ર-સાગરજી દ્વારા **ત્રીજનો ક્ષય કલ્પી** તે દિવસે સંવચ્છરી કરવા સંબંધે પોતાનો નિર્ણય બહાર પાડ્યો તેથી અમને પણ શ્રીમાન આચાર્યશ્રી વિજયનીતિસૂરિજીની આજ્ઞાથી ઉપરના વિચારો તથા ઉપરના પત્રો બહાર પાડવા વિચાર થયો છે." (પૃ. ૮)

સં. ૧૯૯૨–૯૩ માં ભાદરવા સુદ ત્રીજની વૃદ્ધિ કલ્પી આ. શ્રી સાગરાનન્દસૂરિજી આદિએ ભાદરવા સુદ પહેલી પાંચમે સંવચ્છરી કરવાનો જ્યારે એક-તરફી નિર્ણય કર્યો ત્યારે આ. શ્રી વિજયનીતિસૂરિજીએ જો તેમના પક્ષમાં નહિ ઢળતાં ઉપર મુજબના વિચારો આપ્યા હોત તો તેમને માટે આજે ઘણું જ શોભાસ્પદ ગણાત. ઉપરોક્ત વિચારો અનુસાર આશા છે કે હજુ પણ તેમના જેવા સમજુ પુરુષો પડખાની શરમ છોડીને વીતરાગ પ્રભુના સત્ય રાહે આવશે.

**વા. ચુ. ડભોઇ**

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

જૈન સમાજમાં ચાલતી વતમાન તિથિ ચર્ચાના સળગતા પ્રશ્નોનું શાસ્ત્રાજ્ઞા અને શ્રી તપગચ્છ સમાચારી અનુસાર સચોટ નિરાકરણ કરતું મધ્યસ્થ દ્રષ્ટિથી અતિસુંદર લખાયલું પુસ્તક—

# શ્રી આરાધના વિષયક
# તિથિ સાહિત્ય દર્પણ

પ્રાપ્તિસ્થાનો-

(૧) શ્રી મુક્તાબાઇ જ્ઞાનમંદિર.
ઠે. શ્રીમાલી વાગો
મુ. ડભોઇ (વડોદરા)

(૨) શ્રી વીરશાસન કાર્યાલય
ઠે. સલાપાસ ક્રોસ રોડ
પો. બો. નં. ૬. અમદાવાદ.

તા. ક. પુસ્તક મંગાવનારે ટપાલ તથા પેકીંગ ખર્ચના ચાર આનાની ટીકીટ મોકલવી.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust